અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન

વાર્ષિક વહીવટી અહેવાલ

૨૦૧૪-૧૫

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન
૨૦૧૪-૧૫ વાર્ષિક વહીવટી અહેવાલ

અનુક્રમણિકા

પ્રકરણ નંબર	પ્રકરણનું નામ	પાના નં
	અનુક્રમણિકા	
	મ્યુનિસિપલ કમિશનરશ્રીનું નિવેદન	૧ થી ૭
	આંકડાકીય વિશ્લેષણ	૮ થી ૧૬
૧	હદ વસતિ અને બંધારણ	૧૭ થી ૧૮
૨	સામાન્ય વહીવટી તંત્ર	
૨.૧	સેક્રટરી ઓફિસ	૧૯ થી ૩૦
૨.૨	સેન્ટ્રલ ઓફિસ	૩૧ થી ૩૪
૨.૩	ટેક્ષ વિભાગ	૩૫ થી ૩૯
૨.૪	ગુમાસ્તાધારા ખાતુ	૪૦
૨.૫	કોમ્પ્યુટર ખાતુ	૪૧ થી ૪૩
૨.૬	ઈલેક્શન ખાતુ	૪૪ થી ૪૫
૨.૭	વેલફેર ખાતુ	૪૬ થી ૪૭
૨.૮	લીગલ ખાતુ	૪૮ થી ૫૧
૨.૯	હિલ ગાર્ડન પ્રાણી સંગ્રહાલય અને બાલવાટિકા	૫૨ થી ૬૫
૨.૧૦	નાંણા ખાતુ	૬૬ થી ૮૩
૨.૧૧	સેન્ટ્રલ રેકર્ડ ખાતુ	૮૪ થી ૮૮
૨.૧૨	પ્લાનીંગ એન્ડ ફાયનાન્સ સેલ	૮૯ થી ૯૬
૨.૧૩	જનમાર્ગ- બી.આર.ટી.એસ	૯૭ થી ૯૯
૨.૧૪	કંટ્રોલ રૂમ	૧૦૦ થી ૧૦૯
૨.૧૫	મ્યુનિસિપલ સ્નાનાગાર	૧૧૦ થી ૧૧૧
૨.૧૬	સંસ્કાર કેન્દ્ર (મ્યુઝિયમ)	૧૧૨
૨.૧૭	વીજીલન્સ ખાતુ	૧૧૩ થી ૧૧૬
૨.૧૮	પબ્લીસીટી ખાતુ	૧૧૭
૨.૧૯	સેન્ટ્રલ સ્ટોર્સ	૧૧૮ થી ૧૨૧
૨.૨૦	ઈન્ડસ્ટ્રીયલ રીલેશન ખાતુ	૧૨૨ થી ૧૨૪
૨.૨૧	સેન્ટ્રલ પુલ ઓફ ટાઈપીસ્ટ	૧૨૫
૨.૨૨	ઓડિટ ખાતુ	૧૨૬ થી ૧૨૮
૨.૨૩	હેરીટેજ ખાતુ	૧૨૯ થી ૧૩૦
૩	એસ્ટેટ એન્ડ ટાઉન ડેવલપમેન્ટ વિભાગ	

૩.૧	એસ્ટેટ વિભાગ	૧૩૧ થી ૧૫૦
૩.૨	નગરવિકાસ ખાતુ	૧૫૧ થી ૧૫૮
૪	ઈજનેર વિભાગ	
૪.૧	વોટર પ્રોજેક્ટ	૧૫૯ થી ૧૬૩
૪.૨	બ્રીજ ડિવીઝન	૧૬૪
૪.૩	રોડ પ્રોજેક્ટ	૧૬૫ થી ૧૬૭
૪.૪	ડ્રેનેજ પ્રોજેક્ટ	૧૬૮ થી ૧૬૯
૪.૫	એસ.આર.એફ.ડી.સી.એલ વિભાગ	૧૭૦
૪.૬	પાણી પુરવઠો તથા દુધેશ્વર વોટર વર્કસ	૧૭૧ થી ૧૮૨
૪.૭	ઈજનેર મધ્ય ઝોન	૧૮૩ થી ૧૮૮
૪.૮	ઈજનેર પૂર્વ ઝોન	૧૮૯ થી ૧૯૨
૪.૯	ઈજનેર પશ્ચિમ ઝોન	૧૯૩ થી ૧૯૫
૪.૧૦	ઈજનેર ઉત્તર ઝોન	૧૯૬ થી ૧૯૭
૪.૧૧	ઈજનેર દક્ષિણ ઝોન	૧૯૮ થી ૧૯૯
૪.૧૨	ઇજનેર નવા પશ્ચિમ ઝોન	૨૦૦ થી ૨૦૩
૪.૧૩	બગીચા ખાતુ	૨૦૪ થી ૨૧૬
૪.૧૪	દીવા બત્તી (લાઇટ)	૨૧૭ થી ૨૨૧
૪.૧૫	સેન્ટ્રલ વર્કશોપ	૨૨૨ થી ૨૩૦
૪.૧૬	સેન્ટ્રલ લેબોરેટરી	૨૩૧ થી ૨૩૬
૪.૧૭	સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ વિભાગ	૨૩૭ થી ૨૪૩
૪.૧૮	સ્લમ નેટવર્કીંગ પ્રોજેક્ટ	૨૪૪ થી ૨૪૬
૪.૧૯	હાઉસીંગ પ્રોજેકટ	૨૪૭ થી ૨૪૮
૪.૨૦	જે.એન.એન.યુ.આર.એમ પ્રોજેકટ	૨૪૯ થી ૨૫૩
૫	ફાયર બ્રિગેડ	૨૫૪ થી ૨૬૯
૫.૧	કોમ્યુનિકેશન વિભાગ	૨૭૦ થી ૨૭૨
૬	આરોગ્ય અને તબીબી સેવાઓ	
૬.૧	હેલ્થ મધ્યસ્થ કચેરી	૨૭૩
૬.૨	જન્મ મરણ ખાતુ	૨૭૪ થી ૨૮૧
૬.૩	એપેડેમિક સેલ	૨૮૨ થી ૨૮૪
૬.૪	ચેપીરોગ હોસ્પિટલ	૨૮૫ થી ૨૮૬
૬.૫	સ્લોટર હાઉસ	૨૮૭
૬.૬	મેલેરિયા વિભાગ	૨૮૮ થી ૨૮૯
૬.૭	પબ્લીક હેલ્થ લેબોરેટરી	૨૯૦
૬.૮	હેલ્થ ફલાઈંગ સ્કવોર્ડ	૨૯૧ થી ૨૯૩

૬.૯	શહેરી કુટુંબ કલ્યાણ એકમ	૨૯૪ થી ૨૯૮
૬.૧૦	સેન્ટ્રલ મેડીકલ સ્ટોર્સ	૨૯૯ થી ૩૦૦
૬.૧૧	અર્બન કોમ્યુનીટી ડેવ. (યુ.સી.ડી)	૩૦૧ થી ૩૦૩
૬.૧૨	હેલ્થ ખાતાની ઝોન લેવલે થતી કામગીરી ૧. મધ્ય ઝોન ૨. ઉત્તર ઝોન ૩. દક્ષિણ ઝોન ૪. પૂર્વ ઝોન ૫. પશ્ચિમ ઝોન ૬.નવા પશ્મિઝોન	 ૩૦૪ થી ૩૧૧ ૩૧૨ થી ૩૧૯ ૩૨૦ થી ૩૨૩ ૩૨૪ થી ૩૨૫ ૩૨૬ થી ૩૩૭ ૩૩૮ થી ૩૪૮
૭	કન્ઝરવન્સી સેવાઓ	
૭.૧	રેફ્યુઝ વિભાગ (સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ)	૩૪૯ થી ૩૫૩
૭.૨	ઢોર ત્રાસ અંકુશ વિભાગ (સી.એન.સી.ડી.)	૩૫૪ થી ૩૫૬
૮	તબીબી સેવાઓ (હોસ્પિટલો)	
૮.૧	શેઠ વાડીલાલ સારાભાઈ જનરલ હોસ્પિટલ	૩૫૭ થી ૩૬૬
૮.૨	શ્રીમતી શા.ચી.લા. મ્યુ. જનરલ હોસ્પિટલ	૩૬૭ થી ૩૭૧
૮.૩	શેઠ લલ્લુભાઇ ગોરધનદાસ મ્યુ.જનરલ હોસ્પિટલ	૩૭૨ થી ૩૮૩
૮.૪	શેઠ ચી.હ. નગરી આંખની હોસ્પિટલ	૩૮૪ થી ૩૯૬
૯	સાર્વજનિક કેળવણી (સ્કૂલ બોર્ડ)	
૯.૧	પ્રાથમિક શિક્ષણ	૩૯૭ થી ૩૯૮
૯.૨	માધ્યમિક શાળાઓ	૩૯૯ થી ૪૦૩
૯.૩	શ્રીમતી એન.એચ.એલ.મ્યુ. મેડીકલ કોલેજ	૪૦૪ થી ૪૧૨
૯.૪	એ.એમ. સી. મેટ મેડીકલ કોલેજ	૪૧૩ થી ૪૨૦
૯.૫	એસ. બી. બી. કોલેજ ઓફ ફીઝીયોથેરાપી	૪૨૧ થી ૪૨૩
૯.૬	પુસ્તકાલયો અને વાંચનાલયો	૪૨૪ થી ૪૨૮
૯.૭	બાલભવન	૪૨૯ થી ૪૩૦
૯.૮	વ્યાયામ વિદ્યાલય	૪૩૧ થી ૪૩૩
૯.૯	શેઠ માણેકલાલ જેઠાલાલ પુસ્તકાલય	૪૩૪ થી ૪૪૭
૧૦	અમદાવાદ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસ	૪૪૮ થી ૪૫૭
૧૦.૧	કિડ્સ સીટી	૪૫૮ થી ૪૬૩

વાર્ષિક વહીવટી અહેવાલ ૨૦૧૪-૧૫

મ્યુનિસિપલ કમિશનરશ્રીનું નિવેદન

ભારતના પશ્ચિમ ક્ષેત્રમાં ઔદ્યોગિક, વ્યાવસાયીક, રોજગાર, સાંસ્કૃતિક તથા શૈક્ષણિક દ્રષ્ટિએ રાષ્ટ્રનું સાતમા નંબરનું સ્થાન ધરાવતું શહેર એટલે અમદાવાદ. ધી બી.પી.એમ.સી. એક્ટ ૧૯૪૯ની કલમ ૯૪(૧) મુજબ આ અમદાવાદ મહાનગરપાલિકાનો સને ૨૦૧૪-૧૫ ના વર્ષનો વાર્ષિક વહીવટી અહેવાલ રજુ કરતાં હર્ષ અનુભવું છું. અમદાવાદ શહેર કે જે આગળ વધવા સાથે ફરજીયાત સેવાઓની સાથે સાથે મહત્તમ મરજીયાત સેવાઓ પણ પુરી પાડવા કટીબધ્ધ છે. જે વધતા જતાં નાણાંકીય તેમજ કામગીરીના ભારણને પહોંચી વળવા તમામ ક્ષેત્રે પ્રયત્નશીલ છે અને સહીયારા પ્રયત્નો તથા કુશળ વહીવટી માર્ગદર્શન તેમજ સંચાલન વડે ઉપલબ્ધ થતાં નાણાંનો શહેરી સમાજની સગવડો તથા જરૂરીયાત માટે ઉપયોગ કરવા કટીબધ્ધ છે. આ ઉપયોગના મુલ્યાંકનની પારાશીશીરૂપ વાર્ષિક વહીવટી અહેવાલ શહેરની તમામ ગતિવીધીઓનું પ્રતિબીંબ પાડે છે.

હાલના સાયબર યુગમાં અમદાવાદ શહેરની વિકાસશીલ શહેર તરીકેની રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય કક્ષાએ થયેલ પ્રતિષ્ઠાને અનુરૂપ શહેરનો સાંસ્કૃતિક, શૈક્ષણિક વિકાસ તેમજ વિવિધ ક્ષેત્રે સુઆયોજીત વિકાસ કરવાના પ્રયત્નોના પરિણામ દેખાવા લાગ્યા છે.હાલમાં નગરપાલીકા અને ગ્રામ પંચાયતોનો સમાવેશ થવાથી અમદાવાદ મહાનગરપાલિકાનો ૪૬૬ ચો.કિ.મી.નો વિસ્તાર થયેલ છે. આમ અ.મ્યુ.કોર્પો.ની સેવાઓ આપવાની જવાબદારી વધુ વિસ્તૃત થયેલ છે.

અહેવાલી વર્ષમાં મ્યુનિસિપલ બોર્ડની ૨૪ બેઠકો મળી, જેમાં ૧૩૯૧ કામનો નિકાલ થયેલ. જેથી બેઠક દીઠ કામના નિકાલની સરેરાશ ૫૭.૯૬ થઈ. સ્ટેન્ડીંગ કમિટીની ૫૪ બેઠકોમાં ૧૫૩૮ કામોનો નિકાલ થયેલ હતો. ટ્રાન્સપોર્ટ કમિટીની ૨૬ બેઠકોમાં ૧૯૮ કામોનો નિકાલ થયેલ. ઉપરાંત જુદી જુદી સ્પેશ્યલ કમિટીઓની કુલ ૨૨૭ બેઠકોમાં ૧૦૬૫ કામોનો નિકાલ થયેલ. વર્ષ દરમ્યાન મળેલ કોઈ પણ મિટીંગ કોરમના અભાવે નિષ્ફળ નિવડી ન હતી.

મ્યુનિ. કોર્પોરેશનની નાણાંકીય જવાબદારીઓ પુરી પાડવા આવક મેળવવાના જુદા જુદા સ્ત્રોત પૈકી પ્રોપર્ટી ટેક્ષની આવક મુખ્ય સ્ત્રોત છે. જેની વસુલાત વધુ સઘન તથા પરિણામલક્ષી કામગીરીને લઈને લક્ષાંક મુજબની રહી છે.અહેવાલી વર્ષમાં રેવન્યુ એકાઉન્ટની શરૂઆતની સિલક રૂા.૦.૧૧ કરોડની હતી.વર્ષ દરમ્યાન રેવન્યુ આવક રૂા.૨૮૯૦.૬૭ કરોડ થયેલ છે.ગત વર્ષે રેવન્યુ આવક રૂા.૨૫૩૮.૧૬ કરોડની હતી.આમ રેવન્યુ આવકમાં ૨૦૧૩-૧૪ ની સરખામણીમાં એકંદરે રૂા.૩૫૨.૫૧ કરોડનો વધારો થયેલ છે.

સરકારશ્રી તરફથી ઓકટ્રોયની અવેજીમાં સરકારશ્રી તરફથી રૂા.૮૨૬.૨૭ કરોડ આપવામાં આવેલ છે.જે આશરે ગત વર્ષ જેટલી છે.

અહેવાલી વર્ષ દરમ્યાન પ્રોપર્ટી ટેક્ષ તથા અન્ય બીજા કર જેવા કે પાણીકર, કોન્ઝર્વન્સી ટેક્ષની આવક રૂા.૮૦૭.૬૪ કરોડ થઇ છે. જે ગત વર્ષે રૂ.૭૦૨.૧૧ કરોડની હતી. આમ, પ્રોપર્ટી ટેક્ષ તથા અન્યબીજા કરની આવકમાં વધારો નોંધાયેલ છે.

અહેવાલી વર્ષમાં મ્યુનિ. કોર્પોરેશનનું શરૂઆતનું દેવું રૂા. ૨૯૪.૧૮ કરોડનું હતું .જયારે નવી આવેલ લોન રૂા.૧૪૦.૬૫ કરોડ છે. જયારે વર્ષ દરમ્યાન તેમાંથી રૂ.૧૨૦.૨૩ કરોડ ભરપાઈ થતાં, વર્ષાન્તે દેવું રૂા.૩૧૪.૬૦ કરોડ બાકી રહ્યું હતું.

અન્ય કોર્પોરેશનો શહેરના નાગરિકોને નાગરિક સેવા તથા સગવડો પુરી પાડતી જે ફરજો નિભાવે છે, તે જોતાં અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન એ દેશની શ્રેષ્ઠ સેવાઓ આપતી મ્યુનિ. કોર્પોરેશન પૈકીની એક કોર્પોરેશન છે. ઉદાહરણીય સેવાઓ આપવા સતત પ્રયત્નશીલ રહેવું જરૂરી છે એ સનાતન સત્યના સિધ્ધાંતરૂપ અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશને ભારતીય

સંવિધાનના-૭૪માં સુધારાને અનુરૂપ વિકેન્દ્રીકરણની નિતી અપનાવી શહેરી વિસ્તારના જુની લીમીટના ૪૩ વોર્ડ અને નવી લીમીટના બાર વોર્ડ મળી કુલ ૫૫ વોર્ડ બનાવેલ પરંતુ ત્યારબાદ તેને ૬૪ વોર્ડમાં વિભાજિત કરી કુલ ૬૪ વોર્ડ બનાવેલ છે અને તેને છ ઝોનમાં વહેંચી પ્રાથમિક જરૂરિયાતની સેવાઓ જેવી કે પાણી, ગટર, રસ્તા, સફાઈ, લાઈટ તથા આરોગ્યની સેવાઓ તમામ નાગરિકોને ઉપલબ્ધ થાય તેવું વહીવટી માળખું ગોઠવેલ છે, વહીવટી તંત્રમાં કાર્યદક્ષ અધિકારીઓની સેવાઓ વધુ સુદ્રઢ બનાવવા વર્કનોમ્સ, તાલીમ, કોમ્પ્યુટરાઈઝેશન સંસ્થામાં નવા જોડાતાં કર્મચારીઓને તાલીમ, કોર્પોરેશનની તમામ વિભાગોની કામગીરીનો પરિચય, વિશેષ જાણકારી તથા કર્મચારીઓ, અધિકારીઓની સારી કાર્યક્ષમતા-કામગીરીને પ્રમાણપત્ર, ઈન્સેન્ટીવ વિગેરેથી બિરદાવી પ્રોત્સાહીત કરવામાં આવે છે, જ્યારે બિન કાર્યક્ષમ તથા ભ્રષ્ટ પુરવાર થતાં કર્મચારીઓને શિક્ષા, દંડ, વિજીલન્સ ખાતા મારફત કડક તપાસ તથા દેખરેખ રાખવામાં આવે છે. શહેરના સાંસ્કૃતિક વિકાસ તેમજ સ્મારકોની જાળવણી વિગેરે માટે તથા અન્ય કામગીરી માટે ઉચ્ચ ગુણવત્તાયુક્ત વ્યવસાયીકોની સેવાઓ વિગેરે દ્વારા શહેરના નાગરિકોને મહત્તમ સુખાકારી પ્રાપ્ત કરવા વહીવટીતંત્રને તૈયાર કરવા પ્રયત્ન કરવામાં આવે છે.

શહેરના નાગરિકો તથા પર્યટકોને આકર્ષણસમા કાંકરિયા તળાવ અને બાળકોના પ્રિય એવા પ્રાણીસંગ્રાલય, બાલવાટિકા વિગેરે આધુનિક ઉપકરણોથી વધુ આકર્ષક અને લોકભોગ્ય બનાવાયેલ છે. વર્ષ ૨૦૧૪-૧૫ માં ૩૦૨૧૯૪૪ મુલાકાતીઓએ આ સંકુલની મુલાકાત લીધી હતી.

સ્નાનાગાર ખાતાના તાબા હેઠળના લોકેશનમાં હાલમાં ૧૪ મોટા અને ૧૩ બાળ સ્નાનાગારો કાર્યરત છે. જેમાં ૭ સ્નાનાગાર એ-ગ્રેડના અધ્યતન ઓલમ્પિક સાઈઝના તથા અન્ય મીની ઓલમ્પિક સાઈઝના સ્નાનાગારો આવેલા છે. અહેવાલી વર્ષ દરમ્યાન જાણકાર, શિખાઉ (મોટા તથા બાળ) સભ્યો મળીને કુલ ૪૪,૧૭૯ સભ્યોએ તરણનો લાભ લીધેલ છે. અને સદર વર્ષની કુલ આવક રૂ.૩,૧૩,૪૯,૯૪૧/- થયેલ છે.

અમદાવાદ શહેરના યુવાનોનું શરીર સૌષ્ઠવ કેળવાય, યુવાનોમાં નિયમિતતા, સંઘભાવના કેળવાય, માનસિક વિકાસ થાય, સ્ટેમીના જળવાય, નિખાલસતા, સદભાવના, ચેલેન્જને પહોંચી વળવાની હિમ્મત તથા લીડરશીપ જેવી બાબતોનો વિકાસ થાય, તે હેતુસર અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ૩૭ બારબેલ જીમ્નેશીયમો તથા ૪ સ્કેટીંગ રીંક ચલાવવામાં આવે છે. તથા ૦૨ સ્પોર્ટસ સંકુલોનું સંચાલન કરવામાં આવે છે.જેનો બહોળા પ્રમાણમાં શહેરીજનો લાભ લે છે.

કલારસિકો અને જ્ઞાનપિપાસુઓને સંતોષવા તથા પ્રોત્સાહિત કરવાની પ્રવૃત્તિઓ સંસ્કાર કેન્દ્ર તથા વાંચનાલયો દ્વારા અવિરત ચાલતી રહે છે.

ધી ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એક્ટ ૧૯૭૬ની જોગવાઈઓ તેમજ બી.પી.એમ.સી. એક્ટ ૧૯૪૯ની જોગવાઈ હેઠળ તૈયાર થયેલ બિલ્ડીંગ બાયલોઝના અમલ કોર્પોરેશનના એસ્ટેટ અને નગર વિકાસ વિભાગ દ્વારા કરવામાં આવે છે. શહેરના કોટ વિસ્તારની બિલ્ડીંગ બાયલોઝ સ્કીમ રેગ્યુલેશન અને ડેવલપમેન્ટ કંન્ટ્રોલ રેગ્યુલેશનનો આધાર લઈને રહેઠાણ તથા વ્યાપારી સંકુલોનો પદ્ધતિસર વિકાસ નિષ્ણાંત સ્થપતિઓની સલાહ લઈને કરવામાં આવી રહ્યો છે.

નગર વિકાસ ખાતામાં વર્ષ ૨૦૧૪-૧૫ માં બાંધકામની ૨૭૭૧ અરજીઓ આવી. જેમાં અગાઉની નિકાલ થયા વગરની ૩૩૮ અરજીઓ ઉમેરતાં કુલ ૩૧૦૯ અરજીઓ પૈકી ૨૮૨૧ અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો. જ્યારે ૨૮૮ અરજીઓ બાકી રહી હતી. અમલીકરણ વિભાગ દ્વારા ૯૫૭ કેસો પૈકી ૨૨૪ રહેઠાણ તથા ૨૪૭ બિનરહેઠાણના કેસોમાં અમલ થયેલ છે. શહેરી વિસ્તારમાં નાગરિક સેવાઓ માટે અગવડરૂપ બનતાં તથા ગેરકાયદેસરના દબાણો તથા જાહેર મિલકતોમાં થતાં દબાણો દૂર કરવા આ પ્રકારના બાંધકામો તોડી પાડવા, લારી-ગલ્લા દૂર કરવા તથા ભારે દંડ વસુલ કરવા જેવા પગલાં લેવાય છે.

શહેરના જુદા જુદા વિસ્તારમાં આવેલ કોમ્યુનિટી હોલ, ઓડિટોરિયમ, ટાઉનહોલ, પિકનિક હાઉસ વગેરે સામાજિક, ધાર્મિક કે અન્ય હેતુ માટે ભાડે આપી અહેવાલી વર્ષમાં રૂા.૪૦૮.૭૪ લાખ આવક મેળવેલ છે. નાગરીક સેવાઓમાં સૌથી અગ્રતાક્રમે મુકી શકાય તેવી શુધ્ધ પીવાલાયક પાણી પુરી પાડવાની સેવાઓ છે. અહેવાલી વર્ષ દરમ્યાન પ્રતિદીન સરેરાશ ૧૦૩૯.૪૬ મીલીયન લીટર્સ શહેરમાં પાણી પુરુ પાડવામાં આવ્યુ. કોતરપુર ટ્રીટમેન્ટ પ્લાન્ટ ખાતેથી ૮૪ મીલીયન લીટર ક્ષમતાની કલીયર વોટર ટાંકીમાંથી પંપીગ કરીને અમદાવાદ શહેરમાં આવેલ ૧૧૪ વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશન મારફતે પાણી પુરુ પાડવામાં આવે છે અને જાસપુર ખાતે આવેલ વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટમાંથી નવા પશ્ચિમ ઝોનમાં સમાવિષ્ટ થયેલ વિસ્તારોમાં ૪૨ વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશન મારફતે તથા ચાંદખેડા તથા મોટેરા ગામમાં આવેલ ૩ વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશન મારફતે પાણી પુરુ પાડવામાં આવે છે.અમદાવાદ શહેરની પાણી પુરવઠા યોજના અંતર્ગત શહેરની આશરે ૬૪ લાખની વસ્તીને કુલ ૧૫૯ ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશન દ્વારા દરરોજનું ૧૦૦૦ થી ૧૦૫૦ એમ.એલ.ડી. પાણીનો જથ્થો પુરો પાડવામાં આવે છે.

અમદાવાદ મ્યુનિ. કોર્પો. વિસ્તારમાં વર્ષ-૨૦૧૪-૧૫ દરમ્યાન ડ્રેનેજ પ્રોજેકટ ખાતેથી કુલ ૧૯ કિ.મી. લંબાઈમાં ડ્રેનેજ નેટવર્ક નાંખવામાં આવેલ છે. જેના લીધે છારોડી,હાથીજણ ,રામોલ, લાંભા, ઈન્દ્રપુરી,વેજલપુર, ચાંદલોડીયા,નરોડા. નાના ચિલોડા, નિકોલ જેવા વિસ્તારમાં સીસ્ટેમેટીક ડ્રેનેજની સુવિધા જાહેર જનતાને મળેલ છે. તથા કુલ ૪૫ કીમી. ની લંબાઈમાં વરસાદી પાણીના નિકાલની ચાંદલોડીયા, જોધપુર, જેવા વિસ્તારમાં નાખવામાં આવેલ પાઈપલાઈનના લીધે સદર વિસ્તારોમા વરસાદી પાણીનો ઝડપથી નિકાલ થયેલ છે.

અમદાવાદ શહેરમાટે વહશેંઈસ ની માર્ગદર્શિકા અનુસાર અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનનો રૂા.૫૧૧૧.૦૦ કરોડનો તથા ઔડાનો ૩૭૧૨.૦૦ કરોડનો સીટી ડેવલપમેન્ટ પ્લાન તૈયાર કરી રાજય સરકારશ્રી મારફતે કેન્દ્ર સરકારશ્રી પાસે મંજુર કરાવવામાં આવેલ છે. સીટી ડેવલપમેન્ટ પ્લાનમાં દર્શાવવામાં આવેલ રોડ, પાણી, બ્રીજ, બીઆરટીએસ, સ્ટ્રોર્મ વોટર ડ્રેઈન , હાઉસીગ પ્રોજેક્ટ, વિગેરે માટે સને ૨૦૦૫ થી માર્ચ-૨૦૧૫ સુધીમાં અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનના કુલ રૂા.૨૮૫૩.૧૩ કરોડના પ્રોજેક્ટ તથા ઔડાના કુલ રૂા.૫૫૪.૩૨ કરોડના મળીકુલ રૂા. ૩૪૦૭.૪૫ કરોડના પ્રોજેકટ મંજુર થયેલ છે.અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનના ઈજનેર ડ્રેનેજ પ્રોજેકટ ખાતા દ્વારા દર વર્ષે કરવામાં આવતા કામો પૈકી વર્ષ-૨૦૧૪-૧૫ માં અમ.મ્યુનિ. કોર્પો.ના કેપીટલ બજેટ, કેન્દ્ર સરકારની વહશેંઈસ, રાજ્ય સરકારની સ્વર્ણિમ જયંતિ યોજના તથા અલગ-અલગ ગ્રાન્ટો અન્વયે ડ્રેનેજ લાઈનો નાખવાની, સ્ટોર્મ વોટર લાઈનોનું ડીસેલ્ટીગ તથા સ્ટ્રેનથનીગ, એસ.ટી.પી. બનાવવાના, તળાવ ડેવલપ કરવાના કુલ રૂા. ૩૦૭.૩૯ કરોડના ખર્ચે કામગીરી કરવામાં આવેલ છે. જે પૈકી કેપીટલ બજેટની રૂા.૧૫૧.૩૬ કરોડ, વહશેંઈસ ગ્રાન્ટ અન્વયે ૮૪.૩૮ કરોડ તથા સ્વર્ણિમ જયંતિ યોજના હેઠળ રૂા.૭૧.૬૫ કરોડના ખર્ચે કામગીરી કરાવેલ છે.

સ્વર્ણિમ જંયતિ પ્રોજેકટ અંતર્ગત કામોમાં અમદાવાદ શહેરમાં ટ્રાફિકની સમસ્યાના નિવારણ માટે ભઈઈઁ નો રીર્પોટ અન્વયે અમદાવાદ પૂર્વ વિસ્તારમાં હાટકેશ્વર જંકશન ઉપર તથા દિનેશ ષેમ્બર જંકશન ઉપર ફલાય ઓવરબ્રીજની કામગીરી પ્રગતિ હેઠળ છે. સદર બંને બ્રીજની કામગીરી એપ્રિલ-૨૦૧૫ માં ચાલુ કરવામાં આવેલ છે. અને એપ્રિલ - ૨૦૧૭ માં કામગીરી પૂર્ણ થશે. સદર કામગીરીનો અંદાજીત કિંમત અનુક્રમે ૫૦.૮૮ કરોડ તથા ૫૨.૪૬ કરોડ છે.તથા અમદાવાદ વિરમગામ બ્રોડગેજ રેલ્વે લાઈન ઉપર સાબરમતી અને ચાંદલોડીયા -રેલ્વે સ્ટેશન વચ્ચે જીએસટી ક્રોસીગ રાણીપ ખાતે રેલ્વે ઓવરબ્રીજની કામગીરી હાલમાં ચાલુ છે. સદર કામગીરી તા.૨૬.૦૩.૨૦૧૪ થી શરૂ કરવામાં આવેલ છે. અને ડીસેમ્બર -૨૦૧૬ માં પૂર્ણ થશે.સદર કામની અંદાજીત રકમ રૂા.૭૮.૦૪ કરોડ છે. અમદાવાદ શહેરના જે રસ્તાઓ ઉપર ટ્રાફિકનું ભારણ ખુબજ મોટા પ્રમાણમાં છે, શહેરના જુદા જુદા વિસ્તારોને જોડતાં મુખ્ય રસ્તાઓ છે તથા જાહેર જનતા દ્વારા તેઓની રોજબરોજની કામગીરી માટે આ રસ્તાનો મહત્તમ ઉપયોગ કરવામાં આવે છે. અમદાવાદ મ્યુ.કોર્પોરેશન દ્વારા ચાલુ વર્ષેસ્વર્ણિમ બજેટ અંતર્ગત આશરે રૂા.૧૫ કરોડના અંદાજીત રકમના માઈક્રોસરફેસીગના કામો ચાલુ કરવામાં આવેલ .

શહેરના ઝડપી વિકાસને ધ્યાનમાં લઈ વધતા જતાં ટ્રાફીક તથા રાત્રી દરમ્યાન પણ અવરજવરથી ધમધમતાં રહેતાં રસ્તાઓ સહિત તમામ વોર્ડમાં સ્ટ્રીટલાઈટની સુવિધા વધુ સક્ષમ બનાવવા જાહેર માર્ગો ઉપર સોડિયમ ફીટીંગ્સ લગાડાયેલ છે. કુલ નવી સોડીયમ લાઈટોની સંખ્યા વધારીને ૫૫૯૯૬ જેટલી કરવામાં આવેલ છે.

અહેવાલી વર્ષમાં શહેરના જૂના અને નવા વિસ્તારોમાં ૨૨૩ નવા સ્વીચીંગ પોઈન્ટ્સ સાથે કુલ ૨૬૫૩ નંગ સ્વીચીંગ પોઈન્ટ્સની સંખ્યા થયેલ છે.તથા સ્ટ્રીટલાઈટ સુધારવાના અનેક કામો કરવામાં આવ્યા. ચાલી અને ઝૂંપડપટ્ટીઓમાં પણ ૧૧ વોલ્ટ સી.એફ.એલ. ટ્યુબલાઈટની સંખ્યા ૧૮૬૪૦ થી વધારીને ૧૯૩૪૮ જેટલી કરવામાં આવી.જેની સામે ફલડ લાઇટ ૫૪૧ નવી ઉભી કરવામાં આવી. અહેવાલી વર્ષમાં ૫૪૬.૯૧ લાખ યુનિટનો વીજ વપરાશ થયેલ છે. જેનો કુલ ખર્ચ રૂા.૩૨૨૩.૬૨ લાખ જેટલો થયેલ છે.

જનમાર્ગ - બીઆરટીએસ માં રોડ ની મધ્યમાં ડેડીકેટેડ બસ લેન આપવામાં આવેલ છે.આ ઉપરાંત, રોડ વીડથ અવેલેબલ હોય તે મુજબ ફુટપાથ , સાયકલ ટ્રેક , પાર્કીગ તેમજ મીક્ષ ટ્રાફીક લેન રાખવામાં આવેલ છે.રસ્તાની બન્ને બાજુ એ વરસાદી પાણીનાં નિકાલ માટે સ્ટોર્મ વોટર ડ્રેઇન રાખવામાં આવેલી છે.તૈયાર થયેલા બસ શેલ્ટરો આધુનિક સુવિધા થી સજજ છે.જેમાં ટ્રાન્સીટ મેપ,બસ રુટની માહિતી ,પેસેન્જર ઈન્ફર્મેશન સિસ્ટમ ,વિગેરેનો સમાવેશ થાય છે. બસ શેલ્ટરમાં સિનીયર સીટીઝન તેમજ શારીરીક વિકલાંગ વ્યકિતઓ માટે સ્પેશિયલ રેમ્પની સુવિધા છે.જેમાં પીળા કલરનાં ટેકટાઇલ ટાઇલ્સ લગાવેલા છે.જે અંધજનોને બસમાં જવા - આવવા માટે મદદરુપ છે. બસ શેલ્ટરમાં જવા - આવવા માટે પેડેસ્ટ્રીયન ક્રોસીગ નો ઉપયોગ કરવામાં આવે છે.

હાલમાં કુલ ૨૫૦ જેટલી બસો કાર્યરત છે. જે પૈકી ૧૮૪ એ.સી. બસોનો સમાવેશ થાય છે. જેનો દરરોજ અંદાજે ૧,૪૦,૦૦૦ જેટલા મુસાફરો ઉપયોગ કરે છે.અમદાવાદ જનમાર્ગ લી દ્વારા ભારતમાં પ્રથમ વખત મુસાફરી માટે જનમાર્ગ સ્માર્ટકાર્ડ ની તા.૦૧.૦૧.૨૦૧૨ થી શરૂઆત કરવામાં આવેલ છે.જેમાં રીચાર્જ વખતે ૧૦% બોનસ આપવામાં આવે છે.જેનો ઉપયોગ ૧,૦૫,૦૦૦ મુસાફરો કરે છે.

નાગરિકોના આરોગ્યરૂપી સુખનો આધાર એવી શહેરની સફાઈ કામગીરીમાં જાહેર રસ્તાઓ, પોળો, સોસાયટીના કચરાની નિયમિત સફાઈ અંગે તંત્રને હંમેશા સતર્ક રખાય છે. એકઠા થયેલા કચરા સહિત કચરાપેટીમાં ઠલવાતા અન્ય કચરાને જેસીબી મશીન, લોડર મશીન, ટીપર મશીન, ટ્રક વિગેરે વાહનો દ્વારા ઉપાડી નિયત જગ્યાએ ડમ્પીંગ સાઈટ પર ઠાલવી જંતુનાશક દવાઓ છાંટી ઉપર માટી પુરાણનો થર કરી નિકાલ કરાય છે. અહેવાલી વર્ષમાં કુલ ૧૪,૭૯,૪૯૫ મેટ્રીક ટન કચરાનો નિકાલ થયેલ.

શહેરી નાગરિકોના આરોગ્યની જાળવણી તેમની રોગપ્રતિકારક શક્તિની જાળવણી જાહેર આરોગ્યની જાળવણી, ખાદ્ય પદાર્થો ને પ્રદૂષણમુક્ત રાખવા તેમજ રોગોના ઉપદ્રવોને ઉગતા જ ડામવા વિગેરે જેવી પ્રાથમિક અગત્યની મ્યુનિ. કોર્પોરેશનની જવાબદારી અંગે યોજનાબધ્ધ કાર્યક્રમો યોજવા, અન્ય આવશ્યક પગલાં લેવા હંમેશા જાગૃત રીતે કામગીરી હાથ ધરાય છે. આ માટે શહેરમાં ડીસ્પેન્સરી, પ્રસુતિગૃહો, રેફરલ હોસ્પિટલ તથા દાંતના દવાખાનાની સેવા ઉપલબ્ધ છે .સ્લમ વિસ્તારના રહીશોના આરોગ્યની જાળવણી અને બાળકોને રોગમુક્ત રાખવાના વિશેષ પ્રયાસો, વિવિધ કાર્યક્રમો અને મોબાઈલ ડિસ્પેન્સરી દ્વારા કરવામાં આવેલ છે.

શહેરના નાગરીકોની આરોગ્યની જાળવણી માટે શહેરમાં ત્રણ જનરલ હોસ્પિટલો ચલાવવામાં આવે છે.જેમ કે વા.સા.હોસ્પિટલ ૧૧૫૫ પથારી ધરાવતા હોસ્પિટલમાં અંદરના દર્દી તરીકે ૬૫૯૭૫ અને બહારના નવા અને જુના દર્દી તરીકે કુલ ૬૨૯૦૨૧ દર્દીને સારવાર આપેલ છે.કુલ ખર્ચ રૂા.૮૨૮૨.૪૨ લાખ તથા વા.સા.હોસ્પિટલનું અધ્યતન ટ્રોમા સેન્ટર પણ કાર્યરત છે.એલ.જી.હોસ્પિટલમાં ૮૧૦ (ટીચીંગ બેડ સાથે)પથારી ધરાવતાં હોસ્પિટલમાં અંદરના દર્દી તરીકે ૪૬૭૫૩ અને બહારના દર્દી તરીકે કુલ ૫,૩૭,૫૫૫ દર્દી તરીકે સારવાર આપેલ છે.કુલ ખર્ચ ૩૭૩૫.૬૬ લાખ અને શા.ચી.લા.હોસ્પિટલ ૬૨૦ (ટીચીંગ બેડ સાથે) પથારી ધરાવતા હોસ્પિટલમાં અંદરના દર્દી તરીકે ૩૦૮૦૪ અને બહારના દર્દી તરીકે કુલ ૬,૧૬,૮૨૩ દર્દી તરીકે સારવાર આપેલ છે.કુલ ખર્ચ રૂા.૨૬૩૪.૬૨ લાખ થયેલ છે.આ હોસ્પિટલોની ખુબજ સારી સેવાઓ છે.

મોટી ઉધરસ, ધનુર, ડીપ્થેરીયા, ઓરી તથા બાળલકવા જેવા બાળકોની માંદગી અને મૃત્યુ માટે કારણભૂત રોગો સામે રક્ષણ આપવા રસીકરણની વ્યવસ્થા વીનામૂલ્યે મળે તેવી સગવડ કરવામાં આવેલ છે. બાળકો તથા સગર્ભા

માતાઓને રોગોથી રક્ષણ આપવાના પૂર્વ પ્રયાસરૂપે પોલિયો, ત્રિગુણી, બી.સી.જી., ટી.ટી., ઓરી અને દ્વિગુણી જેવી રસીઓ કુલ ૬૪ વોર્ડના કેન્દ્રો દ્વારા આપવામાં આવે છે. અને ૬૪ વોર્ડમાં અર્બન સેન્ટરો દ્વારા રાજ્ય સરકારની સુચના મુજબ તમામ રાષ્ટ્રીય કાયક્રમોનો અમલ કરવામાં આવે છે.

અમદાવાદ મ્યુ. કોર્પોરેશન હેલ્થ ખાતા સંચાલીત ચેપીરોગ હોસ્પિટલ સમગ્ર રાજયમાંથી આવતા ચેપીરોગના દર્દીઓને વિના મુલ્યે સારવાર આપવામાં આવે છે. ઓ.પી.ડી. વિભાગ સવારે ૯-૦૦ થી ૧૧-૦૦ ચાલે છે. કેન્દ્ર સરકારનાં શભઘભ ઘઈન્ઝેં દ્વારા નેશનલ નેટવર્કીગ પ્રોજેકટ હાલમાં ચાલુ છે. આ ઉપરાંત શભઘભ દ્વારા દેશનાં ૭ મોટા શહેરો માટે IDSP-INSUNET PROJECT હાલમાં ચાલુ છે. ચેપીરોગ હોસ્પિટલની દરરોજ ની , અઠવાડીક અને માસિક દર્દીઓની ઓનલાઈન માહિતી NCDC DELHI અને રાજય સરકાર તથા હેલ્થ વિભાગ અમદાવાદ મ્યુનીસીપલ કોર્પોરેશન ખાતે મોકલવામાં આવે છે. સને ૨૦૧૪-૧૫ ના વર્ષ દરમ્યાન શહેરનાં ૨૩૨ તથા બહારગામ નાં ૩૧ દર્દીઓને દાખલ કરી કુલ ૨૩૫૪ દર્દીઓને સારવાર આપવામાં આવી હતી. ઓ.પી.ડી. વિભાગમાં નવા દર્દીઓ ૨૮૧૨૪ અને જુના દર્દીઓ ૧૯૨૭૬ એમ કુલ ૪૭૪૦૦ દર્દીઓને સારવાર આપવામાં આવી હતી. તમામ પ્રકારની સારવાર વિના મુલ્યે આપવામાં આવી હતી.

વર્ષ ૨૦૧૪-૧૫ માં કુલ ૦૨ ગરીબ કલ્યાણ મેળાઓ જુદા જુદા વોર્ડમાં યોજવામાં આવ્યા જેમાં દીકરી યોજના અંતર્ગત, જનની સુરક્ષા યોજના અંતર્ગત, ચિરંજીવી યોજના તથા બાળસખા યોજના અંતર્ગત લાભ લીધેલ લાભાર્થીઓને નેશનલ સેવીગ સર્ટીફિકેટ / બેરર ચેકનું વિતરણ કરવામાં આવ્યું રાજ્ય સરકારની સુચના મુજબ સ્લમ વિસ્તારના તમામ સગર્ભા માતા તથા બાળકોનું ઈ-સ્ચસાચ કાર્યક્રમ અંતર્ગત કોમ્પ્યુટરમાં ઈહાઅિ કરવામાં આવેલ છે તથા તે મુજબના વર્ક પ્લાન મુજબ તમામ લાભાર્થીઓને આરોગ્યની સેવાઓથી ૧૦૦ % આવરી લેવામાં આવે છે.

રાષ્ટ્રીય મેલેરીયા નાબૂદી યોજના હેઠળ જરૂરિયાત મુજબ દવાઓનો છંટકાવ કરવા ફોગીંગ મશીનો થી ધુમાડો કરવાની કામગીરી રાજ્ય સરકારશ્રી દ્વારા પૂરી પડાતી વિના મૂલ્યે દવાઓની સહાયથી કરવામાં આવે છે. મેલેરિયા રોગના દર્દી પારખવા લેવાયેલ લોહીના ૯૦૩૯૨૭ નમુના પૈકી ૬૦૨૯ પી.વાઈવેક્સ,૧૧૨૩ પી ફાલ્સીપેરમ અને ડેન્ગ્યુના ૬૩૮ અને ૩૬ ચિકન ગુનિયા કેસોને દર્દી તરીકે જાહેર કરવામાં આવેલ.

આંકડાકિય પરિસ્થિતિ જોતાં ૨૦૧૪ ના વર્ષમાં મરણ દરનું પ્રમાણ દર હજારે ૮.૦૧ અને જન્મ દરનું પ્રમાણ હજારે ૧૮.૦૮ રહેલ છે.

ઝૂંપડપટ્ટી અને ચાલી વિસ્તારમાં રહેતા અને ગરીબી રેખા નીચે જીવતા નાગરિકોના સર્વાંગી વિકાસાર્થે, રાજ્ય સરકારશ્રીના સહયોગથી પ્લાન ઓફ એક્શન હેઠળ તેઓ સ્વપ્રયત્નોથી આત્મનિર્ભર બને તેવી સેવાકીય પ્રવૃત્તિઓ અર્બન કોમ્યુનિટી ડેવલપમેન્ટ પ્રોજેક્ટ હેઠળ કરવામાં આવે છે.

એસ.જે.એસ.આર.વાય યોજના અંતગર્ત શહેરી ગરીબો આર્થિક સ્વરોજગારી મેળવી સ્વાવલંબી બની શકે તે માટે તેઓને રાષ્ટ્રીયકૃત બેંકો તથા પ્રાઈવેટ સેકટરની બેંકો મારફતે જરૂરી નાંણાકીય લોન સબસીડી મળી શકે તે હેતુથી આ યોજના અમલમાં આવી હતી. પરંતુ, સપ્ટેમ્બર-૧૩ થી ભારત સરકાર પુરસ્કૃત સુર્વણ જયંતિ શહેરી રોજગાર યોજના પુનઃગઠિત થઈ રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન યોજના (NULM)ના નામે અમલમાં આવેલ છે. જીવજીઇરૂ યોજના હેઠળ ૨૦૧૩-૧૪ ના વર્ષના અંતે ૧૮૮૭ અરજીઓ બેંકોમાં નિરાકરણ વગર પડતર રહેલ તે પૈકી બેંકોએ કુલ ૧૨૦ અરજીઓ મંજુર કરેલ છે. તથા બેંકો ધ્વારા લાભાર્થીને ચુકવેલ કુલ રૂા.૧૦૧.૪૯ લાખની લોન સામે અત્રેથી બેંકોને લાભાર્થીને ચુકવવા માટે રૂા.૨૫.૩૭ લાખની સબસીડી યુસીડી વિભાગ ધ્વારા ચુકવાયેલ છે. વર્ષ દરમ્યાન કુલ ૩૩૫ અરજીઓ બેંકોએ જુદા-જુદા કારણોસર ખાતાને પરત કરેલ છે. તેમજ ૨૦૧૪-૧૫ના વર્ષને અંતે ૧૪૩૨ અરજીઓ બેંકો પાસે પડતર છે. ગરીબી રેખા નીચે જીવતાં લોકો તાલીમ મેળવી સ્વરોજગારી મેળવી શકે તે હેતુથી યુ.સી.ડી.ખાતાધ્વારા જુદા જુદા વિસ્તારમાં આવેલ યુ.સી.ડી.સેન્ટરો ઉપર કાયમી ધોરણે સિવણ વર્ગ ,કોમ્પ્યુટર વર્ગ,ભરતગૂંથણવર્ગ,બ્યુટીપાર્લર વર્ગ, વગેરે તાલીમવર્ગો ગરીબ વર્ગના તાલીમાર્થીઓને પોસાય તેવી તદન સામાન્ય ફી લઈને સ્થાનિક મંડળો ધ્વારા યુ.સી.ડી.ખાતાની દેખરેખ હેઠળ ચલાવવામાં આવે છે. યુ.સી.ડી. અ.મ્યુ.કોર્પોરેશન

સંચાલિત સુવર્ણ જયંતિ શહેરી રોજગાર યોજના અંતગર્ત અમદાવાદ મહાનગરપાલિકાના ચાલી/ઝુપડપટ્ટી વિસ્તારોમાં વસતા શહેરી ગરીબ કુટુંબોનો બીપીએલ સર્વે હાથ ધરવામાં આવેલ.જેના અનુસંધાનમાં ૨,૪૩,૦૩૮ કુટુંબોની બી.પી.એલ. યાદી ફાઈનલ કરવામાં આવેલ છે. તથા હાલમાં બી.પી.એલ. કાર્ડ વિતરણની કામગીરી ચાલુ છે.

ઉમ્મીદ તાલીમ રોજગાર યોજના એપ્રિલ-૨૦૧૪થી રાજય સરકારશ્રી ધ્વારા બંધ કરી રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન(NULM) યોજના અમલમાં મુકેલ છે. NULM યોજનાના કૌશલ્ય,તાલીમ અને સ્થળ નિર્ધારણ રોજગાર (EST&P) ઘટક હેઠળ ગુજરાત સરકાર શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ ધ્વારા આપવામાં આવેલ એજન્સીઓ ધ્વારા હવેથી કૌશલ્ય, તાલીમ અને સ્થળ નિર્ધારણ ધ્વારા રોજગાર (EST&P) ઘટક હેઠળ તાલીમ કાર્યક્રમનું અમલીકરણ કરવામાં આવશે.

ફરજીયાત સેવાઓ પૈકીની એક સેવા ફાયરબ્રિગેડની છે. શહેરમાં બનતા આગના બનાવો ઉપરાંત કુદરતી આપત્તિઓ જેવી કે પુર અને અતિવૃષ્ટિમાં ત્વરીત અને અત્યંત જોખમી સેવા પણ ફાયરબ્રિગેડના કર્મચારીઓ સરળતાથી બજાવે છે. આધુનિક ટેકનોલોજીથી સજ્જ સાધનોવાળા વાહનોથી ૧૪ ફાયર સ્ટેશનો સાથે ફાયરબ્રિગેડનું તંત્ર હંમેશા સજાગ કામગીરી કરે છે. ૧૨ એમ્બ્યુલન્સ ગાડીઓ, ૨૧ શબવાહીની બસ નાગરિક સેવામાં ઉપલબ્ધ છે. અહેવાલી વર્ષમાં મ્યુનિ. હદમાં રૂા.૬૦.૪૩ કરોડનું આગ અને પાણીથી નુકશાન થયું હતું. વર્ષ દરમ્યાન અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ફાયર બ્રિગેડ ખાતા દ્વારા મ્યુનિસિપલ હદમાં કુલ ૧૮૨૨ તથા મ્યનુસિપલ હદ બહાર ૧૦૩ એમ કુલ ૧૯૨૫ અંગાર કોલ એટેન્ડ કરેલ છે.

અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનની પ્રાથમિક શિક્ષણ સમિતી સને ૧૯૨૦ થી નગરના લાખો બાળકો કે જેમાં આર્થિક અને શૈક્ષણિક રીતે પછાત એવા ઝૂંપડપટ્ટી અને ચાલીઓમાં રહેતા બાળકો સવિશેષ છે તેમને પ્રાથમિક શિક્ષણ પુરૂ પાડે છે. સમિતીના નિતીવિષયક નિર્ણયો શિક્ષણ સમિતિ લે છે. જેનો વહીવટ સ્કુલબોર્ડ શાસનાધિકારી કરે છે. અહેવાલી વર્ષમાં જુદા જુદા માધ્યમોની કુલ ૪૬૦ શાળાઓ મારફતે ૧,૪૮,૨૭૬ બાળકોને પ્રાથમિક શિક્ષણ આપવામાં આવેલ. શિક્ષક દીઠ સરેરાશ સંખ્યા ૩૯ વિદ્યાર્થીની રહેલ છે.કુલ શિક્ષકોની સંખ્યા ૩૮૬૭ હતી. ઉચ્ચ શિક્ષણ સેવા એ અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનની મરજિયાત સેવાઓ પૈકીની એક સેવા છે. અદ્યતન તબીબી અભ્યાસમાં સ્નાતક, અનુસ્નાતક કક્ષાના તબીબી અભ્યાસ માટેની મ્યુનિ. મેડિકલ કોલેજનું સંચાલન કરે છે. સને ૨૦૧૪-૧૫ ના આખરે કોલેજમાં વિધાર્થીઓની સંખ્યા પ્રથમ ટર્મમાં ૭૩૮ અને બીજી ટર્મમાં ૬૩૩ હતી અને ઓગસ્ટ ૨૦૧૪ થી શરુ થતાં સત્રમાં ૧૫૦ વિધાર્થીઓને પ્રવેશ આપવામાં આવેલ હતો. જેમાં વર્ષ ૨૦૧૪-૨૦૧૫ દરમ્યાન કોલેજનો કુલ અંદાજીત ખર્ચ રૂા.૫૦.૦૩ કરોડ થયો છે. ચાલુ વર્ષે ૨૦૧૪-૧૫ ની ટયુશન ફીની આવક રૂા.૬૨.૫૦ કરોડ થઈ છે.

માધ્યમિક શિક્ષણ માટે એક ગર્લ્સ હાઈસ્કૂલ સહીત પાંચ માધ્યમિક શાળાઓ દ્વારા મધ્યમવર્ગ અને ગરીબ વિદ્યાર્થીઓને લાભ અપાય છે. સંસ્કૃત ભાષાના જ્ઞાનવાંચ્છુઓ તથા સંસ્કૃત ભાષાના જ્ઞાન દ્વારા વેદ, કર્મકાંડ, જ્યોતિષશાસ્ત્ર, ગણિતશાસ્ત્ર, વેદાંત, અર્થશાસ્ત્ર, પુરાણ વિગેરે વિષયોના અભ્યાસ માટે સંસ્કૃત પાઠશાળાનું સંચાલન થાય છે. પુસ્તકાલય, વાંચનાલયો, બાલભવનો, વ્યાયામ શાળા જેવી સુવિધાઓ પણ પુરી પડાય છે.

વાંચન શોખીન અને જ્ઞાન પિપાસુઓના હાર્દમાં અગ્રેસર એવા ''માણેકલાલ જેઠાલાલ પુસ્તકાલય'' ઉપરાંત ૧૮ પુસ્તકાલયો તથા ૨૬ વાંચનાલયો અને ૬ બાલભવન કાર્યરત છે.ઉપરાંત ફરતું બાળ પુસ્તકાલય ના ૨૩ સેવા કેન્દ્ર ફરતું મહિલા પુસ્તકાલય ના ૩૨ સેવા કેન્દ્ર તથા નવા પશ્ચિમઝોન માં ફરતું બાળ પુસ્તકાલય ના ૧૮ સેવા કેન્દ્રો પર સેવા આપે છે.

અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનના સેવાલક્ષી વહીવટમાં સંલગ્ન સ્વાયત્ત સંસ્થા એ.એમ.ટી.એસ. છે જેનો વહીવટ ટ્રાન્સપોર્ટ કમિટી દ્વારા થાય છે. ૧૯૪૭માં એ.એમ.ટી.એસ.ની શરૂઆત થયેલ. અ.મ્યુ.ટ્રા.સર્વિસે સને ૨૦૧૪-૧૫ માં ૬૮ વર્ષ પુરા કર્યા છે. અ.મ્યુ.ટ્રાન્સપોર્ટ સર્વિસ ધ્વારા અહેવાલ વર્ષ દરમ્યાન કુલ્લે ૭૧૯ બસો રોડ ઉપર મુકવામાં આવેલ જેમાં ડીઝલ આધારિત બસોની સંખ્યા ૪૯૦ છે. અને સી.એન.જી.ગેસ આધારિત બસો ૨૨૯ નો સમાવેશ થાય છે તે બસોનો નામદાર સુપ્રિમ કોર્ટની ગાઇડલાઇન મુજબ પર્યાવરણ જાળવણી ના ભાગરૂપે પ્રારંભ કરવામાં આવેલ. ઉત્તરોત્તર શહેરના વિકાસ સાથે વાહન સેવામાં પણ પ્રગતિ થયેલ છે. અહેવાલી વર્ષમાં સંસ્થાએ દરરોજ સરેરાશ ૫.૫૪ લાખ

મુસાફરોને સેવા આપેલ છે. વિદ્યાર્થીઓ માટે કન્સેશન દરે શાળા સુધી અવરજવર, શહેરના જોવાલાયક સ્થળો માટે લક્ઝરી ટુરિસ્ટ કોચ, શારીરિક અપંગો માટે અડધા દરે, સ્વાતંત્ર્ય સેનાની અને અંધ વ્યક્તિઓને વિનામૂલ્યે મુસાફરીની સગવડ આપવામાં આવે છે. સામાજિક કેધાર્મિક પ્રસંગોએ સ્પેશ્યલ વર્ધીની સગવડ પણ આપવામાં આવે છે.

અહેવાલી વર્ષમાં એ.એમ.ટી.એસ.ની સેવાઓનો કુલ ખર્ચ રૂા.૩૭૬.૮૫ કરોડ થયો. જેની સામે આવક રૂા.૧૩૦.૨૯ કરોડ થઈ. જેથી કુલ ખોટ રૂા.૨૪૬.૫૬ કરોડ થઈ. આ સેવામાં સંસ્થાને સતત ખોટ થતી રહી છે. છતાં પણ શહેરીજનોની સુવિધાને ધ્યાનમાં રાખીને મ્યુનિ. કોર્પોરેશન તરફથી લોન સહાય પૂરી પાડીને પણ આ સેવા ચાલુ રખાયેલ છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારમાં તા.૧.૦૫.૨૦૧૨ થી આધારકાર્ડ એન્રોલમેન્ટની કામગીરી માનનીય મુખ્યમંત્રીશ્રી દ્વારા શરૂ કરવામાં આવેલ. અ.મ્યુ.કો.કક્ષાએ મ્યુનિસિપલ કમિશનરશ્રીની રજીસ્ટ્રાર તરીકે નિમણુંક કરવામાં આવેલ.

અમદાવાદ મ્યુનિ. કોર્પોરશનની આવક તથા સેવાઓ સુધારવા મ્યુનિ. અધિકારીઓ અને કર્મચારીઓએ કરેલ ખંતપૂર્વકની કામગીરી ખરેખર બિરદાવવાપાત્ર રહેલ છે. જે થકી શહેરના વિકાસ કાર્યોના ઝડપી પરિણામો મળેલ છે.

શહેરના નાગરિકો તથા ચુંટાયેલા પ્રતિનિધિઓ તથા હોદ્દેદારોના સુંદર સાથ સહકાર અને માર્ગદર્શન તેમજ ખામીઓ પ્રત્યેના અંગૂલીનિર્દેશ કોર્પોરેશનની કામગીરીની કાર્યક્ષમતા તથા ગુણવત્તા માટે નોંધપાત્ર રીતે મળતો રહેલ છે. શહેરના જાગૃત અને લોકાભિમુખ અખબારો દ્વારા કોર્પોરેશનની સિધ્ધિઓની પ્રસિધ્ધી તથા ઉણપો પ્રત્યે દોરાયેલ ધ્યાનના કારણે વહીવટી તંત્ર વધુ જાગૃત અને ઉત્સાહિત બનેલ છે. જેની ખાસ નોંધ લઈ સૌનો આ તબક્કે હૃદયપૂર્વક આભાર માની વિરમું છું.

મ્યુનિસિપલ કમિશનર

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન
આંકડાકીય વિશ્લેષણ
૨૦૧૪-૧૫

(૧) વહીવટી એકમ
અમદાવાદ મ્યુનિ.કોર્પોરેશન

સરદાર પટેલ ભવન, દાણાપીઠ
અમદાવાદ ૩૮૦૦૦૧

(૨) વહીવટી એકમનું વિવરણ

અ.નં.	વિગત	૧૯૯૧-૯૨	૨૦૧૦-૧૧	૨૦૧૧-૧૨	૨૦૧૨-૧૩	૨૦૧૩-૧૪	૨૦૧૪-૧૫
ક	ઈલેક્શન વોર્ડ	૪૩	૬૪	૬૪	૬૪	૬૪	૬૪
ખ	કાઉન્સીલરોની સંખ્યા	૧૨૭	૧૯૨	૧૯૨	૧૯૨	૧૯૨	૧૯૨
ગ	કાયદાકીય સમિતિઓ	૩	૨	૨	૨	૨	૨
ઘ	અન્ય સમિતિઓ	૧૨	૧૪	૧૨	૧૨	૧૨	૧૨

(૩) વસતિ અને વિસ્તાર

અ.નં.	**વિગત**	**૧૯૮૧**	**૧૯૯૧**	**૨૦૦૧**	**૨૦૧૧**
૧	૨	૩	૪	૫	૬
૧	વસતિ (ક) પુરુષ (ખ) સ્ત્રી	૨૦૫૯૭૨૫ ૧૦૯૯૮૯૯ ૯૫૯૮૨૬	૨૮૭૬૭૧૦ ૧૫૨૨૯૭૫ ૧૩૫૩૭૫૫	(જુની)૩૫૨૦૦૮૫ (નવી) ૯૮૫૪૫૨ ૧૮૬૭૨૪૯ ૧૬૫૨૮૩૬	૫૫,૭૭,૯૪૦ ૨૯,૩૮,૯૮૫ ૨૬,૩૮,૯૫૫
૨	સ્ત્રીઓનું પ્રમાણ (દર ૧૦૦૦ પુરુષોએ)	૮૭૩	૮૮૯	૮૮૫	૮૯૭
૩	શિક્ષણનું પ્રમાણ	૬૪.૦૮	૬૬.૮૭	૮૨.૯૧	૮૨.૯૧
૪	કુલ વિસ્તાર (ચો. કી.મી.)	૯૮.૧૫	૧૯૦.૮૪	૧૯૦.૮૪	૪૬૪.૧૬
૫	વસતિની ઘનતા (દર ચો. કી.મી. દીઠ)	૨૦૯૮૫	૧૫૦૭૪	૧૮૪૪૫	૧૨૦૧૮
૬	અનુસુચિત જાતિ	૨૬૯૨૩૦	૩૭૬૧૨૭	૪૨૬૭૪૩	૧૨.૧૨%
૭	અનુસુચિત જનજાતિ	૧૫૩૦૩	૨૩૦૯૫	૩૪૧૨૧	૦.૫૭%

(૪) જન્મ મરણના આંકડા

અ.નં.	વિગત	૧૯૯૧	૨૦૧૦	૨૦૧૧	૨૦૧૨	૨૦૧૩	૨૦૧૪
૧	૨	૩	૪	૫	૬	૭	૮
૧	નોંધાયેલ જન્મ	૮૨૯૯૨	૧૦૪૭૯૧	૯૫૫૫૮	૧૦૫૮૬૮	૧૦૭૮૩૮	૧૦૬૩૯૦
૨	જન્મનું પ્રમાણ	૨૮.૮૫	૧૭.૮૧	૧૭.૧૬	૧૭.૯૯	૧૮.૩૨	૧૮.૦૮
૩	નોંધાયેલ મૃત્યુ	૨૯૨૭૨	૪૦૦૫૨	૩૩૮૫૭	૪૨૦૧૧	૪૪૭૮૨	૪૭૧૩૦
૪	મૃત્યુ પ્રમાણ	૧૦.૧૮	૬.૮	૬.૦૮	૭.૧	૭.૬	૮.૦૧
૫	બાળ મરણો	૩૩૪૨	૨૩૪૩	૧૬૬૮	૨૧૯૫	૨૮૬૦	૨૮૮૯
૬	બાળ મરણનું પ્રમાણ	૪૦.૨૭	૨૨.૩૫	૧૭.૪૬	૨૦.૭૩	૨૬.૫૨	૨૭.૧૫
૭	માતૃ મરણ	૨૨	૫૭	૭૧	૯૬	૧૦૧	૧૦૧
૮	માતૃ મરણનું પ્રમાણ	૦.૨૭	૦.૫૪	૦.૭૫	૦.૯	૦.૯૪	૦.૯૫

(૫) તબીબી સેવાઓ

અ.નં.	વિગત	૧૯૯૧-૯૨	૨૦૧૦-૧૧	૨૦૧૧-૧૨	૨૦૧૨-૧૩	૨૦૧૩-૧૪	૨૦૧૪-૧૫
૧	૨	૩	૪	૫	૬	૭	૮
૧	ચેપી રોગની હોસ્પિટલ	૧	૧	૧	૧	૧	૧
૨	પથારીની સંખ્યા	૧૧૦	૧૧૦	૧૦૦	૧૧૦	૧૧૦	૧૧૦
૩	નગરી આંખની હોસ્પિટલ	૧	૧	૧	૧	૧	૧
૪	પથારીઓની સંખ્યા	૧૦૦	૧૦૦	૧૦૦	૧૦૦	૧૦૦	૧૦૦
૫	ન્યુ ચેસ્ટ ક્લીનીક	૧	શા.ચી.લા. હોસ્પી.સાથે વીલીન થયેલ છે				
૬	પથારીઓની સંખ્યા	૩૨	૩૨				
૭	જનરલ હોસ્પિટલ	૩	૩	૩	૩	૩	૩
૮	પથારીઓની સંખ્યા+ટ્રોમા સેન્ટર	૧૭૫૪	૨૨૭૫	૨૬૩૫+૮૮	૨૫૭૫	૨૫૮૫	૨૫૭૫
૯	રેફરલ હોસ્પિટલ	૫	૩	૩	૩	૩	૩
૧૦	પથારીઓની સંખ્યા	૧૬૨	૩૫	૩૫	૩૦	૩૦	૩૫
૧૧	પ્રસુતિગૃહોની સંખ્યા	૧૮	૧૦	૧૦	૯	૯	૯
૧૨	પથારીઓની સંખ્યા	૪૬૦	૧૫૫	૧૫૫	૧૧૭	૧૧૮	૧૦૩
૧૩	ઓ.પી.ડી. દવાખાનાની સંખ્યા	૨૮	૫	૫	૫	૧૯	૫
૧૪	દાંતના દવાખાનાની સંખ્યા	૪	૧	૧	૧	૧	૧

(૬) લોકોની સુવિધાઓ

અ.નં	વિગત	૧૯૯૧-૯૨	૨૦૧૦-૧૧	૨૦૧૧-૧૨	૨૦૧૨-૧૩	૨૦૧૩-૧૪	૨૦૧૪-૧૫
૧	૨	૩	૪	૫	૬	૭	૮
૧	પાણી પુરવઠો (ક) દૈનિક (લાખ લીટર્સ) (ખ) સરેરાશ પ્રતિ વ્યકિતદીઠ (લીટર્સ)	 ૪૨૩૪.૩૭ ૧૪૭.૧૯	 ૧૦૪૫૦.૦૦ ૧૯૦	 ૧૦૬૭૦.૦૦ ૧૬૦	 ૧૦૧૩૦ ૧૮૧	 ૧૧૨૧૦ ૨૦૦	 ૧૨૦૩૨
૨	વર્ષાન્તે પાણીની પાઈપલાઈનની લંબાઈ (કી.મી.)	૨૦૮૨.૦૨	૩૨૩૮.૨૨	૩૫૮૦.૦૦	૩૬૫૦.૦૦	૩૬૫૦.૦૦	૩૯૦૮
૩	વર્ષાન્તે પાણીના જોડાણો (સંખ્યા)	૨૦૮૭૫૦	૨૯૧૨૧૦	૨૯૫૬૦૩	૫૫૮૪.૦૦	૧૦૫૯૯૧૬	૧૧૧૫૦૨૧
૪	રસ્તાની લંબાઈ (કી.મી.) (ક) પાકા રસ્તા (ખ) કાચા રસ્તા (ગ) દર ચો.કી.મી. વિસ્તાર દીઠ રસ્તાની લંબાઈ	૧૨૧૪.૦ ૧૦૧૫.૪ ૧૯૮.૬ ૬.૪	૨૩૯૮.૨૧ ૨૩૯૧.૮૬ ૨૦૬.૩૫ ૫.૨૦	૨૬૬૬.૫૦ ૨૩૮૦.૦૦ ૨૮૬.૫૦ ૫.૭૨	૨૩૯૮.૨૧ ૨૩૧૦ ૮૮.૨૧ ૫.૧૫	૨૩૯૮.૨૧ ૨૩૪૦.૪૦ ૫૭.૮૧ ૫.૧૫	૨૩૯૮.૨૧ ૨૩૬૦.૪૦ ૩૭.૮૦ ૫.૧૫
૫	ગટરલાઈનની લંબાઈ (કી.મી.)	૧૦૬૦.૩	૧૯૯૦.૭	૨૧૭૧.૭૦	૨૫૦૦	૨૫૦૦	૨૫૦૦
૬	સ્ટ્રોમ વોટર ડ્રેઈન (કી.મી.) વરસાદીપાણીના નિકાલની લાઈન	૨૬૮.૪	૮૨૭.૭	૭૩૧.૭૧	૮૬૭	૮૬૭	૯૦૦
૭	દીવા બત્તીની સંખ્યા (ક) ટ્યુબ લાઈટ (ખ) મરક્યુરી લાઈટ (ગ) સોડિયમ લાઈટ (ઘ) સામાન્ય ગોળાઓ (ચ)ફ્લડ લાઈટ (છ)સી.એફ.એલ.લાઈટ	૬૦૯૯૩ ૨૯૮૧૨ ૧૫૫૨૫ ૧૫૨૧ ૧૪૧૩૫ -	૧૦૨૬૫૨ ૩૧૪૦૭ ૩૨૦૭ ૪૪૪૩૭ ૩૫૦ ૭૩૯ ૨૨૫૧૨	૧૦૭૧૯૨ ૩૩૦૨૨ ૩૨૫૧ ૪૭૦૮૩ ૩૦૦ ૭૩૯ ૨૨૭૯૭	૧૧૪૪૪૫ ૩૮૯૦૦ ૩૮૪૫ ૫૩૩૩૨ ૦૬ ૭૯૪ ૧૭૫૬૮	૧૨૪૧૨૯ ૪૫૫૧૫ ૩૩૬૬ ૫૫૭૯૬ ૦૦ ૮૧૨ ૧૮૬૪૦	૧૩૦૭૩૩ ૪૭૦૭૦ ૧૯૬૯ ૫૫૯૯૬ ૦૦ ૫૪૧ ૧૯૩૪૮
૮	(ક) સફાઈ કામદારો (કાયમી) (ખ) કચરાનો નિકાલ (પ્રતિદીન સરેરાશ મેટ્રીક ટન) (ગ) પ્રતિ વ્યકિતદીઠ સરેરાશ કચરાનો નિકાલ (ગ્રામમાં)	૭૦૧૫ ૧૬૭૧ ૫૬૮૨	૭૭૪૯ ૨૫૨૪ ૬૫૧	૭૭૮૪ ૩૦૮૮ ૫૫૪	૭૬૮૬ ૩૬૪૬ ૬૦૦ થી વધારે	૭૭૮૪ ૩૭૫૫ ૬૭૩	૮૯૬૧ ૪૦૪૯ ૭૨૬
૯	(ક) અગ્નિશામક મથકો (ખ) આગના બનાવો (ગ) આગના બનાવોમાં નુકશાન (રૂ. લાખમાં)	૯ ૭૭૮ ૧૧૭૬.૮૪	૧૨ ૧૬૮૨ ૧૧૯૭૮	૧૨ ૧૭૩૪ ૮૫૪૯.૦૦	૧૩ ૧૮૬૯ ૯૦૮૫.૦૬	૧૩ ૧૭૦૮ ૧૨૪૪.૨૦	૧૪ ૧૯૨૫ ૬૦૪૩.૩૮

(૭) સાર્વજનિક કેળવણી

અ.નં	વિગત	૧૯૯૧-૯૨	૨૦૧૦-૧૧	૨૦૧૧-૧૨	૨૦૧૨-૧૩	૨૦૧૩-૧૪	૨૦૧૪-૧૫
૧	૨	૩	૪	૫	૬	૭	૮
૧	પ્રાથમિક શાળાઓ	૫૫૫	૪૬૪	૪૬૪	૪૫૬	૪૫૦	૪૬૦
૨	વિદ્યાર્થીઓ	૨૫૭૯૪૨	૧૫૦૬૪૨	૧૬૦૮૮૨	૧૬૦૬૭૭	૧૫૫૭૧૩	૧૪૮૨૭૬
૩	શિક્ષકો	૬૪૮૯	૩૯૪૯	૪૦૦૫	૩૬૯૬	૪૦૧૬	૩૮૬૭
૪	મેડીકલ કોલેજ	૧	૨	૩	૩	૧	૧
૫	માધ્યમિક શાળાઓ	૫	૫	૫	૫	૫	૫

(૮) અમદાવાદ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસ

અ.નં	વિગત	૧૯૯૧-૯૨	૨૦૧૦-૧૧	૨૦૧૧-૧૨	૨૦૧૨-૧૩	૨૦૧૩-૧૪	૨૦૧૪-૧૫
૧	૨	૩	૪	૫	૬	૭	૮
૧	કુલ બસોની સંખ્યા	૭૩૨	૯૦૦	૧૧૫૩	૧૦૮૧	૧૦૨૦	૯૩૭
૨	રસ્તા ઉપર ફરતી બસો	૬૧૨	૬૭૪	૬૭૧	૭૫૦	૭૨૮	૭૧૯
૩	કુલ રૂટસની સંખ્યા	૨૩૨	૧૬૬	૧૭૧	૧૭૪	૧૮૭	૧૮૬
૪	રૂટસ કી.મી.	૨૭૦૧.૮૨		૩૨૮૩.૩૦		૩૧૮૭.૨૦	
૫	મુસાફરોની સંખ્યા (લાખમાં)	૨૬૩૩	૨૯૦૫	૨૯૩૪	૨૩૯૬	૨૦૨૩	૨૦૨૪
૬	પ્રતિદીન મુસાફરોની સરેરાશ સંખ્યા (લાખમાં)	૭.૧૯	૭.૯૬	૮.૦૨	૬.૫૬	૫.૫૪	૫.૫૫
૭	બસ / વસતિનું પ્રમાણ	૫૯૬૬	૬૧૧૧	૭૩૧૭		૭૬૬૨	૭૭૫૭
૮	પ્રતિદીન સરેરાશ આવક (રૂ. હજારમાં)	૯૯૩	૩૦૦૫.૭૮	૩૨૫૨.૩૨	૩૯૪૧.૯૧	૪૨૧૦.૬૮	૩૫૬૯.૫૯
૯	પ્રતિદીન સરેરાશ ખર્ચ (રૂ.હજારમાં)	૧૨૧૨	૬૮૫૪.૫૧	૭૬૭૦.૬૮	૯૦૪૩.૮૩	૧૦૨૪૪.૧૧	૧૦૩૨૪.૬૬
૧૦	પ્રતિદીન સરેરાશ ખોટ (રૂ. હજારમાં)	૨૧૯	૩૮૪૮.૭૩	૪૪૧૮.૩૬	૫૧૦૧.૯૨	૬૦૩૩.૪૩	૬૭૫૫.૦૭

(૯) નાંણાકીય માહિતી (રૂ. લાખમાં)

અ. નં	વિગત	૧૯૯૧-૯૨	૨૦૧૦-૧૧	૨૦૧૧-૧૨	૨૦૧૨-૧૩	૨૦૧૩-૧૪	૨૦૧૪-૧૫
૧	૨	૩	૪	૫	૬	૭	૮
૧	રેવન્યુ આવક	૧૭૪૬૫.૫૨	૧૮૯૯૫૭.૬૨	૨૧૪૨૧૨	૨૧૧૭૧૬	૨૫૩૮૧૬	૨૮૯૦૬૭
૨	રેવન્યુ ખર્ચ	૧૭૪૮૫.૧૩	૧૩૨૨૭૯.૦૯	૧૫૬૩૮૩	૧૭૬૦૫૬	૧૯૨૩૭૨	૨૧૦૩૩૦
૩	આવક/ ખર્ચનો તફાવત	-૧૯.૬૧	૫૭૬૭૮.૫૩	૫૭૮૨૯	૩૫૬૬૦	૬૧૪૪૪	૭૮૭૩૭
૪	કરની વસુલાત	૧૩૩૦૨.૯૮	૧૩૨૪૪૭.૪	૧૩૫૮૦૭	૧૩૫૭૭૯	૧૫૨૮૭૪	૧૬૩૩૯૧
	(ક) ઓકટ્રોયના બદલે સરકારશ્રીની ગ્રાંટ	૯૭૨૪.૮૪	૮૨૬૬૨.૫૦	૮૨૬૭૩	૮૨૬૬૨	૮૨૬૬૩	૮૨૬૨૭
	(ખ) પ્રોપર્ટી ટેક્ષ	૩૫૭૮.૧૪	૪૯૭૮૪.૯૭	૫૩૧૩૪	૫૩૧૧૭	૭૦૨૧૧	૮૦૭૬૪
૫	ખાસ કાયદા મુજબની આવક	૨૩.૯૮	૯૦.૯૬	૮૬	૨૨૨	૨૦૩	૧૪૪
૬	માલ મિલ્કતમાંથી તથા કરદર સિવાયની તથા અધિકારની રૂએ થતી આવક	૧૩૯૭.૩૭	૨૪૭૦૧.૧૫	૩૩૪૮૫	૨૮૫૪૧	૪૫૨૭૨	૬૮૯૬૦
૭	સરકારી ગ્રાંટ	૨૫૫૧.૧૬	૮૨૬૬૨.૫૦	૮૨૬૭૩	૮૨૬૬૨	૮૨૬૬૩	૮૨૬૨૭
૮	બીજી આવક	૧૯૦.૦૩	૮૬૧૩.૦૯	૯૧૦૧	૮૯૦૩	૧૧૩૧૭	૨૧૬૪૧
૯	રેવન્યુ ખર્ચ	૧૭૪૮૫.૧૩	૧૩૨૨૭૯.૦૯	૧૫૬૩૮૩	૧૭૬૦૫૬	૧૯૨૩૭૨	૨૧૦૩૩૦
	એ. એસ્ટાબ્લીશમેન્ટ	૬૯૨૦.૮૩	૬૨૯૯૮.૬૯	૭૨૩૯૯	૭૬૨૮૧	૮૩૭૨૦	૯૦૦૨૧
	બી. વહીવટી અને જનરલ ખર્ચ	૫૩૨.૨૧	૩૫૫૩.૭૪	૪૧૨૯	૪૦૧૦	૫૪૯૨	૫૨૪૫
	સી. વીજળી એનર્જી પાવરફ્યુઅલ	૧૮૫૫.૩૫	૧૨૫૨૨.૫૪	૧૨૦૭૬	૧૮૦૩૩	૧૮૩૫૫	૨૨૬૦૦
	ડી. મરામત નિભાવ	૧૩૬૮.૭૮	૯૯૦૫.૮૯	૧૨૧૭૨	૧૩૮૫૧	૧૬૫૧૧	૧૮૫૦૬
	ઈ. વિશેષ ખર્ચ/સર્વિસ પ્રોગ્રામ ખર્ચ	૨૪૦.૭૨	૬૫૫૫.૭૨	૮૮૮૦	૧૯૩૫	૨૧૩૫૩	૨૩૩૨૩
	એફ. ગ્રાંટ	૪૧૬૩.૮૫	૩૫૪૩૫.૯૩	૪૨૭૪૨	૪૨૨૧૦	૪૩૦૬૯	૪૪૬૫૨
	જી. લોન ચાર્જીસ	૨૩૭૬.૩૪	૧૧૯૯.૭૫	૩૬૯૬	૨૧૮૯	૩૮૧૮	૫૮૭૪
	એચ. અન્ય ખર્ચ/રીઝર્વ ફંડ (કોન્ટ્રીબ્યુશન)	૨૭.૦૫	૧૦૬.૮૯	૨૮૯	૧૩૨	૫૪	૧૦૯
૧૦	મુખ્ય સદર મુજબ રેવન્યુ ખર્ચ						
	એ. સામાન્ય કારભાર અને કરની વસુલાત						
	બી. પ્રોપર્ટી લેન્ડ એક્વી. એન્ડ મેનેજમેન્ટ	૨૧૦૧.૭૧	૨૪૨૪૩.૦૪	૩૧૦૫૨	૩૦૫૦૪	૩૬૬૬૫	૩૯૨૩૨
	સી. લોકોની સલામતી	૩૫૧.૩૦	૪૧૩૨.૩૨	૫૨૩૬	૫૨૮૮	૫૧૭૬	૫૬૯૬

	ડી. પાણી પુરુ પાડવું	૫૮૬.૮૦	૪૭૯૩.૦૩	૫૬૦૪	૬૫૩૫	૭૪૩૩	૮૨૦૦
	ઈ. કન્ઝરવન્સી સેવાઓ	૧૮૯૩.૦૫	૧૬૬૧૪.૧૦	૧૭૧૫૮	૨૦૬૯૮	૨૧૪૬૫	૨૩૬૭૯
	એફ. લોકોની તંદુરસ્તી	૧૦૧૧.૬૯	૫૬૩૪.૬૪	૬૩૭૧	૯૧૦૨	૯૮૪૫	૧૨૫૨૬
	જી. રસ્તા સાફ- ધોવા- કચરો ઉપાડવો	૩૯૨.૩૩	૨૬૩૬.૩૨	૫૧૦૯	૬૬૩૦	૬૮૬૬	૭૭૨૭
	એચ. વૈદકિય સેવાઓ	૧૫૦૦.૫૩	૧૮૩૦૬.૧૦	૨૨૦૫૧	૨૬૭૯૭	૩૦૧૬૧	૩૫૪૩૭
	આઈ. માર્કેટ- કતલખાના	૧૮૨૫.૪૬	૧૨૦૧૮.૧૧	૧૨૫૦૨	૧૪૦૨૯	૧૩૮૯૪	૧૭૬૧૧
	જે. જન્મ-મરણની નોંધણી	૧૦.૨૬	૪૯.૨૨	૫૭	૬૯	૭૧	૯૦
	કે. બગીચા-સંગ્રહસ્થાન રમતગમતના મેદાનો	૨૭.૫૬	૨૯૭.૯૧	૩૩૮	૪૦૪	૫૪૪	૬૦૯
	એલ. માહિતી પ્રસારણ	૨૪૨.૩૩	૧૬૧૫.૬૬	૨૦૫૫	૨૫૦૫	૩૧૧૪	૩૨૬૧
	એમ. જાહેર બાંધકામ	૧૫.૭૧	૧૫૫૧.૯૫	૧૬૯૭	૧૫૪૬	૧૮૨૮	૧૭૭૨
	એન. રસ્તા-પુલો-ફુટપાથ અને વરસાદી ગટરો	૨૨૯.૯૫	૭૦૫૮.૮૭	૮૪૨૦	૧૦૨૫૯	૧૦૦૪૦	૧૦૫૯૧
	ઓ. સાર્વજનિક કેળવણી	૫૮૮.૩૭	૨૪૫૮.૭૭	૨૮૭૬	૩૨૦૯	૩૩૧૩	૩૩૨૨
	પી. લોન ચાર્જીસ	૩૪૭૯.૩૬	૨૭૯૪૪.૦૧	૩૩૭૧૫	૩૫૯૧૮	૩૯૩૯૮	૩૭૧૬૯
	ક્યુ. લાયસન્સ દબાણ અને શોપ્સ એક્ટનો વહીવટ	૨૩૭૬.૩૪	૫૦૯.૭૪	૩૭૨	૧૩૧૫	૧૧૬૦	૨૦૩૧
	આર. પરચુરણ ખર્ચ	૮૧.૭૦	---	૬.૨૧	૬.૩૨	૬.૮૧	૬.૩૪
		૭૭૦.૬૭	૧૭૯૩.૦૩	૧૧૫૦	૬૧૬	૭૧૮	૭૪૩
	કુલ	૧૭૪૮૫.૧૩	૧૩૨૨૭૯	૧૫૬૩૮૩	૧૭૬૦૫૬	૧૯૨૩૭૨	૨૧૦૩૩૦
૧૧	કેપીટલ વર્કસનું ખર્ચ	૨૧૬૦.૩૩	૧૨૬૯૯૦.૮૦	૧૨૨૬૪૯	૧૫૭૪૩૩	૧૮૨૯૨૬	૨૦૮૧૬૩
	૧. રસ્તા-ફુટપાથ-પોળ પેવમેન્ટ	૬૩.૩૨	૨૯૫૬૦.૪૨	૨૯૯૧૪	૬૩૨૪૮	૫૩૦૧૬	૪૧૨૧૧
	૨. પુલો	૨૧.૮૬	૧૦૨૦૩.૭૬	૨૦૭૩	૧૧૧૨	૧૮૨૧	૪૨૨૧
	૩. સ્ટ્રોમ વોટર ડ્રેઈન	૫.૩૬	૬૦૨૨.૨૨	૧૨૧૭	૧૦૦૨	૧૩૯૯	૨૪૨૭
	૪. મકાનો	૨૪.૭૪	૧૫૨૨૨.૭૮	૮૪૩૫	૬૭૯૭	૧૮૬૦૩	૧૯૮૬૨
	૫. લાઈટીંગ	૧૬.૮૭	૪૮૩.૬૬	૧૦૫૨	૧૪૪૪	૨૪૩૨	૧૮૭૫
	૬.જાહેર સ્થળો	૮.૦૫	૭૨૩૩.૦૦	૨૪૨૦	૩૮૫૧	૩૪૬૩	૬૦૭૬
	૭.પ્લાન્ટ-મશીનરી અને ઈકવીપમેન્ટ	૪૫.૫૫	૪૨૬.૦૦	૨૮૯૩	૩૫૧૩	૧૩૯૯	૬૧૬
	૮.મોટર ટ્રાન્સપોર્ટના સાધનો						
	૯. આર્થિક રીતે નબળા વર્ગ અંગે ના કામો	-	-	૧૩૯૮૫	૬૮૮૪	૬૭૫૦	૯૮૭૦
	૧૦.પબ્લીક જાજરૂ અને પેશાબખાના	૩.૪૮	૧૧૩૦૬.૬૨	૬૭૨૭	૬૪૧૧	૭૯૮૯	૩૬૧૭
	૧૧.એકવીઝીશનના કામો	૧.૨૧	૨૨૩.૫૪	૧૨૯	૧૭૮	૨૫૪	૧૮૩
	૧૨.ઓફિસ ફર્નીચર	૭૨૩.૩૭	૬૨.૬૦	૧૦૬	૬૭	૪૪૦	૧૦૯

	ફીક્ષચર્સ ઇકવી.						
	૧૩.વોટર પ્રોજેકટ	૧૮.૧૬	૧૮.૩૮	૨૬	૭૧	૧૧૪	૧૪૯
	૧૪.ડ્રેનેજ પ્રોજેકટ	૪૧૪.૬૩	૧૩૬૯૮.૩૯	૭૧૨૪	૧૪૫૧૫	૨૧૬૪૫	૧૯૪૧૫
	૧૫.સ્લમ નેટવર્કીંગ પ્રોજેકટ	૨૫.૬૩	૧૬૬૬૨.૭૮	૧૨૮૭૭	૧૨૫૬૯	૧૫૪૩૩	૧૪૯૨૩
	૧૬.જી.એમ.એફ.બી.ની ગ્રાંટ	-	૩.૧૦	૫૬	૪૧	૧૭	૦
	૧૭.એમ.એલ.એ.ગ્રાંટ માંથી કરવાના કામો	-	૧૯૦.૬૯	૩૬૩	૪૬૯	૫૭૦	૨૧૫
	૧૮.એમ.પી.ગ્રાંટમાંથી કરવાના કામો	-	૩૮૨.૯૨	૪૬૫	૭૬૮	૩૪૫	૩૯૧
	૧૯.એન.આર.સી.પી.ગ્રાંટ માથી કરવાના કામો	-	૨૦૪.૬૯	૧૭૮	૫૫૫	૧૨૨૩	૭૩૫
	૨૦.રીવરફ્રન્ટ ડેવલોપમેન્ટ બોર્ડ	-	-	-	-	-	-
	૨૧.જી.આઇ.ડી.સી.એફ લ્યુઅન્ટ ડીસપોઝલ સ્કીમ	૭૦.૬૯	૧૦૫૯૨.૭૫	૧૫૭૫૮	૨૨૪૩૧	૨૦૪૯૮	૨૧૮૩૩
	૨૨.દસમા નાણાપંચની ભલામણ અંગેની ગ્રાંટ	-	૦.૪૩	૧૪	૪	૦	૦
	૨૩.ઇ.ડબલ્યુ.એસ. હાઉસીગ પ્રોજેકટ	-	-	૩૦	૬૯.૩	૧૩.૫૦	૧૧૧૭
	૨૪ .જી.એસ.ડી.એમ.એ / એ.ડી.બી.ની ગ્રાંટ	-	-	-	-	-	-
	૨૫.ઇ.ગવર્નન્સ	-	-	-	-	-	-
	૨૬.એ.એમ.ટી.એસ.ને લોન	-	-	૧૧૭૮	૫૭૪	૯૩૮	૯૬૭
	૨૭.ટી.સી.આઇ.ડી.એસ. પ્રોજેકટના કામો.	-	૩૪૦.૩૭	૧૫૨૯૧	૧૬૪૨૩	૨૦૨૬૬	૨૪૫૮૦
	૨૮.વામ્બે પે એન્ડ યુઝ ટોયલેટ	૧૮.૫૦	૧૩૮૦૮.૨૬	-	-	-	-
	૨૯.લાઇટ ડ્રેનેજ જી.આઇ.ડી.સી.	-	-	-	-	-	-
	૩૦.અન્ય	૫૩૩.૭૧	-	-			
	૩૧.અમદા જન.લી.	-	૪૬.૦૦	૪૪	-	-	-
	૩૨. અ.મ્યુ.કો.મેડી. એજયુ.ટ્રસ્ટ	-	૧૨૦૦.૦૦	૧૭૦૦	૪૮	૨૧૯	૩૯૮
	૩૩.અર્બન ટ્રાન્સપોર્ટ ફંડ એ.જે.એલ.	-	-	૧૦૮૧	૧૧૯૦	૧૩૯૨	૧૩૦૦
	૩૪.સફાઇ કામદાર રાહત	-	૨૦૦	-		-	-

	યોજનાની ગ્રાંટમાંથી કરવાના કામો				૨૨૩	૦૦	૨૦૦
	૩૫.નિર્મલ ગુજરાત અન્વયે ટોયલેટ સ્કીમ યોજના	-	૧૪૫૮.૦૨	-	૭૨૩ -	૧૧૨૭	૧૧૯૭
	૩૬.સ્વર્ણિમ જયંતિ	-	૧૬૨૦૨	૫૪૫			
	મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાં ટ્રાન્સફર				૩૨૧	૯૯	૮.૦૮
	૩૮. હુડકો લોનનું રીપેમેન્ટ	-	-	-૩૯૮૬	-૮૬૯૨	૦૦	
	૩૯. મુખ્ય મંત્રી ગૃહ યોજના ઇ.ડબલયુ.એસ.- એલ.આઇ.જી.						૯૨૩
						૧૨૪	૨૦૬૩૬

વોર્ડવાઇઝ વસતિ ગણતરી-૨૦૧૧ ની માહીતી				
વોર્ડ નંબર	વોર્ડનું નામ	કુલ	પુરૂષ	સ્ત્રી
૦૦૦૧	ખાડીયા	૪૯૪૦૮	૨૫૯૮૩	૨૩૪૨૫
૦૦૦૨	કાલુપુર	૫૩૬૩૦	૨૮૦૬૪	૨૫૫૬૬
૦૦૦૩	દરીયાપુર	૬૩૬૬૪	૩૨૭૮૮	૩૦૮૭૬
૦૦૦૪	શાહપુર	૬૮૧૫૦	૩૫૧૫૭	૩૨૯૯૩
૦૦૦૫	રાયખડ	૬૬૮૫૫	૩૪૧૭૦	૩૨૬૮૫
૦૦૦૬	જમાલપુર	૬૬૨૪૬	૩૩૫૧૨	૩૨૭૩૪
૦૦૦૭	પાલડી	૮૩૧૦૯	૪૨૧૩૯	૪૦૯૭૦
૦૦૦૮	વાસણા	૧૨૩૧૧૬	૬૩૨૮૩	૫૯૮૩૩
૦૦૦૯	ગાંધીગ્રામ	૬૮૯૧૧	૩૬૩૦૩	૩૨૬૦૮
૦૦૧૦	નવરંગપુરા	૫૫૬૪૭	૨૮૦૭૩	૨૭૫૭૪
૦૦૧૧	સ. પ. સ્ટેડીયમ	૭૫૦૫૧	૩૯૨૭૮	૩૫૭૭૩
૦૦૧૨	નારણપુરા	૮૮૦૩૨	૪૫૪૨૧	૪૨૬૧૧
૦૦૧૩	નવાવાડજ	૭૭૮૧૪	૪૧૧૫૮	૩૬૬૫૬
૦૦૧૪	જુના વાડજ	૭૫૬૮૭	૩૯૯૩૩	૩૫૭૫૪
૦૦૧૫	સાબરમતી	૬૮૫૬૬	૩૫૮૫૭	૩૨૭૦૯
૦૦૧૬	દૂધેશ્વર	૬૬૪૭૦	૩૪૮૫૬	૩૧૬૧૪
૦૦૧૭	માધુપુરા	૬૬૭૭૮	૩૫૩૮૮	૩૧૩૯૦
૦૦૧૮	ગીરધરનગર	૬૪૭૧૩	૩૩૬૧૦	૩૧૧૦૩
૦૦૧૯	અસારવા	૫૫૯૮૩	૨૯૨૭૩	૨૬૭૧૦
૦૦૨૦	નરોડારોડ	૭૯૯૨૬	૪૨૧૦૦	૩૭૮૨૬
૦૦૨૧	સરસપુર	૬૮૬૭૦	૩૬૦૨૮	૩૨૬૪૨
૦૦૨૨	પોટલીયા	૮૮૯૦૭	૪૭૫૦૮	૪૧૩૯૯

૦૦૨૩	કુબેરનગર	૧૦૪૩૫૮	૫૬૧૭૭	૪૮૧૮૧
૦૦૨૪	સરદાર નગર	૧૨૪૫૪૮	૬૫૪૧૭	૫૯૧૩૧
૦૦૨૫	સૈજપુર બોઘા	૮૯૯૫૩	૪૭૭૦૮	૪૨૨૪૫
૦૦૨૬	ઠકકરબાપા નગર	૧૩૭૪૪૬	૭૩૪૭૩	૬૩૯૭૩
૦૦૨૭	નરોડ મુઠીયા	૧૦૯૯૨૨	૫૮૦૫૦	૫૧૮૭૨
૦૦૨૮	બાપુનગર	૯૩૮૩૫	૪૯૫૬૭	૪૪૨૬૮
૦૦૨૯	રખીયાલ	૭૬૮૩૮	૪૦૫૦૯	૩૬૩૨૯
૦૦૩૦	ગોમતીપુર	૭૦૦૧૫	૩૬૫૬૨	૩૩૪૫૩
૦૦૩૧	રાજપુર	૭૯૪૦૯	૪૨૧૮૧	૩૭૨૨૮
૦૦૩૨	અમરાઈવાડી	૮૦૬૩૮	૪૩૪૩૫	૩૭૨૦૩
૦૦૩૩	ભાઈપુરા હા.	૧૧૪૧૪૬	૬૧૩૭૫	૫૨૭૭૧
૦૦૩૪	નીકોલ રોડ	૧૩૭૮૪૦	૭૪૧૪૫	૬૩૬૯૫
૦૦૩૫	ઓઢવ	૧૩૭૫૪૩	૭૫૦૨૦	૬૨૫૨૩
૦૦૩૬	ખોખરા મ.વાદ	૬૯૫૪૫	૩૫૯૯૬	૩૩૫૪૯
૦૦૩૭	મણીનગર	૯૫૪૮૧	૪૯૩૪૨	૪૬૧૩૯
૦૦૩૮	કાંકરીઆ	૬૭૧૧૦	૩૪૯૯૦	૩૨૧૨૦
૦૦૩૯	બહેરામપુરા	૮૧૬૩૬	૪૨૭૨૧	૩૮૯૧૫
૦૦૪૦	દાણીલીમડા	૧૬૫૭૩૧	૮૬૩૯૧	૭૯૩૪૦
૦૦૪૧	બાગે ફિરદોશ	૧૫૩૫૫૮	૮૧૨૫૦	૭૨૩૦૮
૦૦૪૨	વટવા	૧૬૪૭૩૦	૮૮૦૮૦	૭૬૬૫૦
૦૦૪૩	ઈસનપુર	૧૫૯૧૮૧	૮૪૫૦૩	૭૪૬૭૮
૦૦૪૪	કાળી	૯૪૦૭૭	૪૯૯૦૩	૪૪૧૭૪
૦૦૪૫	રાણીપ	૧૨૦૧૫૨	૬૫૨૭૦	૫૪૮૮૨
૦૦૪૬	ચાંદલોડીયા	૧૨૦૧૩૭	૬૪૩૩૯	૫૫૭૯૮
૦૦૪૭	ઘાટલોડીયા	૨૦૬૮૯૩	૧૦૮૮૯૪	૯૭૯૯૯
૦૦૪૮	થલતેજ	૯૮૨૪૦	૫૧૨૬૫	૪૬૯૭૫
૦૦૪૯	બોડકદેવ	૭૬૫૭૪	૩૯૨૩૫	૩૭૩૩૯
૦૦૫૦	જોધપુર	૯૫૪૪૪	૪૮૬૯૪	૪૬૭૫૦
૦૦૫૧	વેજલપુર	૨૯૫૦૭૫	૧૫૨૬૭૯	૧૪૨૩૯૬
૦૦૫૨	સરખેજ	૭૨૭૨૭	૩૭૭૪૬	૩૪૯૮૧
૦૦૫૩	લાંભા	૧૦૪૦૦૧	૫૭૭૦૬	૪૬૨૯૫
૦૦૫૪	વસ્ત્રાલ-રામોલ	૧૨૨૪૪૯	૬૬૦૧૯	૫૬૪૩૦
૦૦૫૫	નવા નરોડા	૧૫૩૨૮૫	૮૨૩૦૪	૭૦૯૮૧
૦૦૫૬	મોટેરા	૩૩૮૨૪	૧૭૭૯૨	૧૬૦૩૨
૦૦૫૭	ચાંદખેડા	૯૬૨૬૬	૫૦૩૬૫	૪૫૯૦૧
		૫૫૭૭૯૪૦	૨૯૩૮૯૮૫	૨૬૩૮૯૫૫

પ્રકરણ ૧
હદ વસતિ અને બંધારણ

ગુજરાત રાજ્યનું મોખરાનું ઔદ્યોગિક અને વાણિજ્ય કેન્દ્ર એવું અમદાવાદ શહેર સાબરમતી નદીના કિનારે૨૦ – ૧ ઉત્તર અક્ષાંસ અને ૭૨-૪૭ પૂર્વ રેખાંશ ઉપર આવેલું છે. ભારતના શહેરોમાં સાતમા ક્રમે આવતું આ શહેર રાષ્ટ્રીય ધોરી માર્ગ નંબર ૮ ઉપર આવેલ છે અને અન્ય શહેરો તેમજ નગરો સાથે રેલ્વે રસ્તા અને વિમાની સેવાઓથી સંકળાયેલ છે. તા. ૬-૬-૭૦ ના રોજ ગુજરાત રાજ્યનું પાટનગર ગાંધીનગર મુકામે ફેરવવામાં આવ્યું ત્યાં સુધી તે ગુજરાત રાજ્યનું પાટનગર હતું. અમદાવાદ શહેર ભારતના યુગપુરુષ અને રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી તથા ભારતના લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની કર્મભૂમિ છે. દેશને સ્વતંત્રતા મળી તે પૂર્વે અમદાવાદ મ્યુનિસિપાલીટીનું નોકરશાહી સ્વરૂપ બદલીને તેને રાષ્ટ્રીય સ્વરૂપ આપવામાં સરદાર વલ્લભભાઈ પટેલ, બળવંતરાય પ્રમોદરાય ઠાકોર, ગણેશ વાસુદેવ માવલંકર (દાદા સાહેબ), હરીપ્રસાદ વ્રજરાય દેસાઈ તથા મણીલાલ ચતુરભાઈ જેવા મહાનુભાવોનો ગૌરવવંતો ફાળો છે.

અમદાવાદ સ્થાનિક સ્વરાજ્ય સંસ્થા - મ્યુનિસિપલ કોર્પોરેશન - બ્રીટીશ અમલની ભેટ છે. અંગ્રેજ શાસનમાં નગરસેવાનો ભાર પ્રજાજનો પોતે પોતાને શિરે ઉપાડી લે એવી જાતની સ્વયંભૂ પ્રેરણાથી રચાયેલી સુધરાઈનો પ્રથમ દાખલો આખા હિંદને અમદાવાદે પુરો પાડયો છે. જે અમદાવાદની વિશિષ્ટતાઓ પૈકીની એક ગૌરવભરી ઘટના કહી શકાય.

હદઃ- સને ૧૮૮૭ માં શહેરનો કુલ વિસ્તાર ૫.૭૨ ચો.કી.મી.હતો. ૧૮૭૨ થી ૧૯૫૧ સુધીમાં શહેરનો વિસ્તાર વધીને ૫૨.૪૭ ચો.કી.મી. થયેલો. ૧૯૫૧ થી ૧૯૬૧ ના વર્ષો દરમ્યાન આ વિસ્તાર વધીને ૯૨.૯૮ ચો.કી.મી. થયેલ. ૧૯૬૧ થી ૧૯૭૧ સુધીના સમયગાળામાં શહેરના વિસ્તારમાં કોઈ વધારો થયેલો નથી. ૧૯૭૧ થી ૧૯૮૧ ના સમયગાળામાં વધેલા વિસ્તારો સહિત શહેરનો કુલ વિસ્તાર ૯૮.૮૪ ચો.કી.મી. થવા પામ્યો હતો. છેલ્લે ૨૩ મી ફેબ્રુઆરી ૧૯૮૬ થી શહેરના પૂર્વ વિભાગોના ૯૨.૦૦ ચો.કી.મી. વિસ્તારો મ્યુનિસિપલ લીમીટમાં ભેળવવામાં આવતા શહેરનો વિસ્તાર ૧૯૦.૮૪ ચો.કી.મી. જેટલો થયેલ છે. વર્ષ ૨૦૦૬ તથા વર્ષ ૨૦૦૮ માં મ્યુનિસિપલ લીમીટમાં વધારો કરીને મ્યુનિ.હદ વિસ્તાર કુલ ૪૬૬ ચો.કી.મી. થયેલ છે.

વસતિઃ- અમદાવાદ શહેરની વસતિ ૧૮૭૨ માં ૧૧૯૬૭૨ હતી. તે ૧૯૫૧ માં ૮૩૭૧૬૩ થઈ અને ત્યારબાદ ક્રમે ક્રમે વધતા ૨૦૧૧ ની વસતિ ગણતરી મુજબ ૫૫૭૭૯૪૦ થઈ છે. આમ, ૧૮૭૨ થી ૧૯૫૧ સુધીના ૮૦ વર્ષના ગાળામાં શહેરની વસતિ લગભગ ૭ ગણી થઈ અને ૧૯૫૧ થી ૨૦૧૧ સુધીના ૬૦ વર્ષના સમયગાળામાં શહેરની વસતિ વધીને લગભગ ૬.૬૦ ગણી જેટલી થવા પામી છે. વસતિની ગીચતા જે ૧૮૭૨ માં દર ચો.કી.મી. ૨૧૯૭૭ ની હતી તે ૧૯૭૧ માં ઘટીને ૧૭૦૫૩ ની થઈ. તેમજ ૧૯૮૧ માં વળી પાછી વધીને ૨૦૯૮૫ થયેલ. પરંતુ ત્યારબાદ ૧૯૮૬ માં પૂર્વનો ઓછી વસતિવાળો ઔદ્યોગિક વિસ્તાર મ્યુ. લીમીટમાં સમાવવાને કારણે ૨૦૧૧ માં ઘટીને ૧૮૪૨૦ થઈ છે.જ્યારે ૨૦૦૬ અને ૨૦૦૮માં નવા વિસ્તાર મ્યુનિસિપલ કોર્પોરેશનમાં સમાવવાથી વર્ષ ૨૦૧૧માં વસતિની ગીચતા પ્રતિ કી.મી. ૧૨૦૧૮ છે.

શહેરનું વિભાજન છ ઝોન અને ૫૭ વોર્ડમાં કરવામાં આવેલ છે. ૨૦૧૧ ની વસતિ ગણતરી મુજબ કુલ વસ્તી ૫૫૭૭૯૪૦ શહેરમાં રહેણાકના ઘરોની કુલ સંખ્યા ૧૧૭૯૮૨૩ છે. કુલ વસતિમાં પુરુષોની સંખ્યા ૨૯૩૮૯૮૫ અને સ્ત્રીઓની સંખ્યા ૨૬૩૮૯૫૫ છે. જે પૈકી ૨૪૦૨૫૨૩ પુરુષો અને ૧૯૭૩૮૭૦ સ્ત્રીઓ ભણેલા છે. એટલે કે અક્ષરજ્ઞાનની ટકાવારી પુરુષોમાં ૮૧.૭૫ અને સ્ત્રીઓમાં ૭૪.૮૦ ટકા છે. સરેરાશ અક્ષરજ્ઞાનની ટકાવારી ૭૮.૨૭ છે.

બંધારણ :- ધી બોમ્બે પ્રોવિન્શીયલ મ્યુ.કોર્પો.એક્ટ ૧૯૪૯ મુજબ શહેરનો વહીવટ ચાલે છે. આ કાયદાની કલમ ૪(૧) મુજબ મહાનગરપાલિકાનું બંધારણ નીચે મુજબ છે.

૧. મહાનગરપાલિકા
૨. સ્થાયી સમિતી
૩. મ્યુનિસિપલ કમિશનર
૪.પરિવહન સમિતિ
૫. પરિવહન વ્યવસ્થાપક

આ ઉપરાંત અધિનિયમની કલમ ૪(૨) મુજબ પ્રાથમિક કેળવણી અંગેની મહાનગરપાલિકા ઉપર નાંખવામાં આવેલ ફરજો સને ૧૯૪૭ ના મુંબઈ પ્રાથમિક કેળવણી અધિનીયમના ઠરાવ અનુસાર બજાવવી અને સદરહું અધિનિયમના હેતુઓ માટે શહેરમાંની સઘળી માન્ય શાળાઓના નિયંત્રણ અંગે શાસનાધિકારીશ્રી નિમવાનો અધિકાર મ્યુ.કોર્પોરેશનનો છે.

ધી બોમ્બે પ્રોવિન્શીયલ મ્યુ. કોર્પો. એક્ટ ૧૯૪૯ અને તેમાં થયેલ સુધારા વધારા મુજબ સમગ્ર કોર્પોરેશનનો વહીવટ કરવામાં આવે છે. મ્યુ. બોર્ડ નિતી વિષયક નિર્ણયો લે છે. જેનો અમલ મ્યુ. કમિશનર કરે છે. તેઓ મ્યુ. સેક્રેટરી અને મ્યુ. ચીફ ઓડિટર સિવાયની તમામ ઓફિસોનું સંચાલન કરે છે. એક્ટની જોગવાઈ મુજબ સ્ટેન્ડીગ કમિટી, ટ્રાન્સપોર્ટ કમિટી અને નગર પ્રાથમિક શિક્ષણ સમિતી એ કાયદાકીય (સ્ટેટચ્યુટરી) સમિતીઓ છે. અન્ય સમિતીઓ પણ વહીવટના જુદા જુદા ખાતાઓના નિતીવિષયક નિર્ણયો લે છે. ટ્રાન્સપોર્ટ મેનેજર પરિવહન સેવાઓનું અને શાસનાધિકારી પ્રાથમિક શાળાઓનું સંચાલન કરે છે. વાડીલાલ સારાભાઈ હોસ્પિટલ અને શેઠ એમ.જે. લાયબ્રેરીનું સંચાલન ટ્રસ્ટડીડ મુજબ બોર્ડ ઓફ ડાયરેક્ટર મારફતે કરવામાં આવે છે.

૨.૧ સેક્રેટરી ઓફીસ

૨૦૧૪-૨૦૧૫

અહેવાલના વર્ષ દરમ્યાન તા.૧-૪-૨૦૧૪ થી તા.૩૧-૦૩-૨૦૧૫ સુધીના સમય માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ચૂંટાયેલા સભ્યશ્રીઓની સંખ્યા વર્ષ દરમ્યાન ૧૮૯, ૧૯૦, ૧૯૧ પ્રમાણે રહી હતી. જેની વિગત આ સાથેના પેજ નંબર ૧૧માં દર્શાવેલ પરિશિટ-"બ" મુજબ છે. તા.૧૦-૧૦-૨૦૧૦ ના રોજ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની સામાન્ય ચૂંટણીઓ થયા બાદ તા.૩૧-૧૦-૨૦૧૦ થી નવું બોર્ડ અસ્તિત્વમાં આવેલ છે. જેમાં ૧૯૨ મ્યુ.કાઉન્સીલરશ્રીઓ શહેરના જુદા જુદા વોર્ડમાંથી ચૂંટાઈને આવ્યા છે. કુલ ૧૯૨ બેઠકોમાં બિનઅનામત ૧૦૦ તથા અનામત ૯૨ બેઠકોનો સમાવેશ થાય છે.

અહેવાલના વર્ષ દરમ્યાન તા.૧-૪-૨૦૧૪ થી તા.૩૧-૩-૨૦૧૫ સુધીમાં અનુક્રમે અમદાવાદ મ્યુ.કોર્પોરેશનની મળેલ કુલ ૨૪ બેઠકોમાં ૧૩૯૧ કામોનો નિકાલ કરવામાં આવ્યો હતો. એટલે કે બેઠકદીઠ સરેરાશ ૫૭.૯૬ કામોનો નિકાલ થયો હતો. જયારે અગાઉની સાલ એટલે કે તા.૧-૪-૨૦૧૩ થી તા.૩૧-૩-૨૦૧૪ સુધીના સમય દરમ્યાન કુલ ૨૬ બેઠકોમાં ૨૦૫૭ કામોનો નિકાલ કરવામાં આવ્યો હતો એટલે કે બેઠક દીઠ સરેરાશ ૭૯.૧૧ કામોનો નિકાલ થયો હતો.

તા.૧-૪-૨૦૧૪ થી તા.૩૧-૩-૨૦૧૫ સુધીના સમય દરમ્યાન અમદાવાદ મહાનગરપાલિકાના મેયર, ડે.મેયર તથા સ્ટેચ્યુટરી કમિટીઓ તેમજ વિવિધ સ્પેશ્યલ કમિટીઓના ચેરમેન તરીકે નીચે જણાવેલ સભ્યશ્રીઓની વરણી કરવામાં આવી હતી.

(૧)	મેયરશ્રી	શ્રી મિનાક્ષીબેન દશરથભાઈ પટેલ
(૨)	ડે. મેયરશ્રી	શ્રી રમેશભાઈ રત્નાભાઈ દેસાઈ (તા.૧-૪-૨૦૧૪ થી તા.૨૭-૧૦-૨૦૧૪) શ્રી બિપીન રામસ્વરૂપ સિક્કા (તા.૨૮-૧૦-૨૦૧૪ થી તા.૩૧-૩-૨૦૧૫)
(૩)	ચેરમેનશ્રી સ્ટે. કમિટી	શ્રી ભૂપેન્દ્રભાઈ રજનીકાંત પટેલ (તા.૧-૪-૨૦૧૪ થી તા.૩૦-૯-૨૦૧૪) શ્રી પ્રવિણકુમાર ભગવાનદાસ પટેલ (તા.૧-૧૦-૨૦૧૪ થી તા.૩૧-૩-૨૦૧૫)
(૪)	ચેરમેનશ્રી ટ્રા.કમિટી	શ્રી બાબુભાઈ દેવરાજભાઈ ઝડફીયા (તા.૧-૪-૨૦૧૪ થી તા.૩૧-૩-૨૦૧૫)

સ્પેશીયલ કમિટીઓ

(૧)	ચેરમેનશ્રી -વોટર સપ્લાય એન્ડ સુઅરેજ કમિટી	શ્રી સુરેશભાઇ ધનજીભાઇ પટેલ(તા.૧-૪-૨૦૧૪ થી તા.૨૬-૧૧-૨૦૧૪) શ્રી જીગ્નેશભાઇ ઉમેદરાય પંડયા (તા.૨૬-૧૧-૨૦૧૪ થી તા.૩૧-૩-૨૦૧૫)
(૨)	ચેરમેનશ્રી રોડઝ એન્ડ બિલ્ડીંગ્સ કમિટી	શ્રી કાંતિલાલ અરજણભાઇ પટેલ (તા.૧-૪-૨૦૧૪ થી તા.૩૧-૩-૨૦૧૫)
(૩)	ચેરમેનશ્રી - હેલ્થ એન્ડ સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ કમિટી	શ્રી શંભુભાઇ રામજીભાઇ વાટલીયા (તા.૧-૪-૨૦૧૪ થી તા.૩૧-૩-૨૦૧૫)
(૪)	ચેરમેનશ્રી - ટાઉન પ્લાનીંગ એન્ડ એસ્ટેટ મેનેજમેન્ટ કમિટી	શ્રી બિપીનચંદ્ર અંબાલાલ પટેલ(તા.૧-૪-૨૦૧૪ થી તા.૩૧-૩-૨૦૧૫)
(૫)	ચેરમેનશ્રી - હાઉસીંગ ઇમ્પ્રુવમેન્ટ એન્ડ ઇ.ડબલ્યુ.એસ. આવાસ યોજના કમિટી	શ્રી મહાદેવભાઇ વશરામભાઇ દેસાઇ (તા.૧-૪-૨૦૧૪ થી તા.૩૧-૩-૨૦૧૫)
(૬)	ચેરમેનશ્રી - રીક્રીએશનલ, કલ્ચરલ એન્ડ હેરીટેજ કમિટી	શ્રી કુસુમબેન રોહીતભાઇ જોષી (તા.૧-૪-૨૦૧૪ થી તા.૩૧-૩-૨૦૧૫)
(૭)	ચેરમેનશ્રી હોસ્પિટલ કમિટી	શ્રી ડો. સુરેશભાઇ કડવાભાઇ પટેલ (તા.૧-૪-૨૦૧૪ થી તા.૩૧-૩-૨૦૧૫)
(૮)	ચેરમેનશ્રી - લીગલ કમિટી	શ્રી મનુભાઇ જીવણભાઇ ભરવાડ (તા.૧-૪-૨૦૧૪ થી તા.૩૧-૩-૨૦૧૫)
(૯)	ચેરમેનશ્રી - રેવન્યુ કમિટી	શ્રી કૃષ્ણવદનભાઇ સોમનાથ બ્રહમભટ્ટ(તા.૧-૪-૨૦૧૪ થી તા.૩૧-૩-૨૦૧૫)
(૧૦)	ચેરમેનશ્રી - મટીરીયલ મેનેજમેન્ટ એન્ડ પરચેઇઝ કમિટી	શ્રી નિતીનભાઇ કચરાભાઇ શાહ (તા.૧-૪-૨૦૧૪ થી તા.૩૧-૩-૨૦૧૫)
(૧૧)	ચેરમેનશ્રી - મહિલા અને બાળ વિકાસ કલ્યાણ કમિટી	શ્રી સવિતાબેન હર્ષદભાઇ શ્રીમાળી(તા.૧-૪-૨૦૧૪ થી તા.૩૧-૩-૨૦૧૫)
(૧૨)	ચેરમેનશ્રી - સ્ટાફ સીલેક્શન એન્ડ એપોઇન્ટમેન્ટ કમિટી	શ્રી મીનાક્ષીબેન દશરથભાઇ પટેલ(તા.૧-૪-૨૦૧૪ થી તા.૩૧-૩-૨૦૧૫)

અહેવાલના વર્ષ દરમ્યાન તા.૧-૪-૨૦૧૪ થી તા.૩૧-૩-૨૦૧૫ સુધીના સમયમાં અમદાવાદ મ્યુ. કોર્પોરેશનની મળેલ અનુક્રમે કુલ-૨૪ મિટીંગોમાં સભ્યશ્રીઓએ આપેલ હાજરીની વિગત તથા તારીખ વાઇઝ સભ્યશ્રીઓની સરેરાશ હાજરીની માહિતી આ સાથે સામેલ અનુક્રમે પરિશિષ્ટ-''અ'' તથા પરિશિષ્ટ- ''બ'' માં દર્શાવવામાં આવેલ છે.

પરિશિષ્ટ - ''અ''

<u>તા.૦૧-૦૪-૨૦૧૪</u> થી <u>તા.૩૧-૦૩-૨૦૧૫</u> સુધીમાં મળેલ મ્યુ.બોર્ડની મિટીંગમાં મ્યુ.કાઉન્સીલરશ્રીઓની હાજરી

અ.નં	સભ્યોના નામ	કુલ મિટીંગોની સંખ્યા	કુલ હાજરીની સંખ્યા	રીમાર્કસ
★૧.	શ્રી નીતાબેન જીતેન્દ્રભાઈ પટેલ	૨૪	૧૧	
૨.	શ્રી દિનેશભાઈ માલજીભાઈ રબારી	૨૪	૨૨	
૩.	શ્રી બીપીનભાઈ કાંતિલાલ પટેલ	૨૪	૨૪	
૪.	શ્રી કુસુમબેન રોહિતભાઈ જોષી	૨૪	૨૨	
૫.	શ્રી અનિલકુમાર કાળીદાસ પ્રજાપતિ	૨૪	૨૨	
૬.	શ્રી કાંતીભાઈ હીરજીભાઈ પટેલ	૨૪	૨૨	
૭.	શ્રી પૂનમ સુરેન્દ્રકુમાર બાજપાઈ	૨૪	૨૪	
૮.	શ્રી મુકેશભાઈ સદાભાઈ પરમાર	૨૪	૨૪	
૯.	શ્રી દશરથભાઈ હરજીવનદાસ પટેલ	૨૪	૨૨	
૧૦.	શ્રી રંજનબેન ભરતભાઈ પરમાર	૨૪	૨૪	
૧૧.	શ્રી અરૂણસિંહ રામનયનસિંહ રાજપૂત	૨૪	૨૦	
★૧૨.	શ્રી અમરીષ મણીલાલ પટેલ	૨૪	૧૦	
૧૩.	શ્રી ચંચળબેન શામળભાઈ પરમાર	૨૪	૨૪	
૧૪.	શ્રી પરેશભાઈ જયંતિલાલ શાહ	૨૪	૨૦	
૧૫.	શ્રી કનુભાઈ આતાજી ઠાકોર	૨૪	૨૪	
૧૬.	શ્રી જયોત્સનાબેન દીપકભાઈ ડાભી	૨૪	૨૪	
૧૭.	શ્રી અશોકભાઈ વિઠ્ઠલભાઈ વાઘેલા	૨૪	૨૪	
૧૮.	શ્રી યોગેશકુમાર કાન્તીલાલ પટેલ	૨૪	૨૪	
૧૯.	શ્રી સુધાબેન અશોકભાઈ પટેલ	૨૪	૨૪	
૨૦.	શ્રી જતીનકુમાર ઝવેરભાઈ પટેલ	૨૪	૨૨	
૨૧.	શ્રી જીગ્નેશકુમાર ઉમેદરાય પંડયા	૨૪	૨૪	
૨૨.	શ્રી ભાવનાબેન ભરતભાઈ પંડયા	૨૪	૨૪	
૨૩.	શ્રી લાલાભાઈ રમતુજી ઠાકોર	૨૪	૨૦	
૨૪.	શ્રી ભૂપેન્દ્રભાઈ રજનીકાન્ત પટેલ	૨૪	૨૨	
૨૫.	શ્રી સાધનાબેન ચંદ્રહર્ષ જોષી	૨૪	૨૪	
૨૬.	શ્રી ગૌતમભાઈ નવલચંદ શાહ	૨૪	૨૨	
૨૭.	શ્રી જયેશભાઈ પરમાનંદભાઈ પટેલ	૨૪	૨૪	

અ.નં	સભ્યોના નામ	કુલ મિટીંગોની સંખ્યા	કુલ હાજરીની સંખ્યા	રીમાર્કસ
૨૮.	શ્રી જયશ્રીબેન જયકૃષ્ણભાઈ ચૌહાણ	૨૪	૨૪	
૨૯.	શ્રી મનુભાઈ જીવણભાઈ ભરવાડ	૨૪	૨૪	
૩૦.	શ્રી વિષ્ણુભાઈ શંકરભાઈ પટેલ	૨૪	૨૪	
૩૧.	શ્રી કપીલાબેન પ્રમોદભાઈ જાદવ	૨૪	૨૩	
૩૨.	શ્રી બચુભાઈ કાનાજીભાઈ ઠાકોર	૨૪	૨૪	
૩૩.	શ્રી નારણભાઈ જીવાભાઈ પટેલ	૨૪	૨૪	
૩૪.	શ્રી કંચનબેન સુરેશકુમાર પંજવાણી	૨૪	૨૩	
૩૫.	શ્રી હરિશભાઈ કનૈયાલાલ ગુજ્જર	૨૪	૧૭	
૩૬.	શ્રી બિપિન રામસ્વરૂપ સિકકા	૨૪	૨૪	
★૩૭.	શ્રી શાંતાબેન પરસોત્તમભાઈ મકવાણા	૨૪	૧૪	
૩૮.	શ્રી ફુલાભાઈ શંકરભાઈ વ્યાસ	૨૪	૨૦	
૩૯.	શ્રી બહાદુરસિંહ નટુભા વાઘેલા	૨૪	૨૧	
૪૦.	શ્રી દિપિકા અશ્વિન ત્રિવેદી	૨૪	૨૦	
૪૧.	શ્રી ગિરિશકુમાર હરગોવિંદભાઈ પ્રજાપતિ	૨૪	૨૪	
૪૨.	શ્રી ભરતભાઈ રતીલાલ પટેલ	૨૪	૨૪	
૪૩.	શ્રી તારાબેન સોમાભાઈ પટેલ	૨૪	૨૪	
૪૪.	શ્રી રોશનભાઈ લક્ષ્મીચંદ ગોલાણી	૨૪	૨૪	
૪૫.	શ્રી વિજયસિંગ ગજરાજસિંગ રાજપુત	૨૪	૨૪	
૪૬.	ડૉ. ક્રિષ્નાબેન પી. ઠાકર	૨૪	૨૪	
૪૭.	શ્રી કિર્તીભાઈ જેઠાભાઈ પરમાર	૨૪	૨૩	
૪૮.	શ્રી મહાદેવભાઈ વશરામભાઈ દેસાઈ	૨૪	૨૪	
૪૯.	શ્રી કલાબેન પ્રતાપસિંહ યાદવ	૨૪	૨૪	
૫૦.	શ્રી વસંતભાઈ કરસનભાઈ પરમાર	૨૪	૨૪	
૫૧.	શ્રી બિપીનચંદ્ર અંબાલાલ પટેલ	૨૪	૨૨	
૫૨.	શ્રી પ્રીતીબેન અમૃતભાઈ ભરવાડ	૨૪	૨૨	
૫૩.	શ્રી ઈશ્વરભાઈ સરદારભાઈ પટણી	૨૪	૨૪	
૫૪.	શ્રી રમણલાલ ઉમેદજી માલી	૨૪	૨૨	
૫૫.	શ્રી હંસાબેન પ્રવિણકુમાર ઠાકોર	૨૪	૨૪	
૫૬.	શ્રી નીતીનભાઈ કચરાભાઈ શાહ	૨૪	૨૪	

અ.નં	સભ્યોના નામ	કુલ મિટીંગોની સંખ્યા	કુલ હાજરીની સંખ્યા	રીમાર્કસ
૫૭.	શ્રી પ્રવિણકુમાર ભગવાનદાસ પટેલ	૨૪	૨૪	
૫૮.	શ્રી પ્રતિભા રાકેશકુમાર જૈન	૨૪	૨૨	
૫૯.	શ્રી સોમાભાઈ વાલાભાઈ રાવત	૨૪	૨૩	
૬૦.	શ્રી કાનાજી શંકરજી ઠાકોર	૨૪	૨૪	
૬૧.	શ્રી દર્શનાબેન મુકેશભાઈ વાઘેલા	૨૪	૨૨	
૬૨.	શ્રી મદનસિંહ નારણસિંહ લોધા	૨૪	૨૨	
૬૩.	શ્રી શૈલેષભાઈ રમણીકલાલ ઠકકર	૨૪	૨૪	
૬૪.	શ્રી ગીતાબેન જીભાઈદાસ પટેલ	૨૪	૨૪	
૬૫.	શ્રી વિનોદકુમાર વાલજીભાઇ બોડકીયા	-	-	નામદાર ગુજરાત હાઈકોર્ટ સ્પે.સી.એ. ં. ૧૦૨૦૧/૨૦૧૨માં તા.૨૫-૭-૨૦૧૨ના રોજ પસાર કરેલ હુકમથી ડીસ્ક્વોલીફાઇ કરાતા જગ્યા ખાલી.
૬૬.	શ્રી રાકેશભાઈ નવીનચંદ્ર પરીખ	૨૪	૨૪	
૬૭.	શ્રી નયનાબેન સુરેશચંદ્ર ભટ્ટ	૨૪	૨૪	
૬૮.	શ્રી કાન્તીભાઈ અરજણભાઈ પટેલ	૨૪	૨૪	
૬૯.	શ્રી ભૂપેન્દ્રભાઈ શાન્તિલાલ શાહ	૨૪	૨૧	
૭૦.	શ્રી રોશનબેન સફીમોહંમદ વોરા	૨૪	૨૪	
૭૧.	શ્રી સમીરખાન વજીરખાન પઠાણ	૨૪	૧૬	
૭૨.	શ્રી અસરારબેગ શકુરભાઈ મીરજાહાજી	૨૪	૨૪	
૭૩.	શ્રી મીનાક્ષીબેન દશરથભાઈ પટેલ	૨૪	૨૪	
૭૪.	શ્રી પ્રતીક ભરતભાઈ દુધીયા	૨૪	૨૧	
૭૫.	શ્રી રશમીકાંત નટવરલાલ શાહ	૨૪	૨૪	
૭૬.	શ્રી નંદિનીબેન નિર્દેશકુમાર પંડયા	૨૪	૨૨	
૭૭.	શ્રી સુનીલભાઈ હસમુખભાઈ શાહ	૨૪	૨૨	
૭૮.	શ્રી કશ્યપ બંસીલાલ પટેલ	૨૪	૨૪	
૭૯.	શ્રી બીનાબેન કૃષ્ણકાંત મોદી	૨૪	૨૪	
૮૦.	શ્રી રાજેન્દ્રસિંહ વજેસિંહ સોલંકી	૨૪	૨૪	
૮૧.	શ્રી ચિરાગભાઈ ચંદ્રકાંતભાઈ શાહ	૨૪	૧૮	
૮૨.	શ્રી ફાલ્ગુનીબેન શ્રેયાંશભાઈ શાહ	૨૪	૨૪	
૮૩.	શ્રી જગદીશભાઈ ચંદુલાલ દાતણીયા	૨૪	૨૪	
૮૪.	શ્રી કૌશિકભાઈ સુખલાલ જૈન	૨૪	૨૨	

અ.નં	સભ્યોના નામ	કુલ મિટીંગોની સંખ્યા	કુલ હાજરીની સંખ્યા	રીમાર્કસ
★૮૫.	શ્રી નાઝનીન મહંમદશફી બાસ્તાવાલા	૨૪	૧૫	
૮૬.	શ્રી વિનોદચંદ્ર ભેરૂભાઈ મોદી	૨૪	૨૪	
૮૭.	શ્રી હસનખાન સમશેરખાન પઠાણ	૨૪	૧૮	
૮૮.	શ્રીમતી સુભદ્રાબેન સંજયભાઈ પટણી	૨૪	૨૪	
૮૯.	શ્રી મંગળભાઈ હીરાભાઈ સૂરજકર	૨૪	૨૨	
૯૦.	શ્રી દિનેશભાઈ શ્રીદયાલ શર્મા	૨૪	૧૭	
૯૧.	શ્રી ભાવનાબેન મહેશભાઈ કડીયા	૨૪	૨૪	
૯૨.	શ્રી ગૌતમભાઈ લાલજીભાઈ કથીરીયા	૨૪	૨૨	
૯૩.	શ્રી દેવચંદભાઈ રણછોડભાઈ પટેલ	૨૪	૨૪	
૯૪.	શ્રી અરૂણાબેન સતીષકુમાર શાહ	૨૪	૨૨	
૯૫.	શ્રી નરેશભાઈ મગનભાઈ નાંદોલીયા	૨૪	૨૨	
૯૬.	શ્રી શંભુભાઈ રામજીભાઈ વાટલીયા	૨૪	૨૪	
૯૭.	શ્રી પિન્કીબેન હસમુખભાઈ પટેલ	૨૪	૨૨	
૯૮.	શ્રી વિનુભાઈ છગનભાઈ રાદડીયા	૨૪	૨૨	
૯૯.	શ્રી અજયસીંગ બાલીસ્ટરસીંગ ભદોરીયા	૨૪	૧૮	
૧૦૦.	શ્રીમતી હિરાબેન મગનભાઈ પટેલ	૨૪	૨૪	
૧૦૧.	શ્રી ચંદુભાઈ પરષોતમભાઈ અકબરી	૨૪	૨૪	
૧૦૨.	ડૉ. સુરેશભાઈ કડવાભાઈ પટેલ	૨૪	૨૦	
૧૦૩.	શ્રીમતી સોનલબેન ઉદયકુમાર કંસારા	૨૪	૨૨	
૧૦૪.	શ્રી ડિમ્પલભાઈ બાલુભાઈ કોઠીયા	૨૪	૨૪	
૧૦૫.	શ્રી વનરાજસિંહ જીલુભા ઝાલા	૨૪	૨૨	
૧૦૬.	શ્રીમતી ઉર્મિલાસિંહ મનમોહનસિંહ	૨૪	૨૪	
૧૦૭.	શ્રી મુકેશ ખોડીદાસ પરમાર	૨૪	૨૪	
૧૦૮.	શ્રી અશ્વિનભાઈ બાબુભાઈ પેથાણી	૨૪	૨૨	
૧૦૯.	શ્રીમતી મંજુલાબેન રમુજી ઠાકોર	૨૪	૨૨	
૧૧૦.	શ્રી ભાસ્કરભાઈ મણીલાલ ભટ્ટ	૨૪	૨૪	
૧૧૧.	શ્રી મફતલાલ જીવરામદાસ પટેલ	૨૪	૨૨	
૧૧૨.	શ્રી ભાવનાબેન હરીશકુમાર નાયક	૨૪	૨૪	
૧૧૩.	શ્રી કૃષ્ણવદન સોમનાથ બ્રહ્મભટ્ટ	૨૪	૨૨	
૧૧૪.	શ્રી સુરેન્દ્ર કાંતિલાલ બક્ષી	૨૪	૨૨	

અ.નં	સભ્યોના નામ	કુલ મિટીંગોની સંખ્યા	કુલ હાજરીની સંખ્યા	રીમાર્કસ
૧૧૫.	શ્રી અત્યાબીબી ફારૂકભાઈ શેખ	૨૪	૨૨	
૧૧૬.	શ્રી વિનોદભાઈ રતનજીભાઈ કથારીયા	૨૪	૨૪	
૧૧૭.	શ્રી લીયાકતઅલી ડોસુમીયા ઘોરી	૨૪	૨૪	
૧૧૮.	શ્રી બિજલબેન રૂપેશભાઈ પટેલ	૨૪	૨૪	
૧૧૯.	શ્રી પ્રિતિશભાઈ વિનોદચંદ્ર મહેતા	૨૪	૨૪	
૧૨૦.	શ્રી જૈનીકભાઈ નૌતમભાઈ વકીલ	૨૪	૨૧	
૧૨૧.	શ્રી વિલાશબેન નાથાલાલ સોહેલિયા	૨૪	૨૨	
૧૨૨.	શ્રી અમિતભાઈ પોપટલાલ શાહ	૨૪	૨૪	
૧૨૩.	શ્રી આશીષભાઈ હર્ષદભાઈ પટેલ	૨૪	૨૦	
૧૨૪.	શ્રી ઈલાબેન જીણાભાઈ પટેલ	૨૪	૨૩	
૧૨૫.	શ્રી ગૌરાંગ ડાહયાભાઈ ચાવડા	૨૪	૨૪	
૧૨૬.	શ્રી દિલિપભાઈ ડાહયાભાઈ બગરીયા	૨૪	૨૪	
૧૨૭.	શ્રી કમળાબેન કાંતીભાઈ ચાવડા	૨૪	૨૪	
૧૨૮.	શ્રી શકીલ એહમદ ગનીભાઇ શેખ	૮	૮	તા.૨૮-૯-૨૦૧૪ના રોજ અવસાન થવાથી જગા ખાલી
૧૨૮/૧.	શ્રી મો.યુસુફ પીરમોહમ્મદ અજમેરી	૬	૬	પેટા ચૂંટણીમાં તા.૧૦-૨-૨૦૧૫થી ચૂંટાયેલ જાહેર થવાથી
૧૨૯.	શ્રી બદરૂદ્દીન ગુલામમોહીયુદ્દીન શેખ	૨૪	૧૭	
૧૩૦.	શ્રી પારૂલબેન ભરતભાઈ મકવાણા	૨૪	૧૯	
૧૩૧.	શ્રી મુસ્તાકભાઈ ફરીદભાઈ ખાદીવાલા	૨૪	૨૪	
૧૩૨.	શ્રી શરીફખાન દુધવાલા	૨૪	૨૨	
૧૩૩.	શ્રી નીકી મોદી	૨૪	૨૩	
૧૩૪.	શ્રી મયુર નટવરલાલ દવે	૨૪	૨૪	
૧૩૫.	શ્રી ભૂષણકુમાર અશોકકુમાર ભટ્ટ	૨૪	૨૨	
૧૩૬.	શ્રી જયશ્રીબેન ઉમેશભાઈ પટેલ	૨૪	૨૪	
૧૩૭.	શ્રી આનંદકુમાર મોહનલાલ ડાગા	૨૪	૨૦	
૧૩૮	શ્રી બળવંતભાઇ મોહનભાઇ પરમાર	૪	૩	તા.૨૩-૭-૨૦૧૪ના રોજ અવસાન થવાથી જગા ખાલી
૧૩૮/૧	શ્રી દિગંતકુમાર જશવંતભાઇ ભટ્ટ	૧૪	૧૪	પેટાચૂંટણીમાં તા.૧૪-૧૦-૨૦૧૪થી ચૂંટાયેલ જાહેર થવાથી
૧૩૯.	શ્રી વિધિ વિનોદભાઈ વાજા	૨૪	૨૦	

અ.નં	સભ્યોના નામ	કુલ મિટીંગોની સંખ્યા	કુલ હાજરીની સંખ્યા	રીમાર્કસ
૧૪૦.	શ્રી મો. ઈકબાલ કાસમભાઈ શેખ	૨૪	૨૩	
૧૪૧.	શ્રી ડાહયાભાઈ વીરાભાઈ પરમાર	૨૪	૨૪	
૧૪૨.	શ્રી અર્ચનાબેન કાંતિલાલ મકવાણા	૨૪	૨૩	
૧૪૩.	શ્રી તૌફીકખાન બાસીતખાન પઠાણ	૨૪	૨૨	
★૧૪૪.	શ્રી ઈસહાક અહેમદ અશફાક અહેમદ	૨૪	૧૪	
૧૪૫.	શ્રી કમરજહા મનસુરઅલી શેખ	૨૪	૨૪	
૧૪૬.	શ્રી લિયાકતઅલી અમીર એહમદ	૨૪	૨૩	
૧૪૭.	શ્રી અમજદખાન જુનેદખાન પઠાણ	૨૪	૨૧	
૧૪૮.	ડૉ. ચંદ્રાવતી વિનાયક ચૌહાણ	૨૪	૨૪	
૧૪૯.	શ્રી લક્ષ્મણકુમાર કાન્તીલાલ ચાવડા	૨૪	૨૨	
૧૫૦.	શ્રી વાસુદેવભાઈ વીરજીભાઈ પટેલ	૨૪	૨૪	
★૧૫૧.	શ્રીમતી શાંતાબેન ઈશ્વરભાઈ દેસાઈ	૨૪	૧૪	
૧૫૨.	શ્રી રમેશભાઈ કાળીદાસ પરમાર	૨૪	૨૦	
૧૫૩.	શ્રી ભરતભાઈ કાંતીભાઈ પટેલ	૨૪	૨૪	
૧૫૪.	શ્રીમતી દક્ષાબેન દિનેશભાઈ પટેલ	૨૪	૨૪	
૧૫૫.	શ્રી બંસીલાલ અંબાલાલ પ્રજાપતિ	૨૪	૨૪	
૧૫૬.	શ્રી રમેશભાઈ જગજીવનભાઈ પટેલ	૨૪	૨૨	
૧૫૭.	શ્રી રસિલાબેન ભાર્ગવભાઈ પંડયા	૨૪	૨૪	
૧૫૮.	શ્રી સેવંતીલાલ કચરાભાઈ પટેલ	૨૪	૨૨	
૧૫૯.	શ્રી સુરેશભાઈ ધનજીભાઈ પટેલ	૨૪	૨૨	
૧૬૦.	શ્રી રેખા કેતનભાઈ ગુપ્તા	૨૪	૨૨	
૧૬૧.	શ્રી આશિષભાઈ રમેશભાઇ રાણા	૨૪	૧૮	
૧૬૨.	શ્રી મહેન્દ્રભાઈ કાનજીભાઈ પટેલ	૨૪	૨૦	
૧૬૩.	શ્રી વસંતીબેન મહેન્દ્રકુમાર પટેલ	૨૪	૨૪	
૧૬૪.	શ્રી ગયાપ્રસાદભાઈ મુલચંદ કનોજીયા	૨૪	૨૨	
૧૬૫.	શ્રી શુકદેવપ્રસાદ પુંજાલાલ ભટ્ટ	૨૪	૨૪	
૧૬૬.	શ્રી સવિતાબેન હર્ષદભાઈ શ્રીમાળી	૨૪	૨૪	
૧૬૭.	શ્રી જયેશભાઈ કાંતિભાઈ પટેલ	૨૪	૧૭	
૧૬૮.	શ્રી રમેશભાઈ રત્નાભાઈ દેસાઈ	૨૪	૨૪	
૧૬૯.	શ્રી કલાવતીબેન દશરથભાઈ કલબુર્ગી	૨૪	૨૨	

અ.નં	સભ્યોના નામ	કુલ મિટીંગોની સંખ્યા	કુલ હાજરીની સંખ્યા	રીમાર્કસ
૧૭૦.	શ્રી કિરણકુમાર માધવદાસ શ્રીમાળી	૨૪	૧૬	
૧૭૧.	શ્રી મહેન્દ્રભાઈ પરસોતમભાઈ પટેલ	૨૪	૨૪	
★૧૭૨.	શ્રી કાલિન્દીબેન જયંતીભાઈ પટેલ	૨૪	૧૪	
૧૭૩.	શ્રી અસિતભાઈ રવિન્દ્રપ્રસાદ વોરા	૨૪	૧૬	
૧૭૪.	શ્રી કેયુર જયંતિલાલ પરીખ	૨૪	૨૪	
૧૭૫.	શ્રી રઝિયાબાનુ ફિરોજ અહેમદ રંગરેજ	૨૪	૧૮	
૧૭૬.	શ્રી ઈનાયતહુસેન કુરમુલ્લાહમીયા સૈયદ	૨૪	૨૨	
★૧૭૭.	શ્રી શેહઝાદખાન નાસીરખાન પઠાણ	૨૪	૧૫	
૧૭૮.	શ્રી કૈલાસબેન વિક્રમકુમાર ઠાકોર	૨૪	૨૨	
૧૭૯.	શ્રી કાળીદાસ સવાભાઈ સોલંકી	૨૪	૨૨	
૧૮૦.	શ્રી કાળુભાઈ પોપટભાઈ ભરવાડ	૨૪	૨૨	
૧૮૧.	શ્રી દિપ્તીબેન નિખીલકુમાર શેઠ	૨૪	૨૩	
૧૮૨.	શ્રી દશરથભાઈ રતિલાલ વાઘેલા	૨૪	૨૪	
૧૮૩.	શ્રી દશરથભાઈ જશુભાઈ પટેલ	૨૪	૨૦	
★૧૮૪.	શ્રી ભગવતીબેન ભાઈલાલભાઈ પટેલ	૨૪	૧૨	
૧૮૫.	શ્રી ગિરીશકુમાર નીરંજનભાઈ શાહ	૨૪	૨૪	
૧૮૬.	શ્રી ભરતભાઈ દામજીભાઈ ગોંડલીયા	૨૪	૧૯	
૧૮૭	શ્રી હંસાબેન રમેશભાઈ પટેલ	૨૪	૨૪	
૧૮૮.	શ્રી ગૌરાંગભાઈ મહેન્દ્રભાઈ દરજી	૨૪	૨૦	
૧૮૯.	શ્રી હસમુખભાઈ સોમાભાઈ પટેલ	૨૪	૨૦	
૧૯૦.	શ્રી પારૂલબેન અનિલકુમાર પટેલ	૨૪	૨૩	
૧૯૧.	શ્રી વિક્રમભાઈ અરજણભાઈ ભરવાડ	૨૪	૧૬	
૧૯૨.	શ્રી અતુલકુમાર રાવજીભાઈ પટેલ	૨૪	૧૮	

★ નિશાનીવાળા સભ્યશ્રી કુલ મિટીંગોની એકંદર સંખ્યાના ૨/૩ (બે તૃતીયાંશ) કરતાં ઓછી મિટીંગોમાં હાજર હતા.
તા.૦૧-૦૪-૨૦૧૪ થી તા.૩૧-૦૩-૨૦૧૫ સુધીમાં અમદાવાદ મ્યુ.કોર્પોરેશનની એકપણ મીટીંગ કોરમના અભાવે નિષ્ફળ નીવડી ન હતી.

પરિશિષ્ટ - ‘ બ ’

તા.૧-૪-૨૦૧૪ થી તા.૩૧-૦૩-૨૦૧૫ દરમ્યાન મળેલ અમદાવાદ મ્યુનિસિપલ બોર્ડની મીટીંગોમાં કાઉન્સીલરશ્રીઓની સરેરાશ હાજરી

અ.નં.	મીટીંગની તારીખ	મીટીંગની સંખ્યા	કુલ સંખ્યા	ખાલી જગા	હાજર સભ્ય સંખ્યા	હાજરીની ટકાવારી
૧.	૧૧-૦૪-૨૦૧૪	૧	* ૧૯૧	૧	૧૭૭	૯૨.૬૭
૨.	૨૩-૦૫-૨૦૧૪	૧	* ૧૯૧	૧	૧૭૨	૯૦.૦૫
૩.	૨૭-૦૬-૨૦૧૪	૨	* ૧૯૧	૧	૧૮૩	૯૫.૮૧
૪.	૨૫-૦૭-૨૦૧૪	૨	૧૯૦	૨	૧૭૩	૯૧.૦૫
૫.	૨૨-૦૮-૨૦૧૪	૨	૧૯૦	૨	૧૭૨	૯૦.૫૩
૬.	૩૦-૦૯-૨૦૧૪	૨	૧૮૯	૩	૧૭૯	૯૪.૭૧
૭.	૨૮-૧૦-૨૦૧૪	૨	૧૯૦	૨	૧૬૯	૮૮.૯૫
૮.	૨૪-૧૧-૨૦૧૪	૨	૧૯૦	૨	૧૭૭	૯૩.૧૬
૯.	૨૨-૧૨-૨૦૧૪	૨	૧૯૦	૨	૧૭૩	૯૧.૦૫
૧૦.	૩૦-૦૧-૨૦૧૫	૨	૧૯૦	૨	૧૬૬	૮૭.૩૭
૧૧.	૧૮-૦૨-૨૦૧૫	૧	* ૧૯૧	૧	૧૮૬	૯૭.૩૮
૧૨.	૧૯-૦૨-૨૦૧૫	૧	* ૧૯૧	૧	૧૮૧	૯૪.૭૬
૧૩.	૨૭-૦૨-૨૦૧૫	૨	* ૧૯૧	૧	૧૭૧	૮૯.૫૩
૧૪.	૨૭-૦૩-૨૦૧૫	૨	* ૧૯૧	૧	૧૭૪	૯૧.૧૦

નોંધઃ- * (૧) સરદાર પટેલ સ્ટેડીયમ વોર્ડના મ્યુ.કાઉન્સીલર નં.૬૫-શ્રી વિનોદકુમાર વી.બોડકીયા મે. સ્મોલ કોઝ કોર્ટના તા.૨૬-૬-૨૦૧૨ તથા નામદાર ગુજરાત હાઈકોર્ટ સ્પે.સી.એ. નં. ૧૦૨૦૧/૨૦૧૨માં તા.૨૫-૭-૨૦૧૨ના રોજ પસાર કરેલ હુકમથી ડીસ્ક્વોલીફાઇ કરાતા જગ્યા ખાલી.

(૨) કાંકરીયા વોર્ડના મ્યુ.કાઉન્સીલર નં.૧૩૮- શ્રી બળવંતભાઇ એમ. પરમારના તા.૨૩-૭-૨૦૧૪ના રોજ અવસાન થવાથી (તા.૨૩-૭-૨૦૧૪ થી તા.૧૩-૧૦-૨૦૧૪ સુધી) ખાલી પડેલ જગાની પેટા ચૂંટણીમાં તા.૧૪-૧૦-૨૦૧૪ના રોજ શ્રી દિગંતકુમાર જે. ભટ્ટ ચૂંટાયેલ જાહેર થવાથી

(૩) બહેરામપુરા વોર્ડના મ્યુ.કાઉન્સીલર નં.૧૨૮-શ્રી શકીલ એહમદ જી. શેખના તા૨૮-૯-૨૦૧૪ના રોજ અવસાન થવાથી (તા.૨૮-૯-૨૦૧૪ થી તા.૦૯-૦૨-૨૦૧૫ સુધી) ખાલી પડેલ જગાની પેટા ચૂંટણીમાં તા.૧૦-૦૨-૨૦૧૫ના રોજ શ્રી મો.યુસુફ પીરમોહમ્મદ અજમેરી ચૂંટાયેલ જાહેર થવાથી.

અહેવાલના વર્ષ દરમ્યાન એટલે કે તા.૦૧-૦૪-૨૦૧૪ થી તા.૩૧-૩-૨૦૧૫ સુધીમાં સ્ટેચ્યુટરી તથા સ્પેશીયલ કમિટીઓએ કરેલ કામગીરીનો અહેવાલ :-

અહેવાલના વર્ષ દરમ્યાન એટલે કે તા.૦૧-૦૪-૨૦૧૪ થી તા.૩૧-૩-૨૦૧૫ સુધીમાં સ્ટેચ્યુટરી તથા સ્પેશીયલ કમિટીઓએ કરેલ કામગીરી નીચેના પત્રકમાં દર્શાવવામાં આવી છે.

સ્ટેચ્યુટરી કમિટીઓ

અ.નં.	કમિટીનું નામ	બેઠકની સંખ્યા	નિકાલ કરેલ કામોની સંખ્યા
૧.	સ્ટેન્ડીંગ કમિટી	૫૪	૧૫૩૮
૨.	ટ્રાન્સપોર્ટ કમિટી	૨૬	૧૯૮

સ્પેશીયલ કમિટીઓ

અ.નં.	કમિટીનું નામ	બેઠકની સંખ્યા	નિકાલ કરેલ કામોની
૧.	વોટર સપ્લાય એન્ડ સુઅરેજ કમિટી	૨૧	૨૫૩
૨.	રોડઝ એન્ડ બિલ્ડીંગ્સ કમિટી	૨૦	૩૦૭
૩.	હેલ્થ એન્ડ સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ કમિટી	૨૪	૧૧૮
૪.	ટાઉન પ્લાનીંગ એન્ડ એસ્ટેટ મેનેજમેન્ટ કમિટી	૧૫	૬૩
૫.	હાઉસીંગ ઈમ્પ્રુવમેન્ટ એન્ડ ઈ.ડબલ્યુ.એસ. આવાસ યોજના કમિટી	૧૬	૨૪
૬.	રીક્રીએશનલ, કલ્ચરલ એન્ડ હેરીટેજ કમિટી	૧૫	૫૪
૭.	હોસ્પિટલ કમિટી	૨૦	૮૫
૮.	લીગલ કમિટી	૨૨	૩૬
૯.	રેવન્યુ કમિટી	૨૦	૩૩
૧૦.	મટીરીયલ મેનેજમેન્ટ એન્ડ પરચેઈઝ કમિટી	૨૭	૪૬
૧૧.	મહિલા અને બાળ વિકાસ કલ્યાણ કમિટી	૨૪	૩૩
૧૨.	સ્ટાફ સીલેક્શન એન્ડ એપોઈન્ટમેન્ટ કમિટી	૩	૧૩

અહેવાલના વર્ષ દરમ્યાન મ્યુનિસિપલ સેક્રેટરી તરીકે શ્રી કિશોરભાઈ સી. રાઠોડ B.A., LLB, M.L.W. એ તા.૧-૪-૨૦૧૪ થી તા.૩૧-૩-૨૦૧૫ સુધી મ્યુ.સેક્રેટરી તરીકે કામ કર્યુ હતું.

ન મૂ નો - ૧

સને ૨૦૧૪-૨૦૧૫ના વર્ષ દરમ્યાન અમદાવાદ જીલ્લામાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનું બંધારણીય કામકાજ દર્શાવતું પત્રક

૧	અનુક્રમ નંબર		:	૧
૨	મહાનગરપાલિકાનું નામ		:	અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન
૩	જેના અન્વયે બંધારણ થયું હોય તે અધિનિયમ		:	ધી બોમ્બે પ્રોવિન્શિયલ મ્યુ.કોર્પો. એકટ-૧૯૪૯ અધિનિયમ
૪	ચોરસ કિલોમીટર વિસ્તાર		:	મ્યુ.સેક્રેટરી ઓફીસને લગતું નથી.
૫	વિસ્તારની અંદર વસ્તી ૨૦૧૧ ની વસ્તી ગણતરી અનુસાર		:	મ્યુ.સેક્રેટરી ઓફીસને લગતું નથી.
૬	નિયુકત બેઠકો સહિતની બેઠકોની કુલ સંખ્યા		:	૧૯૨
૭	(ક) નિયુકત કરેલ (ખ) મતદાર મંડળો (વિભાગ) દ્વારા ચૂંટાયેલા સભ્યો		: :	 ૧૯૨
૮	(ક)	મહિલા અનામત (૧) સામાન્ય : ૫૦ (૨) અનુ. જાતિ : ૦૭ (૩) પછાત વર્ગ : ૦૭ કુલ : ૬૪	:	૬૪
	(ખ)	(૧) અનુ.જાતિ માટે અનામત બેઠકો (કુલ ૨૧ પૈકી ૭ મહિલા અનામત)	:	૧૪
		(૨) પછાત વર્ગ માટે અનામત બેઠકો (કુલ-૨૦ પૈકી ૭ મહિલા અનામત)	:	૧૩
	(ગ)	આદિજાતિ માટે અનામત	:	૧
		કુલ અનામત	:	૯૨
૯	સામાન્ય બેઠકો		:	૧૦૦
૧૦	કુલ બેઠકો		:	૧૯૨
૧૧	આસન-૧૨ અને ૧૩ માં જણાવેલ બેઠકો સહિતની યોજાયેલી કુલ બેઠકોની સંખ્યા (તા.૧-૪-૨૦૧૪ થી તા.૩૧-૩-૨૦૧૫)		:	૧૩
૧૨	આસન-૧૧ માં કુલ બેઠકોમાંથી કાર્યસાધક સંખ્યા (કોરમ)ના અભાવે નિષ્ફળ સાબિત થઈ હોય તેવી બેઠકોની સંખ્યા.		:	નથી
૧૩	આસન-૧૧ માંથી કુલ બેઠકોમાંથી મુલતવી રાખવામાં આવી હોય તેવી બેઠકોની સંખ્યા.		:	૧૧
૧૪	દરેક બેઠકમાં હાજર હોય તેવા સભ્યની સરેરાશ ટકાવારી		:	૯૨.૦૧
૧૫	વિશેષ નોંધ		:	અ.નં.૪ અને ૫ ની માહિતી મ્યુ.સેક્રેટરી ઓફીસને લગતી નથી.

૨.૨ સેન્ટ્રલ ઓફીસ

૨૦૧૪-૧૫

બી.પી.એમ.સી. એકટ ૧૯૪૯ ની કલમ ૯૪ મુજબ તમામ વહીવટી જવાબદારી મ્યુનિ.કમિશનરશ્રીની છે. તેમના અધિકારીશ્રીઓ અને કર્મચારીઓની નિમણૂંક , બઢતી / બદલી સીનીયોરીટી જેવા કામોનો નિર્ણય કમિશનરશ્રી કરે છે. અને તેના અમલીકરણની કામગીરી સેન્ટ્રલ ઓફીસ મારફતે કરવામાં આવે છે. આ ઓફીસ મ્યુનિ.કમિશનરશ્રી અને ડે.મ્યુનિ.કમિશનરશ્રી (વહીવટ) ની સીધી દેખરેખ નીચે કામ કરે છે. આ ઓફીસમાં મુખ્યત્વે ત્રણ વિભાગ છે.

૧. શિરસ્તેદાર વિભાગ
૨. હેડ કલાર્ક વિભાગ
૩. સંકલન વિભાગ

<u>શિરસ્તેદાર વિભાગ : -</u>

મ્યુનિ.કોર્પોરેશનના તમામ ખાતાઓમાં કામ કરતા અધિકારીઓ તથા કર્મચારીઓની નિમણૂંક ફેરબદલી , બઢતી ,કર્મચારીઓના સીનીયોરીટી લીસ્ટ બનાવવા , કર્મચારીઓને કાયમ કરવા , ખાતાકીય પરીક્ષા લેવી , ઇનસર્વિસ ટ્રેનિંગ વિગેરે કામગીરી કરે છે. હાઇકોર્ટ દિવાની કોર્ટ , લેબર કોર્ટમાં એસ્ટા.અંગેના તમામ કેસો અંગેની માહીતી પુરી પાડવાની કામગીરી પણ આ વિભાગ દ્વારા થાય છે. વહીવટી સ્ટાફ , ગ્રેડેશન લીસ્ટ તૈયાર કરવા , વિવિધ ખાતાઓમાં જગા ભરવી , બઢતી ઇન્ટરવ્યુ અર્ગેની તજવીજ કરવી , રાજય સરકારના ક્ષેત્રમાં આવતી જગાઓની મંજુરી લેવી , મહેકમ અંગે રાજય સરકારશ્રી સમક્ષ પત્ર વ્યવહાર , પોલીસી (નીતી) ના હુકમ , ભરતી , અને બઢતીના નિયમો અંગેની કાર્યવાહી તેમજ ફાઇલોની જાળવણી વગેરે કામ કરે છે. આ ઉપરાંત જુદી જુદી સંસ્થાઓમાં યોજાતા સેમીનારમાં કોર્પોરેશનના પ્રતિનિધિ મોકલવા નકકી કરાવવા સ્ટે.કમીટીની મંજૂરી મેળવી આપવાનું કામ કરે છે.

રોસ્ટર વિભાગ દ્વારા રાજય સરકારની નીતી અનુસાર રોસ્ટરનું અમલીકરણ કરાવવાની કામગીરી, રાજય સરકાર દ્વારા માંગવામાં આવેલ રોસ્ટર અંગેની માહીતી પૂરી પાડવી , કર્મચારીઓના રોસ્ટર બઢતીના પ્રશ્નોમાં અભિપ્રાય આપવા વગેરે કામગીરી કરે છે. જુદા જુદા ખાતાઓમાં રોસ્ટર રજીસ્ટરો રાખવા અને રખાવવાની કામગીરી પણ કરે છે.

અનુ.નં	વિગત	૨૦૧૪/૨૦૧૫
૧.	રોસ્ટર અભિપ્રાય (વર્ગ ૧ થી ૪)ની વિવિધ જગાઓ માટે	૪૯
૨.	જી.ડી.ઇએસટી.ઠરાવની સંખ્યા	૬૨૫
૩.	જુદા જુદા વર્ગ અને જગ્યાઓ માટે સેન્ટ્રલ ઓફીસે સ્વીકારેલ અરજીઓની સંખ્યા (ઇન્ટરવ્યુ બ્રાંચની)	૬૭૭૯
૪.	જુદા જુદા ખાતાઓ માટે જુદા જુદા વર્ગના ઉમેદવારોના ઇન્ટરવ્યુ થયા તેની સંખ્યાં	૧૨૮
૫.	ઇન્ટરવ્યુમાં બોલાવવામાં આવેલ અને પસંદગી પામેલ ઉમેદવારોની સંખ્યા	૬૫

સને ૨૦૧૩-૧૪ માં ફાયરમેનની આવેલ અરજી અન્વયે નીચે મુજબની કાર્યવાહી કરેલ છે.

અનુ.નં	ખાતુ	જગ્યાનું નામ	જા.ખ./પરિપત્ર નં.	આવેલ અરજી	ટ્રેડ ટેસ્ટ માટે બોલાવેલ ઉમેદવારોની સંખ્યા		
૧	ફાયરખાતુ	સહાયક ફાયરમેન	જા.ખ.નં.૧૬/ ૧૩-૧૪	૬૪૨૦	૫૯૭૪	૨૬૩૮	૩૩૩૬

ડીસ્પેચ વિભાગમાં મ્યુ.કોર્પો ના જુદા જુદા ખાતાઓમાથી આવેલ પત્રો(ફાઇલો)ની સંખ્યા ૬૭૯૦ તેમજ રાજ્ય સરકારશ્રીમાંથી તથ અન્ય આવેલ સરકારી પત્રોની સંખ્યા ૭૧૬ છે.તેમજ માહીતી અધિકાર અધિનિયમ ૨૦૦૫ હેઠળ આવેલ અરજીઓની સંખ્યા ૪૧૪છે.

રાજય સરકારશ્રીની નીતી અનુસાર હાલમાં ફાઇલીંગ સીસ્ટમ પણ અપનાવવામાં આવેલ છે. વર્ગ ૧, ૨ અને ૩ માં આવતાં કલેરીકલ વહીવટી / ટેકનીકલ કેડરનાં અધિકારીશ્રીઓ / કર્મચારીઓના વાર્ષિક ખાનગી અહેવાલ સરકયુલર દ્વારા જે તે વર્ષના અંતે ખાતામાંથી ભરાવીને મંગાવવામાં આવે છે. ચાલુ વર્ષમાં આશરે ૩૦૬૭ જેટલાં વાર્ષિક ખાનગી અહેવાલ અત્રે સ્વીકારવામાં આવેલ છે.

હેડ કલાર્ક વિભાગ :

મ્યુનિ.કમિશનરશ્રીના નામે આવતી ખાતાની અરજીઓ , સરકારી ખાતાઓની તથા અર્ધસરકારી કે અન્ય સંસ્થાઓ તરફથી રૂબરૂમાં આવતી અથવા ટપાલ મારફતે આવે તેને ઇન્વર્ડ રજીસ્ટરમાં નોંધ કરી આ ટપાલો સંબંધીત ખાતાઓને મોકલવાની તથા સરકાર સાથેના પત્રવ્યવહારની કામગીરી સંભાળે છે.

વર્ષ	પ્રજા તરફથી આવેલ અરજીઓ ની સંખ્યા	રાજયસરકારે કે કેન્દ્ર અથવા સરકારી સંસ્થાઓ તરફથી આવેલ અરજીઓની સંખ્યા	ખાતાકીય પત્રોની સંખ્યા	મેયરશ્રી, ડે.મેયરશ્રી અને સ્ટે.કમીટીના ચેરમેનશ્રી તરફથી આવેલ પત્રોની સંખ્યા	કાઉન્સીલરશ્રી વત્તા ધારાસભ્યશ્રી ડાયરેકટ મ્યુનિસિપલ કમિશનરશ્રી	કુલ આવેલ અરજીઓની સંખ્યા
૨૦૧૪-૧૫	૧૭૮૦૧	૧૧૧૮૪	૧૨૨૮	૧૦૪૧	૧૧૫૩	૩૨૪૦૭

વધુમાં કેટલીક સંસ્થાઓ તરફથી કે રાજ્ય સરકાર તરફથી મંગાવવામાં આવતી માહીતી જુદા જુદા ખાતાઓમાંથી લેખિત કે ટેલીફોન દ્વારા એકત્રીત કરી જે તે સંસ્થાને મોકલી આપે છે.

મ્યુનિ.કમિશનર તરફથી ખાતાના અધિકારીશ્રીઓ અગર કર્મચારીઓને માહીતી સુચના કે આદેશ આપતા પરીપત્રો આ વિભાગ દ્વારા મોકલવામાં આવે છે, અને જરૂરીયાત અનુસાર માહીતી એકત્ર કરે છે.વિવિધ કમિટિઓના અધ્યક્ષશ્રીઓ તરફથી રાખવામાં આવતા રાઉન્ડના પરીપત્રો પ્રસિધ્ધ કરી સંબંધિત અધિકારીશ્રીઓને જાણ કરવાની કામગીરી પણ આ વિભાગ દ્વારા કરવામાં આવે છે.મ્યુનિ.કમિશનરશ્રી, ડે.મ્યુનિસિપલ કમિશનરશ્રીઓ ની ઓફીસ અને ઘરના ટેલીફોન બીલોનું ચુકવણું કરવાની વ્યવસ્થા કરે છે, તથા કેટલીક સંસ્થાઓમાં મ્યુ.કોર્પો સભ્ય હોઇ તેમના વાર્ષિક લવાજમ ભરવાની તજવીજ અત્રેથી થાય છે.

મ્યુનિ.કોર્પોની મિલ્કતો , જમીનો , પ્લોટો , મ્યુ.હોલ,મ્યુ.સ્નાનાગાર , હોસ્પિટલોની સાચવણી તથા ઉચ્ચ અધિકારીશ્રીઓ , વહીવટી વડાઓની સલામતી અને જાહેર પ્રસંગોએ વ્યવસ્થા સાચવવા માટે મ્યુનિ.કોર્પો દ્વારા જુદી જુદી ખાનગી સીકયુરીટી સંસ્થાઓની સેવા લેવામાં આવે છે. સને ૨૦૧૪/૨૦૧૫ ના વર્ષ દરમ્યાન આવી ૬ સીકયુરીટી સંસ્થાઓ પાસેથી ૧૬૧૮ ગાર્ડ સેવાઓ લેવામાં આવેલ છે. કુલ ૪૧૦ જેટલા પોઇન્ટોનો સમાવેશ થાય છે.અને તેની પાછળ વાર્ષિક આશરે રૂા. ૧૮,૮૨,૫૪,૮૦૯/- ખર્ચ થયેલ છે. આમ સમગ્ર સીકયુરીટી સંસ્થાઓની સેવાઓ લેવા તથા દેખરેખની કામગીરી સેન્ટ્રલ ઓફીસ સીકયુરીટી બ્રાંચ દ્વારા કરવામાં આવે છે.

તેમજ મ્યુનિસિપલ કોર્પોરેશનના કર્મચારીઓની બદલી, બઢતી, ફાળવણીને લગતા તેમજ અન્ય બાબતોના જી.ડી.ઇએસટી.ઠરાવો, સરકયુલરો, ઓફીસ ઓર્ડર, જુદી જુદી કેડરના પ્રોવિઝનલ સીનીયોરીટી લીસ્ટ તેમજ ફાઇનલ પ્રોવિઝનલ સીનીયોરીટી લીસ્ટ, સરકયુલર્સ, વેબસાઇટ ઉપર મુકવામાં આવે છે.

ડીપાર્ટમેન્ટલ પરીક્ષા

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના વિનિયમોના મેન્યુઅલ ૨ પ્રકરણ (૮) ના રૂલ્સ (૫) ની જોગવાઇ મુજબ કર્મચારીઓએ ડીપોર્ટમેન્ટલ પરીક્ષા પાસ કરવાની થાય છે.

મ્યુનિસિપલ કોર્પોરેશનના મેન્યુઅલ પુસ્તક ૨ ના પ્રકરણ ૮ ના વિનીયમ ૭ મુજબ ડીપાર્ટમેન્ટલ પરીક્ષામાં પાસ થવા માટે કુલ ૩૦૦ ગુણમાંથી ઓછામાં ઓછા ૪૦% એટેલે કે ૧૨૦ ગુણ અને દરેક પેપરમાં ૧/૩ ગુણ મેળવવા જરૂરી છે. અને એલ.એસ.જી.ડી પરીક્ષા પાસ કરેલ હોય તેવા કર્મચારીઓએ ફકત પેપર નં ૨ તથા ૩ ની પરીક્ષા આપવાની રહે છે. અને તેમાં દરેકમાં ૧/૩ ગુણ તથા તેઓએ બંનેમાં ઓછામાં ઓછા ૪૦% એટેલે કે ૮૦ ગુણ મેળવવાના રહે છે.

ડીપાર્ટમેન્ટલ પરીક્ષા વિનીયમો અનુસાર તેમજ આર.જી.એન. નં ૪૫૮ ૨૦૦૪ - ૨૦૦૫ થી પરીક્ષાના પેપરો નીચે મુજબ રાખવામાં આવેલ છે.

અ.નં.	પેપરનું નામ	ગુણ
૧.	સને ૧૯૪૯ નો બોમ્બે મ્યુનિ.કોર્પો એકટ	૧૦૦
૨.	ઓફીસ મેનેજમેન્ટ	૧૦૦
૩.	બેઝીક કમ્પ્યુટર એપ્લીકેશન (થીયરી અને પ્રેકટીકલ)	૫૦ ૫૦

મ્યુનિસિપલ કોર્પોરેશનમાં જુનીયર કલાર્ક, એસ્ટેટ ટી.ડી.ઓ ખાતાના સબ ઇન્સ્પેકટર, ડી.ટી.પી ઓપરેટર તથા જુનીયર કમ્પ્યુટર ઓપરેટર તરીકે ફરજ બજાવતાં કર્મચારીઓને ઉપરોકત પરીક્ષા આપવાની થાય છે. જે મે તેમજ નવેમ્બર માસના છેલ્લા અઠવાડીયાં લેવામાં આવે છે. વર્ષ ૨૦૧૪-૧૫ દરમ્યાન ડીપાર્ટમેન્ટલ પરીક્ષા લેવામાં આવેલ જેમાં નીચે જણાવ્યા મુજબના ઉમેદવારો હાજર રહેલ તેમજ પાસ થયેલ કર્મચારીઓની સંખ્યા નીચે મુજબ છે.

વિગત	પરીક્ષા માટે ફોર્મ ભરેલ કર્મચારીની સંખ્યા	પરીક્ષા માટે હાજર રહેલ કર્મચારીની સંખ્યા	પરીક્ષા માટે ગેર હાજર રહેલ કર્મચારીની સંખ્યા	પાસ	નાપાસ
મે ૨૦૧૪	૧૦	૧૦	૦	૭	૩
નવે.૨૦૧૪	૩૦	૩૦	૧ એક પેપરમાં ગેરહાજર	૨૭	૩
કુલ	૪૦	૪૦	૧	૩૪	૬

સંકલન વિભાગ (બોર્ડ અને કમિટિ)

અમદાવાદ મ્યુ.કોર્પો.ના વિવિધ ખાતાઓ તરફથી રજૂ કરવામાં આવતા કામો તથા મ્યુ.કાઉન્સીલરશ્રીઓ દ્વારા કરવામાં આવતી દરખાસ્તોના કામો જે તે ખાસ કમિટિમાંથી મંજૂર થયા બાદ સ્ટેન્ડીગ કમિટિ તથા મ્યુ.બોર્ડની માસિક સામાન્ય સભામાં જે તે કામો મંજૂર કરાવવા અંગેની કામગીરી આ વિભાગ દ્વારા થાય છે.

વર્ષ દરમ્યાન એસ્ટેટ,હાઉસીગ,રીક્રીએશનલ,માધ્યમિકશાળા સંચાલન સમિતિ,ટાઉન પ્લાનીગ,રોડ અને બિલ્ડીગ,હોસ્પિટલ,હેલ્થ,સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ,વોટર સપ્લાય,ટેક્ષ,લીગલ વિગેરે ખાસ કમિટિના એકંદરે કુલ ૪૦૦૮ કામોના ઠરાવો કરવામાં આવેલ છે.

આ ઉપરાંત ઓડિટ અહેવાલ કમિટિની મિટિંગ દરમ્યાન થયેલ ઠરાવોની જાણ જે તે ખાતા અધિકારીશ્રીને તથા સમયાંતરે અવારનવાર પરિપત્ર દ્વારા પણ કરવામાં આવેલ છે.અને તેના કારણે ખાતાના પડતર ઓડિટ વાંધાનો જેતે ખાતા અને ચીફ ઓડિટ વચ્ચે સંકલન સાધી મોટા પ્રમાણમાં વાંધાનો નિકાલ થાય તે પ્રમાણે તજવીજ કરવામાં આવે છે.સ્ટેન્ડીગ કમિટિએ અપીલ સબ કમિટિની નવી રચના કરેલ છે.જેમાં વર્ષ દરમ્યાન આ કમિટિમાં કુલ ૩ ઠરાવો કરવામાં આવેલ છે. જે ઠરાવોના અમલીકરણ માટે જરૂરી વહીવટી મંજૂરીની કામગીરી ઈન્ડ.રીલેશન ખાતા દ્વારા જરૂરી તજવીજ કરવામાં આવે છે.

વર્ષ દરમ્યાન થયેલ વિવિધ કમિટીઓના ઠરાવોની સંખ્યા

૧. સ્ટેન્ડિંગ કમિટિના થયેલ ઠરાવ		૧૫૩૮
૨. અપીલ સબકમિટિ માં થયેલ ઠરાવ	૦૩	
૩. ઓડીટ સબ કમિટી		-
૪. જુદી જુદી ખાસ કમિટિમાં થયેલ ઠરાવ		૧૦૬૬
૫. સ્ટાફ સિલેક્શન કમિટિમાં થયેલ ઠરાવ		૧૩
૬. મ્યુ.બોર્ડ ની સામાન્ય માસિક સભામાં થયેલ ઠરાવ		૧૩૯૧

વર્ષ ૨૦૧૪/૧૫ ના વર્ષમાં બજેટ બેઠક ૨૦૧૫/૧૬ ના સંદર્ભે પ્રશ્નોની માહીતિ પણ મ્યુ.કાઉન્સીલરશ્રીઓ દ્વારા પુછવામાં આવેલ છે.જેમાં કુલ ૯૧૨ જેટલા સવાલો વિવિધ ખાતાને લગતા પુછવામાં આવેલા, જેના જવાબો જે તે ખાતાના ડે.મ્યુ.કમિશરશ્રી દ્વારા તૈયાર કરાવી સદર સવાલના જવાબની કોપી મ્યુ.સેક્રેટરીશ્રી મારફતે જે તે મ્યુ.કાઉન્સીલરશ્રીને આપવા અંગેની કામગીરી આ વિભાગ દ્વારા કરવામાં આવેલ છે.

૨.૩ ટેક્ષ વિભાગ

૨૦૧૪-૧૫

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન એક સ્વાયત સંસ્થા છે. તેની રચના ધી બોમ્બે પ્રોવિન્શીયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ, ૧૯૪૯ મુજબ થયેલ છે. સદરહું એક્ટમાં કોર્પોરેશનની ફરજીયાત તથા મરજીયાત ફરજોનું વર્ણન કરવામાં આવેલ છે અને સદર ફરજો અદા કરવા નાણાંકીય સાધનો ફાળવેલા છે. આ વિવિધ પ્રકારના કાર્યો કરવા માટે જે આવકના સાધનો છે તે પૈકી **પ્રોપર્ટી ટેક્ષ** આવકનું એક મુખ્ય સાધન છે. **સને ૧૯૮૫-૮૬ થી ૨૦૧૪-૧૫ દરમ્યાન થયેલ પ્રોપર્ટી ટેક્ષની વસુલાત અને સામાન્ય રેવન્યુ આવકમાં તેનું પ્રમાણ દર્શાવતુ પત્રક -૧ આ સાથે સામેલ છે**. (સદરહુ પત્રકમાં એજ્યુકેશન સેસની આવકનો સમાવેશ થયેલ નથી.) ઝોનવાઇઝ પ્રોપર્ટી ટેક્ષની છેલ્લા ૩ વર્ષની વસુલાત દર્શાવતુ **પત્રક-૨** આ સાથે સામેલ છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના વહીવટનું વિકેન્દ્રીકરણ કરવામાં આવતા અમદાવાદ શહેરના **અગાઉ કુલ ૫ (પાંચ) ઝોન બનાવવામાં આવેલ હતા.** ત્યારબાદ શહેરની હદમાં વધારો થતા **એક નવો ઝોન (નવા પશ્ચિમઝોન) બનાવવામાં આવેલ હતો. હાલમાં ઉત્તરઝોન, દક્ષિણઝોન, પૂર્વઝોન, પશ્ચિમઝોન, મધ્યઝોન અને નવા પશ્ચિમઝોન મળી કુલ ૬ ઝોન છે.** આ તમામ ઝોનલ કચેરીઓના ટેક્ષ વિભાગો દ્વારા તેમના ઝોન વિસ્તારમાં આવેલ અને જુદા-જુદા ટેક્ષ વોર્ડમાં સમાવિષ્ટ થયેલ રહેણાંક અને બિનરહેણાંક મિલકતોના પ્રોપર્ટી ટેક્ષની વસુલાત અંગેની કાર્યવાહી કરવામાં આવે છે.

માનનીય ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરશ્રી (ટેક્ષ) ની સીધી દેખરેખ હેઠળ **ટેક્ષ મધ્યસ્થ કચેરીના એસેસર એન્ડ ટેક્ષ કલેકટરશ્રી ફરજ બજાવે છે. જેઓ સમગ્ર ટેક્ષ ખાતાની વહીવટી અને પોલીસી મેટર સંદર્ભેની કામગીરી સંભાળે છે.**

ટેક્ષ મધ્યસ્થ કચેરીના એસેસર એન્ડ ટેક્ષ કલેકટરશ્રીની સીધી દેખરેખ હેઠળ ૬ (છ) ટેક્ષ ઝોનલ કચેરીઓમાં કુલ ૭ ડેપ્યુટી એસેસર એન્ડ ટેક્ષ કલેકટરશ્રીઓ ફરજ બજાવે છે. ટેક્ષ-ઝોનલ કચેરીના પ્રોપર્ટી ટેક્ષ વિભાગમાં આસી. મેનેજરશ્રીઓ, સુપરવાઇઝરી સ્ટાફ તેમજ ફિલ્ડ સ્ટાફ ફરજ બજાવે છે.

જે તે ઝોનના ટેક્ષ-વોર્ડમાં કરદાતાઓના ટેક્ષ બીલોમાં જરૂરી સુધારા વધારા કરવા તેમજ તે અંગેના કોમ્પ્યુટર ફોર્મ ભરવાની કાર્યવાહી, વાંધા અરજીઓના નિકાલને કારણે આકારણીમાં ફેરફાર કરવાની કાર્યવાહી તેમજ મિલકતના પ્રકારમાં પડેલ ભાગલાને લીધે અથવા અન્ય કોઇ પણ કારણોસર જે કોઇ ફેરફાર થયેલ હોય તે અંગેની જરૂરી કાર્યવાહી જે તે વોર્ડના વોર્ડ ઇન્સ્પેકટરો તથા ડિવીઝનલ કલાર્ક દ્વારા કરવામાં આવે છે. આ સિવાય કરદાતાઓની નામ ટ્રાન્સફર, કબજા ફેરફાર, ખાલી-બંધ, સ્પેલીંગમાં સુધારો કરવો જેવી અરજીઓનો પણ નિયત સમય મયાદામાં નિકાલ કરવામાં આવે છે. અહેવાલી વર્ષ દરમ્યાન નાગરિકો દ્વારા ટેક્ષ ઝોનલ કચેરીઓમાં રજુ કરવામાં આવેલ કેટેગરી વાઇઝ અરજીઓ તથા નિકાલ થયેલ અરજીઓની માહિતી દર્શાવતુ **પત્રક-૩** આ સાથે સામેલ છે.

ટેક્ષ-ઝોનલ કચેરીઓના **પ્રોપર્ટી ટેક્ષ વિભાગ દ્વારા** ઝોનલ વિસ્તારમાં બનેલ નવી મિલકતોની આકારણી કરવામાં આવે છે અને કરદાતાઓને **ખાસ નોટિસ** બજાવવામાં આવે છે. જે તે ઝોનના ડેપ્યુટી એસેસર અને ટેક્ષ કલેકટરશ્રીની સીધી દેખરેખ હેઠળ ડિવીઝનલ સુપ્રિન્ટેન્ડેન્ટ તેમજ વોર્ડ ઇન્સ્પેકટરો દ્વારા **જે તે મિલ્કતની સ્થળ તપાસ કરી ટેક્ષની આકરાણી કરવામાં આવે છે.** જો મિલકતના ઉપયોગમાં ફેરફાર થયેલ હોય કે ભાડુઆત બદલાયા હોય અથવા બાંધકામમાં વધારો હોય તો તેવી મિલકતોની ફેર-આકારણી કરવામાં આવે છે અને **ખાસ નોટિસો** બજાવવામાં આવે છે.

મિલકતોની આકારણી બાબતે ટેક્ષ ખાતા દ્વારા દર વર્ષે જાહેરનામુ બહાર પાડવામાં આવે છે. અહેવાલી વર્ષમાં ટેક્ષ ખાતા દ્વારા કરદાતાઓને ઇસ્યુ કરવામાં આવેલ ટેક્ષ બીલો સામે કરદાતાઓ દ્વારા કરવામાં આવેલ વાંધા અરજીઓનો **જે તે ઝોનના ડેપ્યુટી એસેસર એન્ડ ટેક્ષ કલેકટરશ્રીની સીધી દેખરેખ હેઠળ જે તે ઝોનના એપેલેટ ઓફિસરો મારફતે નિકાલ કરાવવામાં આવે છે.** એપેલેટ ઓફિસરો કરદાતાઓ પાસેથી જરૂરી પુરાવા મેળવી અને જરૂરિયાત મુજબ સ્થળ તપાસ કરી કરદાતાઓની વાંધા અરજીઓનો નિકાલ કરે છે. વાંધા અરજીઓનો નિકાલ થયા પછી અને માંગણા બીલો ઇસ્યુ થયા બાદ જે કરદાતાઓને અસંતોષ હોય તેવા કરદાતાઓ **સ્મોલકોઝ કોર્ટમાં દિન-૧૫ માં અપીલ કરી શકે છે.**

મિલકતની આકારણી થયા પછી ટેક્ષ ખાતા દ્વારા પ્રત્યેક મિલકતના ટેક્ષના માંગણા (ડિમાન્ડ) બીલો તેમજ ખાસ નોટિસો કોમ્પ્યુટર ખાતા પાસે તૈયાર કરવામાં આવે છે. સદરહું ટેક્ષ બીલો અને ખાસ નોટિસો સંદર્ભે કરદાતાઓ તરફથી કરવામાં આવતી વાધાં અરજીઓનો પણ જે તે ઝોનના એપેલેટ ઓફિસરો દ્વારા તાત્કાલિક નિકાલ કરવામાં આવે છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ટેક્ષ ખાતાની વહીવટી સરળતા ખાતર અને કરદાતાઓને વધુ સારો ન્યાય મળી રહે તે હેતુથી **૫૦૦૦ એન્ટ્રી દીઠ એક ટેક્ષ વોર્ડની રચના કરવામાં આવેલ છે. હાલમાં ટેક્ષ વોર્ડની કુલ સંખ્યા ૨૯૨ છે.**

અહેવાલી વર્ષ **૨૦૧૪-૧૫** માં રહેણાંકની મિલકતોની અને બિનરહેણાંકની મિલકતો મળી **કુલ ૧૮,૧૫,૨૧૧** મિલકતોના ટેક્ષ બીલો કમ નોટિસો કરદાતાઓને આપવામાં આવેલ, તેમાં બીલ ભરવાની છેલ્લી તારીખ ઝોનવાઇઝ અલગ-અલગ દર્શાવવામાં આવેલ હતી.

ધી બોમ્બે પ્રોવિન્શીયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એકટ, ૧૯૪૯ ના સુધારા મુજબ કલમ ૧૪૧-ક અનુસાર નિયત તારીખ પછી માંગણા બીલની રકમ ઉપર **૧૮% લેખે દંડનીય વ્યાજ ઓનલાઇન ચાર્જ કરી વસુલ કરવામાં આવે છે. અહેવાલી વર્ષ દરમ્યાન બાકી ટેક્ષની વસુલાત કરવા કુલ ૧૯,૯૦૬ પ્રોપર્ટીઓને સીલ કરવામાં આવેલ હતી.**

સને ૨૦૧૪-૧૫ ના અહેવાલી વર્ષમાં પ્રોપર્ટી ટેક્ષ પેટે **ચાલુ બાકી રૂા. ૮૦૨.૦૬ કરોડ** તેમજ **પાછલી બાકી રૂા. ૧૫૩૦.૦૭ કરોડ મળી કુલ રૂા.૨૪૨૨.૧૩ કરોડ માંગણુ (ડિમાન્ડ) હતુ,** જેમાંથી અહેવાલી વર્ષમાં **કુલ રૂા.૭૪૪.૪૨ કરોડની** વસુલાત થયેલ છે.

કરદાતાઓને પોતાના રહેઠાણથી દૂર સુધી જવુ ના પડે તે માટે અહેવાલી વર્ષ દરમ્યાન **કુલ ૫૭ સીટી સિવીક સેન્ટરો કાર્યરત કરવામાં આવેલ હતા.** સદર સિવીક સેન્ટરોના સ્ટાફ દ્વારા અન્ય તમામ પ્રકારના મ્યુનિસિપલ ટેક્ષ ઉપરાંત પ્રોપર્ટી ટેક્ષના ઓનલાઇન નાણાં સ્વીકારવામાં આવે છે તથા કરદાતાઓને પહોંચો (રસીદો) આપવામાં આવે છે.

એસેસમેન્ટ એન્ડ ટેક્ષ કલેકશન ડિપાર્ટમેન્ટની ટેક્ષ મધ્યસ્થ કચેરીના થિયેટર શો ટેક્ષ વિભાગ દ્વારા શહેરમાં ચાલતા સિનેમા થિયેટરો પાસેથી **શો ટેક્ષ** વસુલ લેવામાં આવે છે. **ગુજરાત સરકારે જે ચલચિત્રોને કર મુકિત આપી હોય તેવા ચલચિત્રોને 'શો ટેક્ષ' માંથી મુકિત આપવામાં આવે છે. અહેવાલી વર્ષ દરમ્યાન થિયેટર શો ટેક્ષની આવક રૂા. ૯૯,૮૭,૨૦૦/- થયેલ હતી.**

ધંધાર્થે વપરાતા પાણી અંગે **અગાઉ** મીટરથી કનેકશનો આપી **'વોટર ચાર્જ'** વસુલ કરવામાં આવતો હતો. મીટરથી અપાતા વોટર કનેકશનો માટે મીટર રીડર તથા સીનીયર મીટર રીડરની દેખરેખ હેઠળ મીટર રીડીંગ લઇ **જે તે સમયે** કોમ્પ્યુટરાઇઝ બીલો તૈયાર કરવામાં આવતા હતા તથા તેની વસુલાત માટે જરૂરી પગલાં ભરવામાં આવતા હતા. **સ્ટેન્ડિંગ કમિટી ઠરાવ નં. ૯૨૩ તા. ૦૧.૧૨.૨૦૦૧** અનુસાર જુની વોટર મીટર પધ્ધતિની જગ્યાએ **હવે પ્રો-રેટા ચાર્જીસ પધ્ધતિ** અપનાવવામાં આવેલ છે, **જે મુજબ હાલમાં** મીટર ટેક્ષ વસુલવાની કાર્યવાહી જે તે ઝોનના ટેકનીકલ સ્ટાફ દ્વારા કરવામાં આવે છે.

ટેક્ષ મધ્યસ્થ કચેરીના એસેસર એન્ડ ટેક્ષ કલેકટરશ્રીના તાબા હેઠળ વ્હીકલ ટેક્ષ વિભાગ કાર્યરત છે. વ્હીકલ ટેક્ષ વિભાગ દ્વારા યાંત્રિક વાહનોના લાઇફ ટાઇમ ટેક્ષની વસુલાત કરવાની કાર્યવાહી કરવામાં આવે છે. અહેવાલી વર્ષમાં **કુલ ૧,૭૮,૦૨૩ યાંત્રિક વાહનો** નોંધાયેલ હતા અને લાઇફ ટાઇમ વ્હીકલ ટેક્ષ પેટે **રૂા. ૬૨,૧૯,૮૪,૧૮૫** વસુલ લેવામાં આવેલ હતા. (પત્રક-૪ સામેલ છે.)

રાજય સરકારશ્રી દ્વારા ધી ગુજરાત એન્ટરટેઇનમેન્ટ ટેક્ષ (એમેન્ડમેન્ટ) એકટ,૨૦૧૪ (ગુજ.૧૮ ૨૦૧૪) નોટીફીકેશન નં. GHT/2014/23/mnr/102014/968/A તા. ૨૦-૦૯-૨૦૧૪ અન્વયે તા.૧-૧૦-૨૦૧૪ થી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન હદ વિસ્તારમાં કેબલ ઓપરેટરો દ્વારા કેબલ ટી.વી. કનેકશન આપેલ હોય તેવા એક કનેશન દીઠ માસિક રૂા.૬/- લેખે ત્રિમાસિક ધોરણે મનોરંજન કર ઉઘરાવવાની અને પોતાની પાસે રાખવાની સત્તા અ.મ્યુ.કોર્પોરેશનને સોંપવામાં આવેલ છે. **અહેવાલી વર્ષ દરમ્યાન મનોરંજન કરની આવક રૂા. ૬૬,૭૬,૯૧૦/- થયેલ હતી.**

પત્રક-૧

પ્રોપર્ટી ટેક્ષની વસુલાત અને સામાન્ય રેવન્યુ આવકમાં તેનુ પ્રમાણ દર્શાવતુ પત્રક (લાખમાં)

અ.નં.	વર્ષ	સામાન્ય રેવન્યુ	ટેકસની વસુલાત	ટેકસનુ પ્રમાણ
૧	૧૯૮૫/૮૬	૭૦૮૮.૭૬	૧૬૪૪.૯૦	૨૩.૨૦ %
૨	૧૯૮૬/૮૭	૯૭૮૦.૭૬	૧૮૦૩.૯૯	૧૮.૪૪ %
૩	૧૯૮૭/૮૮	૯૭૪૦.૩૫	૨૨૪૭.૬૧	૨૩.૦૮ %
૪	૧૯૮૮/૮૯	૧૧૯૫૬.૪૭	૨૬૭૮.૦૬	૨૨.૪૦ %
૫	૧૯૮૯/૯૦	૧૩૫૪૫.૨૧	૩૦૨૦.૧૨	૨૨.૩૦ %
૬	૧૯૯૦/૯૧	૧૪૮૬૬.૩૮	૩૧૧૨.૨૬	૨૦.૯૩ %
૭	૧૯૯૧/૯૨	૧૭૪૬૫.૫૨	૩૬૨૨.૦૯	૨૦.૭૪ %
૮	૧૯૯૨/૯૩	૧૯૮૮૮.૦૧	૩૭૫૮.૩૧	૧૮.૯૦ %
૭૯	૧૯૯૩/૯૪	૨૧૯૭૬.૦૬	૪૭૦૮.૩૪	૨૧.૪૨ %
૧૦	૧૯૯૪/૯૫	૨૮૫૪૬.૪૨	૭૩૫૮.૫૦	૨૫.૭૮ %
૧૧	૧૯૯૫/૯૬	૩૫૬૦૯.૪૨	૮૧૯૧.૭૪	૨૩.૧૩ %
૧૨	૧૯૯૬/૯૭	૩૮૯૮૨.૪૨	૯૪૪૮.૫૨	૨૪.૨૪ %
૧૩	૧૯૯૭/૯૮	૪૨૦૭૩.૩૨	૯૯૦૯.૧૯	૨૩.૫૫ %
૧૪	૧૯૯૮/૯૯	૫૬૩૪૬.૮૨	૧૨૨૪૮.૧૪	૨૧.૭૪ %
૧૫	૧૯૯૯/૦૦	૫૫૮૪૫.૬૧	૧૧૯૪૫.૨૪	૨૧.૩૯%
૧૬	૨૦૦૦/૦૧	૫૬૨૫૮.૪૪	૯૭૮૨.૦૫	૧૩.૩૮%
૧૭	૨૦૦૧/૦૨	૫૦૮૧૪.૮૮	૧૨૧૫૧.૦૦	૨૩.૯૧%
૧૮	૨૦૦૨/૦૩	૫૨૮૯૨.૦૦	૧૨૩૮૦.૧૮	૨૩.૪૧%
૧૯	૨૦૦૩/૦૪	૬૬૬૯૦.૦૦	૧૩૯૨૦.૨૭	૨૦.૮૭%
૨૦	૨૦૦૪/૦૫	૮૦૬૨૨.૫૮	૧૭૫૮૫.૪૧	૨૦.૯૬%
૨૧	૨૦૦૫/૦૬	૮૯૭૮૬.૩૯	૨૦૪૫૬.૯૮	૨૧.૯૭%
૨૨	૨૦૦૬/૦૭	૧૧૯૬૦૪.૨૯	૨૨૩૬૮.૦૮	૨૦.૦૧%
૨૩	૨૦૦૭/૦૮	૧૪૦૦૯૦.૦૦	૨૪૨૬૭.૩૭	૧૭.૩૨%
૨૪	૨૦૦૮/૦૯	૧૫૨૨૬૩.૦૭	૨૯૦૭૩.૬૩	૧૯.૦૯%
૨૫	૨૦૦૯/૧૦	૧૬૧૦૯૦.૦૦	૩૬૧૩૯.૦૮	૨૨.૪૩%
૨૬	૨૦૧૦/૧૧	૧૮૩૯૩૧.૯૯	૪૦૨૮૯.૪૮	૨૧.૯૦%
૨૭	૨૦૧૧/૧૨	૨૦૮૧૬૫.૦૦	૪૧૪૫૯.૫૦	૧૯.૯૨%
૨૮	૨૦૧૨/૧૩	૨૧૧૭૩૩.૦૦	૪૦૯૨૭.૬૬	૧૯.૩૨%
૨૯	૨૦૧૩-૧૪	૨૫૩૮૧૫.૯૫	૫૪૧૫૭.૩૬	૨૧.૩૪%
૩૦	૨૦૧૪-૧૫	૩૧૧૮૨૨.૦૭	૬૩૮૪૩.૪૫	૨૦.૪૭%

પત્રક ૨

ઝોન વાઈઝ પ્રોપર્ટી ટેક્સની છેલ્લા ૩ વર્ષની વસુલાતની માહિતી દર્શાવતું પત્રક (રૂા. લાખમાં)

અ.નં.	ઝોન	૨૦૧૨-૧૩	૨૦૧૩-૧૪	૨૦૧૪-૧૫
૧	૨	૫	૪	૬
૧	મધ્ય ઝોન	૬૦૩૬.૧૬ (૧૪.૭૫)	૭૮૭૬.૭૭ (૧૪.૫૪)	૯૨૬૬.૨૧ (૧૪.૫૧)
૨	પશ્ચિમ ઝોન	૧૧૨૮૫.૯૧ (૨૭.૫૮)	૧૪૯૩૦.૮૬ (૨૭.૫૭)	૧૭૫૯૧.૬૬ (૨૭.૫૫)
૩	પૂર્વ ઝોન	૪૪૯૨.૬૧ (૧૦.૯૮)	૬૧૨૨.૫૮ (૧૧.૩૦)	૭૦૪૨.૭૬ (૧૧.૦૩)
૪	ઉત્તર ઝોન	૩૩૪૬.૧૯ (૮.૧૭)	૪૩૨૪.૦૦ (૭.૯૮)	૫૫૨૪.૯૧ (૮.૬૫)
૫	દક્ષિણ ઝોન	૪૫૧૪.૯૧ (૧૧.૦૩)	૫૬૫૫.૫૨ (૧૦.૪૪)	૬૭૫૭.૯૮ (૧૦.૫૯)
૬	નવા પશ્ચિમ ઝોન	૧૧૨૫૧.૮૨ (૨૭.૪૯)	૧૫૨૪૮.૬૯ (૨૮.૧૬)	૧૭૬૫૯.૯૩ (૨૭.૬૬)
કુલ		૪૦૯૨૭.૬૬ (૧૦૦.૦૦)	૫૪૧૮૫.૪૧ (૧૦૦.૦૦)	૬૩૮૪૩.૪૫ (૧૦૦.૦૦)

પત્રક- ૩

વર્ષ ૨૦૧૪-૧૫નુ નાગરિકો તરફથી ટેક્ષ વિભાગને કરવામાં આવેલ કેટેગરીવાઈઝ અરજીઓનુ તથા તેના થયેલ નિકાલનુ પત્રક

અ.નં.	કેટેગરી	કુલ મળેલ અરજી	કુલ નિકાલ થયેલ અરજી	કુલ બાકીઅરજી
૧	એપેલેટ અરજી	૫૩	૫૩	૦
૨	મિલકતવેરા અંગેની ફરિયાદ	૬૫૩૭	૬૩૦૫	૨૩૨
૩	ટેસ આકારણી ઘટાડવા અંગે	૨૩૧૬૩	૨૨૯૫૦	૨૧૩
૪	ટેકસ વિભાજન	૭૩૬૮	૭૨૪૭	૧૨૧
૫	ડુપ્લીકેટ બીલ અંગે	૨૬૩૮	૨૫૬૯	૬૯
૬	ટેકસ જનરલ	૬૦૫૬	૫૯૬૨	૯૪
૭	નવી આકારણી	૧૪૫૫૯	૧૪૨૮૬	૨૭૩
૮	નવા કબજેદાર અંગે	૨૦૮૩૨	૨૦૬૯૫	૧૩૭
૯	વપરાશ બદલવા અંગે	૧૦૩૩	૯૯૪	૩૯
૧૦	ખાલી મિલકત અંગે	૧૨૫૨૭	૧૨૨૩૪	૨૯૩
૧૧	નામ ટ્રાન્સફર અંગે	૩૮૨૧૧	૩૮૦૦૬	૨૦૫
૧૨	કુલ	**૧૩૨૯૭૭**	**૧૩૧૩૦૧**	**૧૬૭૬**

પત્રક-૪

એસેસમેન્ટ અને ટેકસ કલેકશન ખાતુ

વાહનોના પ્રકાર તથા સંખ્યાની માહિતિ દર્શાવતુ પત્રક ૨૦૧૪/૨૦૧૫

વાહનનો કોડ	**વાહનોના પ્રકાર**	**કુલ સંખ્યા**
૧૩	મોટરકાર	
૧૬	મોટર સાયકલ	
૫૧	સ્કુટર, મોટર સાયકલ અને ટુ વ્હીલર	૧૩૪૩૫૦
૫૨	ઓટોરીક્ષા	૨૬૭૮
૫૩	લોડીગ ટેમ્પો-લોડીગ રીક્ષા	૧૦૯૦
૫૪	મોટરકાર-જીપ	૩૯૭૫૯
૫૫	મેટાડોર-મીની બસ	૫
૫૬	ટ્રક-બસ-ટ્રેક્ટર-ક્રેન-રોલર	૧૪૧
કુલ		**૧૭૮૦૨૩**

૨.૪ ગુમાસ્તાધારા ખાતુ

૨૦૧૪-૧૫

ફેક્ટરી એક્ટ લાગુ પડતો ન હોય તેવી સંસ્થાઓને જેમકે દુકાનો,સને ૧૯૪૮નો બોમ્બે શોપ્સ એન્ડ એસ્ટાબ્લીશમેન્ટ એક્ટ ગુમાસ્તાધારો ફેક્ટરી એક્ટ લાગુ પડતો ન હોય તેવી સંસ્થાઓને દા.ત.વેપારી પેઢીઓ,હોટલો અને થિયેટરોને લાગુ પડે છે.આ એક્ટનો તથા પેમેન્ટ ઓફ વેજીસ એક્ટનો અમલ કરાવવાનું તથા તેના કેસો કોર્ટમાં દાખલ કરી કસુરદારને યોગ્ય નશ્યત કરાવવાનું કામ ગુમાસ્તાધારા ખાતા દ્વારા કરવામાં આવે છે.વર્ષ દરમ્યાન વહીવટી કામગીરીની રૂપરેખા નીચે મુજબ છે.

સને ૧૯૪૮ ધી બોમ્બે શોપ્સ એન્ડ એસ્ટા.એક્ટ તમામ દુકાનો વેપારી પેઢીઓ,રેસીડેન્સીયલ હોટલો,રેસ્ટોરન્ટ,ખાનપાનની જગ્યાઓ સીનેમા,નાટકો,થીયેટરો અને જાહેર આનંદપ્રમોદની તમામ સંસ્થાઓને લાગુ પડે છે.તા.૩૧/૩/૨૦૧૫(વર્ષ ૨૦૧૪-૨૦૧૫) સુધીમાં આવી સંસ્થાઓની કુલ સંખ્યા ૪૦૨૫૮ છે.ગત વર્ષમાં આવી સંસ્થાઓની સંખ્યા ૩૬૪૨૮ હતી.

સને ૧૯૪૮ ધી બોમ્બે શોપ્સ એન્ડ એસ્ટા.એક્ટના કાનૂનભંગ અંગે પગારમાં કાપકૂપ,કાયદા મુજબની નોટીસ વગર નોકરીમાંથી છૂટા કરવા તથા હક્કરજાનો પગાર અને નોટીસ પગાર ન મળવાને કારણે નોકરો તરફથી લેખિત ફરિયાદો વધુ આવે છે.જે ગુમાસ્તાઓની તેમના હક્ક પ્રત્યેની જાગૃતિ દર્શાવે છે.પેમેન્ટ ઓફ વેજીસ એક્ટના ભંગ અંગેની ફરિયાદોનો નિકાલ કોર્ટના આશ્રય વગર પણ કરવામાં આવે છે.જે સંસ્થાઓમાં બાળ કામદાર માલુમ પડે તેની સામે એક્ટની કલમ ૩૨ મુજબ પગલાં ભરવામાં આવે છે.

અમદાવાદ મ્યુનિ.કોર્પો.ના હદવિસ્તાર સાથે એક્ટના અમલ નીચે નોંધાયેલ સંસ્થાઓની સંખ્યા પ્રતિવર્ષ વધતી જાય છે.અ.મ્યુ.કોર્પોરેશનની હદ પણ વધેલ છે.સરકારે પ્રસિદ્ધ કરેલ રજીસ્ટ્રેશન રીન્યુઅલ અંગેના રૂલ અનુસાર ૨૦૧૪-૧૫ ના વર્ષ દરમ્યાન રીન્યુઅલ ફી ની આવક રૂ.૨૪,૧૯,૧૩૫/- થઈ છે.

બોમ્બે પ્રોવિઝનલ મ્યુ.કોર્પો.એક્ટ ૧૯૪૯ હેઠળ મ્યુ.કોર્પો.ના વિસ્તારની દુકાનો, વેપારીગૃહો, હોટલો, નાસ્તાગૃહો અને જાહેર મનોરંજનની સંસ્થાઓ જેવા નાના વેપારીગૃહોના કર્મચારીઓને ગુજરાત શોપ્સ એન્ડ એસ્ટાબ્લીશમેન્ટ એક્ટ ૧૯૮૦ જે સંસ્થાઓને લાગુ પડે છે.તેમાં આ યોજના હેઠળ ૧લી જાન્યુ.૧૯૮૧થી ગુમાસ્તાઓ માટેની "ફરજીયાત ગ્રુપ વીમા યોજના"દાખલ કરાવવામાં આવેલ છે.આ યોજના અન્વયે જે કર્મચારીઓ પૂર્ણ સમયના હોય,૧૮ વર્ષથી ૬૦ વર્ષથી નીચેની ઉમરના હોય તેઓને લેવામાં આવે છે.સંસ્થાના માલિકે પ્રત્યેક કર્મચારી દીઠ રૂ.૬/- તથા કર્મચારીએ પ્રિમિયમ ફાળા પેટે દર વર્ષે રૂ.૬/- મળી કુલ રૂ.૧૨/- દર વર્ષે ૧૫મી જાન્યુ.અગાઉ ભરવાના હોય છે.વીમાની રકમ મૃત્યુ પામેલ કર્મચારીના વારસદારોને વધુમાં વધુ રૂ.૧૦,૦૦૦/- સુધી જીવનવીમા કોર્પો. ચૂકવે છે.

અહેવાલી વર્ષમાં રીન્યુઅલ ફી ની આવક કલમ ૭ અને ૮ એટલે કે નવી સંસ્થાઓના રજીસ્ટ્રેશન અંગેના 'એ' ફોર્મની આવક તથા નોંધણીમાં ફેરફાર અંગેની 'ઈ' ફોર્મની આવક અને રજીસ્ટ્રેશનના ડુપ્લીકેટ ફોર્મની આવક મળી એકંદર કુલ આવક રૂ.૩૮,૨૭,૯૩૬/- થઈ છે,જે ગત વર્ષે રૂ.૩૪,૯૧,૬૩૯/- થયેલ હતી.

એક્ટ નીચેની સંસ્થાઓમાં કામ કરતા નોકરો તથા પ્રજાના સહકાર વિના આ એક્ટનો અમલ કરવો મુશ્કેલ છે.આવા નોકરો,નોકરી ગુમાવવાના ભયથી સહકાર આપતા નથી.પરંતુ હાલમાં નોકરોના યુનિયનો અસ્તિત્વમાં આવતા જાય છે.જે એક નવી આશાનું શુભચિન્હ ગણી શકાય.

સને ૧૯૪૮ના બોમ્બે શોપ્સ એન્ડ એસ્ટા.ની કલમ ૭૧ મુજબ ગુમાસ્તાધારા ખાતા તરફથી પ્રતિ વર્ષ રીપોર્ટ મ્યુ.કમિશનરશ્રીને મોકલવામાં આવે છે.સદર રીપોર્ટ કેલેન્ડર વર્ષ એટલે કે એપ્રિલ-૧૪ થી માર્ચ-૨૦૧૫ સુધીનો હોય છે.

૨.૫ કોમ્પ્યુટર ખાતુ
સને ૨૦૧૪-૨૦૧૫

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના કોમ્પ્યુટર વિભાગ દ્વારા તેની ચાલુ સિસ્ટમ્સ જેવી કે પ્રોપર્ટી ટેક્ષ, વ્હીકલ ટેક્ષ, પે-રોલ, એફ.એ.એસ. વિગેરેને નાણાંકીય વર્ષ ૨૦૧૪-૧૫ દરમ્યાન સફળતાપૂર્વક સંચાલન કરી જરૂરી આઉટપુટ સમયાંતરે લેવાની કામગીરી સંપૂર્ણપણે સમયમર્યાદામાં ચોકસાઈપૂર્વક કરી જે તે ખાતાની જરૂરીયાત મુજબ કામગીરી કરેલ છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરીજનોની પાયાની જરૂરીયાતોની કામગીરીમાં પારદર્શકતા લાવવા તથા સવલતો પૂરી પાડવા ઈ-ગવર્નન્સ પ્રોજેક્ટ દ્વારા તમામ ઝોનનું લીઝ લાઈન દ્વારા લીક અપ કરી કોમ્પ્યુટરાઈઝેશન હેઠળ નીચેની સુવિધા આવરી લેવામાં આવેલ છે.

ઈન્ફોર્મેશન ટેકનોલોજીનો વ્યવહારુ ઉપયોગ ખુબ જ મહત્વનો બની રહે છે. જેના સંદર્ભે ૨૦૧૪-૧૫ ના વર્ષ દરમિયાન અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન ના જુદા જુદા વોર્ડમાં કુલ ૫૧ સિવિક સેન્ટર તેમજ દાણાપીઠ , મેમનગર ,આર.ટી.ઓ. અને વિરાટનગર ખાતે એક-એક એમ કુલ ચાર ટેક્ષ કલેક્શન સેન્ટર સહિત ૫૫ સેન્ટર્સ કાર્યરત કરવામાં આવેલ છે. સદર તમામ સિવિક સેન્ટર ને લીઝ લાઈન વડે કનેક્ટ કરવામાં આવેલ છે. જેથી કોઈ પણ ઝોનનો કરદાતા કોઈ પણ સેન્ટર ખાતે નાંણા ભરી શકે તેમજ ફરિયાદ નોંધાવી શકે છે. . તદુપરાંત નાગરિકો અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની વેબસાઈટ www.egovamc.com પરથી ઓન લાઈન ટેક્ષ, પ્રોપર્ટી ટેક્ષ, વ્યવસાય વેરા પેમેન્ટ કરી શકે તે અંગેની પણ વ્યવસ્થા કરવામાં આવેલ છે.નાગરીકોને સિવિક સેન્ટર પરથી નીચે જણાવેલ સવલતો મળી રહે તેવી વ્યવસ્થા કરવામાં આવેલ છે.પ્રોપર્ટી ટેક્સ કલેક્શન

- વ્યવસાય વેરા કલેક્શન
- વ્હીકલ ટેક્સ કલેકશન
- બલ્ડિંગ પ્લાન એપ્રુવલ
- જન્મ-મરણ નોંધણીની નકલની પ્રાપ્તિ
- ગુમાસ્તાધારા સર્ટીફીકેટ
- હેલ્થ લાયસન્સ
- હોકર્સ લાયસન્સ
- રાઈટ ટુ ઈન્ફોર્મેશન અરજી સ્વીકાર
- હોલ બુકીગ
- ટેક્ષ ખાતાની અરજીનો સ્વીકાર
- ટી.ડી.ઓ. ફી
- એ.એમ.ટી.એસ. બસ પાસ

ઈ-ગવર્નન્સ ખાતા દ્વારા શરૂ કરવામાં આવેલ ફરિયાદ નિવારણ વ્યવસ્થા (CCRS) Comprehensive Complaint Redressal System **અંતર્ગત વિવિધ માધ્યમો દ્વારા અ.મ્યુ.કોની સેવાઓને લગતી ફરિયાદ નોંધી શકાય છે. ટેલિફોન નંબર** ૧૫૫૩૦૩ **ઉપર નાગરિકો તેમની ફરિયાદો નોંધાવી શકે છે. વધારે માહિતી** www.**amccrs.com** **પર ઉપલબ્ધ છે.**

- કમ્પ્લેઈન રીડ્રેસલ સિસ્ટમ હેઠળ પાયાની સવલતો જેવી કે પાણી,ગટર,રસ્તા,સ્ટ્રીટ લાઈટ,ગાર્ડન,ઢોરના ત્રાસ વગેરે કમ્પલેઈનની નોંધણી.
- અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ફરજ બજાવતા કર્મચારીઓના પ્રોવિડન્ડ ફંડની સંપૂર્ણ ૨૦૧૪-૧૫ અંતિત માહિતી વેબસાઈટ પર ઉપલબ્ધ કરવામાં આવી છે.
- અમદાવાદ શહેરમાં સને ૨૦૦૪-૦૫ થી "હોકર્સ લાયસન્સ" સિવિક સેન્ટર્સ પરથી મળી રહે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. સને ૨૦૧૪-૧૫ ના વર્ષમાં ૬૧૮ હોકર્સ લાયસન્સ ઈસ્યુ કરી કુલ રૂા.૨,૮૧,૧૭૫/- વસુલ કરેલ છે.
- અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની વેબ સાઈટ www.egovamc.com દ્વારા નાગરિક ઘરે બેઠા પણ મ્યુ.કોર્પો.ને લગતી વિવિધ માહિતી મેળવી શકે તેમજ ફરીયાદ નોંધાવી શકે તેવી વ્યવસ્થા ગોઠવાયેલ છે.
- પે-રોલ સિસ્ટમમાં કર્મચારીઓનાં પગારબીલ,પગાર સ્લીપ,કપાત પત્રકો વિગેરે દર માસે નિયમિત સમયમર્યાદામાં છાપી જે તે વિભાગના કર્મચારીઓને અલગ અલગ ઈસ્યુ કરેલ છે.મકાન એડવાન્સ,વાહન એડવાન્સની કર્મચારી વાઈઝ વાર્ષિક હિસાબી સ્લીપ નાણાંકીય વર્ષ ૨૦૧૪-૨૦૧૫ માટે છાપી આપવામાં આવેલ છે. આ ઉપરાંત

કર્મચારીઓની ૨૦૧૪-૧૫ ના વર્ષ માટે સી.પી.એફ.,જી.પી.એફ.ની સ્લીપો સમયસર પ્રિન્ટીંગ કરી આપેલ છે. પે-રોલ સિસ્ટમના અનુસંધાનમાં દર માસે મ્યુ.બેંક, વિવિધ ક્રેડિટ સોસાયટીઓની કપાત, મ્યુનિ.કર્મચારીઓની લોન કપાત પત્રકોનું ડેટા અપડેટ કરવામાં આવે છે. વર્ગ ૧-૨-૩ ના કર્મચારીઓનો પગાર ફરજિયાત બેંક મારફતે ચુકવવાની કામગીરી ચાલુ રાખી કર્મચારીઓના બેંક ફોર્મની ડેટા એન્ટ્રી તથા ચેકિંગ કરી પે-રોલ પ્રોસેસ કરેલ છે.

- અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના તમામ ઝોનના કોમર્શીયલ તેમજ રેસીડેન્સીયલ પ્રોપર્ટી ટેક્ષનાં બીલો, છેલ્લી ચેતવણીની નોટીસો તથા ચતુવર્ષિય આકારણીના આકારણી પત્રકોનું પ્રિન્ટીંગ કોમ્પ્યુટર ખાતા મારફતે કરવામાં આવે છે.
- અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની વેબ સાઇટ www.egovamc.com ના વેબસાઇટ અપડેશન જે-તે ખાતાની સૂચના મુજબની કામગીરી પણ નિયમિત રીતે કરેલ છે.
- રીટાયરમેન્ટ બેનીફીટ સિસ્ટમને એકાઉન્ટ્સ વિભાગમાં સર્વર તથા નેટવર્કીંગની મદદથી પેન્સન, પી.એફ., ગ્રેજ્યુઇટી, હક્કરજાના હિસાબો તથા જી.આઇ.એસ.ના મોડયુલને આવરી લઇ આ તમામના ગુજરાતી ભાષામાં રીપોર્ટ તૈયાર કરી શકાય તેવી સુવિધા ઉપલબ્ધ કરી નાણા વિભાગ મારફતે અમલીકૃત કરાવેલ છે.
- ઓડિટ વિભાગને સંપૂર્ણપણે કોમ્પ્યુટરાઇઝેશન હેઠળ આવરી લઇ ઓડિટ વાંધાઓ, તેના નિકાલ તથા વાર્ષિક અહેવાલ કોમ્પ્યુટર ઉપર નેટવર્કીંગ દ્વારા તૈયાર કરી શકાય તેવી વ્યવસ્થા કરી આપેલ છે.
- લીગલ ખાતાના હાઇકોર્ટ, સીટી સિવિલ કોર્ટના તમામ રેકર્ડનું કોમ્પ્યુટરાઇઝેશન હાથ ધરી પૂર્ણ કરાયેલ છે અને તેઓને તમામ કોર્ટ કેસોની ડેટા એન્ટ્રી માટે જરૂરી લેન નેટવર્કીંગ કરી આપેલ છે.
- નાણા વિભાગના માસિક અહેવાલો, બજેટ તથા અહેવાલોના પત્રકોને નાણા વિભાગની જરૂરીયાત મુજબ કોમ્પ્યુટરાઇઝ કરી પ્રિન્ટ કરી શકાય તેવી વ્યવસ્થા પ્રોગ્રામીંગ દ્વારા ઉપલબ્ધ કરી આપેલ છે.
- ફાઇનાન્સીયલ એકાઉન્ટીંગ સિસ્ટમમાં નાણાંકીય વર્ષ દરમ્યાન માસિક રીકન્સીલેશન, રિપોર્ટ મોડીફીકેશન, એબસ્ટ્રેક લોડીંગ અને અપડેશન તથા ફાઇનલ પ્રોસેસીંગ નિયમિત રીતે કરી આપવામાં આવ્યું. માસિક હિસાબો ગુજરાતીમાં અને ત્રિમાસિક બજેટ સુધારા અને તેના અપડેશનની કામગીરી પણ સમયસર કરી આપવામાં આવી.
- એકાઉન્ટ માસ્ટર તેમજ બજેટ કન્ટ્રોલની એન્ટ્રી અને મોડીફીકેશનની કામગીરી તેમજ નાણાં વિભાગની માગણી મુજબના રિપોર્ટ તૈયાર કરી આપવામાં આવ્યા.
- શહેરના સંસદ અને વિધાનસભાના પ્રતિનિધિઓ એવા સંસદ સદસ્યશ્રીઓ તેમજ વિધાનસભા સદસ્યશ્રીઓને તેમના વિસ્તારના વિકાસ કામો માટે મળતી ગ્રાન્ટ સામે દરખાસ્ત થયેલ વિકાસ કામો અને આ કામોની પ્રગતિની ભૌતિક અને નાણાકીય માહિતી દર્શાવતી વિગતો વેબસાઇટ ઉપર એમ.પી./એમ.એલ.એ.ગ્રાન્ટ ના ફોલ્ડરમાં તૈયાર કરી મૂકેલ છે. અને પ્લાનીંગ વિભાગના સંકલનમાં કાર્યરત કરેલ છે.
- અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની વહીવટી કામગીરીને વધુ પારદર્શક બનાવવા સારૂ કર્મચારીઓને સંબંધીત વહીવટી આદેશો, વેબસાઇટ ઉપર એમ્પલોઇ ઓર્ડરના ફોલ્ડરમાં મૂકવાની કાર્યવાહી કરેલ છે. આ હુકમો કોઇપણ વ્યક્તિ ઇન્ટરનેટ તથા ઇન્ટ્રાનેટના માધ્યમ દ્વારા જોઇ શકે તેવી વ્યવસ્થા કરેલ છે.
- અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના જુદાજુદા વિભાગો દ્વારા ટેન્ડર જાહેરાતો સમાચારપત્રોમાં અપાતી હતી. આ ટેન્ડર જાહેરાતોને વૈશ્વિક સ્તરે પ્રસારણ મળે અને કોર્પોરેશનને વધુ સારી ઓફરો મળી રહે તે સારૂ તમામ વિભાગનાં ટેન્ડર્સ અત્રેની વેબસાઇટ ઉપર ઉપર લોડ કરી મૂકવામાં આવેલ છે. જેથી ઇન્ટરનેટ દ્વારા કોઇપણ વ્યક્તિ ટેન્ડર જાહેરાત, ટેન્ડર ફોર્મ વાંચી શકે નકલ ડાઉનલોડ કરી શકે, અને અમ.મ્યુ.કોર્પો.ને વધુ સારી ઓફર મળી શકે.
- અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ઇ-ગવર્નન્સ પ્રોજેક્ટ અન્વયે ઉભા કરાયેલ સિવિક સેન્ટરો મારફતે વર્ષ ૨૦૧૪-૧૫ દરમિયાન ગુમાસ્તાધારાનાં ૧૪,૬૭૦ પ્રમાણપત્રો રીન્યુઅલ કરવામાં આવ્યા, ૧૭,૫૮૨ પ્રમાણપત્રો નવા ઇસ્યુ કરવામાં આવ્યા, ૬,૬૯૨ પ્રમાણપત્રોના સુધારા કરી આપવામાં આવ્યા તથા ૧૦,૯૦૭ ડુપ્લીકેટ પ્રમાણપત્રો ઇસ્યુ કરવામાં આવ્યાં.
- અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ઇ-ગવર્નન્સ પ્રોજેક્ટ અન્વયે ઉભા કરાયેલ સિવિક સેન્ટરો મારફતે વર્ષ દરમિયાન કુલ ૧,૫૨,૬૯૭ જન્મ-મરણ પ્રમાણપત્ર માટેની અરજીઓનો નિકાલ કરાયેલ છે.તથા તેની ફી મારફતે રૂા.૧,૧૦,૪૫,૧૪૧/- નાણાં ખાતે જમા આપેલ છે.જેની વિગત સામેલ પત્રક દ્વારા આપેલ છે.
- વર્ષ દરમિયાન ટી.ડી.ઓ. ફીની કુલ ૪૨,૧૭૮ રીસીપ્ટો દ્વારા કુલ રૂા.૫૪૭,૩૦,૮૩,૩૯૫/- આવક મળેલ છે.
- સિવિક સેન્ટરમાં હોલ બુકીંગ મોડયુલ કાર્યરત કરેલ છે જેમાં કુલ ૪૯૩૩ ટ્રાન્ઝેક્શન્સ દ્વારા કુલ રૂા.૪,૦૮,૭૫,૭૩૮/- આવક મળેલ છે.
- બીલ્ડીંગ પ્લાનની કુલ ૪૪૮ રીસીપ્ટો દ્વારા કુલ રૂા.૫૯,૯૭,૭૨૭/- ની આવક મળેલ છે.

- ઇમ્પેક્ટ ફીની કુલ ૫૫,૭૧૨ રીસીપ્ટો દ્વારા કુલ રૂા.૧૧૮,૦૧,૬૬,૫૦૪/- ની આવક મળેલ છે.
- આવાસ યોજના હેઠળ કુલ ૧૭૧ રીસીપ્ટો દ્વારા કુલ રૂા.૩૪,૨૦,૦૦૦/- ની આવક મળેલ છે.
- પ્રોપર્ટી ટેક્ષ નામ ટ્રાન્સફર ફીની કુલ ૨૧,૯૭૧ રીસીપ્ટો દ્વારા કુલ રૂા.૧,૨૧,૪૫,૫૧૨/- ની આવક મળેલ છે.
- અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ઇ-ગવર્નન્સ પ્રોજેક્ટ અન્વયે ઉભા કરાયેલ સિવિક સેન્ટરો તથા ઓનલાઇન કલેક્શન મારફતે વર્ષ દરમિયાન કુલ ૧૨,૦૫,૭૧૧ રીસીપ્ટો દ્વારા રૂા.૭૪૩,૪૬,૩૨,૮૭૮/- પ્રોપર્ટી ટેક્ષ વસુલ કરી નાણાં ખાતે જમા આપેલ છે. જેની વિગત સામેલ પત્રક દ્વારા આપેલ છે.
- અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ઇ-ગવર્નન્સ પ્રોજેક્ટ અન્વયે ઉભા કરાયેલ સિવિક સેન્ટરો મારફતે વર્ષ દરમિયાન કુલ ૨,૧૧,૬૫૯ રીસીપ્ટો દ્વારા રૂા.૧૧૩,૧૪,૪૩,૧૧૦/- વ્યવસાય વેરો વસુલ કરી નાણાં ખાતે જમા આપેલ છે. જેની વિગત સામેલ પત્રક દ્વારા આપેલ છે.
- વ્હીકલ ટેક્ષ સિસ્ટમમાં સીટી સિવિક સેન્ટરો ઉપર વ્હીકલ ટેક્ષ પેટે કુલ ૧,૭૮,૦૨૩ રીસીપ્ટો દ્વારા રૂા.૬૨,૧૯,૮૪,૧૮૫/- નો ટેક્ષ રીકવર કરેલ છે.
- રાઇટ ટુ ઇન્ફોર્મેશન અન્વયે સિવિક સેન્ટર્સ ખાતે અરજીઓ સ્વીકારવાની વ્યવસ્થા કરી આ અરજીઓ જે તે વિભાગને નિયમિત મોકલી અપાયેલ છે.જેમાં કુલ ૯,૪૫૪ અરજીઓ સ્વીકારી રૂા.૧,૩૮,૮૨૦/- વસુલ કરેલ છે.
- વધુમાં એકાઉન્ટ ખાતાની જરૂરીયાત મુજબ ઝોન વાઇઝ બજેટ નોંધણી મોડયુલ અમલીકૃત કરેલ છે. જેથી તમામ કામોની નોંધણીનું સેન્ટ્રલાઇઝ મોનીટરીગ થઇ શકે.
- પે-રોલ અંગેની ડેટા એન્ટ્રી સીધી બીલ ક્લાર્ક મારફતે થઇ શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી.
- કર્મચારીઓના પી.એફ.લોનના ફોર્મ મેન્યુઅલી ભરવામાં આવતાં હતાં જે હવે બીલક્લાર્ક દ્વારા ઓનલાઇન ભરી શકાય તેવી વ્યવસ્થા કરવામાં આવી.
- વેલ્ફેર લોન ફોર્મ મેન્યુઅલી ભરવામાં આવતાં હતાં જે હવે બીલક્લાર્ક દ્વારા ઓનલાઇન ભરી શકાય તેવી વ્યવસ્થા કરવામાં આવી.
- **કોમ્પ્રીહેન્સીવ કમ્પ્લેઇન્ટ રીડ્રેસલ સીસ્ટમ (CCRS) :** અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા નાગરીકોને પડતી મુશ્કેલી તથા તેઓની ફરીયાદ બાબતે જાણકારી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સુધી પહોંચાડવા માટે એક સર્વગ્રાહી ફરીયાદ નિવારણ પધ્ધતિનું અમલીકરણ કરેલ છે. આ માટે **M/s.VBSoft (India) Ltd.** દ્વારા સોફ્ટવેર, હાર્ડવેર તથા મેનપાવર પુરો પાડવામાં આવેલ છે. સી.સી.આર.એસ. સિસ્ટમના ભાગરૂપે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં એક કોલ સેન્ટર ઉભું કરવામાં આવેલ છે. જે સવારે ૬.૦૦ થી રાત્રે ૧૦.૦૦ વાગ્યા સુધી કાર્યરત રહે છે. કોલ સેન્ટર સિવાય અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ૬૪ વોર્ડ ઓફિસ તથા ૬ ઝોનલ ઓફિસ ખાતે આવેલ ફરીયાદ નિવારણ કક્ષ મારફતે પણ ફરીયાદ નોંધાવી શકે છે. તથા ઇન્ટરનેટના માધ્યમથી પણ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની વેબસાઇટ www.egovamc.com પરથી ફરીયાદ નોંધાવી શકે છે. આમ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના કુલ ૨૪ ડીપાર્ટમેન્ટની ૨૦૫ પ્રકારની અલગ અલગ કમ્પ્લેઇનને અલગ અલગ માધ્યમ દ્વારા એક સિસ્ટમ હેઠળ આવરી લેવામાં આવેલ છે. ફરીયાદ નોંધાવ્યાની સાથે તેમના મોબાઇલ પર આ અંગેનો મેસેજ મોકલી આપવામાં આવે છે. ફરીયાદ નોંધાવ્યાની જાણ અધિકારીને પણ એસ.એમ.એસ. મારફતે કરવામાં આવે છે. ત્યાર બાદ અધિકારી/કર્મચારી દ્વારા ફરીયાદને લગતી કામગીરી કર્યાની જાણકારી કોઇ પણ વોર્ડ ઓફિસ કે ઝોનલ ઓફિસના ફરીયાદ નિવારણ કક્ષમાં જાણ કર્યેથી ફરીયાદીની સંમતિ સાથે ફરીયાદ બંધ કરવામાં આવે છે. આમ કરવાથી સમગ્ર ફરીયાદ નિવારણ પધ્ધતિમાં પારદર્શિતા લાવેલ છે અને ફરીયાદ કરનાર નાગરીકને ફરીયાદ કયા તબક્કા પર છે તેની માહિતી પણ મળી રહે છે.

  જેથી કરીને કમ્પ્લેઇનનો નિકાલ થયા અંગેનો તથા કમ્પ્લેઇનના પ્રકારની અને વિસ્તાર અંગેની સંપૂર્ણ માહિતી એક જ જગ્યાએથી ઉપલબ્ધ થાય છે. સમયાંતરે એકત્રિત કરેલ કમ્પ્લેઇનના ડેટા તથા શહેરને લગતા વિવિધ પ્રશ્નોનું આધુનિક પધ્ધતિ દ્વારા પૃથક્કરણ કરી મળેલ માહિતીનો ભવિષ્યમાં કરવામાં આવનાર જાહેર કામોમાં ઉપયોગ કરવાથી આવી ફરીયાદો આવતી અટકાવી શકાય છ

૨.૬ ઈલેકશન ખાતુ

૨૦૧૪-૧૫

૧.	તા.૦૫/૦૩/૨૦૧૪ ના રોજ લોકસભાની સામાન્ય ચુંટણી-૨૦૧૪ ની જાહેરાત થતા જ મહાનગરપાલિકા હદ વિસ્તારમાં જાહેર તેમજ ખાનગી જગ્યાઓ ઉપર ધજા-પતાકા, તોરણ, બેનર્સ, પોસ્ટર, હોર્ડીંગ્સ, દિવાલ પરના લખાણો વિગેરે જેવી આચારસંહિતા ભંગને લગતી બાબતો જણાય તો તેને તાત્કાલીક ઉતારી લેવા કલેક્ટર કચેરીમાં મિટીંગનું આયોજન કરવામાં આવેલ અને ઝોનવાઈઝ નોડલ ઓફિસર અને આસી.મ્યુનિ.કશિનરશ્રી તથા ઝોનવાઈઝ ડે.એસ્ટેટ ઓફિસર શ્રીઓની રાહબરી હેઠળ રાઉન્ડ ધ કલોક દબાણની ગાડી, સ્ટાફ વિગેરે રાખી આચારસંહિતા અમલીરકણની કામગીરી સચોટ અને અસરકારક રીતે થાય તે માટે એક ઝુંબેશ ચલાવવામાં આવેલ અને ઝોનવાઈઝ કરવમાં આવેલ કામગીરીનો રીપોર્ટ ચીફ નોડલ ઓફિસર શ્રી, આચારસંહિતા અમલીકરણ અને નિવાસી અધિક કલેક્ટર, અમદાવાદને કરવામાં આવેલ. આ ઉપરાંત રોજે-રોજ કરવામાં આવેલ આચારસંહિતાના અમલીકરણની કામગીરીનો દૈનિક રીપોર્ટ મ્યુનિસિપલ કમિશનરશ્રી, ડે.મ્યુનિ.કમિશનર (ઈલેક્શન)શ્રી, તેમજ ચીફ નોડલ ઓફિસર શ્રી, આચારસંહિતા અમલીકરણ અને નિવાસી અધિક કલેક્ટર, અમદાવાદને કરવામાં આવેલ. ઈલેકશન વિભાગના કર્મચારીઓ દ્વારા આચારસંહિતા ભંગને લગતી ફરીયાદો ફરીયાદ રજીસ્ટરમાં નોંધી સંબંધિત ઝોનમાં તે ફરીયાદનો નીકાલ કરવાની કામગીરીનો મેસેજ/સુચના આપવાની કાર્યવાહી કરી તેનો ઈલેક્શન ખાતા દ્વારા ચીફ નોડલ ઓફિસર શ્રી, આચારસંહિતા અમલીકરણ અને નિવાસી અધિક કલેક્ટર, અમદાવાદના સંકલનમાં રહી જે તે આચારસંહિતા ભંગની આવેલ ફરીયાદોનો હકીકતલક્ષી અહેવાલ પાઠવવાની કામગીરી કરવામાં આવેલ.
૨.	ભારતના સેન્સસ વિભાગ દ્વારા સને-૨૦૧૧ની વસ્તી ગણતરીના આંકડાની જાહેરાત કરવામાં આવતા નિયામકશ્રી, વસ્તી ગણતરી વિભાગ, ગાંધીનગર થી અમદાવાદ મહાનગરપાલિકામાં સમાવિષ્ટ વિસ્તારના સેન્સસ વોર્ડોની વસ્તીના આંકડા મેળવવામાં આવેલ. સેન્સસ વિભાગમાંથી સને-૨૦૧૧ મુજબ અમદાવાદ મહાનગરપાલિકા હદ વિસ્તારમાં સમાવિષ્ટ વિસ્તારોની સેન્સસ વોર્ડ (જુના સીમાંકન મુજબ કુલ-૪૩ ઈલેક્શન વોર્ડો તથા નવા સમાવિષ્ટ વિસ્તારોના કુલ-૧૪ ઈલેક્શન વોર્ડો મળી કુલ-૫૭) મુજબ વસ્તીના આશરે ૧૨૫૦૦ બ્લોકના નક્શા મેળવી તેના ઉપરથી સેન્સસ વોર્ડ/બ્લોક વાર સરનામાઓ/લોકેશનોની યાદી તૈયાર કરી અને ઈલે.વોર્ડ નં. ૧ થી ૬૪માં નવા સેન્સસ બ્લોક નંબરો દર્શાવવાની કામગીરી કરવામાં આવેલ છે.
૩.	અમદાવાદ મહાનગરપાલિકાના ઈલે.વોર્ડ નં.૪૬, કાંકરીયાની પેટા ચુંટણી અંગે રા.ચુ.આ., ગાંધીનગર દ્વારા પુર્વ તૈયારી બાબતે આદેશ કરવામાં આવેલ અને સદર વોર્ડની ચુંટણી તા.૧૨/૧૦/૨૦૧૪ ના રોજ યોજવા જણાવવામાં આવેલ. સદરહુ પેટા-ચુંટણીને અનુલક્ષીને પાળવાની થતી આદર્શ આચારસંહિતા અન્વયે મહાનગરપાલિકાના વિવિધ ડીપાર્ટમેન્ટ સાથે સંયોજન ગોઠવી તેનું સચોટ રીતે કોઇ પણ ગુંચ વિના પાલન કરવામાં આવેલ તથા સદરહુ વોર્ડમાં આવેલ તમામ મતદાન મથકો ઉપર રેમ્પની સગવડ પુરી પાડવા તથા મહાનગરપાલિકા હસ્તકની શાળાઓમાં આવેલ મતદાન મથકો મતદાનને અનુરૂપ બને તે માટે પણ મહાનગરપાલિકાના સંબંધિત વિભાગો જેવા કે લાઇટ, એન્જીનીયરીગ સાથે સંયોજન ગોઠવી યોગ્ય રીતે આ કામ પૂર્ણ કરવામાં આવેલ. સદરહુ પેટા-ચુંટણીમાં જરૂરી અવિલોપ્ય શાહી મૈસુર પેઇન્ટ્સ એન્ડ વાર્નિશમાંથી મેળવવા બાબત પત્ર દ્વારા તે કંપનીમાંથી ભાવ વિગેરે મેળવી અવિલોપ્ય શાહીનો નિયત જથ્થો મંગાવી નિયુકત ચુંટણી અધિકારીશ્રીને પહોંચતી કરવામાં આવેલ. તથા નિયુકત ચુંટણી અધિકારીશ્રીને પેટા-ચુંટણી માટે ઉપયોગમાં લેવા જરૂરી પ્રાથમિક તબક્કાનું સાહિત્ય, સાધન-સામગ્રી, જથ્થો, ચુંટણી ગ્રાંટ વિગેરે વર્ગીકૃત કરી ચોકકસ સમયમર્યાદામાં તેઓને પુરું પાડવામાં આવેલ ત્યાર બાદ બીજા તબ્બકામાં મતદાન મથકે ઉપયોગમાં લેવાની થતી તમામ સાધન-સામગ્રીની મતદાન મથક દીઠ કિટસ તૈયાર કરી નિયુકત ચુંટણી અધિકારીશ્રીને પહોંચતી કરવામાં આવેલ તેમજ મતગણતરી સમયે જરૂરી તમામ સાધન-સામગ્રીનો જથ્થો નિયુકત ચુંટણી અધિકારીશ્રીને સમયમર્યાદામાં પુરો પાડવામાં આવેલ.

૪.	અમદાવાદ મહાનગરપાલિકાના ઈલે.વોર્ડ નં.૪૩, બહેરામપુરાની પેટા ચુંટણી અંગે રા.ચુ.આ., ગાંધીનગર દ્વારા પુર્વ તૈયારી બાબતે આદેશ કરવામાં આવેલ અને સદર વોર્ડની ચુંટણી તા.૦૮/૦૨/૨૦૧૫ ના રોજ યોજવા જણાવવામાં આવેલ. સદરહુ પેટા-ચુંટણીને અનુલક્ષીને પાળવાની થતી આદર્શ આચારસંહિતા અન્વયે મહાનગરપાલિકાના વિવિધ ડીપાર્ટમેન્ટ સાથે સંયોજન ગોઠવી તેનું સચોટ રીતે કોઇ પણ ગુંચ વિના પાલન કરવામાં આવેલ તથા સદરહુ વોર્ડમાં આવેલ તમામ મતદાન મથકો ઉપર રેમ્પની સગવડ પુરી પાડવા તથા મહાનગરપાલિકા હસ્તકની શાળાઓમાં આવેલ મતદાન મથકો મતદાનને અનુરૂપ બને તે માટે પણ મહાનગરપાલિકાના સંબંધિત વિભાગો જેવા કે લાઇટ, એન્જીનીયરીગ સાથે સંયોજન ગોઠવી યોગ્ય રીતે આ કામ પૂર્ણ કરવામાં આવેલ. સદરહુ પેટા-ચુંટણીમાં જરૂરી અવિલોપ્ય શાહી મૈસુર પેઇન્ટ્સ એન્ડ વાર્નિશમાંથી મેળવવા બાબત પત્ર દ્વારા તે કંપનીમાંથી ભાવ વિગેરે મેળવી અવિલોપ્ય શાહીનો નિયત જથ્થો મંગાવી નિયુકત ચુંટણી અધિકારીશ્રીને પહોંચતી કરવામાં આવેલ. તથા નિયુકત ચુંટણી અધિકારીશ્રીને પેટા-ચુંટણી માટે ઉપયોગમાં લેવા જરૂરી પ્રાથમિક તબક્કાનું સાહિત્ય, સાધન-સામગ્રી, જથ્થો, ચુંટણી ગ્રાંટ વિગેરે વર્ગીકૃત કરી ચોકકસ સમયમર્યાદામાં તેઓને પુરું પાડવામાં આવેલ ત્યાર બાદ બીજા તબ્બકામાં મતદાન મથકે ઉપયોગમાં લેવાની થતી તમામ સાધન-સામગ્રીની મતદાન મથક દીઠ કિટસ તૈયાર કરી નિયુકત ચુંટણી અધિકારીશ્રીને પહોંચતી કરવામાં આવેલ તેમજ મતગણતરી સમયે જરૂરી તમામ સાધન-સામગ્રીનો જથ્થો નિયુકત ચુંટણી અધિકારીશ્રીને સમયમર્યાદામાં પુરો પાડવામાં આવેલ.
૫	અમદાવાદ મહાનગરપાલિકાના વોર્ડની રચના/સિમાંકન અને બેઠક ફાળવણી અંગેની દરખાસ્ત તૈયાર કરવા માટે રાજ્ય સરકાર દ્વારા છેલ્લામાં છેલ્લી પ્રવર્તમાન સૂચનાઓ મુજબ પછાત વર્ગ તરીકે જાહેર થયેલ જાતીઓને આધાર તરીકે લઇ સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની વસ્તીના આંકડા તેમજ તેના આધારે ટકાવારી નક્કી કરવા માટે સને-૨૦૧૧ના સેન્સસ વોર્ડવાર/બ્લોકવાર સા.શૈ.પછાત વર્ગનો મહાનગરપાલિકાના અધિકારી કક્ષાએથી સર્વે કરાવી નવા સૂચિત ઇલેક્શન વોર્ડ રચના મુજબ સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની વસ્તીના આંકડા તૈયાર કરવાની કામગીરી કરવામાં આવેલ છે.
૬.	સચિવશ્રી, રાજ્ય ચુંટણી આયોગ, ગાંધીનગરના પરિપત્ર ક્રમાંકઃ રાચઆ/સમક/સ્થા.સ્વ./૧૩૯/૦૯૨૦૧૩/ક તા.૧૬/૦૯/૨૦૧૩ની માર્ગદર્શક સુચનાઓ તેમજ નાયબ સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના અંગ્રેજી જાહેરનામા પત્ર ક્રમાંકઃ KV-194 of 2014-ELE-102014-1701-P Dt.04/12/2014 અનુસંધાને સને-૨૦૧૧ ની વસ્તી ગણના મુજબ અમદવાદ મહાનગરપાલિકાના હયાત ઇલે.વોર્ડ નં. ૧ થી ૬૪માં સમાવિષ્ટ સમગ્ર વિસ્તારોને કુલ ૪૮- ઇલેકશન વોર્ડોમાં વિભાજીત કરી તેની વોર્ડોની રચના, સિમાંકન તથા બેઠકો ફાળવણી અંગેની દરખાસ્ત તૈયાર કરવા સંદર્ભે ઝોનવાર એસ્ટેટ/ટી.ડી.ઓ. ખાતાના અધિકારી/કર્મચારીઓ સાથે સંકલનમાં રહી મહાનગરપાલિકાના ઇલે.વોર્ડોના નક્શાઓ તૈયાર કરવા માટે સરનામાઓ/લોકેશનોને નક્શામાં દર્શાવવા અર્થે સ્થળ તપાસ કરાવી તથા સેન્સસ બ્લોકની હદોનું પણ નક્શામાં નિરૂપણ કરાવી નક્શાઓમાં દર્શાવી અને રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર દ્વારા નિયત કરવામાં આવેલ નમુના નં.૧ થી ૮ તૈયાર કરી અને તે આધારે વોર્ડોની રચના, સિમાંકન તથા બેઠકો ફાળવણી અંગેની દરખાસ્ત અર્થે કલેક્ટર અને જીલ્લા ચૂંટણી અધિકારીશ્રી, અમદાવાદ તરફ મોકલી આપવામાં આવેલ છે.
૭	અમદાવાદ મહાનગરપાલિકાના કુલ-૪ ઇલેકશન વોર્ડોમાં કોર્ટ લીટીગેશન તથા કુલ-૩ ઇલેકશન વોર્ડોમાં ચુંટાયેલા કાઉન્સીલરશ્રીઓને ગેરલાયક ઠરાવવા અંગે ન્યાયીક પ્રક્રિયા ચાલુ છે. તે સંદર્ભે જરૂરી પત્ર વ્યવહારની તથા મુદતના સમયે કોર્ટમાં હાજર રહેવાની કામગીરીઓ પણ કરવામાં આવેલ છે. ઉક્ત વિગતમાં દર્શાવ્યા પ્રમાણે મહાનગરપાલિકાની સામાન્ય ચૂંટણી-૨૦૧૦ અન્વયે સ્ટ્રોંગ રૂમમાં સીલ ઇ.વી.એમ. ઇરેઝ કરવાની કામગીરી પ્રક્રિયામાં છે.

૨.૭ વેલ્ફેર ખાતુ

૨૦૧૪-૧૫

અમદાવાદ મ્યુનિ.કોર્પોરેશનના કર્મચારીઓના વ્યાપક હિતોને લગતી કલ્યાણકારી પ્રવૃત્તિ દ્વારા સંસ્થા અને કર્મચારી આલમ વચ્ચે કડીરૂપ ભુમિકા ભજવતા વેલ્ફેર ખાતાની કામગીરીની રૂપરેખા નીચે મુજબ છે.

૧. નોકરી દરમ્યાન અવસાન પામેલ કર્મચારીના કુંટુબ માટે : -(રાજય સરકારનાધારા ધોરણ મુજબ)

નોકરી દરમ્યાન અવસાન પામેલ કર્મચારીઓના નિરાધાર થતા કુટુંબને સહાયરૂપ થવા તેઓના આશ્રિતને અગ્રિમતાના ધોરણે નોકરી આપવાના એડમી.ઠ.નં.૧૩૭૫ તા.૦૨.૧૨.૭૫ મુજબ આશ્રિતોને વર્ગ ૩ તથા વર્ગ ૪ માં નોકરી આપવામાં આવતી હતી. ત્યાર બાદ રાજય સરકારના ઠરાવ નં ૨હમ-૧૦૨૦૦૯-૧૬૫૧-ક, તા. ૦૫/૦૭/૨૦૧૧ થી રહેમરાહે નોકરીના બદલે ઉચ્ચક નાણાંકીય સહાય ચુકવવા માટે ઠરાવ કરવામાં આવેલ તેનો અમલ કરવા માટે માટે સ્ટે.કમિટી ઠરાવ નં ૧૦૨૨ તા.૦૨.૦૯.૧૧ તથા મ્યુનિસિપલ કોર્પોરેશન ઠરાવ નં ૧૬૫૫ તા.૩૦.૦૯.૨૦૧૧ થી મંજૂરી મળેલ હોવાથી સેન્ટ્રલ ઓફીસ સરકયુલર નંબર ૪૨ તા.૦૮.૧૨.૧૧ કરવામાં આવેલ.

ક્રમ	**મૃત્યુ પામનાર કર્મચારીની સેવાનો બાકી રહેતો સમયગાળો**	**ઉચ્ચક નાણાંકીય સહાય**
૧.	**૨૦ વર્ષ કે તેથી વધુ સેવા બાકી હોય**	**રુ.૬ લાખ**
૨.	**૨૦ વર્ષથી ઓછી પણ ૧૦ વર્ષ કે તેથી વધુ સેવા બાકી હોય**	**રુ.૫ લાખ**
૩.	**૧૦ વર્ષથી ઓછી સેવા બાકી હોય**	**રુ.૪ લાખ**

ત્યાર બાદ આ અંગે સેન્ટ્રલ ઓફીસ સરકયુલર નં ૫૦ તા.૧૨.૧૨.૧૧ થી ચાલુ ફરજ દરમ્યાન અવસાનર પામનાર વર્ગ ૩ તથા વર્ગ ૪ ના કર્મચારીના પેન્શનપાત્ર કુટુંબના સભ્યને નાણાંકીય સહાય મેળવવા સંબંધિત ખાતાના બીલ કલાર્ક મારફતે જરૂરી પ્રક્રિયા કરી નાણાંકીય સહાય મેળવવા કાર્યવાહી કરવા જાણ કરવામાં આવેલ છે. જે મુજબ અગાઉની પેન્ડિગ અરજીઓવાળા અરજદારોને પણ નાણાંકીય સહાય ચુકવવામાં આવેલ છે.

ગત વર્ષની બાકી અરજીઓ	૧૨૦
ચાલુ વર્ષમાં નવી આવેલ અરજીઓ	૬૮
વર્ષ ૨૦૧૪-૨૦૧૫ ની કુલ અરજીઓ	૧૮૮
વર્ષ ૨૦૧૪-૨૦૧૫ માં નિકાલ કરેલ અરજીઓ	૧૦૯
વર્ષના અંતે બાકી અરજીઓ	૭૯

આમ ચાલુ ફરજ દરમ્યાન અવસાન પામેલ વર્ગ ૩ ના ૧૫ તથા તથા વર્ગ ૪ ના ૫૫ મળી કુલ ૭૦ કર્મચારીઓના કુટુંબના પેન્શનપાત્ર વ્યકિતને ઉપરોંકત નીતી મુજબ કુલ રૂા.૨,૯૪,૦૦,૦૦૦/- (અંકે રૂા. બે કરોડ ચોરાણુ લાખ પુરા) નાણાંકીય સહાય ચુકવવામાં આવેલ છે. જયારે ૩૯ અરજીઓ દફતરે કરેલ છે.

૨. ઈજનેર મેનહોલ ખાતામાં અવસાન પામેલ તેમજ અનફીટ થયેલ કર્મચારીના કુટુંબ માટેઃ-(આઈ. આર. ખાતાના નિયમો મુજબ)

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ઈજનેર મેનહોલ ખાતામાં નોકરી દરમ્યાન અવસાન પામેલ તેમજ અનફીટ થયેલ કર્મચારીઓના આશ્રીત વારસદારોને સ્ટે.કમિટી ઠ.નં.૧૨૯૬ તા.૧૯.૦૧.૦૬ તથા મ્યુનિ.કોર્પેરેશન ઠ.નં.૧૦૯૩ તા.૨૭.૦૨.૦૬થી મળેલ મંજુરી અનુસાર નોકરી આપવામાં આવે છે. સદર વર્ષ દરમ્યાન આવેલી દરખાસ્તો અંગેની વિગતો નીચે મુજબ છે

ગત વર્ષની બાકી અરજીઓ	૨૬
ચાલુ વર્ષમાં નવી આવેલ અરજીઓ	૬૧
વર્ષ ૨૦૧૪-૨૦૧૫ ની કુલ અરજીઓ	૮૭
વર્ષ ૨૦૧૪-૨૦૧૫ માં નિકાલ કરેલ અરજીઓ	૬૬
વર્ષના અંતે બાકી અરજીઓ	૨૧

આમ વર્ષ ૨૦૧૪-૨૦૧૫ માં કુલ ૬૬ આશ્રિતોને રહેમરાહે નોકરી આપવામાં આવેલ છે. કુલ ૬૬ અરજીઓનો નિકાલ કરવામાં આવેલ છે. બાકી કેસો રહેવાનું કારણ એ છે કે જુદા જુદા ખાતાઓ તરફથી અધૂરી દરખાસ્તો આવે છે. તથા અરજદારો તરફથી પૂરતાં પૂરાવા રજુ કરવામાં આવતા નથી.

આમ ઉપર મુજબ રાજય સરકારના નિતી નિયમો મુજબ તથા મેનહોલ ખાતાના નિયમો મુજબ જરૂરી કાર્યવાહી સેન્ટ્રલ ઓફિસ વેલ્ફેર ખાતા મારફત કરવામાં આવે છે.

મૃત્યુ રાહત યોજના :

મૃત્યુ જેવી અણધારી આપત્તિમાં સહાયરૂપ થવા " મૃત્યુ રાહત યોજના " હેઠળ અવસાન પામેલ મ્યુનિ કર્મચારીઓના વારસદારોને તા.૩૦.૦૬.૯૭ ના ઠરાવ નંબર.૧૧૭૧ થી રૂા.૨૫૦૦/- ની સહાય વેલ્ફેર ફંડમાંથી આપવામાં આવે છે. સદર વર્ષ દરમ્યાન રાહત યોજનાનો લાભ મૃત્યુ પામેલ ૧૦૩ કર્મચારીઓના વારસદારોને જે તે સબંધિત ખાતા દ્વારા આપવામાં આવેલ છે.

૩. ઘોડીયા ઘરની વ્યવસ્થા :

મ્યુનિસિપલ કંમ્પાઉન્ડમાં ફરજ બજાવતી મહિલા કર્મચારીઓનાં નાના બાળકોની સાર સંભાળ માટે ઘોડિયાઘરની પ્રવૃત્તિ ચલાવવામાં આવે છે. જેમાં મહિલા કર્મચારીઓના બાળકોની સાર સંભાળ રાખવા માટે (૧) એક આયા રાખવામાં આવેલ છે. સદર વર્ષમાં એવરેજ ૫ બાળકોએ લાભ લીધેલ હતો.

લેડીઝ રૂમ :

મ્યુનિસિપલ કંમ્પાઉન્ડમાં મહિલા કર્મચારીઓ માટે લેડીઝરૂમ ચલાવવામાં આવે છે. અને તે લેડીઝરૂમની જરૂરિયાત મુજબ ચીજ વસ્તુઓ વેલ્ફેર ખાતેથી આપવામાં આવે છે.

૪. ગ્રુપ વિમા યોજના :

સ્ટેન્ડિંગ કમિટી ઠરાવ નં.૧૫૨૨ તા.૨૬.૦૩.૯૮ મુજબ તા.૦૧.૦૪.૯૮ થી રાજય સરકારના ધોરણે ગ્રુપ વિમા યોજનાની સ્કીમ અમલમાં આવેલ છે. જેમાં ગ્રેડ વાઇઝ કપાત , રિસ્ક પ્રિમીયમ તથા વેલ્ફેર ખાતા દ્વારા આપવામાં આવતા રિબેટની રકમ નીચે મુજબ છે.

કેટેગરી	કર્મચારીની	માસિક	કુલ જી.આઇ.એસ.	રિસ્ક પ્રિમીયમ	રીબેટ
એ	૪૮૯	૪૦૦/-	૨૩૪૭૨૦૦	૭૦૪૧૬૦	૧૭૬૦૪૦
બી	૪૧૭	૨૦૦/-	૧૦૦૦૮૦૦	૩૦૦૨૪૦	૭૫૦૬૦
સી	૩૧૫૧	૧૦૦/-	૩૭૮૧૨૦૦	૧૧૩૪૩૬૦	૩૦૨૪૯૬
ડી	૧૧૯૯૬	૫૦/-	૭૧૯૭૬૦૦	૨૧૫૯૨૮૦	૫૭૫૮૦૮
કુલ	૧૬૦૫૩		૧,૪૩,૨૬,૮૦૦	૪૨૯૮૦૪૦	૧૧૨૯૪૦૪

આમ વેલ્ફેર ખાતા દ્વારા વાર્ષિક આશરે રૂા.૧૧,૨૯,૪૦૪/- (અંકે રૂા.અગ્યાર લાખ ઓગણત્રીસ હજાર ચારસો ચાર પુરાં) જેટલી રકમ ભોગવવાની થાય છે. મ્યુનિસિપલ કર્મચારીઓને મૃત્યુ રાહત પેટે નાણાં ખાતા દ્વારા કુલ રૂા.૨૫૭૫૦૦/- ની રકમ ચૂકવવવામાં આવેલ છે. વેલ્ફેર ખાતા ધ્વારા ઉપર મુજબ કર્મચારી કલ્યાણ પ્રવૃત્તિઓ કરવામાં આવે છે.

૨.૮ લીગલ ખાતુ
૨૦૧૪-૨૦૧૫

લીગલ ખાતા ધ્વારા મ્યુનિ.કોર્પો.ની તમામ પ્રકારની કાનુની કામગીરી હાથ ધરવામાં આવે છે. આ ખાતા ધ્વારા ડે.મ્યુનિ.કમિ.શ્રીઓને અને ખાતાના અધિકારીશ્રીઓને પાવર્સ ડેલીગેશન કરવાની મ્યુનિ.કોર્પો.ના સ્ટેન્ડીંગ ઓર્ડર, બાયલોઝ, રેગ્યુલેશન તથા અન્ય નીતિ નિયમોમાં સુધારા-વધારા કરવાની તથા નિયમો બનાવવાની કામગીરી કરવામાં આવે છે. આ ઉપરાંત જુદી જુદી કોર્ટોમાં મ્યુનિ.કોર્પો. વિરૂધ્ધ દાખલ થતા દાવાઓમાં તથા મ્યુનિ.કોર્પો.તરફથી કરવામાં આવતા દાવાઓમાં વકીલો રોકવાની, વકીલોને ફી ચુકવવાની કોર્ટના ચુકાદાઓનો અમલ કે ચુકાદા વિરૂધ્ધ અપીલ કરવાની બી.પી.એમ.સી. એકટ તથા પી.એફ. એ. એકટ હેઠળની ફરિયાદો દાવાની કામગીરી તમામ ખાતાઓને કાનુની માર્ગદર્શન તથા સલાહ સુચનો આપવાની કામગીરી કરવામાં આવે છે.

અહેવાલવાળા વર્ષ દરમ્યાન નીચે મુજબની કામગીરી કરવામાં આવેલ છે.

૧) મ્યુનિ.કમિ.શ્રીને પોતાની સત્તા બી.પી.એમ.સી. એકટ ૧૯૪૯ની કલમ મુજબ ૪૯(૧) હેઠળ ડે.મ્યુનિ.કમિ.શ્રીઓને અને કલમ-૬૯(૧) નીચે મ્યુનિ.અધિકારીઓને સોંપવાની સત્તા મળેલ છે. અહેવાલવાળા વર્ષમાં ઉપરોકત જોગવાઇ હેઠળ કુલ ૦૩ પાવર ડેલીગેશન ઓર્ડર કરવામાં આવેલા છે.

૨) મ્યુનિ.કોર્પો.ના બાયલોઝ રેગ્યુલેશન, સ્ટેન્ડીંગ ઓર્ડરોમાં સુધારા કરાવવા તથા નવા નિયમો બનાવવા અને જુદા જુદા ખાતાઓમાંથી આવતી દરખાસ્તો સબંધમાં તજવીજ કરવાની નવા નિયમો કે ચાલુ નિયમોમાં સુધારા વધારા સામે જાહેર વાંધાઓ મંગાવવા, વર્તમાનપત્રો તથા ગેઝેટમાં નોટીસે પ્રસિધ્ધ કરાવવાની તથા મંજુર થયેલ દરખાસ્તોને રાજય સરકારની મંજુરી માટે મોકલવાની કામગીરી કરવામાં આવે છે. અહેવાલવાળા વર્ષ દરમ્યાન વિનીયમો તથા કર્મચારીઓની ભરતી અને બઢતી, લાયકાતો અંગેના નિયમો અંગે આર.જી.એન. ઠરાવોથી સુધારા કરવામાં આવે છે.

૩) સુપ્રિમકોર્ટ, હાઇકોર્ટ, સીટી સીવીલ કોર્ટ, સ્મોલકોઝ કોર્ટ, સેસન્સ કોર્ટ, મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ કોર્ટમાં મ્યુનિ.કોર્પો. વિરૂધ્ધ થતા અને અ.મ્યુ.કો. ધ્વારા દાખલ કરવામાં આવતા કેસોમાં મ્યુનિ.કોર્પો. તરફથી રજુઆત (બચાવ) કરવા માટે કોર્ટવાઇઝ એડવોકેટોની પેનલ રોકવામાં આવે છે. ઉપરોકત કોર્ટ ધ્વારા આપવામાં આવતા ચુકાદા હુકમો કે એવોર્ડને જે તે ખાતામાં મોકલી આપી અમલ કરવાની તથા જરૂર જણાય તો જુદા જુદા ચુકાદા વિરૂધ્ધ અપીલ કરાવવાની તજવીજ કરવામાં આવે છે. અહેવાલી વર્ષમાં ઉપરોકત કોર્ટોમાં નીચે મુજબની કામગીરી થયેલ છે.

(અ) સીટી સીવીલ કોર્ટમાં વર્ષની શરૂઆતમાં ૯૭૪૭ દાવા પેન્ડીંગ હતા. વર્ષ દરમ્યાન ૬૮૭ નવા કેસો દાખલ થયેલા છે. વર્ષ દરમ્યાન ૮૩ કેસોનો નિકાલ થયેલ છે. જે પૈકી મ્યુનિ.કોર્પોની વિરૂધ્ધમાં ૦૨ દાવાઓ, અને ૮૧ દાવાઓનો તરફેણમાં નિકાલ થયેલ છે. આમ, વર્ષના અંતે ૧૦૩૫૧ દાવાઓ બાકી રહેલ છે.

(બ) મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ કોર્ટ નં. ૬ તથા કોર્ટ નં. ૮માં પી.એફ.એ. હેઠળની ફરીયાદ અને બી.પી.એમ.સી. એકટ હેઠળની ફરીયાદો કે દાવાઓ દાખલ થાય છે. મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટની કોર્ટમાં વર્ષની શરૂઆતમાં કોર્ટોમાં કેસો ૧૯૧૩ પેન્ડીગ હતા. વર્ષ દરમ્યાન ૦૬ નવા કેસો દાખલ થયેલ છે. વર્ષ દરમ્યાન ૭૬ કેસોનો નિકાલ થયેલ છે. જે પૈકી મ્યુનિ. કોર્પો.ની વિરૂધ્ધ ૭૨ કેસો અને મ્યુનિ.કોર્પો.ની તરફેણમાં ૦૪ કેસાનો નિકાલ થયેલ છે. આમ, વર્ષના અંતે કુલ ૧૮૪૩ કેસો બાકી રહેલા છે.

(ક) હાઇકોર્ટમા ચાલતા કેસોમાં જુદા જુદા એડવોકેટોની પેનલો રોકવામાં આવે છે. જે તે કેસોની અગત્યતા અને કેસની વિગત (વિષયો)ને લક્ષમાં લઇને પેનલ ઉપરના એડવોકેટોને બ્રીફ આપવામાં આવે છે. હાઇકોર્ટમાં વર્ષની શરૂઆતમાં ૩૬૩૪ કેસો પેન્ડીંગ હતા. વર્ષ દરમ્યાન ૩૧૮ નવા કેસો દાખલ થયેલ છે. વર્ષ દરમ્યાન ૨૫૫ કેસોનો નિકાલ થયેલ છે. જે પૈકી મ્યુનિ.કોર્પોના વિરૂધ્ધમાં ૧૮ અને તરફેણમાં ૨૩૭ કેસોનો નિકાલ થયેલ છે. આમ, વર્ષના અંત કુલે ૩૬૯૭ કેસો બાકી રહેલ છે.

(ડ) સ્મોલ કોઝ કોર્ટમાં વર્ષની શરૂઆતમાં પ્રોપર્ટી ટેક્ષ સિવાયના કુલ ૨૪૯ કેસો પેન્ડીંગ હતા. વર્ષ દરમ્યાન ૧૫ નવા કેસો દાખલ થયેલા છે. વર્ષ દરમ્યાન ૧૬ કેસોનો નિકાલ થયેલ છે, તે પૈકી મ્યુનિ.કોર્પો. વિરૂધ્ધમા ૦૪ કેસો, તરફેણમાં ૧૨ કેસનો નિકાલ થયેલ છે. આમ, વર્ષના અંતે કુલ ૨૪૮ કેસો બાકી રહેલ છે.

(ઇ) પ્રોપર્ટી ટેક્ષ અંગેની મ્યુનિ. વેલ્યુએશન અપીલો વર્ષની શરૂઆતમાં ૪૯૭ બાકી હતી. વર્ષ દરમ્યાન ૨૧ નવી એમ.વી.એ દાખલ થયેલ છે. વર્ષ દરમ્યાન ૩૨ કેસોનો નિકાલ થયેલ છે. જે પૈકી મ્યુનિ.કોર્પો.ની વિરૂધ્ધમાં ૦૦ કેસો,તરફેણમાં ૩૨ કેસો આવેલ છે. આમ, વર્ષના અંતે કુલ ૪૮૬ કેસો બાકી રહેલ છે.

(એફ) સુપ્રિમ કોર્ટમાં વર્ષની શરૂઆતમાં ૭૩ કેસો પેન્ડીંગ હતા. વર્ષ દરમ્યાન ૧૩ નવા કેસો દાખલ થયેલા છે. વર્ષ દરમ્યાન ૨૪ કેસોનો નિકાલ થયેલ છે. જે પૈકી મ્યુનિ. કોર્પો. વિરૂધ્ધમાં ૦૨ કેસો, તરફેણમાં ૨૨ કેસોનો નિકાલ થયેલ છે.આમ, વર્ષના અંતે કુલ ૬૨ કેસ બાકી રહેલ છે.

ઉપરોક્ત કોર્ટોમાં મ્યુનિ.કોર્પો.ના પેનલ ઉપરના એડવોકેટોને નિયત કરેલ ફી ચુકવવામાં આવે છે. કેસની અગત્યના ધ્યાનમાં લઇ સ્પે.ફી થી પણ સીની.કાઉન્સીલરો રોકવામાં આવે છે. વર્ષ દરમ્યાન મ્યુનિ. એડવોકેટોને રૂા. ૧,૪૩,૪૩,૨૪૨/- પ્રોફેશનલ ફી ચુકવવામાં આવેલ છે.

કોર્ટોની કામગીરી ઉપરાંત લીગલ ખાતા ધ્વારા તમામ ખાતાઓને કાયદાકીય સલાહ સુચનો માર્ગદર્શન, કાનુની અભિપ્રાયો આપવાની કામગીરી સીની. લીગલ આસીસ્ટન્ટ ધ્વારા કરવામાં આવે છે. ઉપરાંત જરૂર પડે પેનલ ઉપરના એડવોકેટસ પાસે પણ અભિપ્રાય લેવામાં આવે છે.

લીગલ ખાતાની કામગીરી સીનીયર લીગલ આસી.શ્રીની સીધી દેખરેખ હેઠળ ઓ. સુપ્રિ.શ્રી, જુની. લીગલ આસી.શ્રી, હેડ કલાર્કશ્રી, સીની. કલાર્ક, જુની. કલાર્ક તથા પટાવાળાઓ સહિત શીડયુલ મુજબ કુલ ૩૩ કર્મચારીઓ ધ્વારા કરવામાં આવે છે. અહેવાલવાળા વર્ષ દરમ્યાન રૂા. ૧,૧૩,૦૭,૩૬૭/- જેટલું એસ્ટાબ્લીશમેન્ટ ખર્ચ થયેલ છે.

Supreme Court Advovate's Fee statement from 01.04.2014 to 31.03.2015

No.	Advocate Name	Total(Rs.)
1	Shree Hementika Wahi	9,56,000/-
2	Shree Mahendra R.Anand	72,500/-
3	Shree Parag P.Tripathi	13,20,000/-
4	Shree L. Nageshwar Rao	15,40,000/-
5	Shree Tushar Mehta	2,00,000/-
6	Shree Sanjay R.Hegde	1,00,150/-
	Total	**41,88,650/-**

Highcourt Advocate's Fees statement from 01.04.2014 to 31.03.2015

No.	Advocate Name	Total(Rs.)
1	Shree Hemant S. Munshaw	1,03,260/-
2	Shree Maulin Raval	3,81,590/-
3	Shree Trivedi &Gupta (L&S)	1,42,272/-
4	Shree V.D. Nanavati	36,000/-
5	Shree Shaili Kapadia	29,000/-
6	Shree H.L.Patel Advocates	80,000/-
7	Shree Naidu Asso.	5,000/-
8	Shree D D Vyas	1,00,000/-
9	Shree Mitul Shelat	3,100/-
10	Shree Kalpana Raval	31,000/-
11	Shree Baiju Bhagat	2,600/-
12	Shree Satyam Chhaya	4,91,447/-
13	Shree Nikunt Raval	5,000/-

14	Shree Rashmin Chhaya	54,270/-
15	Shree Sangeeta K. Vishen	55,000/-
16	Shree Nitin M. Amin	30,000/-
17	Shree Kaushal Pandya	12,500/-
	Total	**15,62,039/-**

Highcourt Senior Advocate and Advocate General Fees statement from 01.04.2014 to 31.03.2015

No.	Advocate Name	Total(Rs.)
1	Shree Prashant G. Desai	13,89,868/-
2	Shree Suresh N. Shelat	39,10,165/-
3	Advocate General Shree Kamal Trivedi	4,40,000/-
	Total	**57,40,033/-**

સીટી સીવીલ તથા અન્ય નીચલી કોર્ટના એડવોકેટોને તા.૦૧.૦૪.૨૦૧૪ થી ૩૧.૦૩.૨૦૧૫ સુધી ચુકવેલ ફી ની વિગત.

અ.નં.	એડવોકેટનું નામ	રકમ
૧.	શ્રી જ્યોતિષ એમ. વાસુ	૧૭,૧૧,૭૭૦/-
૨.	શ્રી મનોજ આર. ખંધાર	૬૯,૫૦૦/-
૩.	શ્રી ચન્દ્રેશ આર. દેસાઇ	૨૪,૦૦૦/-
૪.	શ્રી ડી.સી.ગાંધી એસોસીએશન	૫,૦૩,૫૦૦/-
૫.	શ્રી નીરજ જે. વાસુ	૧૪,૨૫૦/-
૬.	શ્રી યજ્ઞેશ કે. છાયા	૧,૨૮,૪૫૦/-
૭.	શ્રી રમણલાલ પી. પટેલ	૨,૫૬,૯૦૦/-
૮.	શ્રી નીરંજના વી. કપાસી	૨૮,૫૦૦/-
૯.	શ્રી બાલશંકર એસ. રાવલ	૬,૭૫૦/-
૧૦.	શ્રી સુરેશ એસ. બેલસરે	૯,૯૦૦/-
૧૧.	શ્રી હરેશ એસ. શાહ	૬૦,૦૦૦/-
૧૨.	શ્રી નરેન્દ્રસિંહ સિસોદીયા એન્ડ એસો.	૬,૦૦૦/-
૧૩.	શ્રી એ.ટી. દોશી (આર્બીટ્રિટર)	૨૫,૦૦૦/-
૧૪.	શ્રી નીતા મનહરલાલ જોષી	૮,૦૦૦/-
	કુલ રકમ	**૨૮,૫૨,૫૨૦/-**

૦૧.૦૪.૨૦૧૪ થી ૩૧.૦૩.૨૦૧૫નો વાર્ષિક અહેવાલ

અ.ન.	કોર્ટ / ટ્રીબ્યુનલ	વર્ષની શરૂમાં બાકી કેસોની સંખ્યા	વર્ષ દરમ્યાન નવા દાખલ કરેલ કેસોની સંખ્યા	કુલ કેસો	વર્ષ દરમ્યાન નિકાલ થયેલ કેસો પૈકી		વર્ષ દરમ્યાન નિકાલ થયેલ કેસો	વર્ષના અંતે બાકી કેસો
					વિરૂધ્ધ	તરફેણ		
૧	સુપ્રીમ કોર્ટ	૭૩	૧૩	૮૬	૦૨	૨૨	૨૪	૬૨
૨	ગુજરાત હાઈકોર્ટ	૩૬૩૪	૩૧૮	૩૯૫૨	૧૮	૨૩૭	૨૫૫	૩૬૯૭
૩	મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટની કોર્ટ	૧૯૧૩	૦૬	૧૯૧૯	૭૨	૦૪	૭૬	૧૮૪૩
૪	સીટી સીવીલ કોર્ટ	૯૭૪૭	૬૮૭	૧૦૪૩૪	૦૨	૮૧	૮૩	૧૦૩૫૧
૫	સ્મોલ કોઝ કોર્ટ	૨૪૯	૧૫	૨૬૪	૦૪	૧૨	૧૬	૨૪૮
૬	મ્યુનિ.વેલ્યુ.અપીલો	૪૯૭	૨૧	૫૧૮	૦૦	૩૨	૩૨	૪૮૬
૭	એમ.એ.સી.ટી.	૧૪૦	૦૦	૧૪૦	૦૦	૦૦	૦૦	૧૪૦
૮	ઈન્ડસ્ટ્રીયલ ટ્રીબ્યુનલ	૧૦૯	૮૫	૧૯૪	૧૩	૩૪	૪૭	૧૪૭
૯	લેબર કોર્ટ	૪૫૫	૯૭	૫૫૨	૧૨	૪૦	૫૨	૫૦૦
૧૦	કન્સીલીએશન્સ	૨૫	૦૦	૨૫	૦૦	૦૦	૦૦	૨૫
૧૧	ગુમાસ્તાધારા ભંગ હેઠળ	૮૨	૦૦	૮૨	૦૦	૦૦	૦૦	૮૨
	એકંદરે કુલ	૧૬૯૨૪	૧૨૪૨	૧૮૧૬૬	૧૨૩	૪૬૨	૫૮૫	૧૭૫૮૧

૨.૯ હિલ ગાર્ડન પ્રાણી સંગ્રહાલય અને બાલવાટિકા

૨૦૧૪ - ૨૦૧૫

અમદાવાદ શહેરમાં આવેલ કાંકરીયા તળાવની ફરતે, ઉંચી નીચી ટેકરીઓનો વિકાસ કરી સને ૧૯૫૧માં કમલા નહેરુ ઝૂલોજીકલ ગાર્ડનની સ્થાપના કરવામાં આવી હતી. તે સમયે ઝૂ માં જુદા જુદા પ્રાણીઓ, પક્ષીઓ અને સરીસૃપો રાખવામાં આવતા હતાં. ઝૂનો મુખ્ય ઉદ્દેશ નાશપ્રાય વન્ય જીવોનું સંરક્ષણ, શિક્ષણ અને સંશોધન હોઈ તે મુજબ ઝૂ ની કામગીરી થાય છે. દર વર્ષે ઝૂ ની સમીક્ષા સુચનો સેન્ટ્રલ ઝૂ ઓથોરીટી, નવી દિલ્હી તરફથી થાય તે મુજબ પણ તેનો અમલ કરવામાં આવે છે. નવા પ્રોજેકટ માટે સેન્ટ્રલ ઝૂ ઓથોરીટી નાણાંકીય સહાય પણ કરે છે.

પ્રાણી સંગ્રહાલયઃ-

વિશ્વનાં વિવિધ દેશોના વિવિધ પશુ, પક્ષીઓ, સરીસૃપો આ પ્રાણી સંગ્રહાલયમાં રાખવામાં આવે છે. જેની સંખ્યા ૨૩૦૦ જેટલી અને જાતિઓ ૧૨૫ જેટલી છે. આ જાનવરોની વૈજ્ઞાનિક ઢબે સારસંભાળ રાખવામાં આવે છે. તથા તેઓને કુદરતી વાતાવરણ પુરુ પાડવામાં આવે છે. ઉપરાંત પાંજરામાં માળા તથા અન્ય સુવિધા પુરી પાડવાથી પશુ-પક્ષી-સરીસૃપોનું પ્રજનન સરળતાથી થાય છે. તેથી જાનવરોની સંખ્યામાં ઉત્તરોઉત્તર વધારો થતો જાય છે. ઝૂ માં કિંમતી પશુ-પક્ષીઓ જેવા કે વિવિધ પ્રકારના ભારતીય પોપટ, નીકોબાર પીજીયન, સામાન્ય મોર, સ્પૂનબીલ, વ્હાઈટ ઈબીસ, પહાડી હોલા, નક્તા બતક, નાઈટ હેરોન, જાવા સ્પેરો, બજરીગર, લવબર્ડ, કોકેટીલ, શિયાળ, હોગડીયર, સ્પોટેડ ડીયર, નીલગાય, શાહુડી, રેસસ મંકી તથા પાણીના કાચબાના બચ્ચાં થવાથી તેમની સંખ્યા ઉત્તરોત્તર વધી છે.

એનીમલ એક્ષચેન્જ પ્રોગ્રામ :

- અહેવાલી વર્ષ દરમિયાન ૨ જોડી રોઝેલા ઈસ્ટ્રન પેરોટ એક્ઝોટીક પક્ષીઓના બદલામાં પ્રાણીસંગ્રહાલય ખાતે લાવવામાં આવેલ છે.
- અમદાવાદ ઝૂ દ્વારા સુરત ઝૂ સાથે પ્રાણીઓની ફેરબદલી કરવામાં આવી જેની વિગત નીચે મુજબ છે.

સુરત ઝૂ તરફથી અમદાવાદ ઝૂ ને મળેલ ાણીઓનીવિગત	સંખ્યા
સ્લોથ બીયર	૦:૧
શિયાળ	૦:૨
વનિયર	૧:૦
જળબિલાડી	૧:૦
પહાડી પોપટ	૨:૨
સફેદ મોર	૧:૧

અમદાવાદ ઝૂ તરફથી સુરત ઝૂને આપેલ પ્રાણીઓની વિગત	સંખ્યા
હોગ ડીયર	૨:૨
પોરકયુપાઈન	૧:૧
નીલગાય	૦:૨
શિયાળ	૦:૨
રોઝી પેલીકન	૨:૨
પહાડી પોપટ	૨:૨
કોમ્બ ડક	૨:૨

નોક્ટરનલ એનીમલ હાઉસ :

કાંકરિયા પ્રાણીસંગ્રહાલય હસ્તક આવેલ વન્ટ્રી હિલ ગાર્ડનમાં નોક્ટરનલ એનીમલ હાઉસ બનાવવાની કામગીરી હાલમાં ચાલુ છે. નોક્ટરનલ એનીમલ હાઉસમાં દિવસ દરમિયાન રાત્રિનુ વાતાવરણ અને રાત્રિ દરમિયાન દિવસનુ વાતાવરણ રાખીને આખુ નોક્ટરનલ હાઉસ બંધ ટાઈપ બનાવવામાં આવી રહ્યુ છે. નોક્ટરનલ એનીમલ હાઉસમાં નિશાચર પ્રાણીઓને રાખવામાં આવશે. આ નિશાચર પ્રાણીઓની મોટાભાગની

વર્તણુંકો રાત્રિ દરમિયાન થતી હોય છે જે મુલાકાતીઓને જોવા મળતી નથી. પરંતુ આ નોક્ટરનલ હાઉસ બનવાથી નિશાચર પ્રાણીઓની વર્તણુંકો મુલાકાતીઓ દિવસ દરમિયાન નિહાળી શકાશે.

બટરફલાય પાર્ક :-

આ બટરફલાય પાર્કમાં ૨૦૦ જાતિના વિવિધ પ્રકારના ૧૬૦૦૦ ફુલછોડ ઉગાડવામાં આવેલા છે અને તેમાં રંગબેરંગી સુગંધીત ફુલો આવેલા છે આ બટરફલાય પાર્કમાં લેન્ડ સ્કેપીંગ કરીને લોન પ્લોટ બનાવેલ છે તેમાં વિવિધ પ્રકારના બે ફુવારાઓ મુકવામાં આવેલા છે. જેથી ૧૪ થી ૧૫ પ્રકારના ૬૦૦-૯૦૦ પતંગીયા આર્કષીત થઈને બટરફલાય પાર્કમાં આવે છે. વન ટ્રી હિલ ગાર્ડનમાં આવેલા બટરફ્લાયપાર્કમાં મુલાકાતીઓ માટે ગ્લાઈડર રાઈડ્સ પણ આવેલ છે.

વેટરીનરી સર્વિસીસઃ-

ઝૂમાં રાઉન્ડ ધ કલૉક વેટરીનરી સેવા ઉપલબ્ધ છે. તે માટે ઝૂ માં વેટરનરી ડૉકટર જાનવરોનું નિરીક્ષણ કરે છે. અને જાનવર બિમાર જણાય તો તાત્કાલિક સારવાર આપે છે. જો જાનવર વધુ બિમાર હોય તો ઝૂ હોસ્પીટલમાં ઈન્ડોર પેશન્ટ તરીકે દાખલ કરી સારવાર અપાય છે. ઉપરાંત જાનવરોને ઋતુ પ્રમાણે વિવિધ રસીઓ, દવાઓ, એન્ટીસ્ટ્રેસ સારવાર ઉપરાંત ડીવર્મીંગ અને ડીસઈન્ફેકશન પણ કરે છે. જાનવરોમાં વિવિધ રોગના નિદાન માટે જરુરી સેમ્પલો લઈ ચકાસણી પણ કરવામાં આવે છે. ઠંડી-ગરમી , વરસાદથી જાનવરોના રક્ષણ માટે પણ વ્યવસ્થા ગોઠવેલી છે. કિંમતી જાનવરોની હીસ્ટ્રી કાર્ડમાં નોંધ રાખવામાં આવે છે.

ઝૂ એજયુકેશનઃ-

ઝૂની મુલાકાતે આવતાં સ્કુલના બાળકોને તથા અન્ય શૈક્ષણિક સંસ્થાઓ જેવી કે વેટરીનરી કૉલેજ, ઝૂઓલોજી સ્ટુડન્ટ, સેપ્ટ, આઈ.આઈ.એમ., એન.આઈ.ડી.,ફાઈન આર્ટસ ના સ્ટુડન્ટસ ઝૂમાં માર્ગદર્શન માટે આવે છે. તથા રીસર્ચ પણ કરે છે અને ઝૂના અધિકારીશ્રીઓ તરફથી માર્ગદર્શન આપવામાં આવે છે. વેટરનરી કોલેજ સ્ટુડન્ટસ દાંતીવાડા, નવસારી અને આણંદથી ઈનટર્નશીપ માટે આવે છે.

- કાંકરિયા પ્રાણીસંગ્રહાલયમાં તા.૦૧.૧૦.૧૪ થી તા.૦૭.૧૦.૧૪ દરમ્યાન **વન્ય પ્રાણી સપ્તાહની** ઉજવણી તથા તા.૧૪.૦૧.૨૦૧૫ થી તા.૩૦.૦૧.૨૦૧૫ દરમ્યાન **એનીમલ વેલ્ફેર પખવાડીયાની** ઉજવણી કરવામાં આવી જેમાં સવારે ૦૯.૦૦ વાગ્યાથી ૧૨.૦૦ વાગ્યા સુધી ૧૨ વર્ષના બાળકોને વિના મૂલ્યે કાંકરિયા પ્રાણીસંગ્રહાલયમાં પ્રવેશ આપવામાં આવ્યો તથા ટચ ટેબલ દ્વારા વન્ય પ્રાણીઓની માહિતી આપવામાં આવી હતી.

ફ્રેન્ડઝ ઓફ ઝૂ ની સ્કીમ , અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન

મહાનગર સેવા સદન, અમદાવાદ

કમલા નહેરૂ પ્રાણી સંગ્રહાલય

ફ્રેન્ડઝ ઓફ ઝૂ ની સ્કીમ

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન હસ્તક આવેલ કમલા નહેરૂ પ્રાણી સંગ્રહાલય કાંકરીયામાં રાખવામાં આવેલા વન્ય પશુ પંખીઓને **"ફ્રેન્ડઝ ઓફ ઝૂ"** બનાવવા માટેની યોજના સ્ટેન્ડીંગ કમિટી ઠરાવ નં.૧૭૧૬ તા.૨૭.૦૩.૨૦૦૮ ના રોજ મંજુર કરવામાં આવેલ છે. તથા સ્ટેન્ડીંગ કમિટી ઠરાવ નં.૨૬૪ તા.૧૫.૫.૨૦૦૮ મુજબ મે.મ્યુ.કમિ.સાહેબ ને મળેલ સત્તા મુજબ હાલમાં યોજના નો અમલ ચાલુ છે. સદર યોજના ને સારો પ્રતિસાદ મળી રહેલ છે.જેની વિગત નીચે મુજબ છે.

<u>વન્ય પશુ-પંખીઓને એડોપ્ટ (ફ્રેન્ડસ ઓફ ઝૂ) કરવા માટે પાળવાની શરતો :-</u>

૧. પ્રાણીસંગ્રહાલયનો દર વર્ષે પ્રસિધ્ધ થતો વાર્ષિક વહીવટી અહેવાલમાં ફ્રેન્ડસ ઓફ ઝૂનું નામ પ્રસિધ્ધ કરવામાં આવશે.અને જે તે પશુ-પંખીને એડોપ્ટ કરેલ હશે તે વ્યકતિ કે સંસ્થાને સર્ટિફિકેટ આપવામાં આવશે.

૨. ફ્રેન્ડસ ઑફ ઝૂને વર્ષ દરમ્યાન બે વખત ચાર-ચાર પ્રવેશ ટિકીટ વિનામૂલ્યે આપવામાં આવશે.જેથી તે પ્રાણીસંગ્રહાલયની મુલાકાત લઈ શકશે

૩.પ્રાણીસંગ્રહાલયમાં શૈક્ષણિક કાર્યક્રમો રાખવામાં આવે ત્યારે ફ્રેન્ડસ ઑફ ઝૂને કાર્યક્રમમાં આમંત્રણ આપવામા આવશે.

૪.જાનવરોને વિવિધ ઋતુમાં જેવી કે ઠંડીમાં હીટર, ચોમાસામાં પોલીથીનનું સારૂ કાપડ અને ગરમીમાં એર કુલર,એ.સી., પાણીના છાંટવા માટે પ્લાસ્ટીકના પાઈપો માટેનો ખર્ચ 'ફ્રેન્ડસ ઑફ ઝુ' બનનાર વ્યકતિ/સંસ્થા આપી શકશે.

૫.જાનવરોના આધુનિક પાંજરાના બાંધકામ માટે થનાર ખર્ચ,તેમજ જાનવરોના પાંજરામાં જે ઈલેકટ્રીક/ ઈલેકટ્રીક ખર્ચ થાય તે ફ્રેન્ડસ ઑ ઝૂ બનનાર વ્યકતિ/સંસ્થા આપી શકશે.

૬.ઝુની અંદર આવતા મુલાકાતીઓને ઠંડુપાણી પીવા માટે મળી શકે તે માટે વોટરકુલર,અપંગ વ્યકતિ માટે વ્હીલચેર, સાઉન્ડ સીસ્ટમ ખર્ચ ફ્રેન્ડસ ઑફ ઝુ બનનાર વ્યકતિ/સંસ્થા આપી શકશે.

૭.જાનવરો માટેની હોસ્પીટલમાં જરૂરી મેડીકલ ઈકવીપમેન્ટ,મેડીસીન્સ ખર્ચ ફ્રેન્ડસ ઑફ ઝૂ બનનાર વ્યકતિઆપી શકશે.

૮.પ્રાણીસંગ્રહાલયની મુલાકાતે આવતા મુલાકાતીઓને બેસવા માટે વિસામાનો ખર્ચ ફ્રેન્ડસ ઑફ ઝૂ બનનાર વ્યકતિ આપી શકશે.

૯.પ્રાણીસંગ્રહાલયમાં વૃક્ષારોપણ,ગ્રીન પેચની કામગીરી માટે થનાર ખર્ચ ફ્રેન્ડસ ઑફ ઝૂ આપી શકશે.

૧૦ પ્રાણીસંગ્રહાલયમાંથી એડોપ્ટ કરેલા વન્ય પશુ-પક્ષીઓ-સરીસૃપ ઝૂની અંદર પાંજરામાં જે તે અવસ્થામાં જ રેહશે.એડોપ્ટ પશુ-પંખી-સરીસૃપને વ્યકતિ કે સંસ્થાએ હાથ લગાવી , રમાડવાનું કે ખોરાક આપી શકશે નહીં. તેમજ પોતાની સાથે પણ લઈ જઈ શકશે નહીં.

૧૧.સિંહ,વાઘ,હાથી વિગેરે પશુ-પક્ષી અને સરીસૃપને એડોપ્ટ કરનાર ફ્રેન્ડઝ ઑફ ઝૂ નું નામ જે તે પાંજરા પાસે ૧૨ ઈંચ ૯ ઈંચ સાઈઝની પ્લેટ ઉપર સંસ્થા/ વ્યકિતનું નામ પ્રદર્શીત કરવામાં આવશે.

૧૨.વન્ય પશુ-પક્ષીઓ માટે વીમા પોલીસીના પ્રીમીયમની રકમ પણ ફ્રેન્ડસ ઑફ ઝૂ આપી શકશે.

૧૩.ફ્રેન્ડસ ઑફ ઝૂ જે તે પ્રાણીના ફકત મિત્ર તરીકે ગણાશે.અને ફ્રેન્ડસ ઑફ ઝૂ એડોપ્ટ કરેલા વન્ય પશુ પક્ષી-સરીસૃપના માલીક ગણાશે નહીં.

૧૪.આ અંગે કોઈ વાદ વિવાદ સર્જાય તો અમદાવાદની કોર્ટની હકુમતમાં(અમદાવાદ જયુરીડીકશન) જ રેહશે.

૧૫. ઉપરોકત દર્શાવેલી શરતો સિવાય કોઈ શરત મ્યુ.કમિશનરશ્રીને યોગ્ય જણાય તે શરત ઉમેરી શકશે અને કોઈપણ વન્ય પશુ-પંખી-સરીસૃપ ફ્રેન્ડસ ઑફ ઝૂ તરીકે આપવુ કે નહીં તેનો આખરી નિર્ણય મ્યુ.કમિશનરશ્રીનો અબાધિત રેહશે.

ઝૂ ઓફીસ ફોન નં.૦૭૯-૨૫૪૬૩૪૧૫

નોંધ- ચેક મ્યુનિસિપલ કમિશનરશ્રી,અમદાવાદના નામે લખવો.

કમલા નહેરૂ પ્રાણીસંગ્રહાલય કાંકરિયા ,અમદાવાદ.

પશુ,પક્ષી અને સરીસૃપ પ્રાણીઓની નંગ દીઠ વાર્ષિક ખર્ચની અંદાજીત માહીતી				
પ્રાણીઓ				
અ.નં.	નામ	વાર્ષિક ખોરાકી ખર્ચ	વાર્ષિક વ્ય-વસ્થા ખર્ચ	**વાર્ષિક કુલ ખર્ચ**
૧	હાથી	૨,૫૭,૦૦૦	૧૨૬૦	૨,૫૮,૨૬૦
૨	હિપ્પોપોટેમસ	૧,૫૦,૦૦૦	૧૨૬૦	૧,૫૧,૨૬૦
૩	વાઘ - નર વાઘ- માદા	૧,૨૫,૦૦૦ ૧,૦૦,૦૦૦	૧૨૬૦ ૧૨૬૦	૧,૨૬,૨૬૦ ૧,૦૧,૨૬૦
૪	સિંહ-નર સિંહ-માદા	૧,૨૫,૦૦૦ ૧,૦૦,૦૦૦	૧૨૬૦ ૧૨૬૦	૧,૨૬,૨૬૦ ૧,૦૧,૨૬૦
૫	દિપડા-નર દિપડા-માદા	૩૭,૦૦૦ ૩૧,૦૦૦	૧૨૬૦ ૧૨૬૦	૩૮,૨૬૦ ૩૨,૨૬૦
૬	રીંછ	૨૨,૦૦૦	૧૨૬૦	૨૩,૨૬૦
૭	જરખ	૧૪,૦૦૦	૧૨૬૦	૧૫,૨૬૦
૮	વરૂ	૧૪,૦૦૦	૧૨૬૦	૧૫,૨૬૦
૯	શિયાળ	૧૪,૦૦૦	૧૨૬૦	૧૫,૨૬૦
૧૦	નીલગાય	૧૪,૦૦૦	૧૨૬૦	૧૫,૨૬૦
૧૧	સાંબર	૧૪,૦૦૦	૧૨૬૦	૧૫,૨૬૦
૧૨	ચિત્તા બિલાડી	૯,૦૦૦	૧૨૬૦	૧૦,૨૬૦
૧૩	હરણ	૮,૦૦૦	૧૨૬૦	૯,૨૬૦
૧૪	વનીયર	૭,૦૦૦	૧૨૬૦	૮,૨૬૦
૧૫	જળ બિલાડી	૭,૦૦૦	૧૨૬૦	૮,૨૬૦
૧૬	વાનર	૬,૦૦૦	૧૨૬૦	૭,૨૬૦
૧૭	સિયામીસ બલાડી	૫,૦૦૦	૧૨૬૦	૬,૨૬૦
૧૮	વાગોળ	૧,૫૦૦	૧૨૬૦	૨,૭૬૦
૧૯	કાંટા શેરો	૧,૦૦૦	૧૨૬૦	૨,૨૬૦
૨૦	પોરકયુપાઈન	૧,૫૦૦	૧૨૬૦	૨,૭૬૦
૨૧	વાઈલ્ડ બોર	૭,૦૦૦	૧૨૬૦	૮,૨૬૦
પક્ષીઓ				
૧	ઈમુ	૧૮,૦૦૦	૧૨૬૦	૧૯,૨૬૦
૨	કસાવરી	૧૮,૦૦૦	૧૨૬૦	૧૯,૨૬૦
૩	રોઝી પેલીકન	૧૪,૦૦૦	૧૨૬૦	૧૫,૨૬૦
૪	તમામ સ્ટોર્ક (ધોકળુ) (હાડગીલ્લો,ચિત્રદેહી,કાળી ડોક,સફેદ ડોક.)	૧૪,૦૦૦	૧૨૬૦	૧૫,૨૬૦
૫	ગીધ	૯,૦૦૦	૧૨૬૦	૧૦,૨૬૦
૬	હંસ.	૯,૦૦૦	૧૨૬૦	૧૦,૨૬૦
૭	મિલેટરી મેકાઉ	૫,૦૦૦	૧૨૬૦	૬,૨૬૦
૮	કાઉન પીજીયન	૪,૦૦૦	૧૨૬૦	૫,૨૬૦

૯	છીછરા પાણીના પક્ષીઓ (ઈગ્રેટસ,કાંકરોલી,ચમચા, નિશાચર,કોરમોરેન્ટ,ટીંટોડી)	૪,૦૦૦	૧૨૬૦	૫,૨૬૦
૧૦	નકતા બતક	૪,૦૦૦	૧૨૬૦	૫,૨૬૦
૧૧	વ્હીસલીંગ ટીલ	૪,૦૦૦	૧૨૬૦	૫,૨૬૦
૧૨	કાકાકૌઆ	૪,૦૦૦	૧૨૬૦	૫,૨૬૦
૧૩	પેરાકીટ (પહાડી,સૂડો,કોનુર,મદન-ગોર,તુઈ,નાના મેકાઉ.)	૪,૦૦૦	૧૨૬૦	૫,૨૬૦
૧૪	મોર	૩,૦૦૦	૧૨૬૦	૪,૨૬૦
૧૫	ઘુવડ	૩,૦૦૦	૧૨૬૦	૪,૨૬૦
૧૬	લોરીકીટ	૩,૦૦૦	૧૨૬૦	૪,૨૬૦
૧૭	ફેઝન્ટ (સિલ્વર,ગોલ્ડન,ગ્રીન,લેડી એમ.)	૨,૫૦૦	૧૨૬૦	૩,૭૬૦
૧૮	આફ્રિકનકાઉનક્રેન	૨,૦૦૦	૧૨૬૦	૩,૨૬૦
૧૯	નીકોબારપીજીયન	૧,૭૦૦	૧૨૬૦	૨,૯૬૦
૨૦	લવબર્ડ	૧,૦૦૦	૧૨૬૦	૨,૨૬૦
૨૧	બજરીગર	૧,૦૦૦	૧૨૬૦	૨,૨૬૦
૨૨	કોકેટીલ	૧,૦૦૦	૧૨૬૦	૨,૨૬૦
૨૩	જાવા સ્પેરો	૧,૦૦૦	૧૨૬૦	૨,૨૬૦
૨૪	મુનીયા	૧,૦૦૦	૧૨૬૦	૨,૨૬૦
૨૫	ફીંચ	૧,૦૦૦	૧૨૬૦	૨,૨૬૦
૨૬	ડવ	૧,૦૦૦	૧૨૬૦	૨,૨૬૦
૨૭	વિવિધ કબુતર	૧,૦૦૦	૧૨૬૦	૨,૨૬૦
		સરીસૃપ		
૧	માર્શ/દરીયાઈ-મગર	૪,૦૦૦	૧૨૬૦	૫,૨૬૦
૨	વોટર મોનીટર	૪,૦૦૦	૧૨૬૦	૫,૨૬૦
૩	ઘડિયાળ મગર	૩,૦૦૦	૧૨૬૦	૪,૨૬૦
૪	અજગર	૨,૦૦૦	૧૨૬૦	૩,૨૬૦
૫	કોમન મોનીટર	૨,૦૦૦	૧૨૬૦	૩,૨૬૦
૬	એસીલેટ કોબ્રા	૧,૫૦૦	૧૨૬૦	૨,૭૬૦
૭	ધામણ	૧,૦૦૦	૧૨૬૦	૨,૨૬૦
૮	સેન્ડ બોઆ	૧,૦૦૦	૧૨૬૦	૨,૨૬૦
૯	પાણીના સાપ	૧,૦૦૦	૧૨૬૦	૨,૨૬૦
૧૦	ટોરટોઈઝ	૧,૦૦૦	૧૨૬૦	૨,૨૬૦
૧૧	ટરટલ	૧,૦૦૦	૧૨૬૦	૨,૨૬૦
૧૨	એનાકોન્ડા		૫૦,૦૦૦	૫૦,૦૦૦

અમદાવાદ મહાનગર સેવા સદન

ઝૂ ડિપાર્ટમેન્ટ

ફ્રેન્ડસ ઑફ ઝૂ યોજના હેઠળ પાર્ટી દ્વારા દત્તક લીધેલ પ્રાણીઓ બાબતે પાર્ટીઓનું રજીસ્ટ્રેશન ફોર્મ

ક્રમ	વિગત	માહિતી
૧	પાર્ટીનું નામ	
૨	પાર્ટીનું સરનામું.	
૩	પાર્ટીનો ફોન નંબર.	ઓફિસ નં. રહેઠાણ નં. મો.નં. ઈ-મેલ
૪	દત્તક લીધેલ પ્રાણી/પક્ષી/સરીસૃપનું નામ.	
૫	દત્તક લીધેલ પ્રાણી/પક્ષી/સરીસૃપની સંખ્યા.	
૬	પ્રાણી/પક્ષી/સરીસૃપ દત્તક લીધા તારીખ.	
૭	દત્તક લીધેલ પ્રાણી/પક્ષી/સરીસૃપનો વેલીડીટી પીરીયડ.	
૮	ભરેલ નાણાં રૂપિયા.	
૯	ભરેલ નાણાંની વિગત.રોકડા/ચેક.	
૧૦	ઈસ્યુ એન્ટ્રી પાસ વિગત.	

ખાસ નોંધ :- ફ્રેન્ડસ ઑફ ઝૂ યોજના ઝૂના પ્રાણીઓની સારસંભાળ સારીરીતે થાય તે માટે અમલમાં મુકેલ છે. જે માટે આપ તરફથી સજેશન આવકાર્ય છે. તે માટે આપશ્રી અમારો ઑફિસમાં રૂબરૂ અથવા ફોનથી સંપર્ક કરી શકો છો. પરંતુ તેનાથી અમારા દૈનિક કામમાં કે અમારી ઝૂની દૈનિક કામગીરીમાં અગવડતા ન સર્જાય તે મુજબ આપ તરફથી સહકાર મળે તે ખાસ જરૂરી છે.

આ સાથે સામેલ શરતો અમોએ વાંચી/સમજી છે. તથા તે અમોને કબુલ મંજુર છે.

તા.

દત્તક લેનાર પાર્ટીની

સહી

ઝૂ ડાયરેક્ટર

કમલા નહેરૂ પ્રાણી સંગ્રહાલય, કાંકરીયા, અમદાવાદ- ૦૮

ટેલીફોન નંબર ૦૭૯ ૨૫૪૬૩૪૧૫

ઝૂ ડિપાર્ટમેન્ટ ફ્રેન્ડઝ ઓફ ઝૂ યોજના માહિતી - ૨૦૧૪-૨૦૧૫

કુલ પાર્ટી : ૨૭

કુલ દત્તક લીધેલ પ્રાણીની સંખ્યા : ૪૬

કુલઆવક રૂા.૪,૪૧,૩૬૦/-

દત્તક લીધેલ પ્રાણીઓની વિગતઃ

પ્રાણીનું નામ	**પક્ષીનું નામ**	**સરીસૃપનું નામ**
કંચનમૃગ હરણ - ૫	મોર - ૬	એસીલેટ કોબ્રા - ૩
હાથણી રૂપા - ૧	સિલ્વર ફેઝન્ટ - ૧	પાણીનો સાપ - ૨
જળબિલાડી - ૧	આફ્રિકન ક્રાઉન્ડ ક્રેન - ૧	ટોટોઈઝ - ૨
વાનર - ૧	ક્રાઉન્ડ પીજીયન - ૧	અજગર - ૧
વાગોળ - ૧	કોકેટીલ - ૨	સેન્ડ બોઆ - ૨
પોરક્યૂપાઈન - ૩	લેડી આર્મહેસ્ટ ફેઝન્ટ - ૧	
	નીકોબાર કબૂતર - ૨	
	રોઝ રીંગ પેરાકીટ - ૨	
	લવબર્ડ - ૪	
	પહાડી પોપટ - ૧	
	બજરીગર - ૨	
	કબૂતર - ૧	
કુલ પ્રાણી - ૧૨	કુલ પક્ષી - ૨૪	કુલ સરીસૃપ - ૧૦

ફ્રેન્ડઝ ઓફ ઝૂ ની સ્કીમ

દત્તકલેનાર પાર્ટી નું લીસ્ટ - ૨૦૧૪-૨૦૧૫

અનું. નં	**પાર્ટીનું નામ**	**પાર્ટી નું સરનામું.**	**ફોન નંબર**	**દત્તકલીધેલ પ્રાણી/પક્ષી/ સરીસૃપનો પ્રકાર /સંખ્યા.**	**ભરેલ નાણા રૂા.**	**દત્તક લીધા તારીખ**
૧	અર્પિતા અનીલ ગોલીયા	સી - ૫૭, નેબુલા ટાવર, બોડકદેવ, અમદાવાદ - ૫૨	૯૪૨૬૩ ૭૨૬૦૦	ભારતીય નાગ-૧	૨૭૬૦/-	૦૧.૦૪.૧૪
૨	શ્રી આદિત્ય આલોક જૈન	૪૦૨,બાલેસ્વર એપાર્ટમેન્ટ, શાંતીનગર દિગ્મ્બર જૈન મંદિર સામે, શાંતીનગર, ઉસ્માનપુરા, અમદાવાદ.	૨૭૫૫ ૧૬૦૬ ૯૮૯૮૫ ૦૦૮૩૪	મોર -૧	૪૨૬૦/-	૦૩.૦૪.૧૪
૩	શ્રી વંશીકા આશીષ જૈન	૪૦૨,બાલેસ્વર એપાર્ટમેન્ટ, શાંતીનગર દિગ્મ્બર જૈન મંદિર સામે,	૨૭૫૫ ૧૬૦૬ ૯૮૯૮૫ ૦૦૮૩૪	કાંચનમૃગ-૧	૯૨૬૦/-	૦૩.૦૪.૧૪

		શાંતીનગર, ઉસ્માનપુરા, અમદાવાદ.				
૪	શ્રી સૌમીલ કે. પટેલ	બી-૨૦૨, શીવમ રેસીડેન્સી, ૧૧ હિરાબાગ સોસાયટી, આંબાવાડી, અમદાવાદ	૯૮૨૫૩ ૦૩૮૦૫, ૯૦૩૩૦ ૧૦૦૮૨	એસીલેટ કોબ્રા-૧ પાણીનો સાપ-૧ ટોરટોઈઝ-૧	૭૨૮૦/-	૧૧.૦૫.૧૪
૫	શ્રી મહેન્દ્રભાઈ અંબાલાલ પટેલ	૨, અરવિંદ સોસાયટી, મહાકાળી માતાના મંદિર પાસે, હાંસોલ, અમદાવાદ.	૯૮૨૫૪ ૮૬૩૮૬.	એસીલેટ કોબ્રા-૧	૨૭૬૦/-	૧૩.૦૫.૧૪
૬	ભાવના.હિતેષ. રાવલ, એચ.એમ.રાવલએન્ડ.કું (એડવોકેટ્સ) ૦૭૯-૨૬૭૬૨૦૪૦	એ-૫૦૧,પ્રતિષ્ઠા એપા.,બોડકદેવ ફાયર સ્ટેશન પાસે,જી.બી.રોડ, બોડકદેવ, અમદાવાદ.	૨૬૭૬ ૨૦૪૦, ૯૯૨૫૨ ૩૩૫૦૦, ૨૬૮૫ ૪૨૭૬.	સિલ્વરફેઝન્ટ-૧	૩૭૬૦/-	૧૪.૦૫.૧૪
૭	નંદીની.એચ. રાવલ, એચ.એમ.રાવલ એન્ડ.કું (એડવોકેટ્સ)	એ-૫૦૧,પ્રતિષ્ઠા એપા.,બોડકદેવ ફાયર સ્ટેશન પાસે,જી.બી.રોડ, બોડકદેવ, અમદાવાદ.	૨૬૮૫ ૪૨૭૬, ૯૮૨૫૦ ૪૭૪૨૬, ૨૬૭૬ ૨૦૪૦.	આફ્રિકનકાઉન્ડકેન-૧	૩૨૬૦/-	૧૪.૦૫.૧૪
૮	ઉત્કર્ષ.એચ. રાવલ, એચ.એમ.રાવલ એન્ડ.કું (એડવોકેટ્સ)	એ-૫૦૧,પ્રતિષ્ઠા એપા.,બોડકદેવ ફાયર સ્ટેશન પાસે,જી.બી.રોડ, બોડકદેવ, અમદાવાદ.	૨૬૮૫ ૪૨૭૬, ૯૮૨૫૦ ૪૭૪૨૬ ,૨૬૭૬ ૨૦૪૦.	કાઉન્ડ પીજીયન-૧	૫૨૬૦/-	૧૪.૦૫.૧૪
૯	અનીષા એ.ગોલીયા	સી-૫૧, નેબ્યુલા ટાવર, ગેલેક્સી એપાર્ટમેન્ટની અંદર, ટીજીબી હોટલ પાસે, બોડકદેવ, અમદાવાદ	૯૪૨૬૩ ૭૨૬૦૦	પાણીનો સાપ-૧	૨૨૬૦/-	૩૦.૫.૧૪
૧૦	બ્રહ્માદિ, દૈવત, શ્લોક	બી-૩૧,સપ્તક બંગલોઝ,શુકન મોલપાસે,સાયન્સ સીટી રોડ,સોલા, અમદાવાદ	૯૯૭૮૪ ૦૬૦૧૨	લેડી આર્મ હેસ્ટ ફેઝન્ટ-૧, અજગર - ૧	૩૭૬૦/- ૩૨૬૦/-	૦૭.૦૬.૧૪

૧૧	પ્રાપ્તી અરૂણ કોઠારી, રેણુકા અરૂણ કોઠારી	૨૬, રાજસ્થાન સોસાયટી, શાહીબાગ, અમદાવાદ - ૪	૯૮૨૫૨ ૮૧૬૯૧	મોર - ૧ કોકેટીલ - ૧	૪૨૬૦/- ૨૨૬૦/-	૦૭.૦૬.૧૪
૧૨	અ.નિ. પ્રિન્સ મહેન્દ્રભાઈ પટેલ	૨૬, વિવેકનગર સોસાયટી, રણછોડજીના મંદિર પાસે, અમરાઈવાડી, અમદાવાદ ૨૬	૯૮૨૫૪ ૧૭૪૫૨	મોર - ૧ નીકોબાર કબૂતર - ૧ રોઝરીંગપેરાકીટ - ૧ કંચનમૃગ - ૧ લવબર્ડ - ૧	૪૨૬૦/- ૨૯૬૦/- ૫૨૬૦/- ૯૨૬૦/- ૨૨૬૦/-	૦૩.૦૭.૧૪
૧૩	કૌશલ્યા ડી. પટેલ	જી-૯, શ્યામ સતાધાર સોસાયટી, સુરસાગર ટાવર સામે, સાઈ મંદિર પાસે, સોલા રોડ, અમદાવાદ	૯૫૭૪૦ ૧૨૧૮૫	સેન્ડ બોઆ - ૧	૨૨૬૦/-	૧૭.૦૭.૧૪
૧૪	કુમારી જાગૃતિ સોલંકી	૧૪૦૧, કીર્તિ નિવાસ, ૫ બી, ધનજી વાડી, મલાડ(ઇ)-૯૭	૦૨૨૩૨ ૦ ૮૯૨૫૫, ૮૦૯૭૫ ૧૫૩૧૪ ૯૭૬૯૫ ૫૯૫૨૨	પહાડી પોપટ - ૧	૫૨૬૦/-	૧૯.૦૭.૧૪
૧૫	ગોપાલભાઈ બાલમસીંગ મહેરા	૧૦૪, ઋષિ એવન્યુ, શાહ કોલોની સામે, ભૈરવનાથ, મણીનગર, અમદાવાદ	૯૩૭૭૬ ૬૦૮૩૭	કંચનમૃગ - ૧	૯૨૬૦/-	૨૨.૦૭.૧૪
૧૬	રમાકાન્ત કાવઠેકર	સો ઓમ રેસીડેન્સી, ૩૦૧ સી વીંગ, ગગન ગીરી ટાવર પાસે, મુલુન્દ(પૂર્વ) મુંબઈ ૪૦૦૦૮૧	૦૯૮૬૭ ૩ ૭૮૨૪૧	નીકોબાર કબૂતર - ૧	૨૯૬૦/-	૨૭.૦૭.૧૪
૧૭	જાની એન્ડ કંપની શ્રી પરેશભાઈ આર.જાની, સોલીસીટર્સ એન્ડ એડવોકેટ્સ	હાઉસ એમ, મોન્ડેલ રીટેઈલ પાર્ક, ઈસકોન ટેમ્પલ અને રાજપથ ક્લબ વચ્ચે, એસ.જી.હાઈવે, બોડકદેવ, અમદાવાદ.૫૯	૨૬૮૬૦ ૦૨૬,૨૭ ૯૯૨૫૧ ૫૦૩૭૧	હાથણીરૂપા-૧	૨૫૮૨૬૦/-	૧૮.૦૯.૧૩

૧૮	નાણાવટી પબ્લીક ચેરીટેબલ ટ્રસ્ટ	ગુંજન, માણેકબાગ હોલ પાસે, આંબાવાડી, અમદાવાદ ૯૪૨૮૦૧૮૩૨૯ ફાલ્ગુનભાઈ	૨૨૮૭૨ ૨૭૭, ૨૨૮૭૩ ૪૩૪	કંચનમૃગ - ૧	૯૨૬૦/-	૭.૧૦.૧૪
૧૯	નાણાવટી પબ્લીક ચેરીટેબલ ટ્રસ્ટ	ગુંજન, માણેકબાગ હોલ પાસે, આંબાવાડી, અમદાવાદ ૯૪૨૮૦૧૮૩૨૯ ફાલ્ગુનભાઈ	૨૨૮૭૨ ૨૭૭, ૨૨૮૭૩ ૪૩૪	મોર - ૧	૪૨૬૦/-	૭.૧૦.૧૪
૨૦	રામોલીયા ગ્રુપ પુર્વિન રામોલીયા	એ-૮, અમીજયોત એપાર્ટમેન્ટ, પરીમલ ગાર્ડન ચાર રસ્તા પાસે, અમદાવાદ.૧	૨૬૪૬૨ ૨૮૩, ૯૮૭૯૫ ૪૪૭૬૧	જળબિલાડી-૧ વાનર-૧	૧૫,૫૨૦/-	૨૭.૧૧.૧૪
	રામોલીયા ગ્રુપ ૧.નિહીરા રામોલીયા, ૨.વર્ષાબેન રામોલીયા	એ-૮, અમીજયોત એપાર્ટમેન્ટ, પરીમલ ગાર્ડન ચાર રસ્તા પાસે, અમદાવાદ.૧	૨૬૪૬૨ ૨૮૩, ૯૮૭૯૫ ૪૪૭૬૧	વાગોળ-૧ પોરકયુપાઈન-૧ મોર-૧ કોકેટીલ-૧ કબુતર-૧ (સામાન્ય) સેન્ડબોઆ-૧ ટોરટોઈઝ-૧	૧૮,૮૨૦/- ૩૪૩૪૦/-	૨૭.૧૧.૧૪
૨૧	રાજેષ પટેલ તથા ભામિની પટેલ	૬-ઈ, ઈશ્વરનગર સોસાયટી, ઉત્તમનગર, મણિનગર અમદાવાદ	૯૦૯૯૯ ૯૭૫૨૬	લવબર્ડ - ૧ બજરીગર - ૧	૨૨૬૦/- ૨૨૬૦/- ૪૫૨૦/-	૨૭.૧૧.૧૪
૨૨	નીતા એચ.શાહ	૧૦,સંસ્કાર ભારતી સોસાયટી, અંકુર જૈન દેરાસર પાસે,નારણપુરા, અમદાવાદ	૨૭૪૩૨ ૧૫૫, ૯૪૦૯૬ ૨૧૨૬૫	લવબર્ડ - ૧ બજરીગર - ૧ સૂડોપોપટ - ૧	૨૨૬૦/- ૨૨૬૦/- ૫૨૬૦/- ૯૭૮૦/-	૧૭.૧૨.૧૪
૨૩	મેહુલ મનુભાઈ મહેતા, વસનજી ભીખાભાઈ મહેતા પરિવાર	પૂર્ણિમા સોસાયટી, એચ.ડી. હાઈસ્કુલ સામે, અમલસાડ, જી.નવસારી	૦૨૬૩૪ ૨૭૨૮૦ ૦ ૯૬૦૧૮ ૦૧૧૭૭	લવબર્ડ-૧	૨૨૬૦/-	૧૮.૧૨.૧૪
૨૪	શ્રી મંજુનાથ શિવપ્પા પાટીલ	૧૨,હઠીસીંગ પાર્ક, રાજસૂર્યા બંગલા સામે, રામદેવનગર,	૦૭૯-૨૬૯૨૮ ૦૭૪, ૯૭૧૨૪	મોર-૧	૪૨૬૦/-	૧.૨.૧૫

		સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦૦૧૫	૭૭૦૯૪, ૯૯૯૮૮ ૬૯૦૯૩.			
૨૫	શ્રીપર્ના ચક્રબર્તી	સી-૩૦૪/જે-૧૮ એપાર્ટમેન્ટ, પ્રમુખસ્વામી રોડ, ટી.પી.૪૪ ચાંદખેડા.	૯૯૧૩૩ ૯૧૪૮૫, ૯૮૨૫૭ ૦૮૯૫૭	પોરક્યુપાઈન-૧	૨૭૬૦/-	૧૨.૨.૧૫
૨૬	નીલીમા બોઝ	સી-૩૦૪/જે-૧૮ એપાર્ટમેન્ટ, પ્રમુખસ્વામી રોડ, ટી.પી.૪૪ ચાંદખેડા.	૯૮૨૫૭ ૦૮૯૫૭ ૯૯૧૩૩ ૯૧૪૩૫	ઘુવડ-૧	૪૨૬૦/-	૧૨.૨.૧૫
૨૭	નંદિની.એચ. રાવલ	એ-૫૦૧,પ્રતિષ્ઠા એપા.,બોડકદેવ ફાયર સ્ટેશન પાસે,નિરમા સ્કુલ સામે, બોડકદેવ, અમદાવાદ.૫૪	૨૬૭૬૨ ૦૪૦,૨૬ ૮૫૪૨૭ ૬ ૯૯૨૫૨ ૩૩૪૯૭	કંચનમૃગ-૧	૯૨૬૦/-	૨૩.૦૨.૧૫

એનીમલ રેસ્કયુ પ્રોગ્રામઃ-

મ્યુનિસિપલ હદમાં શહેરમાં ઉત્પાત્ત મચાવતાં વન્ય પ્રાણીઓ અંગેની ફરિયાદ આવે ત્યારે આ કામગીરી વન વિભાગ મારફતે કરવામાં આવે ત્યારે તેઓને જરૂર પડે તો ઝૂની ટીમ દ્વારા વન્ય પ્રાણીને પકડવા માટે જરૂરી મદદ કરવામાં આવે છે.

રસાલા ગાર્ડનઃ-

એલીસબ્રીજ વિસ્તારમાં ૧૯૯૨માં આ ગાર્ડનની શરુઆત થઈ હતી. જેમાં જાત જાતના પશુ-પક્ષીઓને રાખી મીની ઝૂ વિકસાવવામાં આવેલ. જેમાં હરણ, કાચબા, સસલાં, ગીનીપીગ, વાંદરા, લવબર્ડ, બજરીગર, કબૂતરો વિગેરેનો સમાવેશ થાય છે. આ પાર્ક બાળકોમાં ખુબ જ લોકપ્રિય છે. જિરાફનું સ્ટ્રકચર લપસણી સાથે છે. ઉપરાંત ઝૂલા-હીંચકાઓની બાળકો મજા માણે છે.

રસાલા નેચર પાર્કમાં ગુજરાતના વન્યજીવ અભ્યારણની પ્રતિકૃતીનાં મૉડેલો બનાવીને ઈન્ટરપ્રીટેશન સેન્ટર પણ આવેલુ છે.

બગીચાઓઃ-

નગીનાવાડીઃ નગીનાવાડીમાં અલ્ટ્રાફાસ્ટ મ્યુઝિકલ ફાઉન્ડેશન વીથ લેસર શો બનાવવામાં આવેલ છે. જેનું તાઃ૧૨-૧૧-૦૪ના રોજ ઉદ્ઘાટન કરી મુલાકાતીઓ માટે ખુલ્લો મુકવામાં આવેલ છે. જેનો મુલાકાતીઓ લાભ લે છે. કાંકરીયા તળાવમાં બોટીંગ પણ ચાલુ છે.

વનટ્રી હિલ ગાર્ડનઃ-

વનટ્રી હીલ ગાર્ડન ઝૂ ખાતા દ્વારા વિકસાવી તેમાં કિંમતી ફુલછોડ લોન પ્લોટ વિ. ઉછેરી સુંદર બગીચો બનાવવામાં આવ્યો છે.

ચાચા નહેરુ બાલવાટિકાઃ-

બાળકોના બૌધ્ધિક વિકાસ અને જ્ઞાન સાથે ગમ્મત મળે તે માટે ચાચા નહેરુ બાલવાટિકા બનાવવામાં આવેલ છે . જેને શહેરમાં મનોરંજનનું ટોચનું સ્થાન પ્રાપ્ત થયેલ છે. અહીં ૩૦૦ વર્ષ જુનો કલાત્મક હિંડોળો, સતત પાણી રેલાવતી પનિહારી તથા આધુનિક રમકડાં ઉપલબ્ધ છે. કાચ ઘર મુલાકાતીઓ માટેનું મુખ્ય આકર્ષણ છે. બાલવાટિકામાં નીચે મુજબ જુદા જુદા સેકશનો આવેલા છે.

ફૂટ્સ રાઈડ્સ અને પંચતંત્ર વાટિકા :-

બાલવાટિકામાં ફૂટ્સ રાઈડસ અને પંચતંત્રવાટિકા પૈકી વાનર તથા મગરની વાર્તાના થ્રી.ડી મોડેલ મુકવામાં આવેલ છે જેનો મુલાકાતીઓ લાભ લે છે.

નાવડીઃ

અહીં લાકડાની કોતરણીવાળા પશુ-પક્ષીઓના રમકડાં, ફોટોગ્રાફસ તથા આઝાદી અગાઉના રજવાડાની આશરે ૨૦૦૦ વર્ષ અગાઉના દેશ વિદેશની પૌરાણિક નોટો અને ચલણી સિકકા ગોઠવવામાં આવ્યા છે.

નભોદર્શનઃ-

નભોદર્શનમાં આકાશી ગ્રહો, નક્ષત્રો અને તારાઓની ઓળખ તેમજ રાશીઓની માહિતી મેળવી શકાય છે. ઉપરાંત નભોદર્શન ખાતે ઓડીટોરીયમમાં કોસ્મોસ નામે ફિલ્મ શો બતાવવામાં આવે છે જેમાં બ્રભાંડ વિશેની માહિતી મળે છે.

બાળ પુસ્તકાલયઃ-

બાળકોને મનગમતાં ચિત્રો તથા પુસ્તકો ઉપરાંત રજવાડી લડાઈના સાધનો તથા રંગબેરંગી પતંગીયા ગોઠવવામાં આવ્યા છે.

ઢીંગલીઘરઃ-

વિશ્વની વિવિધ દેશોની ઢીંગલીઓ તથા મહાપુરુષોના ફોટોગ્રાફસ મુકી આ ઢીંગલી ઘરની આજુબાજુ ગામડાનું તથા ખેતરનું વાતાવરણ ઉભું કરવામાં આવ્યું છે.

પાણીનું ઝરણુંઃ-

ઢીંગલીઘરની પાછળ એક પાણીનું ઝરણું તથા વાઘની ગુફા બનાવી વન્ય કુદરતી દ્રશ્ય ઉભું કરવામાં આવ્યું છે. જેના દ્વારા બાલવાટિકાની સુંદરતામાં વધારો થાય છે.

ચિલ્ડ્રન ટ્રાફિક સેન્ટરઃ-

બાળકોને ટ્રાફિકના નિયમોની સમજ આપવા તથા જ્ઞાન સાથે ગમ્મત મળે તે હેતુથી સાયકલ ગ્રાઉન્ડમાં લાયોનેસ કલબ ઓફ કર્ણાવતીએ ટ્રાફિક સેન્ટર ઉભું કર્યુ છે. અહીં નાનાં પેટ્રોલ પંપ, પાર્કીંગ , બસ સ્ટેન્ડ, ક્રોસીંગ, ઓવરબ્રીજ, પોસ્ટનો ડબો તથા જાનવરો દ્વારા ટ્રાફિક નિયમ સમજાવતાં બોર્ડ મુકવામાં આવ્યા છે.

ઓપનએર થિયેટર (બાલ વાટીકા)ઃ-

અહીં સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરી, બાળકોમાં સર્જન શકિતનો વિકાસ થાય તેવા પ્રયત્ન કરવામાં આવે છે ઉપરાંત ચિત્ર સ્પર્ધા તથા અન્ય શૈક્ષણિક કાર્યક્રમો બાળકો માટે કરવામાં આવે છે.

પ્રાકૃતિક સંગ્રહસ્થાનઃ-

આ મ્યુઝિયમની સ્થાપના ઈ.સ.૧૯૭૫માં કરવામાં આવેલ છે. જે પ્રાણી સંગ્રહાલય અને બાલવાટિકાનો જ ભાગ છે. આ મ્યુઝિયમમાં ગુજરાતના દુર્લભ પક્ષીઓ તથા પ્રાણીઓને કુશળતાપૂર્વક તૈયાર થયેલા ૧૫ આકર્ષક ડાયોરમામાં રજુ કરવામાં આવેલ છે. મુલાકાતીઓના માનસપટ ઉપર તે પક્ષીઓનું તથા પ્રાણીઓનું આબેહુબ સ્વરુપ ખડું થાય તે માટે તેઓને જુદી જુદી સ્થિતીમાં કુદરતી વાતાવરણમાં અંગભંગ સ્થિતીમાં પ્રદર્શીત કરેલ છે. અહીં માર્ગદર્શન સેવા આપવામાં આવે છે અને ફોટોગ્રાફી પણ કરવા દેવામાં આવે છે.

વોટર પાર્કઃ-

અમદાવાદ મ્યુ. કોર્પો. તથા પ્રાઈવેટ પાર્ટી સાથે પબ્લીક પાર્ટનરશીપ ના ભાગરુપે વોટર પાર્ક બાલવાટિકામાં બનાવવામાં આવેલ છે. જે તાઃ૧૮-૨-૦૨ થી પબ્લીક માટે ખુલ્લું મુકવામાં આવેલ છે. આ વોટરપાર્કમાં જુદા જુદા પ્રકારની રાઈડસ જેવી કે કાઈંગ ટ્રી, શાવરઝૂલા, કન્વેયર બેલ્ટ, રીવોલીંગ રેસ્ટોરન્ટ, ઉપરાંત સોનાબાથ, સ્ટીમબાથ, જીમનેશીયમ, બર્થ ડે પાર્ટી હોલ તથા કોન્ફરન્સ ની પણ સુંદર વ્યવસ્થા કરવામાં આવેલ છે. ઉપરાંત ટ્રેન દ્વારા વાનગીઓ પીરસતો ડાઈનીંગ હોલ છે.

ઝૂ કોમ્પલેક્ષમાં છેલ્લા પાંચ વર્ષ દરમિયાન થયેલ આવકની માહિતી

ક્રમ	વર્ષ	ઝૂ	બાલવાટિકા	બટરફ્લાય પાર્ક	નભોદર્શન	ગ્લાયડર રાઈડસ ૨૦% મુજબ	એમ્યુ.પાર્ક ૫૬%મુજબ	વોટરપાર્ક ૩૦%મુજબ	નગીનાવાડી	ફ્રેન્ડસ ઓફ ઝૂ	પાર્કીંગ	અન્ય આવક	કુલ આવક
૧	૨૦૧૦-૨૦૧૧	૧૪૦૧૫૧૫૦	૩૯૭૩૨૨૦	----	------	-----	૬૩૫૫૮૦૯	૧૮૫૬૭૩૬	૧૩૮૦૦૦૧	૪૩૩૬૪૦	૪૮૭૯૦૯	૪૮૫૩૨	૨૮૫૫૦૯૯૭
૨	૨૦૧૧-૨૦૧૨	૧૭૪૧૫૭૨૪	૪૪૨૭૩૮૦	----	------	-----	૭૪૮૭૩૪૯	૧૮૫૬૭૩૬	૨૧૪૧૦૯૮	૫૯૫૭૬૦	૧૨૨૬૨૪૯	૩૪૫૦૦	૩૫૧૮૪૭૯૬
૩	૨૦૧૨-૨૦૧૩	૧૯૪૬૧૮૦૯	૪૬૬૯૯૦૫	૩૭૯૯૨૦	૮૮૩૮૭	------	૮૩૫૪૫૪૬	૧૮૫૬૭૩૬	૨૪૪૧૦૦૦	૪૦૫૭૦૦	૮૫૦૫૦૦	૩૨૯૪૬	૩૮૫૪૧૪૪૯
૪	૨૦૧૩-૨૦૧૪	૩૩૬૭૧૭૭૦	૨૮૫૯૫૫૩	૧૭૧૧૨૮૬	૧૩૫૫૭૦	૫૬૪૬૬	૨૮૩૪૬૦૪ **એમ્યુઝમેન્ટ પાર્ક તા.૧૨.૦૮. ૨૦૧૩ થી બંધ કરવામાં આવેલ છે.**	૧૮૫૬૭૩૬	૫૨૩૫૩૬૬	૪૬૨૦૬૦	૧૦૭૪૯૮૪	૪૩૬૧૦	૪૯૯૪૨૦૦૫
૫	૨૦૧૪-૨૦૧૫	૩૫૮૮૦૧૦૦	૨૦૧૨૪૩૬	૧૬૨૪૯૪૦	૪૫૩૮૭	૧૩૧૬૮૦	----	૧૮૫૬૭૩૬	૪૯૬૧૯૯૬	૪૪૧૩૬૦	૯૩૪૫૪૫	૫૦૬૪૫	૪૭૯૩૯૮૨૫

ઝૂ કોમ્પ્લેક્ષમાં છેલ્લા પાંચ વર્ષ દરમ્યાન આવેલ મુલાકાતીઓની સંખ્યા

ક્રમ	વર્ષ	ઝૂ	બાલવાટિકા અને ને.હિ.મ્યૂઝીયમ	બટરફલાય પાર્ક	કુલ
૧	૨૦૧૦-૨૦૧૧	૧૬૫૯૧૦૦	૧૪૮૪૧૫૦	-----	૩૧૪૩૨૫૦
૨	૨૦૧૧-૨૦૧૨	૨૧૪૨૬૦૮	૧૬૪૪૯૦૦	-----	૩૭૮૭૫૦૮
૩	૨૦૧૨-૨૦૧૩	૨૦૦૯૯૨૯	૧૭૯૫૪૮૧	૪૫૪૯૧	૩૮૫૦૯૦૧
૪	૨૦૧૩-૨૦૧૪	૧૮૬૬૦૦૯	૧૦૪૩૮૪૦	૧૯૧૩૯૫	૩૧૦૧૨૪૪
૫	૨૦૧૪-૨૦૧૫	૨૦૮૦૧૪૧	૭૫૭૩૩૨	૧૮૪૪૭૧	૩૦૨૧૯૪૪

૨.૧૦ નાણાં ખાતુ
૨૦૧૪-૧૫

પેમેન્ટ વિભાગ :-

બીલ ઈન્વર્ડ વિભાગ :

(૧) મ્યુનિસિપલ કોર્પોરેશનમાં થતા તમામ પ્રકારના કામોના બનતા બીલો તેના બજેટ મુજબ રજીસ્ટરમાં નોંધવા તેમજ તે અંગેની જરૂરી નોંધ બીલ ઉપર કરવા માટેની કામગીરી કરવામાં આવે છે.

(૨) કર્મચારીઓને ચૂકવવામાં આવતી રકમના બીલો, વેપારીઓના બીલો, કોમ્પ્યુટરમાં ઈન્વર્ડ કરવાની કામગીરી કરવામાં આવે છે.

(૩) કોમ્પ્યુટરમાં ઈન્વર્ડ થયેલા બીલોનું બજેટ ચઢાવવાની કામગીરી તેમજ દિવસ દરમ્યાન બજેટ ચઢેલ બીલોનો રિપોર્ટ મેળવી તેની ચકાસણી કરવાની કામગીરી કરવામાં આવે છે.

(૪) જે બીલો ધારાસભ્ય, સંસદસભ્ય કે કાઉન્સીલર બજેટના હોય છે તે બીલોના મેન્યુઅલી બજેટ ચઢાવવા, તેની જરૂરી નોંધ રાખવી, તેમજ બજેટ અંગેના વાંધાવાળા બીલો જે તે ખાતામાં પરત મોકલવાની કામગીરી કરવામાં આવે છે.

(૫) મ્યુનિસિપલ કોર્પોરેશનમાં થતા તમામ પ્રકારના કામોના બીલો પાસ થયા બાદ, મંજૂરી છૂટી પાડી, બજેટમાં મોકલાવવાની કામગીરી તેમજ બજેટ ચઢાવ્યા બાદ ડે. ચીફ એકાઉન્ટન્ટશ્રીની સહી થયા બાદ તે પ્રકારના બીલો રજીસ્ટરમાં નોંધી ચેક લખવા માટે ટ્રેઝરીમાં મોકલાવવાની તેમજ પ્રો. ફંડ કે મ્યુનિસિપલ કર્મચારીઓની લ્હેણી ચૂકવવાની થતી રકમના બીલો પાસ થયા બાદ રજીસ્ટરમા જરૂરી નોંધ કરી, બીલ કલાર્કોને આપવાની કામગીરી કરવામાં આવે છે.

(૬) રાજ્ય સરકાર દ્વારા કર્મચારીઓના વેતન અંગે કરવામાં આવતા જુદા જુદા જી.આર.ના અમલીકરણ અંગેની મ્યુનિસિપલ કોર્પોરેશનની જરૂરી મંજૂરી મેળવવાની તથા તે મુજબની કામગીરી કરવાની કરવામાં આવે છે.

મેડીકલ રીઈમ્બર્સમેન્ટ :-

(૧) મ્યુનિસિપલ કર્મચારી તેમજ પેન્શનરો તેમજ કાઉન્સીલર ના મેડીકલ રીઈમ્બર્સમેન્ટના બીલોની ચકાસણી કરી પાસ કરવા તેમજ બજેટ ચઢાવવા માટે મોકલવાની કામગીરી ફાર્માસીસ્ટ દ્વારા કરવામાં આવે છે.

ડીસ્પેચ વિભાગ :-

નાણાં ખાતાની આવતી ટપાલો તેમજ મોકલવાની થતી ટપાલોની રજીસ્ટરમાં આઉટવર્ડ નંબર પાડી જરૂરી નોંધ કરી જે તે વિભાગના વડાને મોકલવાની તેમજ જરૂરી સરક્યુલરો માટે, જરૂરી મંજૂરીઓનું ફાઈલીંગ કરવું, કોર્પોરેશનનાસરક્યુલરોનું ફાઈલીંગ કરવું, ખાતામાંથી થતા સરક્યુલરની વહેંચણી કરાવવી વિગેરે કામગીરી કરવામાં આવે છે.

બીલ કલાર્ક :

નાણાં ખાતાના કર્મચારીઓના પગાર બીલો બનાવવા, ખાતાના અધિકારીશ્રીઓના ઘરના ટેલિફોનના બીલો બનાવી ટેલીફોન કંપનીમાં બીલોની ચૂકવણી કરવી તેમજ રજા ઉપર જતા કર્મચારીઓના રજાના ફોર્મ ભરી સર્વિસ બુકમાં તેની જરૂરી નોંધ કરવી.નાણાં ખાતાના કર્મચારીઓના તબક્કાવાર થતા ઈન્ક્રીમેન્ટ કરી તેની જરૂરી નોંધ સર્વિસબુકમાં રાખવી. નિવૃત્ત કે અવસાન પામતા કર્મચારીઓને અંતિમ લાભો આપવા માટે જરૂરી બીલો બનાવી, પાસ કરાવી અને ચૂકવણી કરવાની કામગીરી કરવી. સેન્ટ્રલ ઓફિસ કે અન્ય ખાતેથી અવારનવાર માંગવામાં આવતી માહિતીઓ પૂરી પાડવાની કરવામાં આવે છે. આ ઉપરાંત હાલમાં મ્યુનિસિપલ કોર્પોરેશનમાં છઠ્ઠા પગારપંચનો અમલ તા. ૧-૪-૨૦૦૯થી થયેલ હોવાથી તેનું ફીકસેશન કરવાની કામગીરી કરવામાં આવે છે.

-: ૨ :-

હોસ્પિટલ વિભાગ :-

મ્યુનિસિપલ કોર્પોરેશનની શેઠ વા.સા. હોસ્પિટલ સહિતની તમામ મ્યુનિસિપલ જનરલ હોસ્પિટલો, પ્રસુતિગૃહો,રેફરલ હોસ્પિટલો, એમ. જે. લાયબ્રેરીના તમામ કર્મચારીઓના પગાર બીલો પાસ કરવા તેમજ આ વિભાગોમાં ફરજ બજાવતા કર્મચારીઓના રજા તેમજ નોકરી અંગેના જરૂરી અભિપ્રાયો આપવાની કામગીરી કરવામાં આવે છે. મ્યુનિસિપલ કોર્પોરેશનના તમામ કર્મચારીઓના તા. ૧ અને ૭ના પગાર બીલો તેમજ ઓવરટાઈમના બીલો

તેમજ કર્મચારીઓને ચૂકવવાની થતી પરચુરણ પુરવણીની રકમની ગણતરી ચેક કરવી તેમજ તેની જરૂરી મંજૂરીઓ ચકાસવાની કામગીરી કરવામાં આવે છે.

ઈન્કમટેક્ષ વિભાગ :-

મ્યુનિસિપલ કોર્પોરેશનના થતા કામોના વહેપારીઓના બીલોમાંથી જરૂરી સેલ્સ ટેક્ષ / સર્વિસ ટેક્ષ તેમજ ટી.ડી.એસ. કપાય છે તેના હિસાબો તૈયાર કરવા તેમજ તેના બીલો બનાવી સરકારમાં જમા કરાવવા તેમજ આ અંગેના જરૂરી સર્ટિફિકેટો તૈયાર કરી સંબંધિત વ્યક્તિને આપવા, વર્ષના અંતે કોર્પોરેશનના કર્મચારીઓને ચૂકવવામાં આવેલા પગારમાંથી વસુલ કરવાના થતા ઈન્કમટેક્ષની ગણતરી કરી તેના જરૂરી પત્રકો બનાવી, પાસ કરી અને આ રીતે નિર્ણિત થતી રકમના જરૂરી બીલો બનાવી ઈન્કમટેક્ષ વિભાગમાં જમા કરાવવા, કર્મચારીઓને આ અંગેના જરૂરી પત્રકો તૈયાર કરી આપવાની કામગીરી કરવામાં આવે છે.

એલ.ટી.સી. વિભાગ તેમજ ટી.એ. ડી.એ. :-

મ્યુનિસિપલ કર્મચારીને રાજ્ય સરકારના ધોરણે અપાતા પ્રવાસના લાભોની આવતી અરજીઓની ચકસણી કરી, તે અંગે આપવાની થતી એડવાન્સ રકમના જરૂરી અભિપ્રાય આપવા તેમજ પ્રવાસ પૂરી થયા બાદ ખરેખર થતી મળવાપાત્ર રકમનાં અભિપ્રાય આપવા તેમજ મ્યુનિસિપલ કર્મચારી કે અધિકારીશ્રીઓના કોર્પોરેશનના કામ અર્થે કે તેઓને તાલીમ, કે અભ્યાસ માટે મોકલવામાં આવે ત્યારે તેઓને મળવાપાત્ર થતી રકમોના અભિપ્રાય આપવા. તેમજ ઈન્કમટેક્ષના ફોર્મની ચકાસણીની કામગીરીમાં મદદ કરવાની કામગીરી કરવામાં આવે છે.

એલ.આઈ.સી. :-

મ્યુનિસિપલ કર્મચારીના પગારમાંથી વસુલ લેવામાં આવતી પ્રીમીયમની રકમના જરૂરી હિસાબો કરી તેની જરૂરી નોંધ રજીસ્ટરોમાં કરી તેમજ વસુલ કરાયેલ રકમના બીલો બનાવી, પાસ કરાવી અને આ રકમ એલ.આઈ.સી.માં જમા કરાવવાની તેમજ સમયાંતરે જે કર્મચારીઓ નવા ઉમેરાય તેઓની જરૂરી નોંધ કરી કોમપ્યુટરમાં તે અંગેના જરૂરી ડેટા મોકલવા તેમજ નિવૃત્ત થતા કર્મચારીઓના કલીયરન્સ અંગેના જરૂરી સર્ટિફિકેટો આપવા તેમજ મ્યુનિસિપલ કર્મચારીઓના પ્રિમિયમ અંગેના એલ.આઈ.સી. માં ઉભા થતા પ્રશ્નોના નિરાકરણ, રૂબરૂ અથવા તો પત્ર દ્વારા કરવાની કામગીરી કરવામાં આવે છે.

-: ૩ :-

કન્ટીજન્સી :- નાણાં ખાતાના કર્મચારીઓ તેમજ અધિકારીશ્રીઓને જરૂરી કન્ટીજન્સી ઈન્ડેન્ટમાં ભરી જરૂરી મંજૂરી મેળવી સેન્ટ્રલ સ્ટોર્સમાંથી મેળવવી તેમજ જરૂરી બજાર ખરીદી કરી, મંજૂરી મેળવી, બીલો બનાવી ઈમ્પ્રેશ કેશમાં જમા કરાવવા તેમજ કન્ટીજન્સી પત્રકો તૈયાર કરાવી પાસ કરાવવા, ડેડ સ્ટોક રજીસ્ટરો રાખવાની કામગીરી કરવામાં આવે છે.

ઉપરોક્ત સર્વે કામગીરી જુનિયર કલાર્ક, સીનિયર કલાર્ક, હેડ કલાર્ક, આસિ. મેનેજર, ડે. ચીફ એકાઉન્ટન્ટ ક્રમાનુસાર થતી હતી તેના બદલે ઉપર મુજબ ટૂંકાવીને લેવામાં આવેલ છે.

(૩) પી. એફ. વિભાગ :-

નાણાં ખાતાના પી.એફ. વિભાગ દ્વારા સને ૨૦૧૪-૧૫ ના વર્ષમાં **૫૧૮૨** કર્મચારીઓને આપવામાં આવેલી લોનમાં સી.પી.એફ. યોજનામાંથી કુલ રૂા. **૪૨,૫૬,૦૦૦**/- અને જી.પી.એફ. યોજનામાંથી રૂા. **૪૪,૫૩,૨૦,૦૦૦**/- પી.એફ. લોન પેટે આપવામાં આવેલા છે. આ ઉપરાંત કર્મચારીઓની નોકરીના અંત સમયે ચૂકવવામાં આવતા ફાઈનલ પી.એફ. ફાળાની ચૂકવણી માટે કુલ **૯૭૫** સર્વિસ બુકો વર્ષ દરમ્યાન ઈન્વર્ડ થઈ તે તમામનો નિકાલ કરવામાં આવ્યો છે અને ફાઈનલ પી.એફ.ની ચૂકવણી પેટે કર્મચારીઓને સી.પી.એફ.માંથી રૂા. **૧,૯૪,૫૦,૩૧૨**/- અને જી.પી.એફ.માંથી રૂા. **૨૮,૪૫,૯૯,૪૫૮**/- ચૂકવવામાં આવેલા છે. તે ઉપરાંત લીંક ઈન્સ્યુરન્સ પેટે **૧૧૨** કર્મચારીઓના વારસદારોને રૂા. **૬૩,૮૩,૯૬૨**/- ચૂકવવામાં આવેલ છે.

આ ઉપરાંત પી.એફ. વિભાગ દ્વારા સને ૨૦૧૪-૨૦૧૫ ના વર્ષની વાર્ષિક હિસાબોની સ્લીપો કર્મચારીઓને વહેંચવામાં આવેલ છે. સને ૨૦૧૪-૨૦૧૫ ના ઓડિટના વાંધાઓનો નિકાલ કરી બ્રોડશીટમાં હિસાબો સુધાર્યા. નવા નિમણૂંક પામેલ કર્મચારીઓને પુરાવા તપાસી એમ્પ્લોઈ નંબર આપવામાં આવેલ છે તેમજ રોજમેળની કામગીરી પૂર્ણ કરેલ છે.

હિસાબી વાંધા અંગેની આવેલ અરજીઓના હિસાબો સુધારી અરજીઓનો નિકાલ કરેલ છે. પી.એફ. બેલેન્સ અંગે આવેલ કર્મચારીઓને પી.એફ. બેલેન્સ સર્ટિફિકેટ ઈસ્યુ કરવામાં આવેલ છે. સેન્ટ્રલ વર્કશોપના ગર્વ. પી.એફમાં જોડાયેલ કર્મચારીઓ પૈકી નિવૃત્ત કર્મચારીઓને મોંઘવારી તફાવતની જમા રકમની ચૂકવણી કરવામાં આવેલ છે. ●●●●

નાણાં ખાતુ - જનરલ વિભાગ
સને ૨૦૧૪-૨૦૧૫

નાણાં ખાતાના ડેપ્યુટી ચીફ એકાઉન્ટન્ટશ્રી (જનરલ)ની પાસે મુખ્યત્વે ૧૧ પેટા વિભાગો આવેલા છે. તેમાં મુખ્યત્વે કર્મચારીઓના પ્રશ્નોનો - સર્વિસ મેટરોનો નિકાલ લાવવામાં આવે છે તે વિભાગો નીચે મુજબ છે :

(૧) એ.એ.જી. વિભાગ
(૨) નોકર એડવાન્સ વિભાગ
(૩) જી.આઈ.એસ. વિભાગ
(૪) એવોર્ડ વિભાગ
(૫) સ્ટોર વેરીફીકેશન વિભાગ
(૬) નિવૃત્તિના લાભ વિભાગ
(૭) પેન્શન વિભાગ
(૮) ઈન્કમટેક્ષ વિભાગ
(૯) એલ.આઈ.સી. વિભાગ
(૧૦) એલ.ટી.સી. અને ટી.એ.ડી.એ. વિભાગ
(૧૧) ન્યુ પેન્શન સ્કીમ

ઉપરોક્ત તમામ બ્રાન્ચો દ્વારા સને ૨૦૧૪-૧૫ના વર્ષમાં કરેલી કામગીરીની વિગતવાર માહિતી નીચે મુજબ છે :

(૧) **એ.એ.જી. વિભાગ :-** નાણાં ખાતાની એ.એ.જી. વિભાગ દ્વારા કર્મચારીઓના સર્વિસ મેટરોને લગતા પ્રશ્નો બાબતે વિવિધ કર્મચારીઓ - ખાતાઓ દ્વારા પૂછવામાં આવતા અભિપ્રાયો આપવામાં આવે છે. સને ૨૦૧૪-૧૫ ના વર્ષમાં કુલ **૨૩૬૪** અભિપ્રાયો, સ્ટેગર્ડ ઈન્ક્રીમેન્ટ, પગાર ફિકસેશન, સ્પે. રજાઓને લગતાં, સ્વૈચ્છિક નિવૃત્તિ/રાજીનામાને લગતાં, ઘરભાડાને લગતાં, વાહન ભથ્થા, સસ્પેન્ડ, રીમુવ થયેલા કર્મચારીઓના પગાર અંગેના અભિપ્રાયો આવેલ છે જેમાંથી **૨૨૭૯** અરજીઓનો નિકાલ કરવામાં આવેલ છે અને બાકીની **૮૫** અરજીઓની વાંધાને કારણે નિકાલ થયેલ નથી.

(૨) નોકર એડવાન્સ વિભાગ :- નાણાં ખાતાના નોકર એડવાન્સ વિભાગ તરફથી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના કાયમી અને એકટીગ કર્મચારીઓને વિવિધ પ્રકારની લોનો આપે છે. તેમાં મુખ્યત્વે - મકાન લોન, મોટરકાર લોન, સ્કુટર લોન અને સાયકલ લોન આપે છે. અહેવાલી વર્ષ ૨૦૧૪-૧૫ દરમ્યાન કર્મચારીઓને સદર પ્રકારની કોઈ લોન આપવામાં આવેલ નથી.

(૩) **જી.આઈ.એસ. વિભાગ (ગ્રુપ ઈન્સ્યુરન્સ સ્કીમ) :-** અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના જે કર્મચારીઓ જી.આઈ.એસ. માં જોડાયેલા હોય તેવા કર્મચારીઓમાંથી સને ૨૦૧૪-૨૦૧૫ નાં વર્ષ દરમ્યાન કોર્પોરેશનની નિવૃત્ત થયેલા **૯૨૫** જેટલા કર્મચારીઓના કેસમાં રૂા. **૨૫,૦૬૩,૧૬૩**/- જેટલી રકમ ચૂકવવામાં આવેલ છે.

(૪) એવોર્ડ સેલ :-

સરકારશ્રીના પગારપંચ દ્વારા વખતોવખત જાહેર કરવામાં આવતા ઠરાવોનો એવોર્ડ સેલ દ્વારા અભ્યાસ કરી પગારધોરણનું ફિકસેશન કરવાની કામગીરી કરવામાં આવે છે. અહેવાલી વર્ષ ૨૦૧૪-૧૫ માં સરકારશ્રી દ્વારા જાહેર કરવામાં આવેલ છઠ્ઠા પગારપંચના ફિકસેશનનું બાકી રહેલ કર્મચારીઓનું પગાર ફિકસેશનની કામગીરી કરવામાં આવેલ છે તેમજ મળેલ મંજૂરી અનુસાર ઉચ્ચતર પગાર ધોરણની (૧૨/૨૪ની યોજના) આપવા ઠરાવેલ તે અન્વયે નિયમાનુસાર મળવાપાત્ર બાકી કર્મચારીઓનું પણ ફિકસેશન કરેલ છે તેમજ નિયમાનુસાર નિવૃત્ત/અનફીટ/મરણ કે રાજીનામું આપેલ મળવાપાત્ર મ્યુનિસિપલ કર્મચારીઓને ઉચ્ચતર પગારધોરણનું ફિકસેશન કરેલ છે

-: ૨ :-

છઠ્ઠા પગારપંચ અંતર્ગત રાજ્ય સરકારશ્રીના ધોરણે મ્યુનિસિપલ કર્મચારીઓને છઠ્ઠા પગારપંચના ફિકસેશન અંગેની વધારાના સ્ટાફની ફાળવણી કરેલ સ્ટાફ દ્વારા છઠ્ઠા પગારપંચના ફિકસેશનની તેમજ ઉચ્ચતર પગારધોરણના ફકસેશનની કામગીરી કરવામાં આવેલ છે.

(૫) સ્ટોર વેરીફીકેશન વિભાગ :- અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના જુદા જુદા ખાતાઓમાં રોજમેળ, ઈમ્પ્રેશ કેશ, પોસ્ટેજ, રેવન્યુ તથા મ્યુનિસિપલ કોર્પોરેશન હસ્તકના દવાખાનાઓમાં દવાઓ, કન્ટીજન્સી, ઈન્જેકશન્સ, લીનન, ટીકીટ બુક બેલેન્સ, જામીન બોન્ડ, ડેડ સ્ટોક પત્રક, મોર્ગેજ ડીડ વિગેરે ચેક કરવાનું કાર્ય કરે છે.

(૬) નિવૃત્તિના લાભ વિભાગ :- (ટર્મિનલ બેનીફીટ સેલ)

નાણાં ખાતાના નિવૃત્તિના લાભ વિભાગ (ટર્મિનલ બેનીફીટ સેલ)ની કામગીરીમાં મુખ્યત્વે વર્ષ દરમ્યાન વિવિધ કારણોસર નોકરીમાંથી મુક્ત થતાં કર્મચારીઓનાં કેસોમાં કર્મચારીઓને નિવૃત્તિ, સ્વૈચ્છીક રાજીનામું,અનફીટ, બરતરફી, અવસાન સમયે પ્રવર્તમાન નિતિનિયમો મુજબ ગ્રેજ્યુઈટી, મૃત્યુ રાહત યોજના,લેણી નીકળતી રજાના રોકડ નાણાંમાં રૂપાંતર, કોમ્યુટેડ પેન્શન તેમજ પેન્શન બાંધણી કરવાની કામગીરી કરવામાં આવે છે.

સને ૨૦૧૪-૧૫ ના વર્ષ દરમ્યાન ગ્રેજ્યુઈટીનાં કુલ ૯૦૯ અભિપ્રાયો આપવામાં આવેલા છે તેના બિલો બનાવી પેમેન્ટ કરવાની કામગીરી કરવામાં આવેલ છે તે પેટે જે અંદાજે રૂા. **૪૦,૬૪,૭૭,૮૮૮**/- ચૂકવવામાં આવેલ છે.

મૃત્યુ રાહત યોજના હેઠળ કર્મચારીનું ચાલુ નોકરીએ અવસાન થયું હોય તેવા **૧૦૩** કેસ ૨૦૧૪-૧૫ ના વર્ષ દરમ્યાન બનેલા છે તેમનાં વારસદારોને રૂા. **૨૫૦૦**/- લેખે રૂા. **૨,૫૭,૫૦૦**/- ચૂકવવામાં આવેલા છે.

સને ૨૦૧૪-૧૫ ના વર્ષ દરમિયાન લ્હેણી રજાના કુલ **૮૫૭** અભિપ્રાયો આપવામાં આવેલા છે તેના બિલો બનાવી પેમેન્ટ કરવાની કામગીરી કરવામાં આવેલ છે તે પેટે અંદાજે રૂા. **૧૮,૫૯,૭૫,૮૩૪**/- ચૂકવવામાં આવેલા છે.

પેન્શન યોજના અન્વયે સને ૨૦૧૪-૨૦૧૫ ના વર્ષ દરમિયાન **૭૩૧** કર્મચારીઓ મરણ / નિવૃત્ત / અનફીટ/ રાજીનામું અને સ્વૈચ્છિક વિગેરે રીતે નોકરીમાંથી મુક્ત થતા તેઓની પેન્શનપાત્ર નોકરીની ગણતરી કરી તેના આધારે કોમ્યુટેડ પેન્શનની ગણતરી કરીને નાણાં ચૂકવવામાં આવેલા છે.

(૭) પેન્શન વિભાગ :-

મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સને ૧-૧-૮૩થી પેન્શન યોજના રાજ્ય સરકારના ધોરણે પેન્શનના નિતિ નિયમો મુજબ પેન્શનની ચૂકવણી કરવાની કામગીરી કરવામાં આવે છે. સને ૨૦૧૪-૨૦૧૫ના વર્ષમાં કુલ પેન્શનર્સની સંખ્યા **૧૪,૭૩૯** થઈ છે. આ તમામ પેન્શનરોને બેંક / મનીઓર્ડર / અને રોકડ મારફતે પેન્શન ચૂકવવામાં આવેલ છે. આ ઉપરાંત મેડીકલ રીઈમ્બર્સમેન્ટ સ્કીમમાં જોડાયેલાં પેન્શનરોનાં તબીબી સારવારના બીલોનાં નાણાં ચૂકવવાની કામગીરી કરવામાં આવે છે. સારવાર પુસ્તિકા આપવાની કામગીરી થાય છે. આ ઉપરાંત પેન્શનર્સનાં ખોવાઈ ગયેલ, ફાટી ગયેલ તેમજ ફેમિલી પેન્શનનાં કિસ્સામાં નવા પેન્શન કાર્ડ બનાવવાની કામગીરી તેમજ વાર્ષિક આવકના પ્રમાણપત્રોની કામગીરી કરવામાં આવે છે.

આ ઉપરાંત ૧૫ વર્ષ પૂરા કરતાં પેન્શનરોનાં પુનઃસ્થાપનની કામગીરી કરવામાં આવે છે.

આ ઉપરાંત વર્ષમાં એક વખત તમામ પેન્શનરોનાં હયાતી બાબતે હયાતી ફોર્મ ભરાવવામાં આવે છે. ત્યારબાદ ફોર્મની ખતવણી કરવામાં આવે છે. હયાતી ફોર્મ ન ભર્યા હોય તેવા પેન્શનરોના સ્ટોપ પેમેન્ટ કરવાની કામગીરી કરવામાં આવે છે.

આ ઉપરાંત ફેમીલી પેન્શન ચાલુ કરવાની કામગીરી, પેન્શન બંધ કરવાની કામગીરી, સેવા પેન્શન ચૂકવવાની કામગીરી કરવામાં આવે છે.

-: ૩ :-

મૃત્યુ પામતા પેન્શનર્સનું પેન્શન બંધ કરવુ. વારસદાર નક્કી કરી મૃત્યુ રાહત રકમ તેમને ચૂકવવી. હકકદાર વારસદારનાં કિસ્સામાં ફેમીલી પેન્શન ચાલુ કરવું. સુધારા અપડેટ કરવા, ફેમીલી પેન્શન નક્કી કરવું, બંધ કરવાની તારીખ નક્કી કરવી. તે મુજબ મંજૂરી માંગવી.

વર્ષ દરમ્યાન મોંઘવારીમાં વધારો નક્કી થાય ત્યારે વધારા બાદની તારીખથી પેન્શન મૂળ પગારમાં સુધારો પામેલ પેન્શનર્સને અલગ તારવી તેના એરિયર્સની ગણતરી કરવી. વર્ષ દરમ્યાન બે વખત મોંઘવારીમાં વધારો થયેલ છે.

તમામ પેન્શનર્સ માટે શિડ્યુલ લખવામાં આવે છે. સુધારા મુજબ ડેટા અપડેટ કરવામાં આવે છે.

ભવિષ્યની ચોક્કસ તારીખે મૂળ પગારમાં ફેરફાર થતો હોય તેવા પેન્શનર્સ માટે રેડી-રેકનર અપડેટ રાખવાની કામગીરી કરવામાં આવે છે.

બેન્કનાં પેન્શન હેન્ડલીંગ બિલની ચૂકવણી કરવામાં આવે છે.

વધુમાં તા. ૦૧-૦૪-૨૦૦૯થી અમલમાં આવેલ છઠ્ઠા પગારપંચનો અમલ આપવામાં આવેલ છે. આ ઉપરાંત ૧૨/૨૪ના ઉચ્ચતર પગારધોરણ મુજબ અમલ કરવામાં આવેલ છે.

આ ઉપરાંત વર્ષ દરમ્યાન રાજ્ય સરકાર દ્વારા જે કોઈ લાભ પેન્શનરને આપવામાં આવે તેનો તાકીદે અમલ કરી લાભ આપવામાં આવે છે.

(૮) ઈન્કમટેક્ષ વિભાગ :-

મ્યુનિસિપલ કોર્પોરેશનના થતા કામોના વહેપારીઓના બીલોમાંથી જરૂરી સેલ્સ ટેક્ષ / સર્વિસ ટેક્ષ તેમજ ટી.ડી.એસ. કપાય છે તેના હિસાબો તૈયાર કરવા તેમજ તેના બીલો બનાવી સરકારમાં જમા કરાવવા તેમજ આ અંગેના જરૂરી સર્ટિફિકેટો તૈયાર કરી સંબંધિત વ્યક્તિને આપવા, વર્ષના અંતે કોર્પોરેશનના કર્મચારીઓને ચૂકવવામાં આવેલા પગારમાંથી વસુલ કરવાના થતા ઈન્કમટેક્ષની ગણતરી કરી તેના જરૂરી પત્રકો બનાવી, પાસ કરી અને આ રીતે નિર્ણિત થતી રકમના જરૂરી બીલો બનાવી ઈન્કમટેક્ષ વિભાગમાં જમા કરાવવા, કર્મચારીઓને આ અંગેના જરૂરી પત્રકો તૈયાર કરી આપવાની કામગીરી કરવામાં આવે છે.

(૯) એલ.આઈ.સી વિભાગ :-

મ્યુનિસિપલ કર્મચારીના પગારમાંથી વસુલ લેવામાં આવતી પ્રીમીયમની રકમના જરૂરી હિસાબો કરી તેની જરૂરી નોંધ રજીસ્ટરોમાં કરી તેમજ વસુલ કરાયેલ રકમના બીલો બનાવી, પાસ કરાવી અને આ રકમ એલ.આઈ.સી.માં જમા કરાવવાની તેમજ સમયાંતરે જે કર્મચારીઓ નવા ઉમેરાય તેઓની જરૂરી નોંધ કરી કોમપ્યુટરમાં તે અંગેના જરૂરી ડેટા મોકલવા તેમજ નિવૃત્ત થતા કર્મચારીઓના કલીયરન્સ અંગેના જરૂરી સર્ટિફિકેટો આપવા તેમજ મ્યુનિસિપલ કર્મચારીઓના પ્રિમિયમ અંગેના એલ.આઈ.સી. માં ઉભા થતા પ્રશ્નોના નિરાકરણ, રૂબરૂ અથવા તો પત્ર દ્વારા કરવાની કામગીરી કરવામાં આવે છે.

(૧૦) એલ.ટી.સી. વિભાગ તેમજ ટી.એ. ડી.એ. :-

મ્યુનિસિપલ કર્મચારીને રાજ્ય સરકારના ધોરણે અપાતા પ્રવાસના લાભોની આવતી અરજીઓની ચકસણી કરી, તે અંગે આપવાની થતી એડવાન્સ રકમના જરૂરી અભિપ્રાય આપવા તેમજ પ્રવાસ પૂરી થયા બાંઈ ખરેખર થતી મળવાપાત્ર રકમનાં અભિપ્રાય આપવા તેમજ મ્યુનિસિપલ કર્મચારી કે અધિકારીશ્રીઓના કોર્પોરેશનના કામ અર્થે કે તેઓને તાલીમ, કે અભ્યાસ માટે મોકલવામાં આવે ત્યારે તેઓને મળવાપાત્ર થતી રકમોના અભિપ્રાય આપવાની કામગીરી કરવામાં આવે છે.

(૧૧) ન્યુ પેન્શન સ્કીમ :-

તા. ૦૧-૦૪-૨૦૦૫ પછી મ્યુનિસિપલ કોર્પોરેશનમાં નવી નિમણુંક પામેલ કર્મચારીઓ માટે ન્યુ પેન્શન સ્કીમ અમલમાં આવેલ છે. આ તમામ કર્મચારીઓનો સને ૨૦૧૪-૧૫ સુધીના કપાયેલ રકમના હિસાબો કરી તે અંગે ચૂકવવાના થતા વ્યાજની ગણતરી કરી, તે અંગે કોમ્પ્યુટર દ્વારા હિસાબો મ્યુનિસિપલ કોર્પોરેશનની વેબ સાઈટ ઉપર મૂકેલ છે તેમજ આ તમામ કર્મચારીઓના ઁઈછશ નંબરના ફોર્મ ભરાવી, તેઓના ઁઈછશ નંબર એલોટ કરાવી આપેલ છે. તેમજ આ અંગે ઉભા થતા જુદા જુદા પ્રશ્નોનું નિરાકરણ લાવી ગુજરાત રાજ્યમાં સૌ પ્રથમ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આ અંગે સફળતાપૂર્વક કાર્યવાહી કરવામાં આવેલ છે.

★★★★★

ટ્રેઝરી વિભાગ
સને ૨૦૧૪-૨૦૧૫

(૧) ઈન્વર્ડ વિભાગમાં બજેટ ચઢીને પાસ થયેલા તમામ પ્રકારના બીલો કે જેની ચૂકવણી બેંક દ્વારા કે પે-ઓર્ડરથી કરવાની હોય તેવા બીલોના પેમેન્ટ માટે એડવાઈઝ જે તે પ્રકારના પેમેન્ટ એટલે કે ઈભજી, શઈખૂ, ઈ્ય્જી,_ચિહજકીઈ-મેઈલથી પેમેન્ટ એડવાઈઝ બનાવી બેન્કને જાણ કરવી તેમજ તૈયાર થઈને આવેલા પે-ઓર્ડરની ચકાસણી કરી પેમેન્ટ માટે સંબંધિત સ્ટાફને આપવા. – જુનિયર કલાર્ક / સીનિયર કલાર્ક

(૨) મ્યુનિસિપલ કર્મચારીઓના રોકડ તેમજ પે-ઓર્ડરથી લેવા આવતા કર્મચારીઓના જરૂરી પુરાવા તપાસી બીલોમાં જરૂરી નોંધ તપાસી તેઓએ કરેલી સહીઓ તપાસી ટોકન આપવા તેમજ તેની જરૂરી નોંધ કોમ્પ્યુટરમાં કરવી. - સીનિયર કલાર્ક.

(૩) આ પ્રમાણે અપાયેલ ટોકનવાળા બીલોનું રોકડ અથવા તો પે-ઓર્ડરથી પેમેન્ટ કરવા માટે આવતા બીલોની જરૂરી નોંધો કોમપ્યુટરમાં તપાસી આ નોંધો બીલ ઉપરની નોધો સાથે સરખાવી ટોકન મેળવી, રજૂ કરનાર ટોકનવાળી વ્યક્તિને રોકડ અથવા પે-ઓર્ડરથી પેમેન્ટ આપવાની કામગીરી – સીનિયર કલાર્ક.

(૪) મ્યુનિસિપલ કોર્પોરેશનમાં આવતી તમામ પ્રકારની રોકડ અને ચેકની આવકો કોમ્પ્યુટરમાં નોંધી તેના રજૂ થતા ચીલનોમાં જરૂરી સહી કરી તે ચીલનો કર્મચારીઓને પરત આપી તેમની પાસેથી રોકડ આવક
સ્વીકારવી. – સીનિયર કલાર્ક.

(૪.૧) તેમજ ચેકો સ્વીકારી તેના જરૂરી સ્ટેટમેન્ટો બનાવી તે અંગેના જરૂરી ચીલનો બનાવી અને બેન્કમાં ચેકો જમા કરાવવા માટે જરૂરી પત્રકો બનાવવાની કામગીરી. – સીનિયર કલાર્ક.

(૪.૨) આવેલ રોકડ આવકની નોટોના તેના પ્રકાર મુજબ બંડલો બનાવી, ગણતરી કરી અને આ આવકના બંડલો સ્ટ્રોંગ રૂમમાં જમા કરવા – સીનિયર કલાર્ક

(૪.૩.) જમા આવેલ નાણાંના જરૂરી હિસાબો રાખવા, તેમજ આ વધારાની રોકડ રકમ તેના જરૂરી પત્રકો તૈયાર કરી બેન્કમાં જમા કરાવવા તેમજ બેન્કમાંથી રોજ-બ-રોજ બેલેન્સ લાવવું અને બેન્કોમાં થતા જરૂરી ખર્ચાના બીલો બનાવી તેની નોંધ કોમ્પ્યુટરમાં કરવી. – હેડ કેશીયર.

(૫) પગારતારીખોમાં પગારમાંથી થતી કપાતોના જરૂરી પત્રકો બનાવી કર્મચારીઓના પગારમાં કપાત થતી પ્રો. ટેક્ષ, ક્રેડીટ સોસાયટીના હિસાબો તૈયાર કરી, બીલો બનાવી જે તે સંસ્થામાં જમા કરાવવાની કામગીરી.
– સીનિયર કલાર્ક.

(૬) તિજોરીમાં આવતી તમામ ફરિર્યાદીની ટપાલો ઈન્વર્ડ કરવી તેમજ ડે. ચીફ એકાઉન્ટન્ટ સમક્ષ રજૂ કરી તેઓના હુકમ મુજબ જે તે વિભાગને મોકલવી તેમજ વેપારીઓને તેમના પેમેન્ટ માટે ટપાલથી જાણ કરવી. આ અંગે જરૂરી પોસ્ટેજ રજીસ્ટર તેમજ ઈન્વર્ડ રજીસ્ટરમાં જરૂરી નોંધ કરવી, રજીસ્ટર એ.ડી. કરવા, પોસ્ટેજ લાવવા માટે જરૂરી બીલો બનાવી, પોસ્ટેજના હિસાબો રાખવા, કર્મચારીઓના કેજ્યુઅલ ફોર્મ રાખવાની કામગીરી કરવી. – જુનિયર કલાર્ક.

(૭) મ્યુનિસિપલ પેન્શનરોને નિયત તારીખોમાં પેન્શન ન લઈ ગયા હોય તે તિજોરીમાં જમા કરાવેલ પેન્શન જ્યારે પેન્શનર પેન્શન લેવા આવે ત્યારે જરૂરી પુરાવા તપાસી પેન્શનરને પેમેન્ટ આપવું.

(૮) મ્યુનિસિપલ આવકને જરૂરી બેન્કોમાં ફીકસ ડિપોઝીટ કરાવવા જરૂરી મંજૂરી માંગવી તેમજ તેના બીલો બનાવવા, રીન્યુઅલ કરાવવા જરૂરી મંજૂરી માંગવી, રોકડ કરાવવા માટે જરૂરી મંજૂરી માંગવી અને બેન્કમાં જમા કરાવવા અને આ અંગેના જરૂરી હિસાબો તૈયાર કરવા. – સીનિયર કલાર્ક / ઓફિસ સુપ્રિન્ટેન્ડેન્ટ.

(૧૦) પેમેન્ટ થઈ ગયા બાદ તેની જરૂરી ચકાસણી થયા બાદ, ઓડીટ થયા બાદ , આ વાઉચરોને યોગ્ય અને વ્યવસ્થિત રીતે રેકર્ડ રૂમમાં રાખવાની કામગીરી – સીનિયર કલાર્ક.

(૧૧)પેમેન્ટ થયેલા વાઉચરોનો ખર્ચ યોગ્ય બજેટ હેડ અથવા તો એકાઉન્ટ કોડ નંબરની જરૂરી નોંધ વાઉચરોમાં થયેલ છે કે કેમ ? તે ચકાસવી અને યોગ્ય ન થયેલ હોય તો તેની જાણ આસિ. મેનેજરશ્રીને કરી કોમ્પ્યુટરમાં તે પ્રમાણેના ખર્ચા પાડવાની કામગીરી અને વાઉચરોને તારીખ અને ટોકન નંબર પ્રમાણે રોજબરોજ બંધાવી વ્યવસ્થિત રાખવા તેમજ તેને

ઓડીટમાં મોકલવા અને આ અંગે ઓડીટમાંથી કોઈ વાંધા આવ્યા હોય તો તેનો નિકાલ કરવાની કામગીરી – સીનિયર કલાર્ક.

(૧૨)મ્યુનિસિપલ કોર્પોરેશનમાં આવક તરીકે આવતા ચેકો કે જે રીટર્ન થાય તે ચેકોની સામે નાણાં ખાતા દ્વારા કોમ્પ્યુટર સીસ્ટમમાં ડીમાન્ડ વધ કરી કાનુની કાર્યવાહી કરવા માટે નોટિસ તૈયાર કરવાની કામગીરી. – સીનિયર કલાર્ક / જુનિ. લીગલ આસિસ્ટન્ટ.

(૧૩) તિજોરી વિભાગ દ્વારા તૈયાર કરવામાં આવેલ હિસાબોની ચકાસણી દરમ્યાન ચીફ ઓડીટરશ્રી દ્વારા ઓડિટની કામગીરીના ભાગરૂપે ઉપસ્થિત કરવામાં આવેલ ઓડિટ વાંધાનો નિકાલ કરવાની કામગીરી – સીનિયર કલાર્ક.

ઉપરોક્ત સર્વે કામગીરી જુનિયર કલાર્ક, સીનિયર કલાર્ક, હેડ કલાર્ક, આસિ. મેનેજર, ડે. ચીફ એકાઉન્ટન્ટ ક્રમાનુસાર થતી હતી તેના બદલે ઉપર મુજબ ટૂંકાવીને લેવામાં આવેલ છે.

અમદાવાદ મ્યુ.કોર્પો.ના સમગ્ર નાણાંકીય વ્યવહારો તથા નાણાં સંબંધિત વ્યવહારોની કામગીરી નીચે જણાવેલ અલગ-અલગ વિભાગો દ્વારા કરવામાં આવે છે. નાણાં ખાતુ ચીફ એકાઉન્ટન્ટશ્રીની દેખરેખ નીચે ડે.મ્યુ.કમિ.શ્રીની (ફાઈનાન્સ)શ્રી ના અંકુશ નીચે કાર્ય કરે છે.

અ.નં.	**વિભાગનું નામ**	**અ.નં.**	**વિભાગનું નામ**
૧.	તિજોરી વિભાગ	૧૧.	તસલમાત વિભાગ
૨.	એ.એ.જી.વિભાગ	૧૨.	લોન વિભાગ
૩.	નોકર એડવાન્સ વિભાગ	૧૩.	સ્ટોર વેરીફીકેશન વિભાગ
૪.	પી.એફ.વિભાગ	૧૪.	ખાતાવહી વિભાગ
૫.	જી.આઈ.એસ.	૧૫.	બજેટ વિભાગ
૬.	એવોર્ડ સેલ	૧૬.	એલ.આઈ.સી.વિભાગ
૭.	નિવૃત્તિના લાભ વિભાગ	૧૭.	એલ.ટી.સી. વિભાગ
૮.	પેન્શન વિભાગ	૧૮.	વેલ્ફેર વિભાગ
૯.	પેમેન્ટ વિભાગ	૧૯.	મેડીકલ રી-ઈમ્બર્સર્સમેન્ટ વિભાગ
૧૦.	ગ્રાન્ટ વિભાગ	૨૦.	ઈન્કમટેક્ષ વિભાગ

અહેવાલી વર્ષમાં નાણાંખાતાના જુદા જુદા વિભાગની કામગીરી નીચે મુજબ છે.

(૧૪) ગ્રાંટ વિભાગ :-રાજ્ય સરકાર તરફથી મળતી ગ્રાંટ તથા સરકારી લોન મેળવવાની સમગ્ર પ્રક્રિયા, તેનાં હિસાબો મેઈન્ટેઈન કરવાની કામગીરી આ વિભાગ દ્વારાં કરવામાં આવે છે. અહેવાલી વર્ષ ૨૦૧૪-૧૫ દરમ્યાન રૂા.૧૯,૮૨,૫૩,૬૧,૫૦૪/- ની ગ્રાંટ મેળવવાની કામગીરી કરેલ છે.

(૧૫) લોન વિભાગ :-

લોન વિભાગ દ્વારા મ્યુનિસિપલ કોર્પોરેશનનાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેકટનાં વિકાસકીય કામો અંગે પબ્લીક લોન ડિબેચન્ચર બહાર પાડીને, ટેક્ષ ફ્રી બોન્ડ ઈશ્યુ કરીને તથા હુડકો અને અન્ય નાણાકીય સંસ્થાઓ, બેંકો વગેરે પાસેથી લોન મેળવવાની કાર્યવાહી કરવામાં આવે છે. લોન મેળવ્યા બાદ લોનની મુદ્દલ તથા વ્યાજની ચુકવણી ઈસ્યૂ દ્વારા લોન વિભાગમાંથી કરવામાં આવે છે. તથા દરેક લોનના હિસાબી રજીસ્ટરો રાખવામાં આવે છે.

અહેવાલી વર્ષ ૨૦૧૪-૧૫ દરમ્યાન હુડકો પાસેથી લેવામાં આવેલ રૂ.૧૨૯/- કરોડની EWS પ્રોજેકટની લોન સંદર્ભે મુદ્દલ રૂ. ૮,૭૪,૭૮,૦૦૦/- તથા વ્યાજ પેટે રૂ.૯,૧૪,૨૮,૯૨૯ /- મળીને કુલ રૂ. ૧૭,૮૯,૦૬,૯૨૯/- નું હુડકોને પેમેન્ટ કરવામાં આવેલ છે.

લોન વિભાગ દ્વારા મ્યુનિ. કોર્પોરેશનની ગ્રાન્ટેબલ સંસ્થાઓ જેવી કે વી.એસ. હોસ્પીટલ, AMC-MET , એમ.જે.લાયબ્રેરી, મ્યુનિ. સ્કુલ બોર્ડને અહેવાલી વર્ષ ૨૦૧૪-૧૫ દરમ્યાન દર માસે ગ્રાન્ટ આપવાની

કાર્યવાહી કરવામાં આવેલ છે તથા મ્યુનિ. કોર્પોરેશન તરફથી નાણાકીય સહાય મેળવતી એ.એમ.ટી.એસ.ને ૨૦૧૪-૧૫ ના વર્ષ માટે મ્યુ. કમિશનરશ્રની મંજુરી અનુસાર દરમાસે લોન સ્વરૂપે નાણાકીય સહાય આપવાની કામગીરી કરવામાં આવે છે.

આ ઉપરાંત લોન વિભાગના બોન્ડ ઈસ્યુ બ્રાંચ દ્વારા સને ૨૦૦૪માં બહાર પાડવામાં આવેલ ટેક્સ ફ્રી બોન્ડ અંગે અહેવાલી વર્ષ ૨૦૧૪-૧૫ માં વ્યાજ પેટે રૂા. ૧,૦૧,૭૬,૦૦૦/-નું પેમેન્ટ કરવામાં આવેલ છે. તથા સને ૨૦૦૫માં બહાર પાડવામાં આવેલ ટેક્સ ફ્રી બોન્ડ અંગે અહેવાલી વર્ષ ૨૦૧૪-૧૫ માં વ્યાજ પેટે રૂા. ૫૪,૮૭,૬૦૦/-નું પેમેન્ટ તથા ૧૦૦% કેપીટલ રીડમ્પશન પેટે રૂ.૯,૧૪,૬૦,૦૦૦/- નું પેમેન્ટ કરવામાં આવેલ છે.

(૧૬) સ્ટોર વેરીફીકેશન વિભાગ :-

જુદા જુદા ખાતાોમાં જરૂરી કન્ટીજન્સી એપ્રુવ કરવાનું કાર્ય કરવામાં આવે છે.

(૧૭) બજેટ વિભાગ :-

મ્યુ.કોર્પો.નું જનરલ બજેટ તૈયાર કરી સ્ટે.કમિટી તથા બોર્ડમાં મંજુર કરાવવાની વિધી આ વિભાગ દ્વારા કરવામાં આવે છે. સ્કુલ બોર્ડ, એમ.જે.લાયબ્રેરી તથા વી.એસ.હોસ્પિટલનાં બજેટની મંજૂરી બજેટ વિભાગ દ્વારા લેવામાં આવે છે. એડવાન્સીસનાં બજેટ તૈયાર કરી મંજુરી મેળવવી, કેશફલો નીતિ નકકી કરવી, તથા તેના રીલીઝ અંગેની મંજૂરી મેળવવી, બજેટ અંગેના અભિપ્રાયો આપવા, રીએપ્રોપ્રિએશન સ્ટે.કમિટીમાં મંજુર કરાવવા, વિવિધ નાણાંકીય સંસ્થાઓ તથા ગવર્નમેન્ટને નાણાંકીય પરિસ્થિતી અંગેના આંકડાઓ તથા માહિતી પુરા પાડવાની કામગીરી વર્ષ દરમ્યાન કરવામાં આવે છે. અહેવાલી વર્ષમાં સને ૨૦૧૬-૨૦૧૭ નું બજેટ તથા ૨૦૧૫-૧૬ ના રીવાઈઝ બજેટ તૈયાર કરવામાં આવેલ છે. ઉપરાંત વી.એસ.હોસ્પિટલ, એમ.જે.લાયબ્રેરી ત્થા સ્કૂલ બોર્ડનો કેશફલો નકકી કરવાની કામગીરી આ વિભાગ સંભાળે છે.

રેવન્યુ એકાઉન્ટનો સારાંશ :-

અહેવાલી રેવન્યુ એકાઉન્ટની શરૂઆતની સિલક રૂા. ૦.૧૧ કરોડની હતી. વર્ષ દરમ્યાન રેવન્યુ આવક રૂા. ૨૮૯૦.૬૭ કરોડ થયેલ છે. ગત વર્ષે રેવન્યુ આવક રૂા. ૨૫૩૮.૧૬ કરોડ હતી. આમ રેવન્યુ આવકમાં ૨૦૧૩-૧૪ ની સરખામણીમાં એકંદરે રૂા. ૩૫૨.૫૧ કરોડનો વધારો થયેલ છે. આ અંગેની માહિતી દર્શાવતું પત્રક ૨.૧૦.૧ સામેલ કરેલ છે. આવકના મુખ્ય સાધનોની વિગત નીચે મુજબ છે.

સરકારશ્રી તરફથી ઓકટ્રોયની અવેજીમાં સરકારશ્રી તરફથી રૂા. ૮૨૬.૨૭ કરોડ આપવામાં આવેલ છે. જે આશરે ગત વર્ષ જેટલી છે.

૧. **પ્રોપર્ટી ટેક્ષ :-**

પ્રોપર્ટી ટેક્ષ તથા અન્ય બીજા કર જેવા કે પાણીકર, કોન્ઝર્વન્સી ટેક્ષની ગતવર્ષની આવક રૂા.૭૦૨.૧૧ કરોડની હતી. જે અહેવાલી વર્ષમાં રૂા.૮૦૭.૬૪ કરોડ થયેલ છે. ગત વર્ષની સરખામણીમાં **પ્રોપર્ટી ટેક્ષ તથા અન્ય બીજા કર**ની આવકમાં વધારો થયેલ છે.

૩. **મ્યુ.માલમિલ્કતમાંથી કર-દર સિવાયની તથા અધિકારની રૂએ થતી આવક :-**

આ આવક ગતવર્ષે રૂા. ૪૫૨.૭૨ કરોડ હતી જે અહેવાલી વર્ષમાં રૂ.૬૮૯.૬૦ કરોડ થયેલ છે. ગત વર્ષની સરખામણીમાં રૂા. ૨૩૬.૮૮ કરોડનો તથા ટકાવારીની દ્રષ્ટિએ ૫૨.૩૨%નો વધારો દર્શાવે છે.

૪. **ગ્રાંટ અને કોન્ટ્રીબ્યુશન :-**

ગ્રાન્ટ અને કોન્ટ્રીબ્યુશનની આવક ગત વર્ષે માં રૂા. ૪૪૩.૫૩ કરોડ હતી. જે અહેવાલી વર્ષમાં રૂા.૩૫૦.૭૫ કરોડ થયેલ છે.

- સ્નાનાગાર ના તરણ જાણકાર બાળકો , બાળકીઓ મોટા સ્ત્રી પુરૂષો , તેમજ સીનીયર સીટીઝનો શાળાકીય,જીલ્લા , રાજ્ય , આંતરરાજય કક્ષાએતરણ હરીફાઈમાં ભાગ લે છે.તેમજ મેડલ અને સન્માનપત્ર મેળવીને અ.મ્યુનિ કો નું ગૌરવ વધારેલ છે.
- સ્નાનાગાર માં અધતન ફીલ્ટર તેમજ સ્નાગારોનું નવીનીકરણ થવાને કારણે શહેરના નાગરરકોને તંદુરસ્તી તેમજ સ્વાસ્થ્યનીઅંગેની જાગૃતિ થતા સભ્ય સંખ્યા તેમજ અ.મ્યુનિ .કો.ની આવકમાં વધારો થતા જાય છે.દરેક સ્નાગારમાં તૈરાકી સ્ટાફ દ્વારા કાર્યક્ષમ રીતે તરણ પ્રશિક્ષણ સેવા આપે છે.દરેક સ્નાનાગાર દીઠ સભ્ય સંખ્યા તેમજ આવક દર્શાવતુ પત્રક સામેલ છે.

સને ૨૦૧૪-૧૫ દરમ્યાન સ્નાનાગાર ખાતા દ્વારા નીચે મુજબની ખાસ કામગીરી કરવામાં આવેલ છે.

- ઓક્ટોબર ૨૦૧૪ માં સરસપુર મ્યુ.સ્નાનાગાર માં તદ્દન નવો બાળ સ્નાનાગાર બનાવવાના ખાત મુર્હત થયેલ.લાલદરવાજા તથા સારંગપુર સ્નાાનગાર નું સંપુર્ણ નવીનીકરણ કરવાની મંજુરી મળેલ હતી.વર્ષો જુનો સારંગપુર મ્યુનિ. સ્નાનાાગાર તદ્દન નવીનીકરણ થઈ બાળ સ્નાનાગાર સહિત તા. ૨૧.૦૩.૨૦૧૫ ના રોજ લોકાર્પણ થયેલ.વર્ષ ૨૦૧૪-૧૫ દરમ્યાન જાણકાર , મોટા શિખાઉ તથા બાળ સભ્યો મળીને કુલ=૪૪૧૭૯ સભ્યોએ તરણનો લાભ લીધેલ હતો. અને સદર વર્ષની કુલ આવક રૂા.૩,૧૩,૪૯,૯૪૧/- અંકે રૂપિયા ત્રણ કરોડ તેર લાખ ઓગણપચાસ હજાર નવસો એકતાલીસ જેટલી થયેલ હતી. જેનુ સ્નાનાાગાર વાઈઝ વિસ્તૃત પત્રક આ સાથે સામેલ છે.

તા.૦૧.૦૪.૨૦૧૪ થી ૩૧.૦૩.૨૦૧૫ સુધીઆવક તેમજ સભ્ય સંખ્યા

અનુ.નં.	સ્નાનાગારનુ નામ	વા.જાણકાર	છ.જાણકાર	ત્રિ.જાણકાર	મા. જાણકાર	મોટા શીખાઉ	બાળ શીખાઉ	કુલ સભ્ય સંખ્યા	કુલ આવક
૧	વાસણા સ્નાનાગાર	૧૬૭૦	૨૧૦	૩૪૧	૪૧	૨૨૪૭	૧૧૩૫	૫૬૪૪	૪૮૯૦૪૦૫
૨	સરદાર પટેલ સ્નાનાગાર	૨૫૨૦	૨૧૬	૨૬૫	૦	૨૧૮૯	૧૧૪૭	૬૩૩૭	૫૮૯૫૫૨૫
૩	કાંકરીયા સ્નાનાગાર	૨૪૭૦	૧૭૦	૧૦૬	૧૩	૨૪૦૦	૧૧૨૦	૬૨૭૯	૫૬૬૨૯૮૦
૪	બાગે ફીરદોષ સ્નાનાગાર	૧૦૭૩	૫૮	૧૮૨	૧૩	૧૯૦૦	૬૭૯	૩૯૦૫	૩૨૬૦૩૫૦
૫	ઓઢવ સ્નાનાગાર	૬૬૨	૧૦૩	૧૬૩	૧૫	૧૨૩૭	૫૧૧	૨૬૯૧	૨૧૬૮૬૮૦
૬	રાણીપ સ્નાનાગાર	૫૫૧	૩૯	૫૧	૬	૧૩૨૪	૬૪૭	૨૬૧૮	૧૭૦૪૮૫૦
૭	વાડજ સ્નાનાગાર	૪૬૬	૫૫	૯૩	૦	૮૦૫	૬૮૬	૨૧૦૫	૧૪૬૦૬૭૦
૮	લાલદરવાજા સ્નાનાગાર	૦	૦	૦	૦	૦	૦	૦	૦
૯	હાજીપુરા સ્નાનાગાર	૫૬૫	૬૯	૫૮	૦	૧૨૨૯	૭૧૫	૨૬૩૬	૧૧૨૧૮૧૫
૧૦	સાબરમતી સ્નાનાગાર	૧૧૬૬	૫૩	૩૪	૦	૯૯૫	૬૯૫	૨૯૪૩	૧૨૨૮૫૨૬
૧૧	સારંગપુર સ્નાનાગાર	૦	૦	૦	૦	૦	૦	૦	૦
૧૨	ખોખરા સ્નાનાગાર	૧૭૫૩	૨૫૭	૪૧	૭	૧૫૫૦	૮૪૯	૪૪૫૭	૧૯૦૭૩૯૫
૧૩	સરસપુર સ્નાનાગાર	૭૭૩	૮૨	૩૪	૧૦	૧૦૭૮	૦	૧૯૭૭	૧૦૫૦૫૩૦
૧૪	અસારવા સ્નાનાગાર	૭૯૨	૧૫૧	૮	૯	૧૧૦૧	૫૨૬	૨૫૮૭	૯૯૮૨૧૫
કુલ		૧૪૪૬૧	૧૪૬૩	૧૩૭૬	૧૧૪	૧૮૦૫૫	૮૭૧૦	૪૪૧૭૯	૩૧૩૪૯૯૪૧

૨.૧૬ સંસ્કાર કેન્દ્ર-મ્યુઝિયમ

૨૦૧૪-૧૫

સને ૨૦૧૪-૧૫ ના વર્ષ દરમ્યાન સંસ્કાર કેન્દ્ર-મ્યુઝિયમમાં આવેલ આર્ટ ગેલેરીમાં પ્રદર્શનોનું આયોજન કરવામાં આવેલ હતા.

સને ૨૦૧૪-૧૫ ના વર્ષ દરમ્યાન યોજાયેલ પ્રદર્શમાં મ્યુનિસિપલ કોર્પોરેશન ના સંસ્કાર કેન્દ્ર-મ્યુઝિયમ ને ૯૦૦૦/-(નવ હજાર પુરા)રૂપિયાની આવક થવા પામેલ છે.જેની વિગતવાર યાદી આ સાથે સામેલ છે.

સને ૨૦૧૪-૧૫ ના વર્ષ દરમ્યાન સંસ્કાર કેન્દ્ર-મ્યુઝિયમમાં આવેલ આર્ટ ગેલેરીની આનકની માહિતી.

ક્રમ નં	તારીખથી	તારીખ સુધી	કાર્યક્રમનું નામ	નામ	ભાડાની આવક
૧	૦૪.૦૫.૧૪	૦૬.૦૫.૧૪.	ચિત્ર પ્રદર્શન	લક્ષ્મીશંકર ડી. સુથાર	૬૦૦/-
૨	૧૮.૦૬.૧૪	૨૯.૦૬.૧૪	ચિત્ર પ્રદર્શન	અખિલ ગુજરાત લોહાણા સમાજ	૪૦૦/-
૩	૧૫.૦૮.૧૪	૧૯.૦૮.૧૪	ચિત્ર પ્રદર્શન	સીગો જોશાો	૧૦૦૦/-
૪	૨૩.૦૮.૧૪	૨૪.૦૮.૧૪	ચિત્ર પ્રદર્શન	પાર્થ ભટ્ટ	૪૦૦/-
૫	૦૨.૦૯.૧૪	૦૩.૦૯.૧૪	ચિત્ર પ્રદર્શન	અર્પીત પંચાલ	૪૦૦/-
૬	૨૪.૧૨.૧૪	૨૮.૧૨.૧૪	ચિત્ર પ્રદર્શન	શ્રી નીધી ઓડિટોરીયમ	૧૦૦૦/-
૭	૦૪.૦૯.૧૪	૦૮.૦૯.૧૪	ચિત્ર પ્રદર્શન	ઘનશ્યામભાઇ ગઢવી	૧૦૦૦/-
૮	૧૪.૧૧.૧૪	૧૬.૧૧.૧૪	ચિત્ર પ્રદર્શન	એશ એજ્યુકેટ	૬૦૦/-
૯	૦૮.૧૦.૧૪	૧૨.૧૦.૧૪	ચિત્ર પ્રદર્શન	ઘનશ્યામભાઇ ગઢવી	૧૦૦૦/-
૧૦	૨૭.૧૦.૧૪	૩૧.૧૦.૧૪	ચિત્ર પ્રદર્શન	ઘનશ્યામભાઇ ગઢવી	૧૦૦૦/-
૧૧	૧૬.૦૧.૧૫	૧૮.૦૧.૧૫	ચિત્ર પ્રદર્શન	ઘનશ્યામભાઇ ગઢવી	૬૦૦/-
૧૨	૧૫.૦૩.૧૫	૧૫.૦૩.૧૫	ચિત્ર પ્રદર્શન	ડો.કુશાબેન ખુમાર	૨૦૦/-
૧૩	૨૯.૦૩.૧૫	૦૧.૦૪.૧૫	ચિત્ર પ્રદર્શન	ઘનશ્યામભાઇ ગઢવી	૮૦૦/-
				કુલ આવક	**૯૦૦/-**

૨.૧૭ વિજીલન્સ ખાતુ

૨૦૧૪- ૧૫

- અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનું વિજીલન્સ ખાતુ નાણાંકીય ભ્રષ્ટાચાર અને કામોની અનિયમિતતાઓની નાબુદી માટે કટીબદ્ધ છે તેમજ પ્રામાણિકતા, પારદર્શિતા અને જાગૃકતા જેવા ગુણોથી સંસ્થાની કાર્યપધ્ધતિને સક્ષમ બનાવવા આગોતરા પગલાં લેવા માટે પ્રતિબધ્ધ છે.

(૨) **વિજીલન્સ ખાતા દ્વારા હાલમાં નીચે દર્શાવ્યા મુજબની કાર્યવાહી કરવામાં આવે છે.**

- સંસ્થાનો પગાર મેળવતા અધિકારીઓ / કર્મચારીઓ ઓફીસીયલ કામ માટે કોઇ વ્યકિત પાસેથી ગેરકાયદેસર નાણાંની માંગણી કરે કે સ્વીકારે અથવા હોદ્દાની રૂઇએ પોતાની વગ વાપરી અન્ય અધિકારી / કર્મચારી પાસે ગેરકાયદેસર રીતે કામ કરાવે તો તેવા અધિકારીઓ / કર્મચારીઓ સામે વિજીલન્સ તપાસ કરી શિક્ષાત્મક પગલાં ભરાવવાની કાર્યવાહી કરવામાં આવે છે.
- જો કોઇ અધિકારીઓ / કર્મચારીઓ પોતાની સત્તાનો દૂરપયોગ કરી કોઇ વ્યકિત / એજન્સીને નાણાંકીય લાભ કરાવી આપે અને તેના બદલામાં પોતાના માટે અથવા બીજા કોઇ અધિકારી / કર્મચારી માટે કિંમતી વસ્તુ કે ભેટ સોગાદ સ્વીકારે તો આવુ કૃત્ય કરવા બદલ તેઓ સામે વિજીલન્સ તપાસ કરવામાં આવે છે.
- જો કોઇ અધિકારીઓ / કર્મચારીઓ પોતાની કાયદેસરની આવક કરતા વધારે સંપતિ ધરાવતા હોવાની ફરીયાદ તો તેવા અધિકારીઓ / કર્મચારીઓ સામે વિજીલન્સ તપાસ કરવામાં આવે છે.
- જો કોઇ અધિકારી / કર્મચારી ઇરાદાપૂર્વક ઓફીસીયલ કામગીરીમાં વિલંબ કરે અથવા ફરજ પ્રત્યે બેદરકારી દાખવે તો તેમની સામે વિજીલન્સ તપાસ કરી શિક્ષાત્મક પગલાં ભરવાની કાર્યવાહી કરવામાં આવે છે.
- જો કોઇ અધિકારી / કર્મચારી પોતાના ઉપરી અધિકારી સાથે છેતરપીંડી કરે,દગાખોરી કરે કે વિશ્વાસઘાત કરે તો તેવા અધિકારી / કર્મચારી સામે વિજીલન્સ તપાસ કરી શિક્ષાત્મક પગલાં ભરવાની કાર્યવાહી કરવામાં આવે છે.
- અમદાવાદ મ્યુનિ.કોર્પોરેશનના વિજીલન્સ ખાતાની કામગીરી મ્યુનિ.કમિશનરશ્રી અને ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરશ્રી (વિજીલન્સ)ની સીધી દેખરેખ અને તેઓની રાહબરી હેઠળ કરવામાં આવે છે.
- વિજીલન્સ ખાતામાં બે મુખ્ય વિભાગો છે.(૧) જનરલ વિભાગ અને (૨) ટેકનીકલ વિભાગ
- વિજીલન્સ ખાતાનો ટેકનીકલ વિભાગ નીચે દર્શાવેલ ત્રણ પેટા વિભાગોમાં વહેંચાયેલો છે.જેમ કે
- (૧) એન્જીનીયરીંગ વિભાગ (૨) એસ્ટેટ-ટી.ડી.ઓ. વિભાગ (૩) ઇલેકટ્રીકલ એન્ડ મીકેનીકલ વિભાગ.
- (અ) <u>જનરલ વિભાગ</u> :-
- અમદાવાદ મ્યુનિ.કોર્પો.ના રેવન્યુ તથા નોન રેવન્યુ મળી ૪૫ જેટલા જુદા જુદા ખાતાઓ તથા શેઠ વા.સા.જનરલ હોસ્પીટલ, શેઠ લ.ગો. મ્યુનિસિપલ જનરલ હોસ્પીટલ, શ્રીમતિ શા.ચી.લા. મ્યુનિસિપલ જનરલ હોસ્પીટલ, શ્રી ચી.હ.નગરી મ્યુનિસિપલ આંખની હોસ્પીટલ, ટી.બી.હોસ્પીટલ, દવાખાનાઓ, પ્રસુત્તિગૃહો, રેફરલ હોસ્પીટલો તેમજ એન.એચ.એલ.મ્યુનિસિપલ મેડીકલ કોલેજ, સ્વર્ણિમ ડેન્ટલ કોલેજ દ્વારા અપાતી સેવાઓ બાબતે શહેરી નાગરીકો,સરકારી -બિન સરકારી સંસ્થાઓ, રાજકીય પદાધિકારીઓ તેમજ મ્યુનિ.કોર્પો.ના ઉચ્ચ અધિકારીઓ તરફથી આવતી ફરીયાદોનો નિકાલ વિજીલન્સ ખાતાના જનરલ વિભાગ દ્વારા કરવામાં આવે છે.
- વિજીલન્સ ખાતાના જનરલ વિભાગને લગતી પ્રાથમિક તપાસની કામગીરી માટે ૦૧- ડેપ્યુટી ડાયરેટકર , ૦૨ - આસી.મેનેજર, ૦૩- વિજીલન્સ ઓફીસર (જનરલ) અને ૧૪ આસી.વિજીલન્સ ઓફીસર મળી કુલ-૨૦ અધિકારીઓની જગ્યાઓ મંજુર થયેલ છે, જે પૈકી વિજીલન્સ ઓફીસરની ૦૨ જગ્યા અને આસી.વિજીલન્સ ઓફીસરની ૦૮ જગ્યા મળી કુલ-૧૦ જગ્યાઓ હાલમાં ખાલી છે.

ડેપ્યુટી ડાયરેટકર વિજીલન્સ દ્વારા થતી કામગીરીઓ :-

- વિજીલન્સ ખાતાની તમામ વહીવટી કામગીરી
- વર્ગ-૦૧ ના અધિકારીઓને N.O.C.આપવાની કામગીરી.
- વિજીલન્સ ખાતાના જનરલ વિભાગ, એસ્ટેટ/ટી.ડી.ઓ. વિભાગ અને ઇલેક્ટ્રીકલ એન્ડ મીકેનીકલ વિભાગના અધિકારીઓ દ્વારા થતી પ્રાથમિક તપાસની કામગીરીઓનું સુપરવિઝન તથા દેખરેખ રાખવાની કામગીરી.
- વિજીલન્સ ખાતાના જનરલ વિભાગના આસી.મેનેજરો, વિજીલન્સ ઓફીસરો અને આસી.વિજીલન્સ ઓફીસરોને પ્રાથમિક તપાસને લગતુ જરૂરી માર્ગદર્શન આપવાની કામગીરી.
- આ વિભાગોના પ્રાથમિક તપાસ રીપોર્ટ સક્ષમ સત્તા સમક્ષ નિર્ણયાર્થે મુકવાની કામગીરી.

(૧) **આસી.મેનેજર (જન.૦૧) દ્વારા થતી કામગીરીઓ :-**

- મ્યુનિ.કોર્પો.ના સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ એન્ડ કોન્ઝરવન્સી સર્વિસીસ વિભાગ, પાર્કસ એન્ડ ગાર્ડન, સેન્ટ્રલ રેકર્ડ તથા ટેન્ડર ઓફીસ, સેન્ટ્રલ વર્કશોપ, સેન્ટ્રલ સ્ટોર્સ, સેન્ટ્રલ મેડીકલ સ્ટોર્સ, મ્યુનિ.હોસ્પીટલો (તમામ) પ્રસુતિગૃહો / દવાખાના, કુટુંબ કલ્યાણ / આર.સી.એચ.સેવાઓ, ફાયર બ્રીગેડ, સ્નાનાગાર, મ્યુઝિયમ, કાંકરીયા લેક, ઝુ, બાલવાટીકા, એમ.જે.લાયબ્રેરી, સી.એન.સી.ડી., સ્લોટર હાઉસ, જન્મ મરણ, મેલેરીયા, મ્યુનિ.મેડીકલ કોલેજો, હેલ્થ, એ.એમ.ટી.એસ; સેન્ટ્રલ ઓફીસ, સેન્ટ્રલ લેબોરેટરી, ઇ-ગર્વનન્સ (સિવીક સેન્ટરો) અને એકાઉન્ટ ખાતા વિરૂધ્ધ આવતી ફરીયાદોની પ્રાથમિક તપાસ કરવાની તથા રીપોર્ટ તૈયાર કરવાની કામગીરી
    - ઇલેક્ટ્રીકલ એન્ડ મીકેનીકલ, પાવર પ્લાન્ટ, વોટર ઓપરેશન જેવા ખાતાઓમાં ફરજ બજાવતા નોન ટેકનીકલ કર્મચારીઓ વિરૂધ્ધ આવતી ફરીયાદોની પ્રાથમિક તપાસ કરવાની તથા રીપોર્ટ તૈયાર કરવાની કામગીરી.
    - (૨) **આસી.મેનેજર (જન.૦૨) દ્વારા થતી કામગીરીઓ :-**
- મ્યુનિ.કોર્પો.ના જુદા જુદા ખાતાઓમાં ફરજ બજાવતા વર્ગ-૨ ના અધિકારીઓ તથા વર્ગ-૩ અને વર્ગ-૪ના કર્મચારીઓની બઢતી અને નિવૃત્તિ વખતે તથા પાસપોર્ટ કઢાવવા માટે વિજીલન્સ ખાતાની શ.ં.ભ. આપવા અંગેની કામગીરી.
- મ્યુનિ.કોર્પો.ના વ્હીકલ ટેક્ષ, યુ.સી.ડી, મધ્યાહન ભોજન યોજના , ઇલેકશન, બાલભવન, પુસ્તકાલય, વ્યાયામ વિધાલય, પ.વ.એકાઉન્ટ, પ્રોપર્ટી ટેક્ષ, ઇ.શી; આઇ.આર; લીગલ, પબ્લીસીટી, સ્કૂલબોર્ડ, માધ્યમિક શાળાઓ, પ્રોફેશનલ ટેક્ષ, ગુમાસ્તાધારા, ઓડીટ, સેક્રેટરી અને પ્લાનીંગ ખાતા વિરૂધ્ધની ફરીયાદોની પ્રાથમિક તપાસ કરવાની તથા રીપોર્ટ તૈયાર કરવાની કામગીરી.
- એસ.ટી.પી. અને એસ્ટેટ-ટી.ડી.ઓ. ખાતામાં ફરજ બજાવતા નોન ટેકનીકલ કર્મચારીઓ વિરૂધ્ધ આવતી ફરીયાદોની પ્રાથમિક તપાસ કરવાની તથા રીપોર્ટ તૈયાર કરવાની કામગીરી.

(બ) **ટેકનીકલ વિભાગ :-**

વિજીલન્સ ખાતાના ટેકનીકલ વિભાગની કામગીરી ત્રણ પેટા વિભાગમાં વહેંચાયેલ છે.(૧) એન્જીનીયરીંગ વિભાગ (૨) એસ્ટેટ-ટી.ડી.ઓ. વિભાગ (૩) ઇલેક્ટ્રીકલ એન્ડ મીકેનીકલ વિભાગ.

એન્જીનીયરીંગ વિભાગ :-

- મ્યુનિ.કોર્પોરેશનના ૦૬ ઝોન દ્વારા થતી ટેકનીકલ કામગીરી તથા જુદા જુદા પ્રોજેકટોની ટેકનીકલ કામગીરીની દેખરેખ રાખવા તેમજ આ કામગીરી સંદર્ભે આવતી ફરીયાદોની પ્રાથમિક તપાસ કરવા વિજીલન્સ ખાતામાં ૦૧ ડેપ્યુટી સીટી એન્જીનીયર તથા ૦૨ વિજીલન્સ ઓફીસર (ટેકનીકલ) ની નિમણૂંક કરવામાં આવેલ છે. આ વિભાગના પ્રાથમિક તપાસના રીપોર્ટ ડેપ્યુટી સીટી એન્જીનીયર મારફતે સક્ષમ સત્તા સમક્ષ નિણયાર્થે મૂકવામાં આવે છે.

૨. **<u>એસ્ટેટ/ ટી.ડી.ઓ.વિભાગ :-</u>**

- મ્યુનિ.કોર્પોરેશનના ૦૬ ઝોનના એસ્ટેટ / ટી.ડી.ઓ. ખાતાઓ દ્વારા થતી કામગીરીઓની દેખરેખ રાખવા, મ્યુનિ.કોર્પોરેશનની હદમાં થતા ગેરકાયદે બાંધકામો / દબાણો દૂર કરાવવા તથા દરેક ઝોનના એસ્ટેટ/ટી.ડી.ઓ. ખાતાના ટેકનીકલ કર્મચારીઓ વિરૂધ્ધ આવતી ફરીયાદોની પ્રાથમિક તપાસ કરવા વિજીલન્સ ખાતામાં વિજીલન્સ ઓફીસર (એસ્ટેટ-ટી.ડી.ઓ.) ની નિમણૂંક કરવામાં આવેલ છે. આ વિભાગના પ્રાથમિક તપાસના રીપોર્ટ ડેપ્યુટી ડાયરેકટર (વિજીલન્સ) મારફતે સક્ષમ સત્તા સમક્ષ નિણયાર્થે મૂકવામાં આવે છે.

૩. **<u>ઈલેકટ્રીકલ એન્ડ મીકેનીકલ વિભાગ :-</u>**

- આ વિભાગના વિજીલન્સ ઓફીસર (ઇ એન્ડ એમ)ની જગ્યા હાલમાં ખાલી છે.
- આ વિભાગમાં ફરજ બજાવતા નોન ટેકનીકલ કર્મચારીઓ વિરૂધ્ધ આવતી ફરીયાદોની પ્રાથમિક તપાસની કામગીરી આસી.મેનેજર (જન.૦૨) દ્વારા કરવામાં આવે છે તથા પ્રાથમિક તપાસના રીપોર્ટ મેનેજર / ડેપ્યુટી એચ.ઓ.ડી.મારફતે સક્ષમ સત્તા સમક્ષ નિણયાર્થે મુકવામાં આવે છે.

<u>વિજીલન્સ ખાતા માટે મંજુર થયેલ મહેકમની વિગતો નીચે મુજબ છે.</u>

અ.નં.	હોદ્દો	શીડયુલ મુજબ મંજુર થયેલ જગ્યાઓ	ભરાયેલ જગ્યાઓ	ખાલી જગ્યાઓ
૧.	ડાયરેકટર ઓફ વિજીલન્સ	૧	૦	૧
૨.	ડેપ્યુટી ડાયરેકટર	૧	૧	૦
૩.	ડેપ્યુટી સીટી એન્જીનીયર.	૧	૧	૦
૪.	આસી.સીટી.એન્જીનીયર.	૫	૧	૪
૫.	આસી.સીટી.એન્જી. (ઇ એન્ડ એમ.)	૧	૦	૧
૬.	આસી.ટી.ડી.ઓ.	૧	૧	૦
૭.	આસી.મેનેજર	૨	૨	૦
૮.	વિજીલન્સ ઓફીસર (જનરલ)	૩	૧	૨
૯.	આસી.વિજીલન્સ ઓફીસર (જનરલ)	૧૪	૬	૮
૧૦.	એસ્ટેટ-ટી.ડી.ઓ.ઇન્સ્પેકટર	૧	૧	૦
૧૧.	એસ્ટેટ-ટી.ડી.ઓ.સબ ઇન્સ્પેકટર	૧	૧	૦
૧૨.	એસ્ટેટ-ટી.ડી.ઓ. ટેકનીકલ	૩	૩	૦
૧૩.	ટેકનીકલ સુપરવાઇઝર (સિવીલ)	૫	૧	૪
૧૪.	ટેકનીકલ સુપરવાઇઝર (ઇલે.)	૧	૦	૧
૧૫.	સ્ટેનોગ્રાફર	૧	૧	૦
૧૬.	ટાઇપીસ્ટ	૧	૦	૧
૧૭.	સીની.કલાર્ક	૩	૨	૧
૧૮.	જુની.કલાર્ક	૪	૪	૦
	કુલ :-	૪૯	૨૬	૨૩

<u>વિજીલન્સ ખાતા દ્વારા સને.૨૦૧૪-૧૫ દરમ્યાન નિકાલ કરાયેલ ફરીયાદો / કેસોની વિગતો નીચે મુજબ છે.</u>

અ.નં.	વિભાગનું નામ	અગાઉના વર્ષના અંતે પેન્ડીંગ રહેલ ફરીયાદો/ કેસોની સંખ્યા (૨૦૧૩-૧૪)	નવી ફરીયાદો / નવા કેસોની સંખ્યા (૨૦૧૪-૧૫)	કુલ ફરીયાદો/કેસોની સંખ્યા	વર્ષ દરમ્યાન નિકાલ થયેલ ફરીયાદો/ કેસોની સંખ્યા (૨૦૧૪-૧૫)	વર્ષના અંતે પેન્ડીંગ રહેલ ફરીયાદો/કેસોની સંખ્યા (૨૦૧૪-૧૫)
૧	૨	૩	૪	૫ (૩+૪)	૬	૭ (૫-૬)
૧.	જનરલ	૦૮૬	૨૪૭	૩૩૩	૨૩૯	૦૯૪
૨.	ટેકનીકલ	૦૯૯	૦૯૦	૧૮૯	૧૫૯	૦૩૦
૩.	એસ્ટેટ-ટી.ડી.ઓ.	૪૧૧	૫૧૧	૯૨૨	૩૮૬	૫૩૬
	કુલઃ-	**૫૯૬**	**૮૪૮**	**૧૪૪૪**	**૭૮૪**	**૬૬૦**

નોંધ :-

- વિજીલન્સ ખાતામાં આવેલ કુલ ૧૪૪૪ ફરીયાદો પૈકી સને.૨૦૧૪-૧૫ ના વર્ષ દરમ્યાન ૭૮૪ ફરીયાદોનો નિકાલ થયેલ છે, જેની ટકાવારી ૫૪ % થાય છે.
- વિજીલન્સ ખાતા દ્વારા નિકાલ કરાયેલ ૭૮૪ ફરીયાદો પૈકી ૨૫૦ ફરીયાદોમાં આક્ષેપો સાબિત ન થતાં સક્ષમ સત્તા તરફથી મળેલ મંજુરી અનુસાર આ ફરીયાદો દફતરે કરવામાં આવેલ છે.
- વિજીલન્સ ખાતા દ્વારા નિકાલ કરાયેલ ૭૮૪ ફરીયાદો પૈકી વિજીલન્સ તપાસને યોગ્ય ન હોય તેવી ૩૫૯ ફરીયાદો સબંધિત ખાતાઓને યોગ્યતાર્થે તબદીલ કરવામાં આવેલ છે.
- વિજીલન્સ ખાતા દ્વારા નિકાલ કરાયેલ ૭૮૪ ફરીયાદો પૈકી ૪૨ ફરીયાદોમાં આક્ષેપો સાબિત થતાં કુલ-૩૭૧ અધિકારીઓ / કર્મચારીઓ વિરૂધ્ધ શિક્ષાત્મક પગલાં ભરવા આઇ.આર.ખાતાને ભલામણ કરવામાં આવેલ છે.

૨.૧૮ પબ્લિસિટી વિભાગ

૨૦૧૪-૧૫

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તરફથી યોજાતા જાહેર સમારંભ,સન્માન સમારંભ, ઉદ્ઘાટન સમારંભ,જાહેર રસ્તા અને ચોકના નામાભિધાન સમારંભ,ભૂમિપૂજનવિધિ, સાંસ્કૃતિક કાર્યક્રમો,કાંકરિયા કાર્નિવલ,સાબરમતી મેરેથોન દોડ,સાયક્લોથોન,ફલાવર શો,બુક ફેર,રન ફોર યુનિટિ જેવા કાર્યક્રમો નું સંકલન પબ્લિસિટી વિભાગ દ્વારા કરવામાં આવેલ.

મ્યુનિસિપલ કોર્પોરેશન ના વિવિધ ખાતાઓના કામોનો લગતી જાહેર ખબરો દૈનિક વર્તમાનપત્રોમાં છાપવવા ની તેમજ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા થતા વિવિધ કાર્યક્રમો તથા જુદા જુદા ખાતાઓ દ્વારા થતા કામો અંગે ની પ્રસનોટ વિવિધ વર્તમાન પત્રો,ઈલેકટ્રીક મિડિયા તથા પ્રેસ મિડિયા સુધી પહોચાડવા ની કામગીરી પબ્લિસિટી ખાતા દ્વારા થાય છે.

ઉપરાંત અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સંબપંધી દૈનિકો વર્તમાનપત્રોમાં પ્રસિદ્ધ થતાં સમાચારોના પ્રેસ કટીંગ મેયરશ્રી,સ્ટેન્ડીગ કમિટિ ચેરમેનશ્રી,મ્યુનિસિપલ કમિશનરશ્રી સમક્ષ રજુ કરવામાં આવે છે.

પબ્લિસિટી ખાતા દ્વારા મ્યુનિસિપલ કોર્પોરેશનના વિવિધ ખાતાઓ માંથી માહિતી મંગાવી મ્યુનિ.ડેસ્ક ડાયરી છપાવવાની કામગીરી કરવામાં આવે છે.વધુમાં મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આયોજીત વિવિધ કાર્યક્રમોમાં કામ કરનાર વિવિધ પાર્ટીઓના બીલોના પેમેન્ટ ની ચુકવણી ની કામગીરી કરવામાં આવે છે.અહેવાલી વર્ષમાં મ્યુનિસિપલ કોર્પોરેશનના જુદા જુદા ખાતાઓ દ્વારા વિકાસ કામોને લગતી જાહેર ખબરો,ટેન્ડર નોટીસ વર્તમાનપત્રોમાં પ્રસિદ્ધ કરવામાં આવી હતી.વર્ષ દરમ્યાન પ્રેસ કોન્ફરન્સના આયોજન,બજેટ ની પ્રેસ કોન્ફરન્સ તેમજ નાગરીકો ને જાણ થાય તેવા ઉપયોગી સુચનોની માહિતી રાખવા સંબંધી ખાસ પ્રેસનોટ પ્રસિદ્ધ કરવવાની વ્યવસ્થા ખાતા દ્વારા કરવામાં આવી હતી.

રાજ્ય સરકાર દ્વારા યોજાતા વિવિધ કાર્યક્રમો અને ઝુંબેશ ની પ્રચાર-પ્રસાર ની કામગીરી પણ આ વિભાગ દ્વારા કરવામાં આવી હતી.

અહેવાલી વર્ષમાં શહેરનાં જુદા જુદા વાર્ડમાં વિવિધ કામોના ઉદ્ઘાટન સમારંભ,પ્રતિમા અનાવરણવિધિઓ,નામાભિધાનવિધિઓ,ખાતમુર્હતવિધિઓ,સાંસ્કૃતિક કાર્યક્રમો અને સત્કાર સમારંભો વગેરે વિવિધ કાર્યક્રમોના આયોજનો ખાતા દ્વારા થતા હતા.આ ફંકશનોના ફોટોગ્રાફીના કામો મહોત્સવ-ઉજવણીના તથા સ્વચ્છતા અને સ્વાસ્થ્ય સંબંધી વિવિધ સ્થળે પોસ્ટરો,બેનરો-હોર્ડિંગ્સ વગેરે મુકવાની વ્યવસ્થા ખાતા દ્વારા કરવામાં આવી હતી.

૨.૧૯ સેન્ટ્રલ સ્ટોર્સ ખાતુ
૨૦૧૪-૧૫

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અમદાવાદ શહેરની જનતાની સુખ સગવડો ને પ્રાથમિક જરૂરીયાતો પુરી પાડવા અને અમદાવાદ શહેરના વિકાસ માટે કરવામાં આવતા કામો માટે સેન્ટ્રલ સ્ટોર્સ દ્વારા જરૂરીયાત પ્રમાણેના માલ ખરીદ કરવામાં આવે છે અને મ્યુનિસિપલ કોર્પોરેશનના તમામ ખાતાઓને તેમના ઇન્ડેન્ટો મુજબ માલ ઇસ્યુ કરવામાં આવે છે.

મ્યુનિસિપલ સેન્ટ્રલ સ્ટોર્સની છેલ્લા પાંચ વર્ષની ખરીદી અને ઇસ્યુની વિગતો નીચે જણાવ્યા મુજબ છે.

વર્ષ	ઉઘડતી સિલક	ખરીદી (રૂ.માં.)	ઇસ્યુ (રૂ.માં.)	વર્ષ આખરે બેલેન્સ
૨૦૧૦-૧૧	૧૨૩૫૭૯૦૦૬/-	૭૫૫૮૩૦૬૬૫/-	૭૨૨૯૨૨૧૬૫/-	૧૫૬૪૮૭૫૦૬/-
૨૦૧૧-૧૨	૧૫૬૪૮૭૫૦૬/-	૪૯૬૨૦૦૬૭૨/-	૪૩૦૯૯૮૦૦૭/-	૨૨૧૬૯૦૧૭૧/-
૨૦૧૨-૧૩	૨૨૧૬૯૦૧૭૧/-	૬૧૧૮૦૭૧૪૯/-	૫૫૬૨૭૮૭૧૬/-	૨૭૭૨૧૮૬૦૪/-
૨૦૧૩-૧૪	૨૭૭૨૧૮૬૦૪/-	૬૨૭૯૨૯૭૭૧/-	૬૭૫૫૧૭૨૮૮/-	૨૨૯૬૩૧૦૮૭/-
૨૦૧૪-૧૫	૨૨૯૬૩૧૦૮૭/-	૬૩૫૭૧૧૩૬૪/-	૫૯૧૭૦૩૨૯૭/-	૨૭૩૬૩૯૧૫૪/-

સને ૨૦૧૪-૧૫ ના વર્ષમાં સેન્ટ્રલ સ્ટોર્સ ખાતાએ કરેલ ખરીદી તથા ઇસ્યુ કરેલ માલની સ્ટોર્સ એડવાન્સ ૧૫૧/૭૧૧૦૧ મ્યુનિસિપલ સ્ટોર્સના હીસાબોની વિગત નીચે જણાવ્યા મુજબ છે. જેમાં સને ૨૦૧૩-૧૪ ના માલની માસવાર ખરીદી તથા ઇસ્યુની રકમ દર્શાવવામાં આવી છે. સેન્ટ્રલ સ્ટોર્સમાં ખરેખર ખરીદી થયેલ છે. તેમજ ચીફ એકાઉન્ટ ખાતે મોકલવામાં આવેલ એબ્સ્ટ્રેકટના હિસાબી આંકડા ઉપરથી છે. જેનો ખર્ચ સ્ટોર્સ એડવાન્સ ૧૫૧/૭૧૧૦૧ મ્યુનિ.સેન્ટ્રલ સ્ટોર્સ બજેટહેડ ઉપર પાડેલ છે. તથા જમા કરાવેલ રકમોની છે.

ટેબલ-બી

માસ	ખરીદીની રકમ(રૂપિયા લાખમાં)	ઇસ્યુની રકમ (રૂપિયા લાખમાં)
એપ્રિલ	૨૪૦.૪૬	૩૫૮.૯૪
મે	૮૦૧.૦૪	૪૩૬.૭૨
જુન	૨૮૨.૯૮	૪૦૫.૦૫
જુલાઇ	૪૪૧.૭૮	૩૨૭.૪૨
ઓગસ્ટ	૫૨૫.૭૨	૩૮૪.૮૯
સપ્ટેમ્બર	૪૧૫.૧૬	૩૧૫.૭૨
ઓકટોબર	૧૦૦.૧૯	૨૨૯.૧૨
નવેમ્બર	૬૫૫.૪૬	૭૬૪.૩૮
ડીસેમ્બર	૪૪૭.૩૮	૭૧૬.૮૬
જાન્યુઆરી	૩૨૯.૯૯	૬૯૧.૧૩
ફેબ્રુઆરી	૯૪૨.૧૧	૮૬૧.૨૨
માર્ચ	૧૧૭૪.૮૪	૪૨૫.૫૮
કુલ	**૬૩૫૭.૧૧**	**૫૯૧૭.૦૩**

સને ૨૦૧૪-૧૫ના વર્ષ દરમ્યાન કરાયેલ ખરીદી અને ઇસ્યુની માહિતી ઉપર જણાવેલ છે. મ્યુનિસિપલ કોર્પોરેશન ઇજનેર ખાતા માટે એફ.આર.સી.કવર, લીકવીડ કલોરીન ગેસ વિગેરેની ખરીજીની મંજુરી મેળવી રેઇટ કોન્ટ્રાકટ કરેલ છે. અને માલ મંજુરી મુજબનો ઇજનેર ખાતામાં બારોબાર લેવામાં આવેલ છે. અને માલનું પેમેન્ટ ઇજનેર ખાતા મારફતે બારોબાર કરવામાં આવે છે. અ.મ્યુ.કો.ના ઇજનેર વિભાગના પાણીના કામો માટેની ડી.આઇ.પાઇપ તેમજ સી.આઇ.સ્પેશીયલ, શીશુ,શણ, પ્રિ.મોન્સુન એકશન પ્લાનની આઇટમો, ટેક્ષ ખાતાની કોમ્પ્યુટર સ્ટેશનરી, જનરલ કન્ટીજન્સી આઇટમો, કોપર સલ્ફેટ, ફટકડી તેમજ ફર્નીચરની આઇટમો અન્ય જે તે વપરાશકર્તા ખાતામાંથી આવતી જરૂરીયાત મુજબની ખરીદી સક્ષમસત્તાની મંજુરી મેળવી ટેન્ડર પ્રક્રિયા કરવામાં આવે છે અને મંજુર થયેલ ટેન્ડરર પાસેથી ખાતાની જરૂરીયાત મુજબ ખરીદી કરવામાં આવે અને માલ ખરીદ કરેલ માલસામાનને ઇન્ડન્ટથી જે તે વપરાશકર્તા ખાતાને ઇસ્યુ કરવામાં આવે ત્યારે પછીથી તે ખાતાના બજેટહેડમાં ખર્ચ પાડીને માલસામાનની જમાખર્ચી કરવામાં આવે છે.

સેન્ટ્રલ સ્ટોર્સના સને ૨૦૧૪-૧૫ ના વર્ષમાં થયેલ કુલ ખરીદી -

(૧) ૧૫૧ સેન્ટ્રલ સ્ટોર્સ ખાતે ખર્ચ પાડીને ખરીદ કરવામાં આવેલ તેની રકમ (લાખમાં) **રૂ.૬૩૫૭.૧૧**

(૨) અન્ય જુદા જુદા ખાતે ખર્ચ પાડીને સને ૨૦૧૪-૨૦૧૫ના વર્ષ દરમ્યાન સંબધિત ખાતાઓ દ્વારા ખરીદી માટે સેન્ટ્રલ સ્ટોર્સ મારફતે રેઇટ કોન્ટ્રાકટ પ્રક્રિયા મંજુર કરાવા અંગેની માહિતી નીચે મુજબ છે.

અ.નં.	**ખાતાનું નામ**	**આઇટમ**	**રકમ (રૂપિયામાં) લાખમાં**
૧	રાસ્કા વિયર પ્રોજેકટ (વોટર પ્રોજેકટ)	કલોરીન ગેસ	૧૮૨.૮૫
૨	ઇજનેર ખાતુ (એફ.આર.સી.કવર)	એફ.આર.સી.કવર	૩૫૧.૪૭
		કુલ ખર્ચ	

(૩) ઉપરોકત ખાતાએ જે તે વસ્તુની ખરીદી કરી પોતાના ખાતામાં બારોબાર ખર્ચ પાડેલ છે.

અનુક્રમ નં.૧ થી ૨ ખરીદી અંગેનો કુલ ખર્ચ

ઉઘડતી સિલક	૨૨૯૬૩૧૦૮૭/-
ખરીદી	૬૩૫૭૧૧૩૬૪/-
ઇસ્યુ ૨૦૧૪-૧૫	૫૯૧૭૦૩૨૯૭/-
તારીખ ૩૧-૦૩-૨૦૧૫ ના રોજ બંધ સિલક	૨૭૩૬૩૯૧૫૪/-

સને ૨૦૧૪-૨૦૧૫ના વર્ષ દરમ્યાન સેન્ટ્રલ સ્ટોર્સ ખાતાએ ખરીદી **રૂ.૬૩૫૭.૧૧** લાખમાં કરી છે. છેલ્લા પાંચ વર્ષમાં ખરીદી કરવા અંગે નીકળેલ (૧) ટેન્ડરો (૨) ઇન્કવાયરી અને ભાવ માંગ (૩) બજાર પરચેઇઝ અને ઓફરથી કરવાની જે વિધિ કરેલ માલ-સામાનની માહિતી નીચે જણાવ્યા મુજબ છે.

ટેબલ-ડી

અ.નં.	**વર્ષ**	**ટેન્ડરની સંખ્યા**
૧	૨૦૧૦-૨૦૧૧	૧૭૫
૨	૨૦૧૧-૨૦૧૨	૨૨૯
૩	૨૦૧૨-૨૦૧૩	૨૪૮
૪	૨૦૧૩-૨૦૧૪	૨૩૦
૫	૨૦૧૪-૨૦૧૫	૧૮૩

ટેબલ-ઈ

અ.નં.	વર્ષ	રકમ	બજાર પરચેઈઝ સંખ્યા	ઓફર્સની
૧	૨૦૧૦-૨૦૧૧	૨૨૯૬૪૬૮/-	૨૫	
૨	૨૦૧૧-૨૦૧૨	૧૬૪૫૬૫૯/-	૨૩	
૩	૨૦૧૨-૨૦૧૩	૬૭૦૩૭૪૫/-	૨૭	૩
૪	૨૦૧૩-૨૦૧૪	૪૧૩૯૬૨૫/-	૨૭	૨
૫	૨૦૧૪-૨૦૧૫	૫૧૫૧૬૦૨/-	૩૦	૫

સામાન્ય રીતે સમાચાર પત્રોના જાહેર ખબર દ્વારા ટેન્ડર નોટીસ પ્રસિધ્ધ કરી રૂ.૧૦ લાખની ઉપરની ખરીદી માટે એન-કોડ સોલ્યુશન દ્વારા ઈ-ટેન્ડરીંગથી ટેન્ડરો મંગાવવામાં આવે છે. તેમજ રૂ. ૧૦ લાખથી ઓછી કિંમતના ટેન્ડરો અ.મ્યુ.કો.ની વેબસાઈટ પર ટેન્ડર નોટીસ પ્રસિધ્ધ કરીને ટેન્ડરો દ્વારા ખરીદી કરવામાં આવે છે કેટલીક આઈટમોની ખરીદી વાર્ષિક રેઈટ કોન્ટ્રાકટથી અને કેટલી આઈટમોની ખરીદી વસ્તુઓ ઉત્પાદકો પાસેથી સીધા ખરીદવાનું આવશ્યક બને છે. જેથી ગુણવત્તાની યોગ્ય નિયંત્રણ અને માલ પ્રાપ્તિની સરળતા સાથે મ્યુનિસિપલ કોર્પોરેશનનું નાણાકીય અને વહીવટી હિત જળવાઈ રહે છે.

અ.મ્યુ.કો.જુદા જુદા ખાતાઓ દ્વારા પ્રિન્ટીંગ કરાવવા અંગે આવતા ઈન્ડેન્ટો માટે એકજ પ્રકારના કામકાજ જેવા કે રજીસ્ટર,પેડ. બુક વિગેરે આઈટમો માટે જે તે આઈટમના કામના પ્રકાર તેમજ છાપકામના ઓછામાં ઓછા ભાવો નકકી કરી લેબર કામના ટેન્ડરો મંગાવીને લેબર કોન્ટ્રાકટ કરેલ છે. જેથી કરીને એકજ પ્રકારના કામકાજ માટે ભાવની એકસુત્રતા જળવાઈ તેમજ સદર કામગીરી અ.મ્યુ.કો.ના નાણાંકીય હીત પણ જળવાઈ, ઉપરોકત કામગીરી સિવાયના પ્રિન્ટીંગ કામ કરાવવા અંગેની ઓફરની ઈન્કવાયરીની વિગત નીચે મુજબ છે.

ટેબલ-એફ

અ.નં.	વર્ષ	ઈન્કવાયરની
૧	૨૦૧૦-૨૦૧૧	૨૯૯
૨	૨૦૧૧-૨૦૧૨	૩૦૦
૩	૨૦૧૨-૨૦૧૩	૧૩૮
૪	૨૦૧૩-૨૦૧૪	૦૫૪
૫	૨૦૧૪-૨૦૧૫	૦૩૮

સેન્ટ્રલ સ્ટોર્સના જુદા જુદા ઈસ્યુ વિભાગો દ્વારા મ્યુનિસિપલ કોર્પોરેશનના જુદા જુદા ખાતાઓને માલ ઈસ્યુ કરવામાં આવે છે તે સંદર્ભે માલ મેળવવા આવેલ વર્ષવાર ઈન્ડેન્ટોની સંખ્યા નીચે મુજબ છે.

ઈસ્યુ વિભાગ	૨૦૧૦-૧૧	૨૦૧૧-૧૨	૨૦૧૨-૧૩	૨૦૧૩-૧૪	૨૦૧૪-૧૫
કન્ટીજન્સી ૧-૨	૧૪૭૬	૨૨૫૩	૨૩૪૪	૨૩૯૮	૮૮૮
પ્રિન્ટીંગ	૪૨૩	૪૨૧	૩૭૨	૪૪૯	૩૮૧
હાર્ડવેર	૩૯૪	૫૯૧	૪૮૨	૪૯૬	૧૨૧
સીમેન્ટ	૧૯૧	૧૮૯	૨૦૩	૧૭૫	૧૫૫
ડ્રેસ	૨૮૭	૨૨૭	૭૭૬	૦૬૫	૪૬
સ્ટીલ	૧૨૬	૧૨૫	૧૧૨	૧૧૧	૯૯
સી.પી.સી.	૪૪૫૬	૩૭૬૨	૩૨૩૯	૩૨૪૦	૧૫૭૨
એબ્સ્ટેકટ	૫૩૯૬	૬૨૨૦	૬૬૭૨	૫૪૯૩	૩૨૬૨

આ મુજબ સેન્ટ્રલ સ્ટોર્સ ખાતાના સને ૨૦૧૪-૧૫ ની સાલના વાર્ષિક અહેવાલમાં ખરીદી અને ઈસ્યુ અંગેની સઘળી બાબતો દર્શાવવામાં આવી છે. મ્યુનિસિપલ સેન્ટ્રલ સ્ટોર્સ દ્વારા સેન્ટ્રલ સ્ટોર્સની અને બીજા ખાતાઓ માટે થઇ ને કુલ વાર્ષિક ખરીદી તથા ખાતાઓની સરળતા ખાતર રેઇટ કોન્ટ્રાકટ થી ખરીદીની મંજુરી પ્રકીયા સહિત કુલ રૂ.૬૩૫૭.૧૧/- લાખ કરવામાં આવી છે. મ્યુનિસિપલ કોર્પોરેશનના વિવિધ ખાતાઓ તરફથી માલની જરૂરીયાત મુજબના ઇન્ડેન્ટ મુજબ સેન્ટ્રલ સ્ટોર્સ ખાતા દ્વારા માલ ઇસ્યુ કરવામાં આવે છે અને આ ઇસ્યુ થયેલ માલ-સામાનનો ઉપયોગ કરીને અમદાવા શહેરની જનતાની સુખાકારી અને આવશ્યક સેવાઓ પુરી પાડીને શહેરના વિકાસ માટેની પ્રાથમિક સગવડ પુરી પાડવામાં મ્યુનિસિપલ કોર્પોરેશનના સઘળા ખાતાઓને માલ ઇસ્યુ કરી સેન્ટ્રલ સ્ટોર્સ ખાતાના કર્મચારીઓએ ખંત અને ઉત્સાહથી સને ૨૦૧૪-૧૫ ના વર્ષ દરમ્યાનની કામગીરી નિષ્ઠાપુર્વક સોપાંયેલ ફરજ બજાવેલ છે.

વિભાગ પ્રમાણેની ખરીદી અને ઇસ્યુની માહિતી નીચે મુજબ છે.

અ.નં.	**વિભાગનું નામ**	**ખરીદી લાખમાં**	**ઇસ્યુ લાખમાં**
૧	કન્ટીજન્સી ૧-૨	૩૪૪.૮૫	૩૭૦.૨૦
૨	પ્રિન્ટીંગ	૬૪.૧૬	૬૦.૮૫
૩	હાર્ડવેર	૧૦૧.૩૩	૭૩.૫૦
૪	સીમેન્ટ	૧૧.૬૨	૧૩.૬૧
૫	ડ્રેસ	૪૨.૮૧	૩૨.૪૦
૬	સ્ટીલ	૨૩.૦૨	૧૯.૯૭
૭	સી.પી.સી.	૫૭૬૯.૩૨	૫૩૪૬.૫૦
		૬૩૫૭.૧૧	**૫૯૧૭.૦૩**

આ ઉપરાંત સેન્ટ્રલ સ્ટોર્સ દ્વારા ઇન્વેટરી સિસ્ટમની જરૂરીયાત તથા આધુનિક સમયને અનુરૂપ અપગ્રેડ કરી તમામ ખાતાઓને માલસામાનની ઉપલબ્ધીની જાણકારી મળી રહે તે હેતુસર ઇન્વેન્ટરી સિસ્ટમ ઇન્ટ્રનેટ પર મુકી પારદર્શકતા અને વહીવટી સુગમતા માટેના પ્રયાસમાં સફળતા મેળવેલ છે.

૨.૨૦ ઈન્ડસ્ટ્રીયલ રીલેશન ખાતુ

૨૦૧૪-૨૦૧૫

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તથા તેના કર્મચારીઓ વચ્ચે ઉભા થતાં ઔધોગિક વિવાદો અંગેની કામગીરીનું વ્યવસ્થિત સંકલન તથા લેબર કોર્ટ તથા ઈન્ડસ્ટ્રીયલ ટ્રિબ્યુનલમાં આવતા કેસોની કામગીરી તેમજ મ્યુ. કર્મચારીઓ વિરુધ્ધની ખાતાકીય તપાસ અંગેની કામગીરી આ ખાતા ધ્વારા કરવામાં આવે છે.

ઈન્ડસ્ટ્રીયલ રીલેશન ખાતાની કામગીરી મુખ્યત્વે લેબર સેલ તથા ઈન્કવાયરી સેલ એમ બે વિભાગમાં વહેંચાયેલી છે.

(૧) લેબર સેલ

આ વિભાગમાં લેબર ઓફિસર, આસી.મેનેજર (આઈ.આર.) વેલ્ફેર કમ લેબર ઓફિસરો તેમજ ખાતાની વહીવટી પાંખના કલેરીકલ સ્ટાફનો સમાવેશ થાય છે. આ વિભાગ ધ્વારા નીચે મુજબની કામગીરી હાથ ધરવામાં આવે છે.

(અ) અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં મ્યુનિસિપલ કર્મચારીઓના ઘણા યુનીયનો છે. આ યુનીયનો ધ્વારા કર્મચારીઓને લગતા અનેકવિધ પ્રશ્નો રજૂ કરવામાં આવે છે. આ વિભાગ યુનીયનોના આવા પત્રો સ્વીકારી સંબંધીત ખાતાની રીમાર્કસ મંગાવી યોગ્ય રીતે નિર્ણય લેવડાવવા બાબતે કાર્યવાહી હાથ ધરે છે, વધુમાં યુનિયનો ધ્વારા આપવામાં આવતી હડતાળની નોટિસ સંબંધની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે.

(બ) જુદા જુદા યુનિયનો ધ્વારા મ્યુનિસિપલ કર્મચારીઓની માંગણીઓના સંબંધમાં ઈન્ડસ્ટ્રીયલ ડીસ્પ્યુટ એકટ- ૧૯૪૭ની જોગવાઈ હેઠળ લેબર કમિશનરશ્રીની કચેરીમાં સમાધાન કાર્યવાહી જે ઔધોગિક વિવાદ ઉપસ્થિત કરવામાં આવે છે તે વિવાદો સંબંધમાં ખાતાની રીમાર્કસ મેળવી, સક્ષમ સત્તા પાસે નિર્ણય લેવડાવી સમાધાન અધિકારીને જવાબ પાઠવવામાં આવે છે.

(ક) ઈન્ડસ્ટ્રીયલ ટ્રિબ્યુનલ, લેબર કોર્ટ, કંન્ટ્રોલીંગ ઓથોરીટી વિગેરેને રેફરન્સ થયેલ કેસો અંગેની કામગીરી આ વિભાગ ધ્વારા હાથ ધરવામાં આવે છે. ઈન્ડસ્ટ્રીયલ ટ્રિબ્યુનલ, લેબર કોર્ટ તથા અન્ય ઓથોરીટી સમક્ષના કેસોમાં જે તે ખાતાઓમાંથી વિગતો મંગાવી, મ્યુ.લેબર એડવોકેટશ્રીના સંપર્કમાં રહી તેઓની પાસે લેખીત નિવેદનો તૈયાર કરાવવામાં આવે છે અને ઈન્ડસ્ટ્રીયલ કોર્ટ તથા લેબર કોર્ટમાં ફાઈલ કરાવવામાં આવે છે. આ કોર્ટીમાં મુદ્દતના દિવસોએ આ ખાતાના વેલ્ફેર-કમ-લેબર ઓફિસરો કોર્ટમાં હાજર રહી મ્યુ.લેબર એડવોકેટોને મદદ કરે છે, વધુમાં કોઈ કેસમાં કોર્પો.ના કોઈ કર્મચારી અગર અધિકારીને મ્યુનિ.કોર્પો.ના સાક્ષી આપવા હાજર રાખવાના હોય તો તે અંગેની વ્યવસ્થા પણ કરવામાં આવે છે તેમજ હાઈકોર્ટમાં ચાલતી સર્વિસ મેટરોની કામગીરી તથા લેબર કોર્ટ તથા ટ્રિબ્યુનલના એવોર્ડ વિરુધ્ધ્ અપીલ કરવાનું યોગ્ય જણાય તો તે અંગેની કામગીરી આ ખાતા ધ્વારા કરવામાં આવે છે. અહેવાલી વર્ષમાં શરુઆતમાં લેબર કોર્ટમાં ૩૧૬ કેસો પેન્ડીંગ હતા. વર્ષ દરમ્યાન ૦૯૫ નવા દાખલ થયેલ. આમ કુલ ૪૧૧ કેસો પૈકી વર્ષ દરમ્યાન ૦૪૮ કેસોનો નિકાલ થયેલ છે. વર્ષ આખરે ૩૬૩ કેસો પેન્ડીંગ છે. અહેવાલી વર્ષની શરુઆતમાં ઈન્ડસ્ટ્રીયલ ટ્રિબ્યુનલમાં કુલ ૧૦૯ કેસો પેન્ડીંગ હતા. વર્ષ દરમ્યાન નવા ૮૫ કેસો દાખલ થયેલ. આમ કુલ ૧૯૪ કેસો પૈકી વર્ષ દરમ્યાન ૦૪૯ કેસોની નિકાલ થયેલ છે અને વર્ષ અંતે ૧૪૫ કેસો બાકી રહેલ છે.

(ડ) ઈન્ડસ્ટ્રીયલ ડીસ્પ્યુટ એકટ-૧૯૪૭ની કલમ-૨ (પી) અન્વયે સમાધાન કરાવવાની તથા કલમ-૩૩(૩) અન્વયે યુનિયનોના હોદેદારોને રક્ષીત કામદાર તરીકે જાહેર કરવા બાબતની કાર્યવાહી આ ખાતા ધ્વારા હાથ ધરવામાં આવે છે.

(ઈ) કોન્ઝરવન્સી ખાતામાં સફાઈ કામદાર નોકરી દરમ્યાન મૃત્યુ પામે અગર અનફીટ થાય તો તેવા કેસોમાં મ્યુનિ.કોર્પો.ની નીતિ મુજબ તેમના આશ્રીતોને નોકરી આપવાની કામગીરી આ વિભાગના વેલ્ફેર-કમ-લેબર ઓફિસરો મારફતે હાથ ધરવામાં આવે છે. પાછલી બાકી ૧૯૭ ઉપરાંત ચાલુ અહેવાલી વર્ષમાં અન્ય ૩૧૨ અરજી આવેલ. આમ કુલ ૫૦૯ અરજીઓ પૈકી ૨૮૪ અરજીઓ મંજુર કરેલ છે. તથા ૧૨ અરજીઓ ના મંજુર કરેલ છે. અને બાકી ૨૧૩ અરજીઓ તપાસ ઉપર બાકી હતી.

(૨) ઈન્કવાયરી સેલઃ-

ઈન્કવાયરી સેલમાં ચાર ઈન્કવાયરી ઓફિસરો, સંકલન અધિકારી (આઈ.આર.) તથા અન્ય કલેરીકલ સ્ટાફ કામગીરી બજાવે છે. મ્યુનિસિપલ કર્મચારીઓની ફરજ પ્રત્યેની બેદરકારી, નાણાંની ઉચાપત ગેરહાજરી તથા અન્ય ગેરવર્તણૂંક બાબતમાં ખાતાકીય તપાસની કામગીરી આ વિભાગ ધ્વારા હાથ ધરવામાં આવે છે. અહેવાલી વર્ષમાં સક્ષમ સત્તાના આદેશ અનુસાર ૧૧૫ કેસોમાં ચાર્જશીટ, ૧૦૯૦ કેસોમાં શો-કોઝ નોટિસ આપવામાં આવેલ છે. ૨૦ કેસોમાં કર્મચારીઓને સસ્પેન્ડ

કરવામાં આવેલા છે. ૮૦ કેસોમાં ઈન્કવાયરી ઓફિસરોએ ઈન્કવાયરી પુરી કરી તેમનો રિપોર્ટ સક્ષમ સત્તાને સુપ્રત કરેલ છે. જેમાં ઈન્કવાયરી ઓફિસરના રિપોર્ટના અનુસંધાનમાં સક્ષમ સત્તા ધ્વારા ગુનાની ગંભીરતા ધ્યાનમાં લઈ સજા કરવામાં આવી છે. ૨ કેસમાં ૧ ઇન્ક્રીમેન્ટ ૩ માસ માટે, ૧૧ કેસોમાં ૧ ઇન્ક્રીમેન્ટ ૬ માસ માટે, ૩૧ કેસોમાં એક ઈન્ક્રીમેન્ટ એક વર્ષ માટે, ૭ કેસોમાં ૧ ઈન્ક્રીમેન્ટ ૨ વર્ષ માટે, ૧૬ કેસોમાં એક ઇન્ક્રીમેન્ટ કાયમી ધોરણે, ૧૫ કેસમાં ૧ ઈન્ક્રીમેન્ટ ભવિષ્યની અસર વિના, ૧ કેસોમાં ૧ ઈન્ક્રીમેન્ટ ૫ વર્ષ માટે, ૧૫ કેસોમાં ૨ઈન્ક્રીમેન્ટ ભવિષ્યની અસર વિના, ૨૨ કેસોમાં ૨ ઈન્ક્રીમેન્ટ કાયમી ધોરણ માટે, ૭ કેસમાં ૩ ઈન્ક્રીમેન્ટ કાયમી ધોરણ માટે, ૧ કેસમાં ૨ ઈન્ક્રીમેન્ટ બે વર્ષ માટે, ૨ કેસમાં એક ઈન્ક્રીમેન્ટ ત્રણ વર્ષ માટે, ૩ કેસમાં ૪ ઈન્ક્રીમેન્ટ ભવિષ્યની અસર સાથે, ૨ કેસમાં ચાલુ ગ્રેડમાં લઘુત્તમ સ્તરે ઉતારવા, ૫૫ કેસમાં દંડની/ઉચ્ચક રકમની શિક્ષા, ૧૬ કેસોમાં રીમુવલ/ ડીસમીસલ/ નોકરીનો અંત ના હુકમો કરવામાં આવેલા છે. ૨૨ કેસોમાં ઠપકો/તાકીદ/ચેતવણી આપવામાં આવેલ છે. ૨૩ કેસોમાં પ્રકરણ દફતરે કરવામાં આવેલ છે. વધુમાં ૪ કેસોમાં પેન્શન કાપની શિક્ષાના હુકમો કરવામાં આવેલ છે. આ ઉપરાંત પોલીસ કેસ તથા લાંચ રૂશ્વત વિરોધી ખાતા ધ્વારા માંગવામાં આવતી જરુરી માહિતી પુરી પાડવાની કામગીરી પણ કરવામાં આવે છે. સસ્પેન્ડ થયેલા કર્મચારીઓના સંબંધમાં તેમના સબસીસ્ટન્સ એલાઉન્સ અંગે મ્યુનિ.કોર્પો.ના નિયમ અનુસાર સક્ષમ સત્તા પાસે નિર્ણય લેવડાવવાની કામગીરી પણ કરવામાં આવે છે.

ઈન્ડસ્ટ્રીયલ રીલેશન ખાતાની સને ૨૦૧૪-૧૫ વર્ષની વહીવટી કામગીરી ઉપર મુજબ છે. આ સાથે વ્યકિતગત મ્યુનિસિપલ કર્મચારી કે કર્મચારી સમુહના પ્રશ્નોના યોગ્ય નિકાલ થાય અને તે રીતે મ્યુનિસિપલ કોર્પોરેશન અને કર્મચારીઓ વચ્ચેના ઔધોગિક સંબંધો જળવાઈ રહે તેવા પ્રયત્નો કરવામાં તથા વહીવટી તંત્રને મજૂર પ્રશ્નોના યોગ્ય માર્ગદર્શન અને સલાહ સૂચના આપવાનું ખાતાનું મુખ્ય ધ્યેય છે.

પત્રકઃ અ

ઈન્ડસ્ટ્રીયલ ડીસ્પ્યુટ એકટ ૧૯૪૭ અન્વયે જુદા જુદા યુનિયનો દ્વારા ઈન્ડસ્ટ્રીયલ ટ્રીબ્યુનલ સમક્ષ મુકવામાં આવેલ કેસોની છેલ્લા ત્રણ વર્ષની વિગત દર્શાવતું પત્રક

વર્ષ	વર્ષની શરુઆતમાં બાકી કેસો	વર્ષ દરમ્યાન નવા દાખલ થયેલ કેસો	કુલ કેસો	વર્ષ દરમ્યાન નિકાલ થયેલ કેસો	વર્ષાંતે બાકી રહેલ કેસો
૧	૨	૩	૪	૫	૬
૨૦૧૨-૨૦૧૩	૪૬૨	૦૧૬	૪૭૮	૩૧૫	૧૬૩
૨૦૧૩-૨૦૧૪	૧૬૩	૦૧૦	૧૭૩	૦૬૪	૧૦૯
૨૦૧૪-૨૦૧૫	૧૦૯	૦૮૫	૧૯૪	૦૪૯	૧૪૫

પત્રક : બ

ઈન્ડસ્ટ્રીયલ ડીસ્પ્યુટ એકટ ૧૯૪૭ અન્વયે જુદા જુદા યુનિયનો દ્વારા લેબર કોર્ટ સમક્ષ મુકવામાં આવેલ કેસોની છેલ્લા ત્રણ વર્ષની વિગત દર્શાવતું પત્રક

વર્ષ	વર્ષની શરુઆતમાં બાકી કેસો	વર્ષ દરમ્યાન નવા દાખલ થયેલ કેસો	કુલ કેસો	વર્ષ દરમ્યાન નિકાલ થયેલ કેસો	વર્ષાંતે બાકી રહેલ કેસો
૧	૨	૩	૪	૫	૬
૨૦૧૨-૨૦૧૩	૩૨૦	૧૨૧	૪૪૧	૦૭૨	૩૬૯
૨૦૧૩-૨૦૧૪	૩૬૯	૦૪૩	૪૧૨	૦૯૬	૩૧૬
૨૦૧૪-૨૦૧૫	૩૧૬	૦૯૫	૪૧૧	૦૪૮	૩૬૩

પત્રકઃ ક

ઈન્કવાયરી સેલની કામગીરી દર્શાવતું પત્રક

અ. નં.	વિગત	૨૦૧૨-૧૩	૨૦૧૩-૧૪	૨૦૧૪-૧૫
૧	કર્મચારીઓને આપેલ શોકોઝ નોટીસની સંખ્યા	૩૧૮	૨૩૩	૧૦૯૦
૨	કર્મચારીઓને આપેલ ચાર્જશીટની સંખ્યા	૦૮૦	૦૬૧	૧૧૫
૩	સસ્પેન્ડ કરવામાં આવેલ કર્મચારીઓની સંખ્યા	૦૧૮	૦૨૮	૦૨૦
૪	હાજરી ચેકીંગમાં ગેરહાજર માલુમ પડેલ કર્મચારીઓને આપેલ નોટીસોની સંખ્યા	૦૩૩	૦૩૭	૨૯૩
૫	૧ દિવસના પગારનાં દંડની શિક્ષા કરેલ કર્મચારીઓની સંખ્યા	-	-	-
૬	૦૫ દિવસના પગારના દંડની શિક્ષા કરેલ કર્મચારીઓની સંખ્યા	૦૨૫	૦૨૬	-
૭	દફતરે કરેલ કર્મચારીની સંખ્યા	૦૦૮	૦૧૦	૦૨૩

પત્રકઃ ૬

નોકરી દરમ્યાન મૃત્યુ પામનાર કે અનફીટ થતાં સફાઈ કામદારનાં આશ્રિતને મ્યુ.નિતી નીયમ મુજબ અપાયેલ નોકરીની છેલ્લા ૩ વર્ષની માહિતી દશાર્વતું પત્રક

વર્ષ	ગત વર્ષની બાકી અરજીઓ	વર્ષ દરમ્યાન નવી આવેલ અરજીઓ	કુલ અરજીઓ	મંજુર કરેલ અરજીઓ	ના મંજુર કરેલ અરજીઓ	વર્ષાન્તે બાકી અરજીઓ
૧	૨	૩	૪	૫	૬	૭
૨૦૧૨-૨૦૧૩	૧૭૮	૨૩૪	૪૧૨	૨૩૪	૦૮	૧૭૦
૨૦૧૩-૨૦૧૪	૧૭૦	૩૭૬	૫૪૬	૩૩૪	૦૧૫	૧૯૭
૨૦૧૪-૨૦૧૫	૧૯૭	૩૧૨	૫૦૯	૨૮૪	૦૧૨	૨૧૩

૨.૨૧ સેન્ટ્લ પૂલ ઓફ ટાઈપીસ્ટ ખાતુ

૨૦૧૪-૧૫

સેન્ટ્રલ પૂલ ઓફ ટાઈપીસ્ટ ખાતાનાં એસ્ટાબ્લીશમેન્ટ શીડયુલમાં ગુજરાતી / અગ્રેજી સ્ટેનોગ્રાફરો, ડી.ટી.પી. ઓપરેટર, જુનીયર કોમ્પ્યુટર ઓપરેટર, ટાઈપીસ્ટ કમ કલાર્ક , ઈન્ચાર્જ-ઝેરોક્ષ,ફેકસ,ટેલેક્ષ એન્ડ એસ્ટાબ્લીશમેન્ટનો સમાવેશ થાય છે. મ્યુનિ. કમિશ્રનરશ્રી, ડે. મ્યુ. કમિશ્રનરશ્રીઓ તેમજ જુદા જુદા ખાતાના વડા અધિકારીઓની કચેરીમાં સ્ટેનોગ્રાફરો દ્વારા માહિતીનું સંકલન કરવું, મહત્વની મીટીગોની મીનીટસ બનાવવી તેમજ કચેરીના તાબા હેઠળના અધિકારીઓને ઉપરી અધિકારીશ્રીની સૂચના મુજબ માહિતીની જાણ કરવી, રાજ્ય સરકારશ્રીની કચેરીઓ તેમજ નાગરિકોની ફરીયાદોના ફોન એટેન્ડ કરવા જેવી કામગીરી તેમજ અધિકારીશ્રી દ્વારા સુચવાયેલ ગોપનીય ખાસ અગત્યની કામગીરી કરવામાં આવે છે. આ ઉપરાંત કોમ્પ્યુટર ઓપરેટર દ્વારા ખાતાકીય નોંધ પત્રોના ડ્રાફટ બનાવવામાં આવે છે. ટાઈપીસ્ટ કમ કલાર્ક દ્વારા ખાતાની આંતરિક કચેરી નોંધ બનાવવાની કામગીરી કરવામાં આવે છે, તેમજ ફેક્સ ઈન્ચાર્જ દ્વારા રાજય સરકાર, કેન્દ્ર સરકાર તથા અન્ય અર્ધ સરકારી કચેરીઓમાં મોકલવાના થતા ફેકસની કામગીરી કરવામાં આવે છે, તથા બહારથી આવેલ ફેકસ સબંધિત વિભાગને તાકીદે મોકલવાની કામગીરી કરવામાં આવે છે.

સેન્ટ્રલ પૂલ ઓફ ટાઈપીસ્ટ ખાતામાં મ્યુનિસિપલ કોર્પોરેશનના જુદા જુદા ખાતાઓ જેવા કે એસ્ટેટ,ટી.ડી.ઓ.,લીગલ,બગીચા ખાતુ,સી.એન.સી.ડી.,સ્લોટર હાઉસ, ઝૂ , બાલવાટિકા,બાલભવન,મ્યુનિ.સેકન્ડરી સ્કૂલ,ગુમાસ્તાધારા,મધ્ય ઝોન વિગેરે ખાતા ધ્વારા કેન્દ્ર સરકાર,રાજય સરકાર તેમજ અન્ય ખાતાકીય તેમજ વિભાગીય કચેરીઓ તથા સંસ્થાઓ સાથે જે પત્ર વ્યવહાર કરવામાં આવે છે તેના જુદી જુદી માહિતીઓ, પત્રકો, સરકયુલરો, કોમ્પ્યુટર ઉપર ટાઈપ કરવાની ,ઝેરોક્ષ તથા પ્રિન્ટીગ ને લગતી કામગીરી કરવામાં આવે છે. જે ખાતાઓમાં ટાઈપીસ્ટની જગ્યા નથી, તેવા તમામ ખાતાઓની કચેરી નોંધ બનાવવાનું કામ અત્રે કરવામાં આવે છે. અન્ય ખાતાના ટાઈપીસ્ટ રજા ઉપર જાય ત્યારે તે ખાતાની કચેરીની કામગીરી અત્રે કરવામાં આવે છે.

૨.૨૨ ઓડિટ ખાતુ
૨૦૧૪-૧૫

મ્યુનિસિપલ કોર્પોરેશન ફંડના તથા ટ્રાન્સપોર્ટ ફંડના,શેઠ વા.સા,જન.હોસ્પિટલ,અને શેઠ મા.જે.પુસ્તકાલયની તમામ પ્રકારની આવક અને ખર્ચના હિસાબી રેકર્ડ તપાસવાનું તથા આ ખાતાઓની કામગીરી કાનુન મુજબ થાય છે કે કેમ?તે તપાસવાનું કામ આ ખાતુ કરે છે.તેમજ શેઠ મા.જે.પુસ્તકાલય તથા એ.એમ.ટી.એસ.વિભાગનાં એસ્ટાબ્લીશમેન્ટ સિવાયનાં તમામ બીલોનું પ્રિઓડીટ કરવામાં આવે છે.મ્યુ.કોર્પોની કામગીરી છ ઝોનમાં ઝોનવાઇઝ કરવામાં આવે છે.અમદાવાદ મ્યુ.કોર્પોરેશન હસ્તકનાં જુદા જુદા સ્ટોર્સ,તમામ મ્યુ.હોસ્પીટલો અને દવાખાના ,બાલભવન,લાઇબ્રેરી,શેઠ.મા.જે.પુસ્તકાલય,શેઠ વા. સા. હોસ્પીટલ અને એ. એમ. ટી. એસ. વિભાગના તમામ સ્ટોર્સનું ફીઝીકલ વેરીફીકેશન ખાતાનાં સ્ટાફ દ્વારા કરવામાં આવે છે.

મ્યુ.ચીફ ઓડિટરશ્રી-પત્રક

ડે. **મ્યુ.ચીફ ઓડિટરશ્રી-૧**	**ડે.મ્યુ.ચીફ ઓડિટરશ્રી-૨** (ઇન્ચાર્જ)	
૧. એસ્ટાબ્લીશમેન્ટ	૧ એ.એમ.ટી.એસ.	
૨. વાર્ષિક અહેવાલ	૨.શેઠ વા.સા.હોસ્પિટલ	
૩. પૂર્વ ઝોન	૩.એમ.જે.લાયબ્રેરી	
૪. મધ્યઝોન	૪.નવા.પ.ઝોન	
	આસી.મેનેજરશ્રી.૧	**આસી.મેનેજરશ્રી.૨**
	૧. ઇજનેર પ્રોજેકટ/ એસ્ટેટ/ ટી.ડી.ઓ	૧.એસ્ટાબ્લીશમેન્ટ
	૨. ઉત્તરઝોન	૨. .નવા પ.ઝોન
	૩. દ.ઝોન	૩.કન્કરન્ટ/એકાઉન્ટ
	૪.કોમ્પ્યુટર ગૃપ	૪. એ.એમ.ટી.એસ.
	૫. આઉટડોર પોષ્ટ ઓડિટ	
	૬.જે.એન.એન.યુ.આર.એમ.પ્રોજેકટ	
	૭. પ.ઝોન, ૮. પૂર્વ ઝોન	

સને ૨૦૧૪-૧૫ ના વર્ષ દરમ્યાન નીકળેલ વાંધાઓ તે પૈકી દફતરે તથા બાકી વાંધાની વિગત દર્શાવતું પત્રક

અ.નં	વિગત	કુલ નિકળેલા વાંધા	દફતરે થયેલ વાંધા	બાકી વાંધા
૧	આઉટડોર પોસ્ટ ઓડિટ	૩૮૦	૪૭	૩૩૩
૨	ઈજનેર	૫૭	૧૮	૩૯
૩	ઉત્તરઝોન	૬૪૪	૧૮૮	૪૫૬
૪	કંકરન્ટ ઓડીટ	૫૦૨	૧૦૫	૩૯૭
૫	દક્ષિણ ઝોન	૪૧૯	૯૧	૩૨૮
૬	નવા.પશ્ચિમ ઝોન	૪૬૬	૧૭૪	૨૯૨
૭	પૂર્વ ઝોન	૫૦૭	૧૫૨	૩૫૫
૮	પશ્ચિમ ઝોન	૭૯૦	૮૯	૭૦૧
૯	મધ્ય ઝોન	૬૪૮	૧૩૫	૫૧૩
૧૦	એકાઉન્ટ ગૃપ	૧૨૮૫	૨	૧૨૮૩
૧૧	જેએનએનયુઆરએમ પ્રોજેકટ	૩૧	૫	૨૬
	કુલ વાંધાઓ	**૫૭૨૯**	**૧૦૦૬**	**૪૭૨૩**
ક્રમ નં.	ખાતાનું નામ	**કુલ નિકળેલા વાંધા**	**દફતરે થયેલ વાંધા**	**બાકી વાંધા**
૧૨	એ.એમ.ટી.એસ-પ્રિ ઓડીટ	૫૪૩	૪૭૨	૭૧
૧૩	એ.એમ.ટી.એસ-પોષ્ટ ઓડીટ	૧૩૩	૩૩	૧૦૦
૧૪	વા.સા.હોસ્પિટલ	૨૫૮	૧૭૯	૭૯
૧૫	મા.જે.પુસ્તકાલય- પ્રિ ઓડીટ	૧૨૦	૧૦૨	૧૮
૧૬	મા.જે.પુસ્તકાલય-પોષ્ટ ઓડીટ	૫૮	૨૫	૩૩
	કુલ વાંધાઓ	**૧૧૧૨**	**૮૧૧**	**૩૦૧**

સને ૨૦૧૪-૧૫ ના વર્ષ દરમ્યાન દફતરે થયેલ વાંધાઓની વિગત દર્શાવતુ પત્રક

અ.નં.	ગ્રુપ/ઝોનનું નામ	વાંધાની સંખ્યા	રીકવરીની રકમ
૧	પશ્ચિમઝોન	૧૯૦	૧૮૪૨૫૭૪.૦૦
૨	પૂર્વઝોન	૨૨૯	૧૨૯૨૭૯૫.૦૦
૩	ઉત્તરઝોન	૨૮૪	૩૭૦૭૨૫.૦૦
૪	મધ્યઝોન	૧૬૮	૭૫૨૬૮૪.૦૦
૫	દક્ષિણ ઝોન	૧૫૭	૧૨૧૧૨૮૧.૦૦
૬	કંકરન્ટ ઓડીટ	૧૪૬	૪૦૫૫૫૩.૦૦
૭	ઇજનેર	૩૧	૩૨૯૬૧૯.૦૦
૮	આઉટ ડોર પોષ્ટ ઓડીટ-૧	૧૨૫	૨૧૫૮૦૧.૦૦
૯	નવા પશ્ચિમ ઝોન	૫૧૧	૨૪૩૬૯૫૯.૦૦
૧૦	જેએનએનયુઆર એમ પ્રોજેકટ	૬	૮૮૧૨૩.૦૦
૧૧	એકાઉન્ટ	૩	૫૬૯.૦૦
	કુલ વાંધાઓ	**૧૮૫૦**	**૮૯૪૬૬૮૩.૦૦**
૧૨	એ.એમ.ટી.એસ-પ્રિ ઓડીટ	૫૧૦	૨૭૯૨૫૦૧.૦૦
૧૩	એ.એમ.ટી.એસ-પોષ્ટ ઓડીટ	૮૬	૨૧.૦૦
૧૪	વા.સા.હોસ્પિટલ	૨૫૭	૧૧૪૪૫૭૫.૦૦
૧૫	મા.જે.પુસ્તકાલય- પ્રિ ઓડીટ	૧૦૨	૧૦૯૩૧.૦૦
૧૬	મા.જે.પુસ્તકાલય-પોષ્ટ ઓડીટ	૨૭	૮૩૯.૦૦
	કુલ વાંધાઓ	**૯૮૨**	**૩૯૪૮૮૬૭.૦૦**

૨.૨૩ હેરીટેજ વિભાગ

૨૦૧૪-૨૦૧૫

અમદાવાદ શહેર આશરે ૬૦૦ વર્ષથી વધુ પુરાણું ઐતિહાસિક શહેર છે.અમદાવાદ શહેરના ગોરવવંતા વારસાની શહેરના નાગરીકોને, તેમજ દેશ વિદેશી પ્રવાસીઓને તેની જાણકારી થાય તેમજ આ મહામુલા વારસાને જાળવી રાખવા તેમજ તેને ટકાવી રાખવા તેમજ આ અંગે નાગરિકોમાં જાણકારી વધે અને પરસ્પર સહકારથી તેનો ઉતરોતર વિકાસ થાય તે હેતુથી અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન દ્વારા હેરીટેજ વિભાગ કામગીરી કરે છે.

સને ૨૦૧૪-૨૦૧૫ ના વર્ષમાં હેરીટેજ વિભાગ દ્વારા તબકકાવાર હેરીટેજને લગતા સંખ્યાબંધ કાર્યક્રમો યોજવામાં આવેલ છે. જેની વિગતો નીચે મુજબ છે.

(૧) **હેરીટેજ વોકીંગ ટુરઃ-**

અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનના દ્વારા શહેરના કોટ વિસ્તારમાં આવેલ કોતરણી વાળા મકાનો, ઐતિહાસિક સ્થાપત્યો, મંદિરોનો પગપાળા ચાલીને ગાઇડ ધ્વારા પરિચય કરાવવા અંગે હેરીટેજ વોકીગ ટુરનુ આયોજન કરવામાં આવેલ છે. આ વોકીગ ટુર શ્રી સ્વામીનારાયણ મંદિર, કાલુપુરથી દરરોજ સવારે ૮.૦૦ વાગે પ્રથમ સ્લાઇડ શો બતાવ્યા બાદ શરૂ કરવામાં આવે છે. અને નકકી કરેલા રૂટ ઉપરના રસ્તા ઉપરથી પસાર થઇ જુમ્મા મસ્જીદ ખાતે ટુર સમાપ્ત થાય છે.

(૨) **કવિશ્રી દલપતરામ જંયતિ ઉજવણી :-**

ગુજરાત ભાષાના મહાનકવિ અને સમાજસુધારક કે જેઓની પ્રતિમા લાંબેશ્વરની પોળ (હેરીટેજ વોક ટુર) કે જયાં તેઓ રહેતા હતા. તે મકાનમાં કવિ દલપતરામ સ્મારક બનાવી મુકવામાં આવેલ છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ માનનીય મેયરશ્રી, મ્યુનિ પદાધિકારીઓ અને જાહેર જનતા દ્વારા કવિશ્રીની જન્મ જંયતિનો પુષ્પાજંલીના કાર્યક્રમ દ્વારા ઉજવણી કરવામાં આવી હતી.

(૩) **ચબુતરાઓના રીસ્ટોરેશનની કામગીરી :-**

ચબુતરો એ પોળની એક લાક્ષણિકતા છે.લગભગ અમદાવાદ કોટ વિસ્તાની ઘણી પોળોમાં લાકડાની કોતરણીયુકત તેમજ પથ્થરના નકશીયુકત ચબુતરા આવેલ છે. આવા ચબુતરા કે જે અમદાવાદની આગવી ઓળખ છે.તેનું રીપેરીગ/રીસ્ટોરેશનની કામગીરીનું આયોજન કરેલ છે. જેમાં (૧) મધ્યઝોનના દરિયાપુર વોર્ડમાં આવેલ દરિયાપુર ચકલા વચ્ચે વર્ષો જુનો ચબુતરો તથા (૨)મધ્યઝોનમાં શાહપુર વોર્ડમાં માલીવાડાની પોળમાં આવેલ ચબુતરો રીપેર કરવામાં આવેલ છે.

(૪) **ભદ્રપ્લાઝા ડેવલપમેન્ટની કામગીરી :-** અમદાવાદ શહેરમાં ભદ્રનો કિલ્લો ઐતિહાસીક મહત્વ ધરાવે છે. આ સ્થળની આજુબાજુનો વિસ્તાર જુદી જુદી અનેકવિવિધ પ્રવૃતિઓથી ધબકતો છે.આ જગ્યાઓના ડેવલેપમેન્ટ કરવાની કામગીરી માટે જે.એન. એન. યુ. આર. એમ. અંતર્ગત ૭૪.૩૯ કરોડનો પ્રોજેકટ મંજુર થયેલ છે.સદરહુ કામગીરી બે તબક્કામાં કરવાની થાય છે.પ્રથમ તબક્કામાં ભદ્ર મંદિરથી ત્રણ દરવાજા સુધી પ્લાઝા ડેવલપમેન્ટની કામગીરી જેમાં સમગ્ર ભદ્ર કિલ્લાથી ત્રણ દરવાજા સુધીના વિસ્તારને પ્રદુષણરહિત અને વધુ લોકભોગ્ય બનાવવાનું કામ પુર્ણ કરવામાં આવેલ છે. જેમા રાહદારીઓ તેમજ મુલાકાતીઓ માટે સુગમ અને સલામત રસ્તાઓ, પેવીગ, સાઇનેજ, લાઇટીગ ,લેન્ડ સ્કેપીગ, આકર્ષક સ્ટ્રીટ ફર્નિચર તથા અન્ય ટુરીસ્ટ સુવિધાઓ વધારવાની કામગીરી પુર્ણ કરવામાં આવેલ છે. વધુમાં ભદ્રના કિલ્લાના રીસ્ટોરેશન અને રીસ્ટ્રકચરીગની કામગીરી હાલમાં ચાલુ છે.જેમાં ભદ્રના કિલ્લા ખાતે મ્યુઝિયમ તેમજ સીટી સેન્ટર વિકસાવવાની કામગીરી કરવામાં આવનાર છે. આમ ભદ્ર વિસ્તારને ડેવલપ કરવા પબ્લિક ટોઇલેટ , પાર્કીગ , બાગ-બગીચા , રસ્તા ડેવલપમેન્ટ , સ્ટ્રીટ લાઇટ , વિગેરે કામગીરી પુર્ણ કરવામાં આવેલ છે. ત્રણ દરવાજાથી ભદ્રકાળી મંદિર સુધીના માર્ગને પેડેસ્ટ્રીઅન પ્લાઝા તરીકે વિકસાવી આ વિસ્તારમાં વાહનોની અવર-જવર નિયંત્રિત કરવાની કામગીરી પુર્ણ કરવામાં આવેલ છે. સદરહુ યોજના રાષ્ટ્રીય રક્ષિત

ઈમારતના પ્રતિબંધીત એરીયામાં આવતી હોવાથી આર્કીયોલોજીકલ સર્વે ઓફ ઈન્ડીયા (ASI)ના માર્ગદર્શન અને સુપરવિઝન હેઠળ કામગીરી કરવા અંગે છજીં સાથે એમ.ઓ.યુ. કરવામા આવેલ છે.તથા આ કામગીરી પુર્ણ કરવામાં આવેલ છે.

સદરહુ ડેવલપમેન્ટ સાથે શહેરના ૬૦૦ વર્ષ જુના ફોર્ટનું રીસ્ટોરેશન હેરીટેજ ટેકનીકથી કરવા માટે એ.એસ.આઇ. સાથે એમ.ઓ.યુ. કરીને તેઓ મારફતે ૪.૯૦ કરોડનાં ખર્ચે કામગીરી ચાલુ કરવામાં આવેલ છે.આ રકમ અમ.મ્યુનિ.કોર્પો.એ છજીં માં જમા કરાવેલ છે

હેરીટેજ કોન્ઝર્વેશનમાં બેસ્ટ પ્રોજેક્ટનો એવોર્ડ આ પ્રોજેક્ટને હુડકો દ્વારા ફેબ્રુઆરી-૨૦૧૩માં એનાયત કરવામાં આવેલ છે.આ પ્રકારનો મોડેલ પ્રોજેક્ટ ઈન્ડીઆમાં પ્રથમ છે.

(૫) **<u>અપગ્રેડેશન ઓફ હેરીટેજ વોક રૂટની કામગીરી :-</u>**

અપગ્રેડેશન ઓફ હેરીટેજ વોક રૂટનું કામ કરવામાં આવેલ છે.

(૬) **<u>કેલિકો ડોમના રીસ્ટોરેશનની કામગીરી</u> :-**

રીલિફ રોડ ઉપર આવેલ કેલીકો ડોમના રીસ્ટોરેશનની કામગીરીનું આયોજન કરવામાં આવેલ છે, તથા પ્રથમતબકકામાં ભોયરાને રીસ્ટોરેશન કરવાનું કામ હાલમાં પુર્ણ થયેલ છે. અને બીજા તબ્બકામાં કેલીકો ડોમ રીસ્ટોરેશનની પ્લાનીગ/ડીઝાઈનીગના કામ માટે વર્ક ઓર્ડર આપેલ છે.

(૭) **<u>રીસ્ટોરેશન ઓફ ફોર્ટ વોલ</u> :-**

અમદાવાદ શહેરના ફરતે આવેલ ફોર્ટ વોલની રીપેરીગ/રીસ્ટોરેશનની કામગીરી પુર્ણ કરવામાં આવેલ છે. જેમાં કામા હોટલની સામે આવેલ ફોર્ટ વોલનું રીપેરીગ/રીસ્ટોરેશનનું કામ પુર્ણ કરવામાં આવેલ છે.

(૮) **<u>રીસ્ટોરેશન ઓફ સ્ટેપ</u> :-**

અમદાવાદ શહેરના પુર્વઝોન બાપુનગર વોર્ડમાં આવેલ જુની ઐતિહાસિક પૌરાણીક વાવના સેન્ટર વેલમાં ખોદકામ કરી વાવ પુનઃ જીવીત કરવા, સેફટી ગ્રીલ લગાવવા તેમજ રીપેરીગ કરવાનું કામ પુર્ણ કરવામાં આવેલ છે.

(૯) **<u>રીસ્ટોરેશન ઓફ કાંકરીયા પેવેલીયન</u> :-**

અમદાવાદ શહેરમાં કાંકરીયા પ્રાણીસંગ્રહાલય ગેઇટનં-૨ની સામે તળાવમાં આવેલ પેવેલીયન,પ્લેટફોર્મ તથા સ્ટેપ્સ રીપેર અને રીસ્ટોરેશન, કરવાનું કામ હાલમાં ચાલુ છે.જે ટુંક સમયમાં પુર્ણ થનાર છે.

(૯) **<u>વર્લ્ડ હેરીટેજ સીટી માટેના ડોઝીયરને કામગીરી</u> :-**

અમદાવાદ શહેરને યુનેસ્કો દ્વારા " વર્લ્ડ હેરીટેજ સીટી "નો દરજ્જો અપાવવા માટે સેપ્ટ યુર્નિવસીટી દ્વારા ડોઝીયર બનાવવાનું કામ હાલમાં પ્રગતિમાં છે.

(૧૦) **<u>૧૦ સીલેકટેડ હેરીટેજ ટુરીઝમ સાઇટ ડેવલપમેન્ટની કામગીરી</u> :-**

અમદાવાદ શહેરમાં આવેલ ૧૦ સીલેકટેડ હેરીટેજ ટુરીઝમ સાઇટ ડેવલપમેન્ટ કરવા માટે અ.મ્યુ.કો. અને ટુરીઝમ કોર્પોરેશન ગુજરાત લિમીટેડ સાથે ડેવલપમેન્ટની કામગીરીની પ્રપોઝલ બનાવવાનું કામ હાલમાં પ્રગતિમાં છે.

(૧૧) **<u>સરદાર પટેલ ગેલેરી- સીટી સેન્ટરની કામગીરી</u> :-**

અમદાવાદ મ્યુ.કોર્પોરેશન કંમ્પાઉન્ડમાં આવેલ સરદાર પટેલ ભવન એ - બ્લોક (હેરીટેજ બિલ્ડીગ) માં " સરદાર ગેલેરી તથા સીટી સેન્ટર ડેવલપ કરવા માટે રીર્સચ વર્કની કામગીરીનું કામ હાલમાં પ્રગતિમાં છે.

(૧૨) **<u>વર્લ્ડ હેરીટેજ વીકની ઉજવણી</u> :-**

વર્લ્ડ હેરીટેજ વીકની ઉજવણી દરમિયાન તા.૧૯-૧૧-૨૦૧૪ થી તા.૨૫-૧૧-૨૦૧૪ સુધી જુદા-જુદા કાર્યક્રમો કરવામાં આવેલા.

૩.૧ એસ્ટેટ ખાતુ

૨૦૧૪-૨૦૧૫

મ્યુનિસિપલ કોર્પોરેશનની માલીકીની જુદી જુદી મિલ્કતો આવેલી છે.જે મિલ્કતોના વહીવટીની કામગીરી મુખ્યત્વે એસ્ટેટ ખાતામાંથી થાય છે.મ્યુનિસિપલ કોર્પોરેશનની માલીકીની મિલ્કતો જેવી કે ટાઉન હોલ , વિવિધ પ્રકારના મ્યુનિસિપલ હોલ,પીકનીક હાઉસ, પાર્ટી પ્લોટ ઓડીટોરીયમ વિગેરે ભાડે આપવા સંદર્ભે બુકીંગ તથા રીફંડની આનુસાંગિક કાર્યવાહી એસ્ટેટ વિભાગેથી થાય છે.વિવિધ પ્રકારના મ્યુનિસિપલ માલીકીના કવાર્ટસની ભાડા તથા વેચાણ અંગેની વહીવટી કામગીરી આ વિભાગેથી થાય છે.મ્યુનિસિપલ હદ અંગેના સર્ટીફીકેટ આપવા તેમજ નવી રોડ લાઇનો મુકવા તથા રસ્તાઓ , ચોક, અંડરપાસ ,ઓવરબ્રીજ વિગેરેના નામ આપવા સહિતની કામગીરી આ વિભાગેથી થાય છે.જાહેર ખબરને લગતી નિતિ વિષયક બાબતો નક્કી કરવાની કામગીરી તથા મ્યુનિસિપલ કોર્પોરેશન માટે જરૂરી હોય તેવી ખાનગી મિલ્કતો / પ્લોટના એકવીઝીશન અંગેની કામગીરી એસ્ટેટ વિભાગેથી થાય છે.મ્યુનિસિપલ માલીકીના પ્લોટો પ્રિમીયમથી વેચાણ આપવા કે ભાડાપટ્ટે આપવા અંગેની કાર્યવાહી અત્રેના વિભાગેથી કરવામાં આવે છે.મ્યુનિસિપલ રસ્તાઓ તથા મ્યુનિસિપલ મિલ્કતોમાં ખાનગી ટેલીકોમ કંપનીઓને ઓ.એફ.સી. કેબલ તેમજ ટાવર / પોલ સ્ટ્રકચર ઉભા કરવા અંગે જગ્યાઓ ફાળવવાની નિતિ વિષયક બાબતો તેમજ મ્યુનિસિપલ રસ્તાઓ ઉપર ઈલેકટ્રીક કેબલો , ટેલીફોન કેબલો તથા ગેસ લાઇનો નાંખવા લેવાના થતા ભાડા સંદર્ભે નક્કી કરવાની થતી નિતિ વિષયક બાબતો એસ્ટેટ ખાતેથી કરવામાં આવે છે.અમદાવાદ શહેરના ઘન કચરાના તથા પ્રવાહી કચરાના નિકાલ અર્થે સુએજ ટ્રીટમેન્ટ પ્લાન બનાવવા તેમજ લેન્ડ ફીલ સાઇટ માટે જરૂરી જમીનો મેળવવામાં આવેલ છે તેની વહીવટી કામગીરી સુએજ ફાર્મ વિભાગ દ્વારા કરવામાં આવે છે.કેન્દ્ર સરકારના નેશનલ પોલીસી ઓન અર્બન સ્ટ્રીટ વેન્ડર્સના અનુસંધાને અમદાવાદ મહાનગર પાલિકા વિસ્તાર માટે બનાવવામાં આવેલ શહેરી શેરી ફેરીયા (સ્ટ્રીટ વેન્ડર્સ) સ્કીમ- ૨૦૧૦ ના અમલીકરણ સંદર્ભે ઝોન સાથે સંકલનની કામગીરી તથા શહેરી વિસ્તારમાં અડચણરૂપ થતાં રાત્રી બજાર તથા નેચરલ માર્કેટોને અન્યત્ર શીફટ કરવા અંગેની નિતિ વિષયક બાબતો અંગે કાર્યવાહી કરવામાં આવે છે.ભાડે આપવામાં આવેલ મ્યુનિસિપલ કવાર્ટસ તથા અન્ય મિલ્કતોમાં ભાડુઆત દ્વારા કરવામાં આવતા શરત ભંગ અંગે કેસ દાખલ કરવા તથા તેને આનુસાંગિક કરવાની થતી તમામ કાર્યવાહી એસ્ટેટ ખાતાના સી.ઓ.પી. વિભાગ દ્વારા કરવામાં આવે છે.આમ, એસ્ટેટ ખાતા દ્વારા મ્યુ.પ્રોપર્ટી અંગેની વહીવટી બાબતો અંગે કાર્યવાહી કરવામાં આવે છે.

-:દબાણ-સંકલન વિભાગ:-

અમદાવાદ શહેરમાં કોમર્શીયલ દબાણો તથા ધાર્મિક દબાણો અંગેની નીતિ વિષયક બાબતો,મ્યુ.રસ્તામાં નાખવામાં આવતા અંડરગ્રાઉન્ડ ટેલીફોન કેબલો,ઈલેકટ્રીક કેબલો,પાઇપ લાઇનો,ગેસ લાઇનોની વાર્ષિક ભાડા સહી તેની નીતિ વિષયક બાબતો તથા ૨-જી,૩-જી અને ૪-જી સેવાઓ માટે મ્યુ.રસ્તા તથા મ્યુ.પ્લોટ કે જેમાં હયાત મ્યુનિ.મકાનો આવેલા હોય તેવા પ્લોટમાં ખુલ્લી જગ્યા ઉપલબ્ધ હોય અને તેની માંગણી ટેલીફોન કંપનીઓ દ્વારા કરવામાં આવે તો તે ફાળવવા અંગેની નીતિ વિષયક બાબતો અંગે આ વિભાગ દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવે છે.સ્ટ્રીટ વેન્ડર્સ પોલીસીની નિતી વિષયક કામગીરી અત્રેના વિભાગે થાય છે, પાર્કીંગ અંગેની નીતિ વિષયક બાબતો અંગે આ દ્વારા કાર્યવાહી કરવામાં આવે છે.વિકલાંગ શિક્ષિત બેરોજગારોને સમાજ સુરક્ષા નિયામકશ્રી દ્વારા નક્કી કરાયેલ લાભર્થીઓને ટેલીફોન બુથ ફાળવવા અંગેની કાર્યવાહી, તથા હોકર્સ લાયસન્સ ને લગતી નીતિ વિષયક બાબતો અંગેની કાર્યવાહી આ વિભાગ અંતર્ગત થાય છે.

મ્યુ.કોર્પોરેશનને પ્રાપ્ત થયેલ રીઝર્વ પ્લોટોનાં જમીન મહેસૂલ ભરવાની કાર્યવાહી તથા મ્યુ.કોર્પોરેશનનસ વિવિધ વિભાગોને જાહેર હેતુ માટે સરકારી જમીનની જરૂરીયાત હોય તો તેવી સરકારી જમીનો મેળવવાની કાર્યવાહી પ્રોપર્ટી સર્વે વિભાગ દ્વારા કરવામાં આવે છે.મ્યુ.કોર્પોરેશનની હદ તો નવી હદના વિસ્તારોમાં આવતા વિવિધ રસ્તાઓના કબજા જે તે સરકારી વિભાગો પાસેથી મેળવવા તથા ગુ.હા.બોર્ડ અને સ્લમ કલીરન્સ બોર્ડની વસાહતોના ખુલ્લા પ્લોટો અને આંતરિક રસ્તાઓના કબજા મેળવવાની નીતિ વિષયક બાબતો અંગે આ વિભાગેથી કાર્યવાહી હાથ ધરવામાં આવે છે.

-:એસ્ટેટ મેનેજમેન્ટ ઓફિસર બ્રાન્ચ:-

મ્યુ.કોર્પોરેશની બાંધકામવાળી મીલ્કતો જેવી કે માર્કેટ,દુકાનો,મીની સ્ટોલ,ગોડાઉનો,સ્લમ કવાર્ટસ,ફીશ માર્કેટ વિગેરેના ભાડા તથા વેચાણ અંગેની નીતિ વિષયક બાબતો અંગે વિભાગેથી કાર્યવાહી કરવામાં છે,નવી બાંધવામાં આવેલ દુકાનોની ટેન્ડર કમ હરાજીની કાર્યવાહી આ વિભાગેથી થાય છે.જુદી જુદી સ્કીમ હેઠળ મ્યુ.કોર્પોરેશન દ્વારા કરાવામાં આવે છે.આવસોની ફાળવણીની નીતી બનાવવાની કામગીરી કરવામાં આવે છે.

-:લેન્ડ એકવીઝીશન વિભાગ:-

અ.મ્યુ.કોર્પોરેશનના વિવિધ વિભાગો કે જેવા કે વોટર પ્રોજેકટ સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ તથા અન્ય વિભાગને પોતાના વિભાગની જાહેર હેતુ માટેની કામગીરી માટે મ્યુ.વિસ્તારમાં ખાનગી જમીન/મિલ્કતોની જરૂરીયાત ઉભી થાય ત્યારે જે તે ખાતા દ્વારા સક્ષમ સત્તાની સૈધ્ધાંતિક મંજૂરી મેળવી એકવીઝીશન વિભાગે પ્રપોઝલ મોકલી આપેથી માંગણીવાળી જમીન/મિલ્કતની સંપાદન અંગની કામગીરી આ વિભાગ દ્વારા હાથ ધરવામાં આવે છે.બી.પી.એમ.સી.એકટની કલમ ૭૭-૭૮ મુજબની કાર્યવાહી કરી,જે તે દરખાસ્ત સરકારશ્રીના એકવીઝીશન ઓફિસરને મોકલી આપવામાં આવે છે.લેન્ડ એકવીઝીશન ઓફિસરશ્રીના હુકમ અનુસાર સંપાદિત જમીનના કબજા લેવાની તથા એવોર્ડ મુજબ વળતર ચૂકવવાની કાર્યવાહી આ વિભાગ દ્વારા કરી,સંપાદિત જમીન/મિલ્કત જરૂરીયાતવાળા વિભાગને આ બ્રાન્ચ દ્વારા સોંપી દેવામાં આવે છે.

-:જી.ઇ.(પ્રોપર્ટી):-

ટી.પી.સ્કીમ રૂએ અ.મ્યુ.કોર્પોરેશનને પ્રાપ્ત થયેલ પ્લોટો જે તે હેતુ માટે ૯૯ વર્ષના ભાડા પટ્ટેથી આપવા અંગે ટેન્ડરની કાર્યવાહી આ વિભાગેથી થાય છે.સરકારશ્રી તથા સરકારશ્રીના મૂલ્યાંકન ખાતુ જે બજાર કિંમત નક્કી કરવામાં આવે તે બંનેમાંથી જે વધુ હોય તે મુજબ પ્રિમીયમની રકમ વસુલ લઇ,વાર્ષિક એડવાન્સ ભાડાની રકમ વસુલ લઇ પ્લોટ ફાળવવાની કાર્યવાહી જી.ઇ.(પ્રોપર્ટી) વિભાગેથી થાય છે.

-:જાહેરખબર વિભાગ:- અમદાવાદ શહેરમાં જાહેર રસ્તા ઉપર તથા ખાનગી મિલ્કતોમાં જાહેર ખબરના હેતુસર હોર્ડીંગ્સ, એલ.ઇ.ડી, વેલસેસ, કિઓસ્ક, ગેન્ટ્રી વિગેરેની મંજુરી અંગેની નીતિ વિષયક બાબતોની કાર્યવાહી જાહેર ખબર વિભાગ દ્વારા કરવામાં આવે છે.સ્ટેન્ડીગ કમીટી દ્વારા ટોકનભાડેથી કામચલાઉ રીતે ઉભા કરાવામાં આવતા હોર્ડીંગ્સના નાણાં વસુલ કરવાની કાર્યવાહી આ વિભાગ દ્વારા કરવામાં આવે છે.

-:એસ્ટેટ ડ્રોઈંગ બ્રાન્ચ:-

૧. એસ્ટેટ ડ્રોઈંગ વિભાગ દ્વારા જુદાજુદા વિભાગેથી આવતા પત્રો તથા સરકારી પત્રોનુ મોનેટેરીગ / મૂલ્યાકન કરવુ તથા જે તે કર્મચારીને કામગીરી સોંપવી અને તૈયાર કરાવવુ.

૨. અ.મ્યુકો.ના તમામ ગામતળનાં પાર્ટ પ્લાનના નકશા બતાવવા તથા જરૂર જણાયતો સ્થળ પરિસ્થિની ચકાસણી કરવી તથા તેના ડ્રોઈંગ સર્ટીફીકેટ બનાવવા મ્યુ.હદ પ્રમાણ પત્રની ફાળવણી.

૩. અ.મ્યુ.કો . ના બી.પી.એમ.સી એક્ટ મજુબ પ્રિસ્ક્રાઇબ્ડ રોડ લાઇન મુકવાની કામગીરી જેમાં દૈનિક વર્તમાન પત્રમાં જાહેરાત આપવી વાંધા સુચનો મંગાવવા અને નિકાલ કરવો તથા નકશાઓ તૈયાર કરીને સ્ટે.કમિટી અને મ્યુનિ.કમિશનરની મંજૂરી મેળવવા બાદ સંલગ્ન ખાતાને જાણ અર્થે કોપીઓ તથા જરૂરી ઠરાવની કોપીઓ રાખવી

૪ .એકવીઝીશન ,જી.પ્રોપટી સ્કીમ કપાત નાં ડ્રોઈંગ બનાવવા તથા અદલા બદલા નાં ડ્રોઈંગ બનાવવાં તેમજ દરેક ઝોનમાંથી આવતા પ્લાનોના સ્કેચ દોરવા બુકે જરૂરી નોંધ સાથે આપવા ૫.મ્યુનિ કોર્પોરેશનનાં ઈલેકશન વોર્ડના વેચાણ અપવાનાં નકશાં બાબતે જરૂરી મંજુરી મેળવવી ને નિયત કરેલ ચાર્જ જમા કરેથી નકશાં આપવા તેમજ સેન્સસને કામગીરી પણ કરવાની.

૫. દરેક ઝોનમાંથી બિલ્ડીગ પ્લાન ના ફાઇલોની રજા ચિઠ્ઠી / બી.યુ પરમીશન ની ફાઇલો ની જરૂરી નોંધ દાખલા બુકે રાખવી

૬. અ.મ્યુ.કો ના રસ્તા / ચોકના નામાવિધાન અંગે જરુરી એવી કાર્યવાહી કરવી અને મંજૂરી મેળવવી અને નામાવિધાના તૈયાર કરવામાં આવે છે.

કોમ્પીટન્ટ ઓફીસરની બ્રાન્ચ :-

મ્યુનિ,કોર્પોરેશન વિસ્તારમાં આવેલ ભાડાની મ્યનિ.મિલકતોમાં જ્યારે પણ શરતભંગ તેમજ કોર્પોરેશનની જરૂરીયાત હોય ત્યારે તે મિલકતો પરત મેળવવાની થાય ત્યારે આ વિભાગ દ્વારા ઝોન માંથી તમામ કાર્યવાહી પૂર્ણ થયાબાદ આ વિભાગ દ્વારા આગળની કાર્યવાહી આ વિભાગ દ્વારા કરવામાં આવે છે.ગુજરાત પબ્લીક પ્રીમાઇસીઝ એક્ટ ૧૯૭૨ અન્વે ટેનન્ટ -ઇન-એરીયર્સ પેટા ભાડુઆતે કરારની શરતોની ભંગ,મકાન અને જમીનમાં ખાલી પ્રત્યક્ષ કબજા .આ પહેલાં કોર્પો.ના એડવોકટ તરફથી ટેનન્સી ટર્મીનેટની નોટીસ આપવામાં આવે છે.બી.પી.એમ.સી.એકટની કલમ -૪ થી શો કોઝ નોટીસ આપવામાં આવે છે.સામાવાળાને જાતે અથવા વકીલ રોકી ખુલાસો કરવાની તક આપવામાં આવે છે.ત્યારબાદ જજમેન્ટના આધારે એકટની કલમ-૫ મુજબ ઇવીકશન ઓર્ડર બજાવીને મ્યુનિ.પ્રોપટીનો ખાલી પ્રત્યક્ષ કબજો કોર્પો.ને આપવામાં આવે

છે.મે.કોમ્પીટન્ટ ઓફીસર સાહેબના જજમેન્ટની વિરુધ્ધ પાર્ટી બી.પી.એમ.સી.એકટની કલમ-૯ મુજબ સીટી સીવીલ કોર્ટમાં જઇ શકે છે.

<u>સુએજ ફાર્મ વિભાગ :-</u>

અમદાવાદ મ્યુનિ.કોર્પો.ને સમગ્ર શહેરના અન્ડર ગ્રાઉન્ડ ડ્રનેજ સીસ્ટમ દ્વારા એકત્ર થતા ગંદા પાણીના નિકાલ માટે વર્ષો અગાઉ જમીન સંપાદન કરેલ.સદરહુ જમીન બે ભાગમાં વહેંચાયેલ છે જેમકે સાબરમતી નદીના પૂર્વભાગે પીરાણા સુએઝ પ્લાન્ટ તથા પશ્ચિમ તરફ ના ભાગે વાસણા સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ આવેલ છે. પીરાણા સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટની કુલ જમીન સર્વે પ્રમાણે ૨૬૬૨ એકર છે. જ્યારે વાસણા પ્લાન્ટની કુલ જમીન૪૬૦ એકર છે.

અ.મ્યુ.કો.એ.સ્ટે.ક.ઠ.નં.૨૭૦૪ તા ૩૦/૩/૮૯ તથા જનરલ બોર્ડ ઠ.નં. ૯૬ તા ૨૧/૦૪/૮૯ થી ખેડુતોના પ્રતિનિધિઓ સાથે પરાણા ખેડુત મંડળ સાથે સમાધાન કરી મુળ જમીનનો કબજો પરત મેળવી તે સામે ૧/૩ જમીન કાયમી લીઝ ડીડ થી આપવાનુ ઠરાવેલ છે. જે અંગે થી લીઝ ડીડ કરી આપવામાં આવે છે.સુએઝફાર્મ ની જમીન માં ધનકચરામાંથી જુદીજુદી પ્રોડક્ટ / પેલેટસ / પાવર ઉત્પાદન માટે સોલીડ મેનજમેન્ટ વિભાગ દ્વારા તાજેતરમાંસ્ટે.કમિટી તેમજ જનરલ બોર્ડ દ્વારા થયેલ જુદાજુદા ઠરાવો મુજબ ક્રએટીવ ઇકો.રીસાયકલ પોર્ટ લી,એબેલોન કલીન અમદાવાદ લી. એ ટુ ઝેડ મેનટન્સલી. ડીજાઇ પાવર લી. ડી.એન.પી. ઇન્ફ્રા પ્રા લી. વગેરે કંપની ઓને જમીન ફાળવણી કરવામાં આવેલ છે.

<u>-:એસ્ટેટ પબ્લીક હોલ વિભાગ :-</u>

૧.કોમ્યુનિટી હોલ / પીકનીક હાઉસ / પાર્ટી-પ્લોટ / ઓપન એર થિયેટર નું બુકીંગ ઉપર જણાવ્યા મુજબ માસના સપ્તાહના પહેલા સોમવારે ૧૧-૦૦ થી ૫-૦૦ સમયમાં રૂબરૂ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનાં કોઇપણ સીટી સિવિક સેન્ટરમાં જમા કરાવવાનાં રહેશે. પીકનીક હાઉસનું બુકીંગ ઉપર દર્શાવ્યા પ્રમાણેનાં સપ્તાહનાં પહેલા મંગળવારે ૧૧-૦૦ થી ૫-૦૦ નાં સમયમાં અને પાર્ટી-પ્લોટનું બુકીંગ ઉપર પ્રમાણે બુધવારના ૧૧-૦૦ થી ૫-૦૦ ના સમયમાં કરવામાં આવશે.

૨. કોમ્યુનિટી હોલ / પીકનીક હાઉસ / પાર્ટી-પ્લોટ / ઓપન એર થિયેટર માટે ચાર માસ અગાઉ ડ્રો માટે જે-તે જગ્યાનાં ભાડા જેટલી રકમનો ડીમાન્ડ ડ્રાફટ **"મ્યુનિ. કમિશનરશ્રી અમદાવાદ"** નાં નામનો બનાવી સીટી સિવિક સેન્ટર ઉપર સવારે ૧૧.૦૦ થી સાંજનાં ૫.૦૦ દરમ્યાન સ્વીકારવામાં આવશે. જો સપ્તાહનાં પહેલા સોમવારે રજા આવશે તો સોમવારનો ડ્રો ગુરૂવારે, જો મંગળવારે રજા હશે તો મંગળવારનો ડ્રો શુક્રવારે અને બુધવારે રજા હશે તો બુધવારનો ડ્રો શનિવારે માસના પ્રથમ સપ્તાહમાં થશે. જો બન્ને દિવસે રજા હોયતો આ ડ્રો માસના બીજા સપ્તાહમાં સોમવાર,મંગળવાર તથા બુધવારે કરવામાં આવશે અને ડ્રો નો સમય ડ્રો ના દિવસે સાંજે ૦૫-૩૦ કલાકે રહેશે.ડ્રો ઉસ્માનપુરા સર્વરરૂમમાંથી કરવામાં આવે છે.

૩. કોમ્યુ.હોલ / પીકનીક હાઉસ / પાર્ટી-પ્લોટ / ઓપન એર થિયેટરમાં અનિવાર્ય સંજોગોને કારણે જો **બુકીંગ તારીખ કેન્સલ (રદ)** કરવાની થાય તો બુકીંગની તારીખનાં ઓફિસ કામકાજનાં આઠ દિવસ અગાઉ બુકીંગ કરાવેલ જગ્યા જે ઝોનમાં આવેલ હોય તે ઝોનનાં આસી.મેનેજર(વહીવટ)શ્રી ને લેખિત અરજી કરવાની રહેશે. જો સમય મર્યાદામાં બુકીંગ કરાવનાર અરજદારશ્રી દ્વારા લેખીત અરજી કરવામાં નહી આવે તો જે તે જગ્યાના ભરેલ ભાડાની રકમમાંથી કોઇ પણ રકમ પરત મળી શકશે નહી.

૪. કોમ્યુ.હોલ / પીકનીક હાઉસ / પાર્ટી-પ્લોટ / ઓપન એર થિયેટરનો ઉપયોગ/વપરાશ બુકીંગ કરાવનાર અરજદારશ્રીએ ન કરવો હોય તો બુકીંગની તારીખ/વપરાશનાં **ચોખ્ખા આઠ દિવસ અગાઉ** લેખીત અરજી જે તે જગ્યાનાં ઝોન વિભાગનાં આસી.મેનેજર(વહીવટ)શ્રીને કરવાથી અને મ્યુનિસિપલ કોર્પોરેશનને કેન્સલ કરેલ બુકીંગની તારીખમાં બુકીંગ મળશે તો ભરેલી હોલની વપરાશ ફીની રકમમાંથી **૫૦ ટકા કેન્સલેશન ચાર્જ** કાપી લઇ બાકીની ફી રીફંડ આપવામાં આવશે, પરંતુ તે તારીખે હોલ બુકીંગ ન થાય/ખાલી રહે તો **૭૫ ટકા કેન્સલેશન ચાર્જ** કાપી લઇ બાકીની ફી રીફંડ આપવામાં આવશે.

૫. બુકીંગની તારીખનાં **સાત દિવસ દરમ્યાન બેસણાં**(મ્યુઝિકલ કાર્યક્રમ સિવાય જમણવાર ન કરવાની શરતો માટે **ફક્ત કોમ્યુનીટી હોલનાં** હયાત **દૈનિક ભાડાનાં ૨૫%** મુજબની ભાડાની રકમ મ્યુ.સીટી સિવિક સેન્ટર ઉપર ઉક્ત સમય મર્યાદામાં જમા કરાવવાથી બેસણાં માટે ફાળવવામાં આવશે.

૬. શેઠ મંગળદાસ ગીરધરદાસ ટાઉનહોલ (એલીસબ્રીજ),રવિન્દ્રનાથ ટાગોરહોલ (પાલડી),શહીદવિરમંગલપાંડે (નિકોલ), ડૉ. બાબાસાહેબ આંબેડકર (સરસપુર), તથા કુશાભાઇ ઠાકરે (બાગેફિરદોશ) ઓડીટોરીયમ/મેમો.હોલનો ઉપયોગ ન કરવો હોય તો વપરાશના ૧૦ (દશ) દિવસ અગાઉ જે તે ઝોનનાં આસી.મેનેજર(વહીવટ)શ્રીને લેખીત અરજી કરવાથી ભરેલ ભાડાની **રકમમાંથી ૫૦% કેન્સેલેશન ચાર્જ** કાપી લઇ બાકીની રકમ પરત આપવામાં આવશે. જો સમય મર્યાદામાં

લેખીત અરજી નહી કરવામાં આવે તો જે તે જગ્યાનાં ભરેલ ભાડા રકમમાંથી કોઈપણ રકમ પરત મળવાને પાત્ર થશે નહી.
શેઠ મંગળદાસ ગીરધરદાસ ટાઉનહોલ (એલીસબ્રીજ) , રવિન્દ્રનાથ ટાગોર હોલ (પાલડી) માટે ઉકત તમામ વહીવટી પ્રકિયા જે તે હોલ ઉપરથી જ કરવામાં આવેશે. જેની ખાસ નોંધ લેવી

૭. કોમ્યુ.હોલ/પીકનીક હાઉસ/પાર્ટી પ્લોટ/ઓપનએર થિયેટર/ઓડીટોરીયમ,મેમો હોલમાં જે તે જગ્યાએ મંડપ ડેકોરેશન,રસોઈનાં વાસણો,લાઈટ, સાઉન્ડ માટે અ.મ્યુ.કો. દ્વારા કોન્ટ્રાકટ આપવામાં આવેલ હશે, તે જગ્યામાં ડેકોરેશનની સાધન સામગ્રી જે તે માન્ય ડોકોરેટર્સ પાસેથી ફરજીયાત લેવાની રહેશે. મંડપ ડેકોરેશન,રસોઈનાં વાસણો,લાઈટ, સાઉન્ડની સામગ્રીની યાદી અ.મ્યુ.કો.ની વેબસાઈટ પર ઉપલ્બધ છે.

- ભારતભરમાં અ.મ્યુ.કો દ્વારા વી.એચ.એફ તેમજ યુ.એચ.એફ ફ્રીકવન્સીમાં કોમ્યુનિકેશન માટે જરૂરી એવા વાયરલેસ માટે પોતાનું આગવુ ઈન્ફ્રાસ્ટ્રકચર વસાવી પોતાના વાયરલેસના લાયસન્સો મેળવેલ છે જેથી કોમ્યુનિકેશન માટેનો રીકરીંગ ખર્ચ પ્રાઈવેટ કોમ્યુનિકેશન પ્રોવાઈડરો દ્વારા લેવામાં આવતા ખર્ચ કરતા ઘણો જ ઓછો આવે છે તથા તેમના ઉપર આશા ન રાખતા સમગ્ર અ.મ્યુ.કોના ઈમરજન્સી સેવાઓ આપતા ખાતાઓ માટે કોમ્યુનિકેશનની વ્યવસ્થા કરવામાં આવેલ છે તથા દેશભરમાં કોઈપણ સ્થળ ઉપર કામગીરી દરમ્યાન કોમ્યુનીકેશનની વ્યવસ્થા સ્વયં સ્થાપીત કરી શકાય તેવી હોવાથી આકસ્મિક તેમજ કુદરતી હોનારત દરમ્યાન અ.મ્યુ.કોના ઈમરજન્સી ખાતાઓને કામગીરી કરવામાં ઘણી સરળતા રહે છે તેમજ તેમના વચ્ચે કામગીરી દરમ્યાન કોઈપણ અડચણ વગર કોમ્યુનિકેશનની વ્યવસ્થા જળવાઈ રહે છે.

- અ.મ્યુ.કોર્પો.ના મુખ્ય નીચે મુજબના કંટ્રોલરૂમો છે.

૧. દાણાપીઠ ફાયર કંટ્રોલરૂમ :- ટેલી. નં. : ૨૨૧૪૮૪૬૫ થી ૬૮, ૨૨૧૪૧૭૬૫,
૨૫૩૯૧૮૧૧ / ૪૯૨
૨૯૨૯૩૨૫૭/૩૨૯૮૧૫૦૦

ફાયર અને રેસ્કયુ કોલ અંગે : ૧૦૧ (પાંચ લાઈન)
એમ્બ્યુલન્સ તથા ડેડબોડી વાન અંગે : ૧૦૨ (પાંચ લાઈન)

આ કંટ્રોલ રૂમ ખાતે ૧૦૧ અને ૧૦૨ ની ટેલીફોન ઉપર સમગ્ર શહેરમાંથી આગ અકસ્માત,બચાવકોલ તેમજ એમ્બ્યુલન્સ તેમજ ડેડ બોડી માટેના કોલ રીસીવ કરીને તેનો ત્વરીત નિકાલ કરવામાં આવે છે.આ ટેલીફોન લાઈનો ઉપર કોલર આઈડીફીકેશનની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે. આ લાઈનો ઉપર માસિક આશરે ૭૦૦૦ થી ૯૦૦૦ જેટલા કોલ એટેન્ડ કરવામાં આવે છે. આ કંટ્રોલ રૂમ સતત ૨૪ કલાક કાર્યરત રાખવામાં આવે છે.સદર કંન્ટ્રોલરૂમ ખાતે નવી ડીજીટલ ટેલીફોન લાઈનો મેળવી તથા ડીજીટલ સીસ્ટમ વસાવામાં આવેલ છે. ફાયરબ્રિગેડના કંન્ટ્રોલરૂમને કોમ્પુટર રાઈઝડ બનાવી અધ્યતન કરવા માટેની કાર્યવાહી કરવામાં આવનાર છે.

૨. મણીનગર યુ.એચ.એફ. વાયરલેસ કંટ્રોલરૂમ :

આ કંટ્રોલરૂમમાં અધ્યતન યુ.એચ.એફ. ટેકનોલોજીની ચાર ચેનલની સીસ્ટમ ઈન્સ્ટોલ કરવામાં આવેલ છે. આ યુ.એચ.એફ. ટેકનોલોજીની વાયરલેસ સીસ્ટમ મારફતે વાયરલેસ કોમ્યુનિકેશનની રેન્જ અને ક્ષમતા વધારી છે. આ કંટ્રોલ રૂમ સતત ૨૪ કલાક કાર્યરત રહે છે તેમજ કુદરતી હોનારત દરમ્યાન પાવર ફેઈલ થવાથી આશરે ૬ થી ૭ કલાક બેકઅપ સાથે સમગ્ર અ.મ્યુ.કોના ફાયરબ્રિગેડ ખાતાનું કોમ્યુનિકેશન જળવાઈ રહે તેવી વ્યવસ્થા રાખવામાં આવેલ છે.

૩. અ.મ્યુ.કોર્પો.કંટ્રોલરૂમ : ટેલી. નં. - ૨૫૩૯૧૮૧૧ / ૫૫૭

સદરહું કંટ્રોલરૂમ દ્વારા અ.મ્યુ.કો.ના દરેક ખાતાઓના કોમ્યુનિકેશનના મેસેજ આપવામાં આવે છે. તદ્દ ઉપરાંત જાહેર જનતાની ફરિયાદી સ્વીકારવામાં આવે છે. આ કંટ્રોલરૂમ સતત ૨૪ કલાક કાર્યરત રાખવામાં આવે છે.

ઉપરોકત કંટ્રોલરૂમ સિવાય અ.મ્યુ.કોના દરેક ઝોન ઓફીસો, અધિકારીશ્રીઓને ફાળવવામાં આવેલ વાહનો ખાતે વાયરલેસની સુવિધા પુરી પાડવામાં આવેલ છે જેથી ઈમરજન્સી સેવાઓ આપતા ખાતાઓને તેમની કામગીરી દરમ્યાન કોમ્યુનિકેશનમાં સરળતાથી કરી શકાય.

➢ કોમ્યુનિકેશન ખાતા પાસેના સાધનોની વિગતવાર માહિતી

અ.નં.	વિગત	જથ્થો
૦૧	વી.એચ.એફ. તેમજ યુ.એચ.એફ વાયરલેસ સેટ	૩૪૨
૦૨	રીપીટર સીસ્ટમ	૦૦૪
૦૩	ડી.સી. પાવર સપ્લાય	૦૫૦
૦૪	યુ.પી.એસ.વીથ બેટરી બેક અપ	૦૦૨
૦૫	કોમ્પ્યુટર સીસ્ટમ	૦૦૨
૦૬	એ.સી. મશીનો	૦૦૨
૦૭	બેટરી ચાર્જર મશીનો	૦૦૨
૦૮	મરામતના સાધનો	૦૧૫
	કુલ	૪૧૯

➢ કોમ્યુનિકેશન ખાતાના અધિકારી તેમજ સ્ટાફની વિગત

અ.નં.	જગ્યાનું નામ	કુલ જગ્યા	ખાલી જગ્યા
૧	કોમ્યુનિકેશન ઓફિસર	૦૧	૦૧
૨	આસી. વાયરલેસ ઓફિસર	૦૧	૦૧
૩	રેડીયો મીકેનીક	૦૪	૦૧
૪	ટેલીફોન કમ વાયરલેસ ઓપરેટર	૨૨	૨૨
૫	વાયરલેસ ઈલેકટ્રીશ્યન	૦૪	૦૩
૬	વારયલેસ હેલ્પર	૦૪	૦૧
		૩૬	૨૯

➢ એસ્ટાબ્લીસમેન્ટ ખર્ચની યાદી :

કોમ્યુનિકેશન ખાતાના એસ્ટાબ્લીસમેન્ટ ખર્ચ , જેમાં સ્ટાફનો પગાર તેમજ એસ્ટા. ખર્ચનો સમાવેશ કરવામાં આવેલ છે.

અ.નં.	બજેટ હેડ	ખર્ચની વિગત
૧	પગાર ખર્ચ	૩૭,૦૦,૦૦૦
૨	મરામત - નિભાવ ખર્ચ	૧૦,૦૦,૦૦૦
૩	ટેલીફોન તેમજ કંટ્રોલરૂમનું બજેટ	જે તે ઝોન ખાતે
૪	લાયસન્સ ફી	૬,૦૩,૦૦૦
	કુલ	૪૩,૦૩,૦૦૦

➢ એડમીનીસ્ટ્રેટીવ સ્ટાફની વિગત :-

હાલમાં કોમ્યુનિકેશન ડીપાર્ટમેન્ટને એડમીનીસ્ટ્રેટીવ સ્ટાફ ફાળવવામાં આવેલ નથી. હાલમાં જયાં સુધી એડ. સ્ટાફની વ્યવસ્થા ન થાય ત્યાં સુધી ફાયર ખાતાનાં એડ. સ્ટાફ દ્વારા કામગીરી કરવામાં આવે છે.

૬ આરોગ્ય વિભાગ

૬.૧ હેલ્થ મધ્યસ્થ કચેરી

૨૦૧૪-૧૫

હેલ્થ ખાતાનાં નીચે મુજબના અલગ અલગ વિભાગો છે. **ડે.મ્યુનિ.કમિશ્નર(હેલ્થ) અને આરોગ્ય અધિકારીની** સીધી દેખરેખ અને રાહબરી હેઠળ સંચાલન તથા સંકલન થાય છે.

(૧) **ઝોન (સુપરવાઈઝરી સ્ટાફ/સફાઈ કામદારો)**:- ઝોનના અધિકારી તરીકે **ડે.હેલ્થ ઓફિસર** નિયુક્ત હોય છે. તેમની મદદમાં આસી. હેલ્થ ઓફિસર, સેનેટરી સુપ્રિ. હોય છે. વોર્ડ કક્ષાએ પબ્લીક હેલ્થ સુપરવાઈઝર, સેનેટરી ઈન્સ્પેકટર, સેનેટરી સબ ઈન્સ્પેકટર, મુકાદમ અને સફાઈ કામદાર હોય છે. આ સ્ટાફ દ્વારા શહેરમાં આરોગ્યની જાળવણી માટે શહેરની સફાઈ , મૃત-જાનવરોનો નિકાલ તથા આરોગ્યલક્ષી પાણી અને ખોરાક સેનીટેશન, લાયસન્સ પ્રિવેન્ટીવ મેઝર્સ વગેરે તમામ કામગીરી સંભાળે છે.

(૨) **મેલેરીયા વિભાગ** :- ખાતા અધિકારી તરીકે **આસી. એન્ટોમોલોજીસ્ટ** હોય છે. ઝોન કક્ષાએ મેલેરીયા સુપરવાઈઝર, મેલેરીયા ઈન્સ્પેકટર અને વોર્ડ કક્ષાએ મેલેરીયા સબ ઈન્સ્પેકટર, હવાલદાર અને મેલેરીયા મજુર હોય છે. આ વિભાગ દ્વારા શહેરમાં મચ્છર નિયંત્રણ, મેલેરીયા-ડેન્ગ્યુ, તાવ નિયંત્રણ માટે (૧) ઈન્ટ્રા-ડોમેસ્ટ્રીક, પોરાનાશક (૨) ફોગીંગ (૩) કે.પી.સ્પ્રે (૪) લોહીના નમુના લઈ તેની તપાસ કરી તબીબી સારવારની કામગીરી કરે છે.

(૩) **જન્મ-મરણ વિભાગ** :- આ ખાતાના મુખ્ય અધિકારી તરીકે **રજીસ્ટ્રાર જન્મ-મરણ** હોય છે. આ ખાતા દ્વારા શહેરના દરેક વોર્ડો માં અર્બન હેલ્થ સેન્ટર ઉપર જન્મ અને મરણની નોંધણી કરવામાં આવે છે. તેમજ આ વિભાગ દ્વારા બાળકોને રોગ પ્રતિકારક રસીઓ જેવી કે બી.સી.જી., ત્રીગુણી, પોલીયો, ઓરી, ડી.ટી. અને ટી.ટી. હિપેટાઈટીસ-બી ની રસી આપવાની કામગીરી ૬૪ વોર્ડના અર્બન હેલ્થ સેન્ટરો ઉપર આપવામાં આવે છે. સ્મશાનગૃહોનું સંચાલન કરે છે. દર મંગળવારે અને ગુરુવારે ઈન્ટરનેશનલ પ્રવાસીઓ માટે મ્યુનિસિપલ દવાખાનામાં યલોફિવર રસી સાંજના ૨-૫૦ થી ૫-૩૦ માં અપાય છે.

(૪) **કુટુંબ કલ્યાણ વિભાગ - અર્બન હેલ્થ સેન્ટર (આર.સી.એચ.સેવાઓ)**:- ખાતાના મુખ્ય અધિકારી તરીકે **કુટુંબ કલ્યાણ અધિકારી** હોય છે. આ વિભાગ દ્વારા વિવિધ હોસ્પીટલોમાં પી.પી. યુનિટ સહિત **કુલ-૬૪** વોર્ડમાં અર્બન હેલ્થ સેન્ટરો દ્વારા નીચે મુજબની માતૃ-બાળ કલ્યાણ સેવાઓ આપવામાં આવે છે.

સેવાઓ:-

એ. ૧ વર્ષના નાના બાળકો પોલીઓ, ત્રિગુણી બી-પ્રકારનો કમળો બી.સી.જી.ઓરી અને સગર્ભા માતાઓને ધનુર અંગે રોગ પ્રતિકારક રસીઓ આપવી.

બી. જન્મ અને મરણની નોંધ ૨૧ દિવસમાં કરવા અંગે.

સી. ઝાડા, ઝાડા-ઉલ્ટી, ન્યુમોનિયા, તાવ, મેલેરીયા, ટી.બી. જાતિય રોગો વિગેરે રોગોની તબીબી સારવાર આપવી.

ડી. સગર્ભા માતાઓ અને નાના બાળકોને એનીમીયાથી બચવા લોહતત્વની ગોળીઓ આપવી.

ઈ. રતાંધળાપણાંથી બચવા વિટામીન -એ આપવું.

એફ. રાષ્ટ્રીય પ્રસુતિ સહાય અંગે.

જી. આરોગ્ય શિક્ષણ આપવુ.

એચ. પ્રસુતિને લગતી તબીબી સેવાઓ.

આઈ. આંખના મોતિયા, રકતપિત, કેન્સરના શંકાસ્પદ કેસો શોધી સારવાર માટે રીફર કરવા.

જે. આંગણવાડીની વીઝીટ કરી તબીબી તપાસ, વેકસીનેશન, મતૃબાળકલ્યાણ સેવાઓ આપવી.

(૫) **આઈ.સી.ડી.એસ.વિભાગ** :- મુખ્ય અધિકારી તરીકે **સંકલિત બાળ વિકાસ અધિકારી** હોય છે. આઈ.સી.ડી.એસ. વિભાગના ૫ ઘટકોનું વિસ્તરણ કરી કુલ ૧૦ ઘટકો કરવામાં આવેલ છે. ઝુંપડા તથા ચાલીઓના સ્લમ પછાત વિસ્તારોમાં રહેતા બાળકો અને સગર્ભા માતાઓ માટે આ યોજના હેઠળ ૨૦૪૦ આંગણવાડીઓ + ૬ મોબાઈલ આંગણવાડીઓ મળી કુલ ૨૦૪૬ આંગણવાડીઓ ચલાવવામાં આવે છે. જેમાં **૦ થી ૬** વર્ષ સુધીના બાળકો અને સગર્ભા તથા ધાત્રી માતાઓને આ યોજના હેઠળ પુરક પોષણ આહાર, તબીબી સેવાઓ, વેકસીનેશન અને પૂર્વ પ્રાથમિક શિક્ષણ સેવાઓનો લાભ આપવામાં આવે છે.

(૬) **હોસ્પીટલ-દવાખાના:-** આરોગ્ય વિભાગ દ્વારા સંચાલિત ચેપીરોગ હોસ્પીટલ, દવાખાના, પ્રસુતિગૃહો, રેફરલ હોસ્પીટલ, સામુહિક આરોગ્ય કેન્દ્રો અને અર્બન હેલ્થ સેન્ટરોમાં મેડિકલ ઓફિસર હોય છે. જેના દ્વારા શહેરના નાગરિકોને તબીબી અને આરોગ્ય સેવાઓ પુરી પાડવામાં આવે છે.

(૭) **ફુડ વિભાગ / પબ્લીક હેલ્થ લેબોરેટરી** :- **આરોગ્ય અધિકારી**ની સીધી દેખરેખ હેઠળ આ વિભાગના ફુડ ઈન્સ્પેકટરો/પબ્લીક એનાલીસ્ટ કામ કરે છે. જેઓ શહેરમાં ખાદ્ય-પદાર્થોમાં થતાં ભેળસેળ અટકાવવા ફુડ સેમ્પલો લઈ લેબો.માં મોકલવામાં આવે છે. ભેળસેળ નિયંત્રણ માટે પી.એફ.એ.એકટ/ફુડ સેફટી એકટ અનુસાર કાર્યવાહી કરે છે.

(૮) **આર.એન.ટી.સી.પી.**:- અર્બન હેલ્થ સેન્ટરો અને અન્ય લેબોરેટરી અને ર્ધૂ કેન્દ્રો દ્વારા તમામ ૬૪ **વોર્ડમાં** ટી.બી.ના શંકાસ્પદ દર્દીઓ શોધી ગળફાની તપાસ કરી વિના મૂલ્યે સારવાર આપવામાં આવે છે.

(૯) **સેન્ટ્રલ મેડીકલ સ્ટોર્સ** :- આરોગ્ય ખાતાનાં દવાખાના માટે જરુરી દવાઓ, મેડીકલ સાધનો તથા સફાઈના સાધનો જંતુનાશક દવાઓ, કલોરીનની ગોળીઓ વિગેરેની ખરીદી કરી ઝોન / વોર્ડ ખાતે સપ્લાય કરવાની કામગીરી કરે છે.

૬.૨ જન્મ મરણ ખાતુ
૨૦૧૪-૨૦૧૫

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની હદમાં કોઈ પણ જન્મ કે મરણ થાય તેની નોંધણી રજીસ્ટ્રેશન ઓફ બર્થસ એન્ડ ડેથ્સ એકટ,૧૯૬૯ અનુસાર કરવામાં આવે છે.અમદાવાદ શહેરમાં કુલ ૬૪ ઈલેકશન વોર્ડ આવેલા છે.તે દરેક વોર્ડમાં જન્મ મરણ લગ્ન નોંધણી કેન્દ્ર આવેલ છે.આ ઉપરાંત વી.એસ.હોસ્પિટલ અને સીવીલ હોસ્પિટલને જન્મ-મરણ નોંધણી સંદર્ભમાં અલગ વોર્ડ ગણી ત્યાં પણ જન્મ-મરણ નોંધણી કેન્દ્રની ઓફિસ આવેલ છે.

જન્મની નોંધ જન્મ થયાથી દિન-૨૧ માં તેમજ મરણની નોંધ પણ મરણ થયાથી દિન-૨૧ માં જન્મ-મરણ નોંધણી કેન્દ્ર પર કરાવવી ફરજીયાત છે.જન્મના નોંધણી માટે ૨૧ દિવસ વીતી ગયા બાદથી ૩૦ દિવસ સુધી જન્મ-મરણની મુખ્ય ઓફિસે નમુના ક્રમાંક - ૧ ભરી રુ. ૨ લેઈટ ફી ભરવાની રહે છે.જન્મને ૧ માસ વીતી ગયા બાદ પરંતુ ૧ વર્ષની અંદરના સમયગાળા માટે રુ.૫ લેઈટ ફી તથા વધુમાં કોર્ટ એફીડેવિટ કરાવવાની રહે છે.જન્મને ૧ વર્ષ વીતી ગયા બાદ જન્મની નોંધણી માટે ફર્સ્ટ કલાસ જયુડીશીયલ મેજીસ્ટ્રેટના હુકમ સાથે નમુના ક્રમાંક - ૧ તથા લેઈટ ફી રુ.૧૦ ભરવાની રહે છે. મરણની નોંધ માટે ૨૧ દિવસ વીતી ગયા બાદ પરંતુ ૧ માસની અંદર હોય તો રુ.૨ લેઈટ ફી ભરી તેની સાથે નમુના ક્રમાંક - ૨ ભરી આપવાનું રહે છે.૧ માસ વીતી ગયા બાદથી ૧ વર્ષની અંદરના સમયગાળા માટે કોર્ટ એફીડેવિટ કરાવવાની રહે છે તથા રુ.૫ લેઈટ ફી ભરવાની રહે છે.૧ વર્ષ બાદ મરણની નોંધ માટે ફર્સ્ટ કલાસ જયુડીશીયલ મેજીસ્ટ્રેટના હુકમ સાથે રુ.૧૦ લેઈટ ફી તથા નમુના ક્રમાંક - ૨ ભરી આપવાનું રહે છે.

એક વાર જન્મ કે મરણની નોંધ થઈ ગયા બાદ નાગરિકને તે જન્મ કે મરણ પ્રમાણપત્રની વધુ નકલો જોઈતી હોય તો જન્મ-મરણની મુખ્ય ઓફિસે,સેન્ટ્રલ રેકર્ડ ઓફિસે કે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત કોઈ પણ વોર્ડના સીટી સીવીક સેન્ટર પર અરજી કરવાની રહે છે.તે માટે નકલ દીઠ રૂા.૫૦/- ફી લઈ અરજદારની જરુરીયાત અનુસાર ગુજરાતી તથા અંગ્રેજીમાં કોમ્પ્યુટરાઈઝડ લેમીનેટેડ નકલ કાઢી આપવામાં આવે છે.

જન્મ પ્રમાણપત્રમાં જન્મથી ૧ વર્ષની અંદર બાળકનું નામ જન્મ-મરણ નોંધણી કેન્દ્ર પર લખાવવાનું રહે છે.જયાં વિના મુલ્યે નામ દાખલ કરી આપવામાં આવે છે.૧ વર્ષ બાદ રુ.૫ લેઈટ ફી ભરી મુખ્ય ઓફિસે અરજી કરવાથી નામ દાખલ કરી આપવામાં આવે છે.

જન્મની નોંધ સાથે બાળ સરંક્ષણ કાર્ડ આપવામાં આવે છે.જેથી માતા-પિતા તથા વાલીઓ સમયસર રોગપ્રતિકારક રસીઓ બાળકોને મુકાવી પોતાના બાળકોને રોગમુકત રાખી શકે.

અમદાવાદ શહેરમાં ગત વર્ષમાં પોલીયો રસીકરણ ઝુંબેશના બે એન.આઈ.ડી અને ત્રણ માઈગ્રેટરી રાઉન્ડ યોજવામાં આવેલ હતા.જે દરમ્યાન એપ્રિલ-૨૦૧૪માં ૯૯,સપ્ટે-૨૦૧૪માં ૧૦૧,નવેમ્બર-૨૦૧૪ માં ૧૦૦,જાન્યુઆરી-૨૦૧૫ માં ૧૦૦,ફેબ્રુઆરી-૨૦૧૫ માં ૧૦૧ ટકા સિધ્ધિ હાંસલ કરેલ છે.આ ઉપરાંત ગત વર્ષ દરમ્યાન રુટીન ઈમ્યુનાઈઝેશન અંતર્ગત બી.સી.જી.માં ૯૧.૦૮%, પોલીયોમાં ૭૭.૧૯%, ડી.પી.ટી.માં ૧.૩૭%, પેન્ટાવેલેન્ટમાં ૭૬.૫૨%,ટી.ટી. સગર્ભા સ્ત્રીઓમાં ૬૧.૪૩% અને હીપેટાઈટીસ-બીમાં ૧.૦૯% સિધ્ધિ હાંસલ કરવામાં આવેલ છે.

અમદાવાદ શહેરમાં મધ્યવર્તી વસ્તી (પ્રોજેકટેડ પોપ્યુલેશન) ૫૮,૮૩,૪૩૦ છે.સને ૨૦૧૪ માં કુલ-૧,૦૬,૩૯૦ જન્મ નોંધાયેલ છે.જેમાં ૫૬,૮૧૯ પુરુષો તથા ૪૯,૫૭૧ સ્ત્રીઓનો સમાવેશ થાય છે.જન્મના સંદર્ભમાં પુરુષો અને સ્ત્રીઓનું ટકાવારી પ્રમાણ અનુક્રમે ૫૩.૪૧ તથા ૪૬.૫૯ છે.જીવીત જન્મનો દર હજારે ૧૮.૦૮ છે. ગત વર્ષે દરમ્યાન કુલ-૧૨૭૩ મૃત જન્મ નોંધાયેલ છે.

સને ૨૦૧૪ માં કુલ-૪૭,૧૩૦ મરણ નોંધાયેલ છે.જેમાં ૨૮,૧૭૪ પુરુષો તથા ૧૮,૯૫૬ સ્ત્રીઓનો સમાવેશ થાય છે.મરણનો દર હજારે ૮.૦૧ ટકા જેટલો રહેલ છે.વર્ષ દરમ્યાન થયેલ મરણમાં કુલ.૨,૮૮૯ જેટલું બાળમરણ છે.જેમાં ટકાવારીની દષ્ટિએ બાળમરણનું પ્રમાણ દર હજારે ૨૭.૧૫ ટકા છે.

સને ૨૦૧૪ માં જન્મ-મરણ ખાતામાં કુલ-૩,૪૨,૭૫૪ અરજીઓ આવેલ. જેમાં અમદાવાદ શહેરમાં આવેલ કુલ ૬૪ જન્મ-મરણ નોંધણી કેન્દ્રો તથા સિવિલ હોસ્પિટલ અને વી.એસ.હોસ્પિટલના નોંધણી કેન્દ્ર પર જન્મ-મરણ નોંધણીને લગતી કુલ ૧,૫૩,૫૨૦ અરજીઓ,સીટી સીવીક સેન્ટર પર જન્મ-મરણની નકલો માટેની કુલ ૧,૪૯,૬૩૯ અરજીઓ તથા જન્મ-મરણ ઓફિસમાં જન્મ-મરણની નકલો માટેની,લેઈટ જન્મ-મરણ અંગેની,જન્મ-મરણ પ્રમાણપત્રમાં સુધારા અંગેની કુલ ૩૯,૫૯૫ અરજીઓનો સમાવેશ થાય છે. ઉપરોકત અરજીઓનો સમયમર્યાદામાં નિકાલ કરવામાં આવેલ છે.

રાજય સરકારશ્રીના આદેશ અનુસાર તથા લગ્નનોંધણી અધિનિયમ-૨૦૦૬ અંતર્ગત તા.૧-૧-૨૦૦૮ થી લગ્નની નોંધણી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના જન્મ-મરણ વિભાગ દ્વારા કરવામાં આવે છે.જેથી જે પ્રમાણે જન્મ-મરણના સ્થળ અનુસાર જે તે વોર્ડમાં જન્મ-મરણની નોંધણી કરવામાં આવે છે તે જ પ્રમાણે લગ્ન સ્થળ પ્રમાણે જે તે વોર્ડમાં લગ્નની નોંધણી કરવામાં આવે છે. લગ્નની નોંધણી માટે લગ્નની તારીખના ૩૦ દિવસ સુધી રુ.૫/-ફી,લગ્નની તારીખના ૩૦ દિવસ બાદ પણ ત્રણ માસ સુધી રુ.૧૫/-તથા લગ્નની તારીખથી ત્રણ માસ બાદ રુ.૨૫/- ફી ભરી જન્મ મરણ લગ્ન નોંધણીકેન્દ્ર ખાતે અરજી કરવાથી લગ્નનું પ્રમાણપત્ર આપવામાં આવે છે.વર્ષ ૨૦૧૪ માં કુલ-૩૮,૫૭૮ લગ્નની નોંધણી કરવામાં આવેલ છે તથા લગ્ન પ્રમાણપત્ર અરજદારની જરુરીયાત પ્રમાણે ગુજરાતી કે અંગ્રેજી ભાષામાં ઈસ્યુ કરવામાં આવે છે.

સદર રીપોર્ટની સાથે જન્મ-મરણના આંકડાકીય પત્રકો સામેલ કરેલ છે.જેમાં (૧) મન્થવાઈઝ જન્મ-મરણની માહિતી (૨) ૨૦૦૧ થી ૨૦૧૪ સુધીના જન્મના સ્ત્રી-પુરુષના પ્રમાણ અનુસારની માહિતી (૩) ૨૦૦૧ થી બેઝીક આંકડાકીય માહિતી (૪) પોલીયો રસીકરણ રાઉન્ડના સ્ટેટમેન્ટ તથા (૫) રુટીન ઈમ્યુનાઈઝેશનનું પત્રક વગેરેનો સમાવેશ થાય છે.(૬)લગ્નનોંધણીની વોર્ડવાઈઝ આંકડાકીય માહિતી.

૨૦૧૪ માં થયેલ જન્મ-મરણ ના આંકડા						
	જન્મ			મરણ		
માસ	પુ	સ્ત્રી	કુલ	પુ	સ્ત્રી	કુલ
જાન્યુઆરી	૪૯૫૨	૪૪૪૩	૯૩૯૫	૨૬૭૭	૧૭૬૧	૪૪૩૮
ફેબ્રુઆરી	૩૯૨૮	૩૩૯૧	૭૩૧૯	૨૦૮૯	૧૩૮૩	૩૪૭૨
માર્ચ	૪૨૩૮	૩૭૭૬	૮૦૧૪	૨૪૦૩	૧૫૮૯	૩૯૯૨
એપ્રિલ	૩૯૭૩	૩૫૧૧	૭૪૮૪	૨૧૬૯	૧૪૭૧	૩૬૪૦
મે	૪૪૯૧	૩૮૫૦	૮૩૪૧	૨૫૧૮	૧૮૮૬	૪૪૦૪
જુન	૪૦૬૯	૩૫૨૨	૭૫૯૧	૨૪૩૦	૧૬૬૭	૪૦૯૭
જુલાઈ	૪૨૭૬	૩૬૫૯	૭૯૩૫	૧૮૮૧	૧૪૩૬	૩૩૧૭
ઓગષ્ટ	૫૧૪૦	૪૩૭૦	૯૫૧૦	૨૩૬૯	૧૪૪૬	૩૮૧૫
સપ્ટેમ્બર	૫૫૪૯	૪૫૬૭	૧૦૧૧૬	૨૩૩૧	૧૪૯૯	૩૮૩૦
ઓક્ટોબર	૫૪૬૦	૪૯૨૦	૧૦૩૮૦	૨૨૬૪	૧૪૯૪	૩૭૫૮
નવેમ્બર	૫૫૨૯	૪૯૩૯	૧૦૪૬૮	૨૩૭૯	૧૫૮૭	૩૯૬૬
ડીસેમ્બર	૫૨૧૪	૪૬૨૩	૯૮૩૭	૨૬૬૪	૧૭૩૭	૪૪૦૧
કુલ	૫૬૮૧૯	૪૯૫૭૧	૧૦૬૩૯૦	૨૮૧૭૪	૧૮૯૫૬	૪૭૧૩૦

અમદાવાદ મ્યુનિસિપલ કોપોરેશન			
હેલ્થ જન્મ મરણ ખાતું			જન્મનાં આંકડા
વર્ષે	પુરુષ	સ્ત્રી	કુલ
૨૦૦૧	૪૫૮૨૨	૩૬૪૬૫	૮૨૨૮૭
	૫૫.૬૯ ટકા	૪૪.૩૧ ટકા	
૨૦૦૨	૪૩૦૮૬	૩૫૦૯૯	૭૮૧૮૫
	૫૫.૧૧ ટકા	૪૪.૮૯ ટકા	
૨૦૦૩	૪૬૦૬૧	૩૭૧૩૩	૮૩૧૯૪
	૫૫.૩૭%	૪૪.૬૩%	
૨૦૦૪	૪૬૨૧૩	૩૭૩૬૫	૮૩૫૭૮
	૫૫.૨૯%	૪૪.૭૧%	
૨૦૦૫	૪૪૨૨૫	૩૬૪૨૩	૮૦૬૪૮
	૫૪.૮૪%	૪૫.૧૬%	
૨૦૦૬	૫૧૦૦૭	૪૨૭૭૭	૯૩૭૮૪
	૫૪.૩૯%	૪૫.૬૧%	
૨૦૦૭	૫૨૮૧૪	૪૬૫૭૯	૯૯૩૯૩
	૫૩.૧૪%	૪૬.૮૬%	
૨૦૦૮	૫૫૬૭૯	૪૯૦૮૨	૧૦૪૭૬૧
	૫૩.૧૪%	૪૬.૮૬%	
૨૦૦૯	૫૪૯૨૬	૪૮૬૪૩	૧૦૩૫૬૯
	૫૩.૦૩%	૪૬.૯૭%	
૨૦૧૦	૫૫૯૨૦	૪૮૮૭૧	૧૦૪૭૯૧
	૫૩.૩૬%	૪૬.૬૪%	
૨૦૧૧	૫૩૮૧૩	૪૭૧૮૦	૧૦૦૯૯૩
	૫૩.૨૮%	૪૭.૭૨%	
૨૦૧૨	૫૬૩૫૧	૪૯૫૧૭	૧૦૫૮૬૮
	૫૩.૨૩%	૪૬.૭૭%	
૨૦૧૩	૫૭૯૮૬	૪૯૮૫૨	૧૦૭૮૩૮
	૫૩.૭૭%	૪૬.૨૩%	
૨૦૧૪	૫૬૧૮૯	૪૯૫૭૧	૧૦૬૩૯૦
	૫૩.૪૧%	૪૬.૫૯%	

Basic Statestical Information of Births & Deaths									
Ahmedabad Municipal Corporation									
Year	Projected Population	Total Births	ઈચી	Total Deaths	Rate	Infant Deaths	Rate(IMR) (Per 1000 Live Births)	Maternal Deaths	Rate(MMR) (Per 1000 Live Births)
2001	3520085	82287	23.38	26357	7.49	2353	28.59	11	0.13
2002	3586551	78185	21.79	25128	7	2210	28.26	10	0.13
2003	3659183	83194	22.74	27432	7.5	2205	26.5	15	0.18
2004	3740138	83578	22.35	26701	7.14	2259	27.03	42	0.5
2005	3816504	80648	21.13	27531	7.21	2201	27.29	49	0.61
2006	4899885	93784	19.14	34250	6.99	2628	28.02	63	0.67
2007	4999930	99393	19.88	34238	6.85	2239	22.53	64	0.64
2008	5114269	104761	20.48	36632	7.16	2347	21.37	75	0.71
2009	5180818	103569	20.25	37020	7.23	2394	23.11	68	0.65
2010	5883430	104791	17.81	40052	6.8	2343	22.35	57	0.54
2011	5883430	100993	17.16	40472	6.8	1764	17.46	76	0.75
2012	5883430	105868	17.99	42011	7.1	2195	20.73	96	0.90
2013	5883430	107838	18.32	44782	7.6	2860	26.52	101	0.94
2014	5883430	106390	18.08	47130	8.01	2889	27.15	101	0.95

હેલ્થ જન્મ-મરણ વિભાગ												
૨૦૧૪માં થયેલ જન્મ-મરણ ના આંકડા												
	જન્મ			મરણ			મૃતજન્મ			બાળમરણ		
માસ	પુ	સ્ત્રી	કુલ	પુ	સ્ત્રી	કુલ	પુ	સ્ત્રી	કુલ	પુ	સ્ત્રી	કુલ
જાન્યુઆરી	૪૯૫૨	૪૪૪૩	૯૩૯૫	૨૬૭૭	૧૭૬૧	૪૪૩૮	૬૮	૪૬	૧૧૪	૧૧૮	૧૦૧	૨૧૯
ફેબ્રુઆરી	૩૯૨૮	૩૩૯૧	૭૩૧૯	૨૦૮૯	૧૩૮૩	૩૪૭૨	૬૧	૫૨	૧૧૩	૧૦૧	૬૮	૧૬૯
માર્ચ	૪૨૩૮	૩૭૭૬	૮૦૧૪	૨૪૦૩	૧૫૮૯	૩૯૯૨	૫૬	૪૭	૧૦૩	૧૩૧	૯૯	૨૩૦
એપ્રિલ	૩૯૭૩	૩૫૧૧	૭૪૮૪	૨૧૬૯	૧૪૭૧	૩૬૪૦	૫૯	૩૫	૯૪	૧૨૫	૮૩	૨૦૮
મે	૪૪૯૧	૩૮૫૦	૮૩૪૧	૨૫૧૮	૧૮૮૬	૪૪૦૪	૫૮	૪૯	૧૦૭	૧૪૦	૧૧૬	૨૫૬
જુન	૪૦૬૯	૩૫૨૨	૭૫૯૧	૨૪૩૦	૧૬૬૭	૪૦૯૭	૫૦	૫૨	૧૦૨	૧૩૫	૮૪	૨૧૯
જુલાઇ	૪૨૭૬	૩૬૫૯	૭૯૩૫	૧૮૮૧	૧૪૩૬	૩૩૧૭	૭૬	૬૦	૧૩૬	૧૧૩	૬૮	૧૮૧
ઓગષ્ટ	૫૧૪૦	૪૩૭૦	૯૫૧૦	૨૩૬૯	૧૪૪૬	૩૮૧૫	૭૪	૪૭	૧૨૧	૨૦૫	૯૯	૩૦૪
સપ્ટેમ્બર	૫૫૪૯	૪૫૬૭	૧૦૧૧૬	૨૩૩૧	૧૪૯૯	૩૮૩૦	૭૨	૫૭	૧૨૯	૧૭૦	૮૫	૨૫૫
ઓક્ટોબર	૫૪૬૦	૪૯૨૦	૧૦૩૮૦	૨૨૬૪	૧૪૯૪	૩૭૫૮	૬૫	૫૯	૧૨૪	૧૯૩	૧૦૬	૨૯૯
નવેમ્બર	૫૫૨૯	૪૯૩૯	૧૦૪૬૮	૨૩૭૯	૧૫૮૭	૩૯૬૬	૭૯	૬૦	૧૩૯	૧૮૦	૧૦૭	૨૮૭
ડીસેમ્બર	૫૨૧૪	૪૬૨૩	૯૮૩૭	૨૬૬૪	૧૭૩૭	૪૪૦૧	૮૨	૬૬	૧૪૮	૧૬૫	૯૭	૨૬૨
કુલ	૫૬૮૧૯	૪૯૫૭૧	૧૦૬૩૯૦	૨૮૧૭૪	૧૮૯૫૬	૪૭૧૩૦	૮૦૦	૬૩૦	૧૪૩૦	૧૭૭૬	૧૧૧૩	૨૮૮૯

હેલ્થ જન્મ મરણ							
વર્ષ-૨૦૧૪ માં નોધાયેલ લગ્નની સંખ્યા							
અ.નં.	વોર્ડ નંબર	વોર્ડનું નામ	કુલ	અ.નં.	વોર્ડ નંબર	વોર્ડનું નામ	કુલ
						વોર્ડ ૧ થી ૩૨ નું ટોટલ	૧૭૪૨૬
૧	૧	ગોતા	૯૯૦	૩૩	૧૯	ગિરધરનગર	૧૩૦
૨	૨	ચાંદલોડીયા	૪૫૯	૩૪	૨૦	માધુપુરા	૭૦૦
૩	૩	કાળી	૩૭૭	૩૫	૨૧	દૂધેશ્વર	૧૮૯
૪	૬	રાણીપ	૬૪૮	૩૬	૨૮	શાહપુર	૨૦૪૪
૫	૭	ઘાટલોડીયા	૪૪૦	૩૭	૨૯	દરિયાપુર	૫૫૧
૬	૮	થલતેજ	૫૮૯	૩૮	૩૮	કાલુપુર	૪૯૭૨
૭	૨૩	બોડકદેવ	૮૪૭	૩૯	૩૯	રાયખડ	૨૬૨૬
૮	૨૪	સરખેજ	૧૧૭૩	૪૦	૪૪	જમાલપુર	૧૫૪૦
૯	૨૫	જોધપુર	૬૨૭	૪૧	૪૫	ખાડિયા	૬૭૪
૧૦	૪૨	વેજલપુર	૨૩૪	૪૨	૩૪	નિકોલ	૬૨૬
૧૧	૪	ચાંદખેડા-મોટેરા	૭૭૬	૪૩	૩૫	વિરાટનગર	૨૯૮
૧૨	૫	સાબરમતી	૪૮૩	૪૪	૩૬	બાપુનગર	૩૩૫
૧૩	૯	નારણપુરા	૩૫૫	૪૫	૪૭	ગોમતીપુર	૨૫૮
૧૪	૧૦	નવા વાડજ	૧૩૪૨	૪૬	૪૮	રખિયાલ	૨૧૮
૧૫	૧૧	જુના વાડજ	૪૮૦	૪૭	૪૯	રાજપુર	૧૫૫
૧૬	૨૨	સ. પટેલ સ્ટેડિયમ	૭૬૪	૪૮	૫૦	અર્બુદાનગર	૨૧૧
૧૭	૨૬	આંબાવાડી	૫૮૨	૪૯	૫૧	ઓઢવ	૨૫૭
૧૮	૨૭	નંવરંગપુરા	૧૦૦૯	૫૦	૫૨	વસ્ત્રાલ	૩૧૨
૧૯	૪૦	પાલડી	૪૭૨	૫૧	૫૪	મહાવીરનગર	૨૬૭
૨૦	૪૧	વાસણા	૨૭૮	૫૨	૫૫	ભાઈપુરા-હાટકેશ્વર	૧૯૦
૨૧	૧૨	સરદારનગર	૬૫૭	૫૩	૫૬	અમરાઈવાડી	૨૭૫
૨૨	૧૩	નોબલનગર	૪૩૯	૫૪	૫૭	ખોખરા	૩૮૦

૨૩	૧૪	નરોડા	૬૭૫	૫૫	૪૩	બહેરામપુરા	૧૭૮
૨૪	૧૫	કુબેરનગર	૧૩૪	૫૬	૪૬	કાંકરીયા	૭૨૪
૨૫	૧૬	સૈજપુર બોધા	૧૪૩	૫૭	૫૩	ઈન્દ્રપુરી	૪૩૩
૨૬	૧૭	મેધાણીનગર	૧૪૦	૫૮	૫૮	મણિનગર	૮૦૮
૨૭	૧૮	અસારવા	૮૯૪	૫૯	૫૯	દાણીલીમડા	૫૭૨
૨૮	૩૦	નરોડા રોડ	૧૩૯	૬૦	૬૦	લાંભા	૨૧૩
૨૯	૩૧	ઈન્ડિયા કોલોની	૫૨૫	૬૧	૬૧	ઈસનપુર	૨૩૧
૩૦	૩૨	કૃષ્ણનગર	૨૯૪	૬૨	૬૨	ઘોડાસર	૨૧૩
૩૧	૩૩	ઠકકરબાપાનગર	૩૧૦	૬૩	૬૩	વટવા	૨૮૯
૩૨	૩૭	સરસપુર	૧૫૧	૬૪	૬૪	રામોલ-હાથીજણ	૨૮૩
						કુલ	૩૮૫૭૮

નેશનલ ટેકનોલોજી મશીન જીલ્લા કક્ષાની સલાહકાર સમિતિની બેઠકમાં સમીક્ષા માટે					માર્ચ-૨૦૧૫
માસિક પ્રગતી અહેવાલ					
અન.	**રોગ પ્રતિકારક રસી અભિયાન અમદાવાદ મહાનગર પાલિકા**	**સને ૧૫-૨૦૧૪ વાર્ષિક લક્ષાંક**	**સને એપ્રિલ ૧૪ ની કામગીરી**	**વર્ષ દરમ્યાન વધતી જતી સિધ્ધી**	**સિધ્ધી ની ટકાવારી %**
૧	ટીસગર્ભા.ટી. સ્ત્રીઓ	૧૨૧૦૦૦	૬૮૩૬	૭૪૩૨૭	૬૧.૪૩
૨	બી.જી.સી.	૧૧૦૦૦૦	૮૭૪૮	૧૦૦૧૧૮	૯૧.૦૮
૩	પેન્ટાવેલેન્ટજોઉ-	૧૦૫૭૦૦	૮૩૫૨	૮૦૮૭૯	૭૬.૫૨
૪	ડીજોઉ-.ટી.પી.	૧૦૫૭૦૦	૨૩૧	૧૪૫૨	૧.૩૭
૫	પોલિયોજોઉ-	૧૦૫૭૦૦	૮૫૯૬	૮૧૫૯૨	૭૭.૧૯
૬	ઓરીલ- મહિના બાદ	૧૦૫૭૦૦	૭૫૮૨	૮૩૯૧૯	૭૯.૩૯
૭	ઓરીબુ-	૧૦૫૭૦૦	૮૦૭૮	૭૩૪૬૦	૬૯.૫૦
૮	ડીબુ-.ટી.પી.	૧૦૫૭૦૦	૩૪૫૩	૭૩૮૯૯	૬૯.૯૧
૯	ટી૧૬-૧૦.ટી. વર્ષ	૧૦૨૬૭૦	૩૪૭૮	૩૨૪૨૧	૩૧.૫૮
૧૦	હિપેટાઈટીસજોઉ:બી-	૧૦૫૭૦૦	૯૮	૧૧૫૧	૧.૦૯

NID/ SNID POLIO ROUND

POLIO ROUND	ROUND NAME	CHILDREN COVERED	%
APR-13	SNID	166891	101
JUNE-13	SNID	163350	100
SEP-13	SNID	168289	106
NOV-13	SNID	170463	103
JAN-14	SNID	952647	100
FEB-14	SNID	953861	100
APR-14	SNID	165969	99
SEP-14	SNID	170053	101
NOV-14	SNID	169502	100
JAN-15	SNID	954050	100
FEB-15	SNID	962519	101
APR-15	SNID	157218	93
JUN-15	SNID	153865	91
NOV-15	SNID	160478	97

૬.૩ હેલ્થ એપેડેમીક સેલ

2014-15

Cases Death of various Diseases

Sr.no.	Diseases Name	Total Cases	Death
૧	Diphtheria	૧૫	૦
૨	Measles	૧૦૯	૧
૩	Typhoid	૧૬૧૨	૦
૪	G.E.	૮૧૭૧	૦
૫	Jaundice(V.H.)	૩૨૮૨	૨
૬	Hepatitis-B	૨૬૮	૦
૭	Cholera	૮૩	૦
૮	Chickenpox	૯૧	૦
૯	Polio Mylitis	૦	૦
૧૦	Viral Encephalitis	૬૦	૪૦
૧૧	Tetanus(other)	૪	૧
૧૨	T.B.	૨૯૧૧	૨૩૨

AHMEDABAD MUNICIPAL CORPORATION

ANNUAL REPORT YEAR 2014-15

No.	DISEASE	Apr		May		June		July		Aug		Sep		Oct		Nov		Dec		Jan		Feb		Mar		Total	
		C	D	C	D	C	D	C	D	C	D	C	D	C	D	C	D	C	D	C	D	C	D	C	D	C	D
1	Diptheria	0	0	1	0	2	0	1	0	1	0	1	0	1	0	3	0	1	0	1	0	3	0	0	0	**15**	**0**
2	Measles	21	0	19	0	6	1	1	0	2	0	2	0	4	0	3	0	4	0	9	0	7	0	31	0	**109**	**1**
3	Typhoid	100	0	69	0	100	0	96	0	150	0	184	0	171	0	200	0	143	0	109	0	149	0	141	0	**1612**	**0**
4	Acute Diarrhoeal disease	490	0	640	0	707	0	831	0	1740	0	855	0	496	0	625	0	518	0	409	0	417	0	443	0	**8171**	**0**
5	Viral Hepatitis	213	0	149	0	189	0	287	0	266	0	425	1	378	1	404	0	329	0	269	0	185	0	188	0	**3282**	**2**
6	Hepatitis-B	19	0	9	0	25	0	9	0	7	0	18	0	4	0	10	0	10	0	38	0	59	0	60	0	**268**	**0**
7	Cholera	2	0	7	0	20	0	21	0	19	0	1	0	0	0	1	0	0	0	2	0	5	0	5	0	**83**	**0**
8	Chicken Pox	24	0	11	0	8	0	1	0	2	0	0	0	0	0	3	0	2	0	6	0	13	0	21	0	**91**	**0**
9	Poliomyelitis	0	0	0	0	0	0	0	0	0	0	0	0	0	0	0	0	0	0	0	0	0	0	0	0	**0**	**0**
10	Viral Encephatitis	8	3	3	3	7	7	4	4	3	1	2	1	7	3	3	1	5	1	3	3	7	7	8	6	**60**	**40**
11	Tetanus (Others)	1	0	0	0	0	0	0	0	2	0	0	0	0	0	0	0	0	0	1	1	0	0	0	0	**4**	**1**
12	Tuberculosis	228	25	301	17	249	24	234	28	273	22	283	20	217	17	239	26	208	13	212	8	210	16	257	16	**2911**	**232**

Mukhyamantri Amrutum

ANNUAL REPORT 2014-15

Card Status Summary Report

Print Date : **01.04.2014 to 31.03.2015**

From Date : 01.04.2014 **To Date :** 31.03.2015

Enrollment Mode : City Civic Center **District :** Ahmedabad

Based On : Login ID **Scheme Type :**

District	Login ID	Card Delivered (Maa)	Card Delivered (Maa Vatsalya)
Ahmedabad	amc001 - Gomtipur	0	0
Ahmedabad	amc002 - Shahpur	157	115
Ahmedabad	amc003 - Kankariya	9	174
Ahmedabad	amc004 - Sabarmati	87	241
Ahmedabad	amc005 - Rakhial	579	461
Ahmedabad	amc006 - Memanagar	41	152
Ahmedabad	amc007 - Chandkheda	40	65
Ahmedabad	amc008 - Dudheshvar	236	95
Ahmedabad	amc009 - Vatva	23	0
Ahmedabad	amc010 - Arbudanagar	166	408
Ahmedabad	amc011 - Chanakyapuri	143	118
Ahmedabad	amc012 - Asarva	87	94
Ahmedabad	amc013 - India Colony	175	81
Ahmedabad	amc014 - Viratnagar	122	241
Ahmedabad	amc015 - Amraiwadi	53	69
Ahmedabad	amc016 - Nava vadaj	42	477
Ahmedabad	amc017 - India Colony	182	454
Ahmedabad	amc018 - Rakhial	87	369
Ahmedabad	amc019 - Sardarnagar	197	360
Ahmedabad	amc020 - Ghatlodia	30	332
Ahmedabad	amc021 - Meghaninagar	91	0
Ahmedabad	amc022 - Naroda	227	220
Ahmedabad	amc023 - Baherampura	91	26
Ahmedabad	amc024 - Rakhial	88	264
Ahmedabad	amc025 - Chanakyapuri	2	325
Ahmedabad	amc026 - Bhaipura	78	54
Total		**3033**	**5195**

૬.૪ ચેપી રોગ હોસ્પીટલ

૨૦૧૪-૧૫

અમદાવાદ મ્યુનિ.કોર્પોરેશન હેલ્થ ખાતા સંચાલિત ચેપીરોગ હોસ્પીટલમાં સમગ્ર રાજયમાંથી આવતા ચેપીરોગના દર્દીઓને વિના મુલ્યે સારવાર આપવામાં આવે છે. ઓ.પી.ડી.વિભાગ સવારે ૯-૦૦ થી ૧૧-૦૦ ચાલે છે. કેન્દ્ર સરકારનાં NCDC DELHI દ્વારા નેશનલ નેટવર્કીંગ પ્રોજેક્ટ હાલમાં ચાલુ છે. આ ઉપરાંત NCDC DELHI દ્વારા દેશનાં ૭ મોટા શહેરો માટે IDSP-INSUNET PROJECT હાલમાં ચાલુ છે. ચેપીરોગ હોસ્પીટલની દરરોજની, અઠવાડિક અને માસિક દર્દીઓની ઓનલાઇન માહિતી NCDC DELHI અને રાજ્ય સરકાર તથા હેલ્થ વિભાગ અમદાવાદ મ્યુનિ.કોર્પોરેશન ખાતે મોકલવામાં આવે છે.સને ૨૦૧૪-૧૫ ના વર્ષ દરમ્યાન શહેરનાં ૨૩૨૩ તથા બહારગામનાં ૩૧ દર્દીઓને તેમ કુલ ૨૩૫૪ દર્દીઓને દાખલ કરી સારવાર આપવામાં આવી હતી. ઓ.પી.ડી. વિભાગમાં નવા દર્દીઓ ૨૮૧૨૪ અને જુના દદીઓ ૧૯૨૭૬ એમ કુલ ૪૭૪૦૦ દર્દીઓને સારવાર આપવામાં આવી હતી. તમામ પ્રકારની સારવાર વિના મુલ્યે આપવામાં આવી હતી.

આ અંગેનુ વિસ્તૃત આંકડાકીય માહિતીનુ કોષ્ટક આ સાથે સામેલ છે.

અ.નં.	રોગનુ નામ	શહેર		બહારગામ		કુલ	
		કેસ	મરણ	કેસ	મરણ	કેસ	મરણ
૧	કમળો	૯૫૩	૦	૧૪	૦	૯૬૭	૦
૨	ઝાડા-ઉલ્ટી	૧૧૮૩	૨	૮	૦	૧૧૯૧	૨
૩	કોલેરા	૫૧	૦	૨	૦	૫૩	૦
૪	ડીપ્થેરીયા	૮	૧	૫	૦	૧૩	૧
૫	મરડો	૩	૦	૦	૦	૩	૦
૬	અછબડા	૭૪	૦	૦	૦	૭૪	૦
૭	ઓરી	૨૦	૦	૨	૦	૨૨	૦
૮	મમ્પસ	૨૭	૦	૦	૦	૨૭	૦
૯	અન્ય	૪	૦	૦	૦	૪	૦
કુલ		૨૩૨૩	૩	૩૧	૦	૨૩૫૪	૩

એપ્રીલ ૨૦૧૪--માર્ચ ૨૦૧૫

	નવા	જુના	કુલ
પુરુષ	૧૦૫૩૬	૮૦૬૩	૧૮૫૯૯
સ્ત્રી	૯૪૬૫	૫૧૩૩	૧૪૫૯૮
પુરુષ-બાળકો	૪૧૮૦	૩૧૨૬	૭૩૦૬
સ્ત્રી-બાળકો	૩૯૪૩	૨૯૫૪	૬૮૯૭
કુલ	૨૮૧૨૪	૧૯૨૭૬	૪૭૪૦૦

એપ્રીલ ૨૦૧૪--માર્ચ ૨૦૧૫

દર્દી	પુરુષ		સ્ત્રી		બાળકો		કુલ	
	કેસ	મરણ	કેસ	મરણ	કેસ	મરણ	કેસ	મરણ
ઈન્ડોર	૧૦૨૪	૧	૮૦૯	૧	૫૨૧	૧	૨૩૫૪	૩
ઓ.પી.ડી. નવા કેસ	૧૦૫૩૬	૦	૯૪૬૫	૦	૮૧૨૩	૦	૨૮૧૨૪	૦
ઓ.પી.ડી. જુના કેસ	૮૦૬૩	૦	૫૧૩૩	૦	૬૦૮૦	૦	૧૯૨૭૬	૦

૬.૫ સ્લોટર હાઉસ

૨૦૧૪-૧૫

અમદાવાદ શહેરની માંસાહારી પ્રજાને સ્વચ્છ, તાજુ અને રોગમુકત માંસ પુરૂં પાડવાના હેતુસર સ્લોટર હાઉસનું સંચાલન કરવામાં આવે છે. સ્લોટર હાઉસની કામગીરી આવશ્યક સેવાઓમાં આવે છે. એનીમલ પ્રીઝર્વેશન એકટની અસર હેઠળ રાજય સરકારે મોટા જાનવર માટેનો કવોટા ૨૧૨ નંગ પ્રતિ અઠવાડિક નકકી કરેલ છે. જયારે નાના જાનવરો જેવા કે ઘેંટા, બકરાં અને ડુકકર માટે કોઈ મહત્તમ મર્યાદા બાંધેલ નથી.

સ્લોટર હાઉસમાં કસાઈઓને જાનવરોના સ્લોટરીંગ કરવા માટેની જગ્યા, જરૂરી પાણી, લાઈટ મીટવાન અને સફાઈની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવે છે. આ સેવા બદલ મોટા જાનવર દીઠ રૂા.૨૫/- અને નાના જાનવરદીઠ રૂા.૪/- ફી લેવામાં આવે છે. સને ૨૦૧૪-૧૫ની કુલ વાર્ષિક આવક રૂા.૩,૭૬,૪૩૯/-(રૂપિયા ત્રણ લાખ છોંતેર હજાર ચારસો ઓગણચાલીસ) થયેલ છે. સ્લોટર હાઉસ ખાતે મોટા જાનવરોના સ્લોટરનો સમય રાત્રીના ૮ થી ૧ તથા નાના જાનવરો માટે રાત્રીના ૧ થી ૬ વાગ્યા સુધીનો છે. વિવિધ પ્રકારના જાનવરોના સ્લોટરીંગની માહિતી સામેલ પત્રકમાં દર્શાવેલ છે.

વિવિધ શૈક્ષણિક સંસ્થા જેવી કે વેટરનરી કોલેજ,સેનીટરી ઈન્સ્પેકટર, મેડીકલ કોલેજના વિદ્યાર્થીઓ તથા વિવિધ દુધ ઉત્પાદક મંડળીના લાઈવ સ્ટોક ઈન્સ્પેકટર અને ઈન્સેમીનેટરને સંસ્થાની કામગીરી તથા તેમના અભ્યાસને સ્પર્શતી વિગતોથી માહિતગાર કરવામાં આવે છે. ઉપરાંત વેટરનરી કોલેજના અંતિમ વર્ષના વિદ્યાર્થીઓના ઈન્ટર્નશીપ ટ્રેનીંગ સેન્ટર તરીક કાર્ય કરેલ છે.

<u>સ્લોટર હાઉસ</u>

એપ્રિલ-૨૦૧૪ થી માર્ચ-૨૦૧૫ સુધીની સ્લોટર ખાતે કપાયેલ જાનવરોતથા આવકની આંકડાકીય માહિતી
બજેટ હેડઃ- ૪૩૨- ૯ માર્કેટ અને કતલખાના ની આવક

મોટા જાનવર					નાના જાનવર					આવક	
ઝૂ	ભેંસ	પાડા	કુલ સંખ્યા	આવક (રૂા.)	ઘેંટા	બકરા	ડુકકર	કુલ સંખ્યા	આવક (રૂા.)	કમાત્રી ફી (રૂા.)	કુલ આવક (રૂા.)
૫૯૪	૮,૫૬૪	૨૫૩	૯,૪૧૧	૨,૩૫,૨૭૫	૧૩,૭૨૫	૧૬,૦૪૩	૩,૪૨૩	૩૩,૧૯૧	૧,૩૨,૭૬૪	૮,૪૦૦/-	૩,૭૬,૪૩૯/-

મોટા જાનવરોની આવક : રૂા. ૨,૩૫,૨૭૫/-

હલાલની આવક-ડુકકરની આવક :રૂા. ૧,૩૨,૭૬૪/-
કમાત્રી ફી : રૂા. ૮,૪૦૦/-

કુલ વાર્ષિક આવક : રૂા ૩,૭૬,૪૩૯/-

૬.૬ મેલેરીયા ખાતુ
૨૦૧૪-૧૫

(૧) મચ્છરત્રાસ નિવારણ યોજના :-

આ યોજનામાં મચ્છરના ત્રાસને અંકુશમાં રાખવાની કાર્યવાહી કરવામાં આવેછે. આ યોજનામાં સરકારશ્રી તરફથી જંતુનાશક દવાઓ વિનામુલ્યે ગ્રાન્ટરૂપે આપવામાં આવેછે,તથા જરૂરિયાત મુજબ સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ કમીટીની મંજુરીથી પણ ખરીદ કરવામાં આવેછે.

(૨) **રાષ્ટ્રીય મેલેરીયા અંકુશ વિભાગ :-**

આ યોજનામાં મેલેરીયાના તાવને અટકાવવા પગલા લેવામાં આવેછે. અમદાવાદ શહેરમાં મેલેરીયાની કામગીરી, મેલેરીયા વિભાગ ઉપરાંત શહેરના ૬૪ વોર્ડમાં આવેલ અર્બન હેલ્થ સેન્ટર મારફતે કરવામાં આવે છે.

(૩) **મચ્છર નિવારણ યોજના :-**

મચ્છરોના બોયોમીક્સ(વિશ્લેષણ,પ્રકાર,ઉત્પતી સ્થાન,તેમની ઘનતા વિગેરે) નક્કી કરવા માટે શહેરના છ ઝોનમાં,ઝોન વાઇઝ જુની.આસી.એન્ટોમોલોજીસ્ટની નિમણુક કરવામાં આવેલછે,તેમજ સેન્ટ્રલી એન્ટોમોલોજીકલ ટીમ દ્વારા ક્રોસ ચેંકીગની કામગીરી કરાવવમાં આવેછે. જે જે સ્થળોએ મચ્છરોની ઘનતામાં વધુ પ્રમાણમાં જણાય તેવા સ્થળોએ પોરાનાશક તથા મચ્છરનાશક પગલા લેવામાં આવેછે.મચ્છરોના ઉત્પતી સ્થાન ને લક્ષમાં લઇ ટેકનીકલ વિશ્લેષણ કરીને પોરાનાશકદવાઓ, પોરાભક્ષકમાછલીઓ,તથા મચ્છરનાશક દવાઓ જેવીકે મેલેરીયા લાર્વીસાઇડ ઓઇલ,પાયરેથ્રમ,બાયટેક્ષ,બેક્ટીસાઇડ પાવડર,વિગેરે ઉપયોગમાં લેવામાં આવેછે, અને જ્યા મચ્છરોની ઘનતા વધુ પ્રમાણમાં જણાય તેવા સ્થળોએ મેલેરીયા મજુરો,તેમજ લીક વર્કરો દ્વારા ઘનિષ્ટ રીપીટ કામગીરી કરાવવામાં આવેછે. મચ્છરગ્રસ્ત વિસ્તારોમાં હેન્ડઆપેરેટેડ વાનફોગ મશીન,મલ્ટીફોગ મશીન,લીકો મશીનદ્વારા ફોગીગ ની કામગીરી કરાવવામાં આવેછે. તથા માનનિય મ્યુનિસિપલ કમિશનરશ્રીના આદેશ અનુસાર ,અમદાવાદ શહેરમાં ડોર ટુ ડોર IRS કામગીરીનો રાઉન્ડ કરવામાં આવેલછે.

(૪) **રાષ્ટ્રીય મેલેરીયા નાબુદી યોજના** :-

એકટીવ સર્વેલન્સની કામગીરી :- અમદાવાદ શહેરમાં સ્લમ વિસ્તારમાં ઝુપડપટ્ટી વિસ્તારો,નદી કિનારાના વિસ્તારોમાં ઘરે ઘરે ફરીને અર્બન હેલ્થ સેન્ટરના મલ્ટી પરપઝ વર્કરો તેમજ લીક વર્કરો દ્વારા તાવના લોહીના નમુના મેળવવમાં આવે છે. અને લોહીના નમુના તપાસાર્થે લોબોરેટરીમાં આવેછે. તેમજ

ત્વરીત નિદાન માટે RDT કીટનો ઉપયોગ કરવામાં આવેછે,અને દરેક તાવના દર્દીને તાવની સારવાર વિના મુલ્યે આપવામાં આવેછે.

પેસીવ સર્વેલન્સની કામગીરી :- અમદાવાદ શહેરના કુલ ૫૯ વોર્ડમાં અર્બન હેલ્થ સેન્ટર આવેલાછે. સદરુ અર્બન હેલ્થ સેન્ટર તેનજ મ્યુનિસીપલ કોર્પોરેશન સંચાલીત દવાખામાં તાવના દર્દીઓના લોહીના નમુના મેળવવામાં આવેછે. અને તાવના દર્દીઓને સારવાર આપવામાં આવેછે.

(૫) **ડેન્ગ્યુ/ચિકનગુનીયા :-**

આ રોગના નિદાન માટે લોહીના નમુનાઓ વિવિધ અર્બન હેલ્થ સન્ટરોમાંથી એક્ત્ર કરવામાં આવેછે. અને એકત્ર કરવમાં આવેલ નમુના, પરીક્ષણ અર્થે વી.એસ. હોસ્પીટલ તથા બી.જે. મેડીકલ કોલેજ ખાતે મોકલવામાં આવેછે.અને જાહેર કરવામાં આવેલ પોઝીટીવ કેસો માં એન્ટી-એડલ્ટ કામગીરી કરાવવામાં આવેછે.

અમદાવાદ શહેરમાં સને ૨૦૧૪ ના વર્ષમાં મેલેરીયા/ડેન્ગ્યુ/ ચિકનગુનીયાની માહીતી નીચે મુજબ છે.

વર્ષ	તપાસેલ લોહીના નમુના ની સંખ્યા	પી.વાઈવેક્સ	પી.ફાલ્સીપેરમ	કુલકેસ	ડેન્ગ્યુ કેસ	ચિકનગુનીયા કેસ
૨૦૧૪	૯૦૩૯૨૭	૬૦૨૯	૧૧૨૩	૭૧૫૨	૬૩૮	૩૬

મેલેરીયા વિભાગની મુખ્ય કામગીરી નીચે પ્રમાણે છે.

અ.ન.	વિગત	કામગીરી-૨૦૧૪
૧	મેલેરીયા ઓઈલ છંટકાવ (લીટર)	૫૯,૦૬૧
૨	પોરાભક્ષક માછલી મુકેલ જગ્યા	૮૩૪
૩	ચેક કરેલ મકાનોની સંખ્યા	૧,૬૨,૨૭,૪૮૩
૪	બ્રિડીગ મળેલ/નાશ કરેલ મકાનોની સંખ્યા	૧,૬૧,૪૪૭
૫	ફોગીગ કરેલ મકાનોની સંખ્યા	૫૬,૭૩,૧૦૨
૬	ઈનડોર કે.પી.સ્પ્રે કરેલ મકાનોની સંખ્યા	૬૧,૮૯૪
૭	આપેલનોટીસ ની સંખ્યા	૩,૮૧૦
૮	વહીવટી ચાર્જ રૂા.	૩૫,૮૧,૧૦૦
૯	ઈનડોર IRS.સ્પ્રે કરેલ મકાનોની સંખ્યા	૯,૨૨,૫૯૨

૬.૭ પબ્લીક હેલ્થ લેબોરેટરી

૨૦૧૪-૧૫

પબ્લીક હેલ્થ લેબોરેટરીમાં આ વર્ષ દરમ્યાન દુધ, ઘી, તેલ,મરચા, હળદર,શરબત,આઈસ્ક્રીમ વિગેરે જેવા ખાધ્યપદાર્થોના નમુનાઓ મ્યુનિસિપલ કોર્પોરેશનની ફલાઈંગ સ્કવોર્ડના ફુડ ઈન્પેકટરો તરફથી મોકલવામાં આવેલ. આ ઉપરાંત ફુડ ઈન્સપેકટરો તરફથી તથા મધ્યાહન ભોજનના અધિકારી તરફથી મોકલવામાં આવેલ ઈન્ફોર્મલ સેમ્પલ તથા ખાનગી વ્યકિતઓ તરફથી ખાધ્યપદાર્થોમાં ભેળસેળ જાણવા માટે નમુના મોકલવામાં આવેલ તે અત્રે તપાસવામાં આવેલ છે. આ ઉપરાંત સ્વીમીંગ પુલ, ફિજીયોથેરાપી સેન્ટર, મેડીકલ સ્ટોર્સ તથા ખાનગી પાર્ટી તરફથી મોકલવામાં આવેલ નમુનાઓ તપાસવામાં આવેલ છે.

આ ઉપરાંત વર્ષ દરમ્યાન એન. એચ. મેડીકલ કોલેજના વિધાર્થીઓ, વી એસ. હોસ્પીટલના નર્સીંગ સ્ટાફ તથા અન્ય વિધાર્થી વિગરેએ ખાધ્યપદાથમા ભેળસેળ વિશે માહિતી મેળવવા આ લેબોરેટરીનો સર્પક કરતા તેઓને લેબોરેટરીમાં ખાધ્યપદાર્થમાં ભેળસેળ ચકાસવાની જુદી જુદી રીત બતાવી માહિતી આપવામાં આવેલ છે. આ ઉપરાંત વિવિધ પ્રદર્શનમાંભાગ લઈ જાહેર જનતાને જાણકારી આપેલ છે.પબ્લીક હેલ્થ લેબોરેટરીનું આધુનિકરણ કરવામાં આવેલ છે, નવા સાધનો દ્વારા કામગીરીનો વ્યાપ તથા ગુણવત્તામાં વધારો થયેલ છે. આ ઉપરાંત પબ્લીક હેલ્થ લેબોરેટરી ને આતરરાષ્ટ્રિય માન્યતા **NABL** એકેડીએશન મેળવવા માટે જરૂરી કવોલીટી મેનેજમેન્ટ સીસ્ટમનો અમલ કરવામાં આવેલ છે, અને વધુ વિશ્વાસનીયકામગીરી થાય છે. કેન્દ્ર સરકારના નેશનલ એક્રેડીટેશન બોર્ડ ઓફ લેબોરેટરી તરફથી આ લેબોરેટરીને એક્રેડીટેશન મળેલ છે.

વર્ષ ૨૦૧૪-૧૫ દરમ્યાન પબ્લીક હેલ્થ લેબોરેટરી ખાતે તપાસવામાંઆવેલ જુદા જુદા પ્રકારના ખાધ્યપદાર્થના નમુનાઓની વિગત દર્શાવતુ પત્રક આ સાથે સામેલ છે.

પબ્લીક હેલ્થ લેબોરેટરી ૨૦૧૪-૧૫માં તપાસવામાં આવેલ નમુનાની માહિતી

અનું	નમુનાનો પ્રકાર	નમુનાની સંખ્યા	ભેળસેળવાળા નમુનાની સંખ્યા
૧	એકટ	૨૦૬૬	૧૯૭
૨	ઈન્ફોર્મલ	૫૫૬	
૩	પ્રાઈવેટ	૫૫૫	
કુલ		૩૧૭૭	૧૯૭

૬.૮ હેલ્થ ફલાઈંગ સ્કવોર્ડ

૨૦૧૪-૧૫

હેલ્થ ફલાઈંગ સ્કવોડ વિભાગ દ્વારા ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ અકેટ -૨૦૦૬ અન્વયેના નિયમો હેઠળ કામગીરી કરવામાં આવે છે. સને૨૦૧૪-૨૦૧૫માં (તા.૧/૪/૧૪ થી તા.૩૧/૩/૧૫ સુધી) ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એકટ - ૨૦૦૬ હેઠળ **ખાદ્ય ચીજોના કુલ - ૧૯૭૨ નમુનાઓ** લેવામાં આવેલ છે. જે પૈકી **કુલ-૧૯૫ નમુનાઓ અપ્રમાણિત જાહેર થયેલ** છે. ખાતા દ્વારા અપ્રમાણિત નમુનાઓનાં ફુડ બીઝનેસ ઓપરેટર સામે ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ અકેટ -૨૦૦૬ અને ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ રેગ્યલાઈઝેશન -૨૦૧૧ હેઠળ સક્ષમ સત્તાની મંજુરી મેળવી જરૂરી કાયદાકીય કાર્યવાહી કરવામાં આવેલ છે.

આ વર્ષે **શૈક્ષણીક સંસ્થાઓના ૧૦૦ મીટર ત્રિજ્યામાં ગુટખા તમાકુના વેચાણ પર પ્રતિબંધ** અનુસંધાને નિયમોનો ભંગ કરતા છૂટક તથા જથ્થાબંધ વેપારીઓ પાસેથી ધી સીગારેટ એન્ડ અધર ટોબેકો પ્રોડક્ટ એક્ટ ૨૦૦૩ અને તેના નિયમો ૨૦૦૪ અંગે તા.૨/૧૦/૦૮ થી થયેલ જાહેરનામા મુજબ (૧) જાહેર જગાઓએ ધુમ્રપાન પર પ્રતિબંધ, (૨) તમાકુ તથા સીગારેટ ઉત્પાદનોની જાહેરાત કરવા પર પ્રતિબંધ, (૩) ૧૮ વર્ષથી નીચેની વયના વ્યક્તિને ગુટકા, તમાકુ વેચવા પર પ્રતિબંધ તેમજ (૪) શૈક્ષણીક સંસ્થાના ૧૦૦ મીટર ત્રિજ્યામાં તમાકુ, સીગારેટના વેચાણ પર પ્રતિબંધના નિયમોનો ભંગ કરવા બદલ **કુલ.૨૮** નોટીસો આપવામાં આવેલ છે. આ કાયદાના ભંગ બદલ **રૂા.૬૯૫૦/- દંડ** વસુલ કરેલ છે.

મધ્યાહન ભોજન યોજના અંતર્ગત મ્યુનિ.શાળાઓમાં બાળકોને પીરસવામાં આવતા ભોજનની ગુણવત્તાની તપાસ માટે દર મહિને જુદી જુદી શાળાઓમાંથી તેમજ મુખ્ય રસોડામાંથી ઈન્ફર્મલ નમુનાઓ લઈ ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ અકેટ -૨૦૦૬ અન્વયે તપાસ માટે પબ્લિક હેલ્થ લેબોરેટરીમાં મોકલી આપવામાં આવે છે.

શહેરમાં ચાલતા રાત્રી ખાણીપીણી બજારો, **ફાસ્ટફુડના ધંધાઓનું સઘન ચેકીંગ કરી ટામેટો સોસ, બટર, ચટણી** વિગરેના નમુના લઈ ગુણવત્તાની તપાસ અર્થે લેબોરેટરીમાં મોકલી આપવામાં આવે છે. તેમજ **હોટલ / રેસ્ટોરન્ટમાં પીરસાતા તૈયાર ખોરાકની ગુણવત્તાની ચકાસણી માટે** નમુનાઓ લેવામાં આવેલ છે, જેમાં અપ્રમાણીત નમુનાના વેચાણ કરતા સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

પીવાના પાણીની ગુણવત્તાની ચકાસણી અંગે જુદી જુદી બ્રાન્ડના પાણીના પાઉચ તેમજ બોટલના પેકીંગ કરતા બેવરેજીસ યુનિટોનું ચેકીંગ કરવામાં આવે છે. એસ.ટી.સ્ટેન્ડ તેમજ જાહેર સ્થળોએ પીવાના પાણીનાં પેકેજ્ડ ડ્રીકીંગ વોટરના પાઉચ તથા બોટલો બી.આઈ.એસ. પ્રમાણીત છે કે નહિ તેની ચકાસણી કરવામાં આવે છે, બી.આઈ.એસ. મેળવ્યા સિવાય પાણીનું પેકીંગ કરતા ધંધાઓને બંધ કરવામાં આવેલ છે.

શહેરમાં લારીઓમાં વેચાતા **ખુલ્લા, કાપેલા ફળફળાદી તડબુચ, શકકરટેટી, કેરી,કેરીનો રસ, મેંગો મીલ્ક શેક,** વિગેરેનો મોટા પાયે નાશ કરવામાં આવેલ છે. આ ઉપરાંત બિનઆરોગ્યપ્રદ સ્થિતીમાં જણાયેલ **આખા મરચાં, કાર્બાઈડથી પકવેલી કેરી, માવો, બનાવટી ઘી વિગેરેનો નાશ કરવામાં આવેલ છે, તથા કસુરવારો પાસેથી વહીવટી ચાર્જ પેટે રૂા.૫,૨૬,૨૦૦/- વસુલાત** કરી કોર્પોરેશનમાં જમા કરાવેલ છે.

હેલ્થ ફલાઈંગ સ્કવોર્ડ વિભાગ દ્વારા ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એકટ -૨૦૦૬ અન્વયે ચાલુ વર્ષે કુલ-૦૭ ફરીયાદ કોટર્ડ નં.૬/૮ માં દાખલ કરવામાં આવેલ છે. અગાઉના વર્ષોમાં કોર્ટ નં.૬/૮ માં દાખલ કરેલ કેસો પૈકી કુલ૭૧ કેસોનો

કોર્ટ દ્વારા નિકાલ થયેલ છે. જેમાં ૪ કેસોમાં સજા થયેલ છે. અને કોર્ટ દ્વારા રૂા.૧૦,૦૦૦/- દંડ વસુલ લીધેલ છે. હેલ્થ ફલાઈંગ સ્કવોર્ડ દ્વારા ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એકટ -૨૦૦૬ અન્વયે સબસ્ટાન્ડર્ડ અને મીસબ્રાન્ડેડ જાહેર થયેલ કેસો અધિક નિવાસી કલેકટર અને એડજયુડીકેટીંગ ઓફિસરશ્રીની કોર્ટમાં કેસ દાખલ કરવામાં આવેલ જે પૈકી કુલ ૮ કેસોમાં રૂા.૪,૮૦,૦૦૦/- મૂનો દંડત્ર કરી ૮ કેસોનો નિકાલ કરવામાં આવેલ છે.

હેલ્થ ફલાઈંગ સ્કવોર્ડ વિભાગ દ્વારા સને ૨૦૧૪-૨૦૧૫ના વર્ષમાં લોકોના સ્વાસ્થ્યની જાળવણી અર્થે અમદાવાદ શહેર વિસ્તારમાં કરવામાં આવેલ વિશિષ્ટ કામગીરીની ટુંકી વિગત નીચે મુજબ છે.

-: ખાદ્ય પદાર્થો અંગે :-

★ તાઃ ૦૩/૦૪/૨૦૧૪ ના રોજ કુલ રૂપિયા ૬૦૦૦/- નો વહીવટી ચાર્જ વસુલ કરેલ અને પ્રતિબંધિત કાર્બાઈડની પડીકી ૧૫૦ નંગ જપ્ત કરેલ તેમજ અંદાજીત ૨૦૦ કિલો ગ્રામ બિનઆરોગ્યપ્રદ ખાદ્યપદાર્થ નાશ કરેલ અને ૪૦ માઈક્રોનથી ઓછી જાડાઈવાળી પ્લાસ્ટીક અંદાજીત ૫ કિ.ગ્રામ જપ્ત કરેલ અને શરતોનું પાલન ન કરનારને ૨૮ નોટીસ પાઠવવામાં આવેલ.

★ તાઃ ૧૮/૦૪/૨૦૧૪ ના રોજ કુલ રૂપિયા ૨,૬૦૦/- નો વહીવટી ચાર્જ વસુલ કરેલ અને અંદાજીત ૧૨ કિલો ગ્રામ બિનઆરોગ્યપ્રદ ખાદ્યપદાર્થ નાશ કરેલ અને શરતોનું પાલન ન કરનારને ૨૫ નોટીસ પાઠવવામાં આવેલ.

★ તાઃ ૨૧/૦૪/૨૦૧૪ ના રોજ કુલ રૂપિયા ૩૦૦૦/- નો વહીવટી ચાર્જ વસુલ કરેલ અને અંદાજીત ૩૦૦ કિલો ગ્રામ બિનઆરોગ્યપ્રદ ખાદ્યપદાર્થ નાશ કરેલ અને પ્રતિબંધિત કાર્બાઈડની પડીકી ૫૦ નંગ જપ્ત કરેલ.

★ તાઃ ૨૨/૦૪/૨૦૧૪ ના રોજ કુલ રૂપિયા ૨૧,૦૦૦/- નો વહીવટી ચાર્જ વસુલ કરેલ અને અંદાજીત ૪૯૫ કિલો ગ્રામ બિનઆરોગ્યપ્રદ ખાદ્યપદાર્થ નાશ કરેલ તેમજ પ્રતિબંધિત કાર્બાઈડ અંદાજીત ૩૨ કિ.ગ્રામ જપ્ત કરેલ.

★ તાઃ ૦૮/૦૫/૨૦૧૪ ના રોજ કુલ રૂપિયા ૧૬,૦૦૦/- નો વહીવટી ચાર્જ વસુલ કરેલ અને અંદાજીત ૩૧૦૦ કિલો ગ્રામ બિનઆરોગ્યપ્રદ ખાદ્યપદાર્થ નાશ કરેલ તેમજ પ્રતિબંધિત કાર્બાઈડ અંદાજીત ૨૦ કિ.ગ્રામ જપ્ત કરેલ.

★ તાઃ ૦૯/૦૫/૨૦૧૪ ના રોજ કુલ રૂપિયા ૨,૦૦૦/- નો વહીવટી ચાર્જ વસુલ કરેલ અને અંદાજીત ૯૫૦ કિલો ગ્રામ બિનઆરોગ્યપ્રદ ખાદ્યપદાર્થ નાશ કરેલ તેમજ પ્રતિબંધિત કાર્બાઈડ અંદાજીત ૦૮ કિ.ગ્રામ જપ્ત કરેલ.

★ તાઃ ૨૧/૦૫/૨૦૧૪ ના રોજ કુલ રૂપિયા ૩૫,૦૦૦/- નો વહીવટી ચાર્જ વસુલ કરેલ અને અંદાજીત ૫૫૮૦ કિલો ગ્રામ બિનઆરોગ્યપ્રદ ખાદ્યપદાર્થ નાશ કરેલ તેમજ પ્રતિબંધિત કાર્બાઈડ અંદાજીત ૭૦ કિ.ગ્રામ જપ્ત કરેલ અને શરતોનું પાલન ન કરનારને ૨૫ નોટીસ પાઠવવામાં આવેલ.

★ તાઃ ૨૩/૦૫/૨૦૧૪ ના રોજ કુલ રૂપિયા ૧૩,૬૦૦/- નો વહીવટી ચાર્જ વસુલ કરેલ અને અંદાજીત ૭૦ કિલો ગ્રામ બિનઆરોગ્યપ્રદ ખાદ્યપદાર્થ નાશ કરેલ તેમજ શરતોનું પાલન ન કરનારને ૨૬ નોટીસ પાઠવવામાં આવેલ.

★ તાઃ ૨૩/૦૫/૨૦૧૪ ના રોજ કુલ રૂપિયા ૪,૦૦૦/- નો વહીવટી ચાર્જ વસુલ કરેલ અને અંદાજીત ૮૦ કિલો ગ્રામ ૪૦ માઈક્રોનથી ઓછી જાડાઈવાળી પ્લાસ્ટીક જપ્ત કરેલ.

★ તાઃ ૨૭/૦૫/૨૦૧૪ ના રોજ કુલ રૂપિયા ૧૮,૦૦૦/- નો વહીવટી ચાર્જ વસુલ કરેલ અને અંદાજીત ૪૦ કિલો ગ્રામ બિનઆરોગ્યપ્રદ ખાદ્યપદાર્થ નાશ કરેલ તેમજ શરતોનું પાલન ન કરનારને ૯૬ નોટીસ પાઠવવામાં આવેલ.

★ તાઃ ૦૪/૦૮/૨૦૧૪ ના રોજ કુલ રૂપિયા ૨૦૦૦/- નો વહીવટી ચાર્જ વસુલ કરેલ અને શરતોનું પાલન કરવા બદલ ૧૦ નોટીસ આપવામાં આવેલ છે.

★ તાઃ ૧૨/૦૮/૨૦૧૪ ના રોજ કુલ રૂપિયા ૫૦૦૦/- નો વહીવટી ચાર્જ વસુલ કરેલ. અને ૮૨૦ કિલો ગ્રામ બિનઆરોગ્યપ્રદ ખાદ્યપદાર્થ નાશ કરેલ.

★ તાઃ ૨૬/૦૮/૨૦૧૪ ના રોજ કુલ રૂપિયા ૫૦૦૦/- નો વહીવટી ચાર્જ વસુલ કરેલ.

★ તાઃ ૨૫/૦૮/૨૦૧૪ ના રોજ કુલ રૂપિયા ૧૫૦૦૦/- નો વહીવટી ચાર્જ વસુલ કરેલ.

★ તાઃ ૦૪/૦૨/૨૦૧૫ ના રોજ કુલ રૂપિયા ૨૦,૦૦૦/- નો વહીવટી ચાર્જ વસુલ કરેલ અને અંદાજીત ૧૦૩ કિલો ગ્રામ ૪૦ માઈક્રોનથી ઓછી જાડાઈવાળી પ્લાસ્ટીક જપ્ત કરેલ.

★ તાઃ ૦૩/૦૩/૨૦૧૫ ના રોજ કુલ રૂપિયા ૬૦૦/- નો વહીવટી ચાર્જ વસુલ કરેલ અને અંદાજીત ૦૫ કિલો ગ્રામ ૪૦ માઈક્રોનથી ઓછી જાડાઈવાળી પ્લાસ્ટીક જપ્ત કરેલ તેમજ શરતોનું પાલન ન કરનારને ૦૬ નોટીસ પાઠવવામાં આવેલ.

★ તાઃ ૧૦/૦૩/૨૦૧૫ ના રોજ કુલ રૂપિયા ૧૫૦૦/- નો વહીવટી ચાર્જ વસુલ કરેલ અને અંદાજીત ૦૨ કિલો ગ્રામ ૪૦ માઈક્રોનથી ઓછી જાડાઈવાળી પ્લાસ્ટીક જપ્ત કરેલ.

૬.૯ કુટુંબ કલ્યાણ એકમ
૨૦૧૪-૧૫

શહેરી કુટુંબ કલ્યાણ એકમ દ્વારા ૨૦૧૪-૧૫ દરમ્યાન કુલ ૬૨ અર્બન હેલ્થ સેન્ટરો દ્વારા રાજય સરાકારની સુચનાં મુજબ તમામ રાષ્ટ્રીય કાર્યક્રમોનો અમલ કરવામાં આવેલ છે.વર્ષ ૨૦૧૪-૧૫ દરમ્યાન કેન્દ્રો પર થયેલ કામગીરીની વિગતો નીચે મુજબ છે.

૧. દરેક કેન્દ્ર ખાતે દરરોજ નિયમિત ઓપીડી ઉપરાંત સગર્ભા માતાઓની તપાસ કે જેમાં HIV તથા થેલેસીમીયાની તપાસ પણ આવરી લેવામાં આવે છે. દર સોમ,બુધ,શુક્રવારનાં બાળકોને રસીકરણ કામગીરી,લેબોરેટરી તપાસની કામગીરી રાષ્ટ્રીય કાર્યક્રમો જેવા કે વિટામીન એ,બાય એન્યુઅલ રાઉન્ડ,પોલીયો કાર્યક્રમ ,લેપ્રસી નિવારણ કાર્યક્રમનાં અમલીકરણ કામગીરી ઉપરાંત દર મંગળવાર,ગુરુવાર,શનિવારનાં રોજ વિસ્તારમાં ચોકકસ નિયત આંગણવાડી ખાતે મમતા દિવસનું આયોજન કરવામાં આવે છે.જે સ્લમ વિસ્તારનાં લાભાર્થીઓને આરોગ્યની સેવાઓ પુરી પાડવામાં આવે છે.

<u>વર્ષ ૨૦૧૪-૧૫ દરમ્યાન ૬૨ અર્બન હેલ્થ સેન્ટરો દ્વારા થયેલ કામગીરી</u>

૫,૪૧,૩૧૨	**નવા ઓપીડીના કેસ**
૫,૧૨,૫૪૦	**જુના ઓપીડીના કેસ**
૧,૧૧,૧૯૬	**સગર્ભા માતાઓને પુવઉ પ્રસુતી સેવા**
૧,૦૬,૧૯૬	**ડીલીવરીની નોંધણી**
૮૩,૯૧૯	**બાળકોને સંપુર્ણ રસીકરણની સેવાઓ**
૫,૩૬૬	**માતાઓને જનની સુરક્ષા યોજનાનો લાભ**
૧,૬૯૪	**માતાઓને ચિરંજીવી યોજનાનો લાભ**
૨,૯૧૨	**બાળસખા યોજનાનો લાભ**
૫૨	**દીકરી યોજનાનો લાભ**

➢ **<u>શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમનો ૨૦૧૪-૧૫ ના રીપોર્ટ.</u>**

૧૩-૧૧-૨૦૧૪ થી ૧૧-૦૧-૨૦૧૫ દરમ્યાન શાળા આરોગ્ય ઉજવણી સપ્તાહ કાર્યક્રમ યોજવામાં આવ્યો જે અંતર્ગત જન્મથી ૧૮ વર્ષ સુધીનાં તમામ કોર્પોરેશન તથા ખાનગી શાળામાં જતાં,આંગણવાડીમાં જતાં અથવા શાળાએ ન જતાં તમામ બાળકોની સ્થળ પર તપાસ કરી સ્થળ પર જ સારવાર આપવામાં આવે છે.તથા સંદર્ભ સેવા પાત્ર બાળકોને સિવિલ હોસ્પિટલમાં મોકલવામાં આવેલ છે. જેમાથી સુપર સ્પેશ્યાલીસ્ટ સેવાઓની જરૂરવાળા બાળકો પૈકી

હૃદય રોગની ખામીવાળા	વી.એસ.હોસ્પિટલ, અમદાવાદ તથા યુ.એન.મહેતા હોસ્પિટલ, અમદાવાદ ખાતે
કીડની રોગની ખામીવાળા	ગુજરાત કીડની રીસર્ચ ઇન્સ્ટીટયુટ ખાતે
કેન્સર રોગને ખામીવાળા	કેન્સર રીસર્ચ ઇન્સ્ટીટયુટ ખાતે

મફત ઓપરેશન સહિતની સેવાઓ આપવામાં આવે છે. ઉપરાંત શાળા આરોગ્ય ઉજવણી સપ્તાહ અંતર્ગત વધુ જાગૃતિ લાવવા શાળાની પાણીઓની ટાંકીઓની સફાઇ, વાલી મીટીંગ, દાદા-દાદી મીટીંગ,સગર્ભા તંદુરસ્તી હરીફાઇ,બાળ તંદુરસ્તી હરીફાઇ, વાનગી હરીફાઇ યોજવામાં આવી તથા વિજેતાઓને ઇનામ વિતરણ સ્થાનિક કોર્પોરેટરશ્રીઓની હાજરીમાં કરવામાં આવ્યા.

વર્ષ ૨૦૧૪-૧૫ દરમ્યાન શાળા આરોગ્ય ઉજવણી સપ્તાહ કાર્યક્રમ અંતર્ગત થયેલ કામગીરી બાબત

ક્રમ		
૧	તપાસેલ બાળકો	૧૧,૨૪,૫૩૯
૨	સ્થળ પર સારવાર	૧,૮૯,૯૦૬
૩	સંદર્ભ સેવા પાત્ર બાળકો	૪૨,૪૨૩
૪	બાળ રોગ નિષ્ણાંત દ્વારા તપાસાયેલ બાળકો	૧૦,૭૮૧
૫	આંખ રોગના નિષ્ણાંત દ્વારા તપાસ્યા	૮,૫૫૦
૬	દાંત રોગના નિષ્ણાંત દ્વારા તપાસેલ બાળકો	૭,૮૫૬
૭	કાન,નાક,ગળાનાં રોગનાં નિષ્ણાંત દ્વારા તપાસેલ બાળકો	૫,૨૫૪
૮	ચાંમડીના નિષ્ણાંત દ્વારા તપાસેલ બાળકો	૭,૨૧૦
૯	શાળાઓની પાણીની ટાંકી ચકાસી	૧,૦૮૦
૧૦	કુલ યોજાયેલ સગર્ભા તંદુરસ્ત હરીફાઇ	૨,૦૪૬
૧૧	કુલ યોજાયેલ બાળ તંદુરસ્તી હરીફાઇ	૨,૦૪૬
૧૨	કુલ યોજાયેલ વાનગી હરીફાઇ	૧૧૮
૧૩	કુલ વિતરણ કરેલ ઇનામોની સંખ્યા	૫૪૩૪
૧૪	કુલ યોજેલ વાલી મીટીંગ	૧,૬૨૦
૧૫	કુલ યોજેલ દાદા-દાદી મીટીંગ	૨,૦૪૬

★ **સુપર સ્પેશ્યાલીસ્ટ સેવાઓ આપી**

(૧) હૃદય રોગના માટે ૫૯૯બાળકો

(૨)કીડની રોગના માટે ૩૨૮ બાળકો

(૩)કેન્સર રોગના માટે ૧૭૮ બાળકો,

(૪)ચશ્મા વિતરણ કરેલ ૨૯,૦૭૧ બાળકો.

તમામ શાળાઓની તથા શાળાના બાળકોની નામ જોગ એન્ટ્રી કોમ્પ્યુટરમાં રાજ્ય સરકારશ્રીની સુચના મુજબ કરવામાં આવી છે.

વર્ષ ૨૦૧૪-૧૫ માં કુલ ૦૨ ગરીબ કલ્યાણ મેળાઓ જુદા જુદા વોર્ડમાં યોજવામાં આવ્યા જેમાં દીકરી યોજના અંતર્ગત, જનની સુરક્ષા યોજના અંતર્ગત, ચિરંજીવી યોજના તથા બાળસખા યોજના અંતર્ગત લાભ લીધેલ લાભાર્થીઓને નેશનલ સેવીંગ સર્ટીફિકેટ / બેરર ચેકનું વિતરણ કરવામાં આવ્યું

દીકરીયોજના ના લાભાર્થીઓ	૩૨
ચિંરજીવી યોજનાના લાભાર્થીઓ	૧,૬૯૪
બાલ સખા યોજનાના લાભાર્થીઓ	૨,૯૧૨
જનની સુરક્ષા યોજનાના લાભાર્થીઓ	૫,૩૬૬

૨. <u>વર્ષ ૨૦૧૪-૧૫ દરમ્યાન લાભાર્થીઓને માટે નીચે મુજબ કુટુંબ નિયોજન પધ્ધતિના કેમ્પોનું આયોજન કરવામાં આવેલ છે.</u>

ક્રમ	સ્થળ	વાર	સેવાનો પ્રકાર
૧	વટવા મેટરનીટી હોમ	દર બુધવાર	સ્ત્રી નસબંધી ઓપરેશન
૨	માધુપુરા મેટરનીટી	બીજા ચોથે મંગળવાર	સ્ત્રી નસબંધી ઓપરેશન
૩	સાબરમતી મેટરનીટી	મંગળવાર	સ્ત્રી નસબંધી ઓપરેશન
૪	સરખેજ **CHC**	દરરોજ	સ્ત્રી નસબંધી ઓપરેશન,કોપર-ટી, શ.જી.ફ ઓપરેશન
૫	ચાંદખેડા **CHC**	દરરોજ	સ્ત્રી નસબંધી ઓપરેશન, કોપર-ટી, શ.જી.ફ ઓપરેશન
૬	દરેક અર્બન હેલ્થ સેન્ટર	દરરોજ	કોપર ટી સેવાઓ(નો ટચ ટેકનીક દ્વારા)તથા(શ.જી.ફ ઓપરેશન)

૩. <u>વર્ષ ૨૦૧૪-૧૫ દરમ્યાન અર્બન હેલ્થ સેન્ટર ખાતેથી અપાયેલ સેવાઓ.</u>

૨૬૦	પુરુષ ઓપરેશન લાભાર્થી
૨૪,૯૨૧	સ્ત્રી નસ બંધી ઓપરેશન લાભાર્થી
૩૮,૩૧૯	કોપર ટી લાભાર્થી
૩૮,૯૯૮	ઓરલ પીલ્સ લાભાર્થી
૫૧,૮૨૬	નિરોધ લાભાર્થી

૪. વર્ષ ૨૦૧૪-૧૫ દરમ્યાન કરેલ મેડીકલ કેમ્પની માહિતી

મેડીકલ કેમ્પ રીપોર્ટ															
ક્રમ	તારીખ	સેન્ટરનુ નામ	આવેલ કુલ લાભાર્થી	લાભાર્થી પૈકી તપાસેલા બાળકા (૦ થી ૫ વર્ષ)	લાભાર્થી પૈકી તપાસેલ સગર્ભા માતાઓ	રસીકરણ કરાયેલ બાળકો	લીધેલ લોહીની સ્લાઈડ	ફેમીલી પ્લાનીંગ માટે સલાહ	તાવ	તાવ + સાંધા	ઝાડા	ઝાડા + ઉલટી	શરદી-ખાંસી	ચામડી રોગ	અન્ય
	કુલ		૨૯૨૧૬	૮૧૪૫	૭૧૪૩	૩૫૧૧	૪૦૦૯	૮૨૫૯	૯૧૪૭	૩૪૪૭	૧૧૬૦	૬૬૮૫	૨૦૬૦	૮૧૭૪	૦

૩. વર્ષ દરમ્યાન કોર્પોરેશન વિસ્તારમાં ૧૦ એડોલેસન્ટ ફ્રેન્ડલી હેલ્થ સેન્ટરો કાર્યરત કરેલ છે કે જેઆ વિસ્તારની એડોલેસેન્ટ કિશોરો-કિશોરીઓને કાઉન્સલીગ તથા જરૂરી સેવાઓ પુરી પાડે છે.

કાઉન્સલીગ કરેલ એડોલેસેન્ટની સંખ્યા	**૧૬,૧૧૯**
આયર્ન ફોલીક એસીડ આપેલ લાભાર્થીની સંખ્યા	**૧૦,૬૧૬**
લોહીની તપાસ કરાવેલ લાભાર્થીની સંખ્યા	**૭,૪૧૫**
ટી.ટી. આપેલ લાભાર્થીની સંખ્યા	**૪,૦૧૭**

૪. અર્બન હેલ્થ સેન્ટરો દ્વારા વધુ સારી અસરકારક સેવાઓ આપી શકાય તે હેતુથી ફરજ બજાવતાં તમામ સ્ટાફની જુદા જુદા વિષયનાં નિષ્ણાંતો દ્વારા તબક્કાવાર ટ્રેઈનીગ આપી તમામ સ્ટાફની ગુણવતામાં સુધારો કરવામાં આવેલ છે.

- અર્બન હેલ્થ સેન્ટરો દ્વારા અપાતી આરોગ્યની સેવાઓનો પ્રચાર-પ્રસાર થઇ શકે તે હેતુથી એ.એમ.ટી.એસના બસ સ્ટેન્ડો મુખ્ય ચાર રસ્તા ખાતે, જાહેર સ્થળોએ આરોગ્યની સેવાઓની સેવાઓનો પ્રચાર કરતાં બોર્ડો / હોર્ડીગ લગાવવામાં આવેલ.

  પ્રોગ્રામની જાણકારી વિસ્તારમાં તથા ઘેર ઘેર પહોંચી શકે તે હેતુથી પ્રચાર રીક્ષા,ઉંટલારી દ્વારા પ્રચાર તથા પ્રોગ્રામની માહીતી આપતી પ્રત્રિકાઓ તૈયાર કરી તમામ લાભાર્થીઓ સુધી માહીતી પહોંચાડવામાં આવી.

  દરેક અર્બન હેલ્થ સેન્ટરની દિવાલો ખાતે જુદા જુદા પ્રોગ્રામની માહીતી પેઈન્ટીગ કરી તથા કેન્દ્રો ખાતે જુદાં જુદાં પોસ્ટરો લગાવી આરોગ્યનાં સંદેશાઓ કેન્દ્ર ખાતે આવતાં લાભાર્થીઓ સુધી પહોંચાડવામાં આવ્યાં.

  અમદાવાદ મ્યુ.કોર્પોરેશન દ્વારા ૨૦૧૪-૧૫ માં ઈસનપુર, નોબલનગર, અને ન્યુ વેજલપુર નવાં અર્બન હેલ્થ સેન્ટરોનુ લોકાર્પણ કરવામાં આવ્યુ.

૫. દરેક અર્બન હેલ્થ સેન્ટરો ખાતે કોમ્પ્યુટર,પ્રીન્ટર તથા ઈન્ટરનેટ કનેક્શન આપી કામગીરીની ગુણવતાં સુધારવામાં આવી તથા દરેક માસિક રીપોર્ટને વધુ અસરકારક તથા સચોટ બનાવવામાં આવેલ છે. રાજ્ય સરકારની સુચના મુજબ સ્લમ વિસ્તારના તમામ સગર્ભા માતા તથા બાળકોનું ઈ-સ્ચસાચ કાર્યક્રમ અંતર્ગત કોમ્પ્યુટરમાં ઈહાઅિ કરવામાં આવેલ છે તથા તે મુજબના વર્ક પ્લાન મુજબ તમામ લાભાર્થીઓને આરોગ્યની સેવાઓથી ૧૦૦ % આવરી લેવામાં આવે છે.

૬.૧૦ સેન્ટ્રલ મેડીકલ સ્ટોર્સ

૨૦૧૪-૧૫

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન ધ્વારા અમદાવાદની આમ જાહેર જનતાને સ્વાસ્થય - સુખાકારી માટે જરૂરી હોસ્પીટલો સંચાલન તેમજ સેનીટેશનની લગતી કામગીરી કરવામાં છે. સદર હોસ્પીટલો તેમજ સેનીટેશનની કામગીરી કરતી હોસ્પીટલો તેમજ મસ્ટર સ્ટેશનો માટે દવાઓ, મેડીકલ ઈકવીપમેન્ટ તેમજ સેનીટેશનને લગતી ચીજવસ્તુઓ ટેન્ડર ધ્વારા ખરીદ કરવાની કામગીરી સેન્ટ્રલ મેડીકલ સ્ટોર્સ ધ્વારા કરવામાં આવે છે. જેમાં મુખ્યત્વે શેઠશ્રી વા. સા. જનરલ હોસ્પીટલ, શેઠ લ. ગો. જનરલ હોસ્પીટલ, શ્રીમતી શા.ચી.લા.જનરલ હોસ્પીટલ તથા શેઠ ચી. હ. નગરી આંખની હોસ્પીટલ, ટી.બી. હોસ્પીટલ, ચેપીરોગ હોસ્પીટલ, ૫૫ અર્બન હેલ્થ સેન્ટ્રરોના વપરાશ સારૂ દવાઓ, મેડીકલ ઈકવીપમેન્ટસ તથા સેનીટેશનને લગતી જરૂરી ચીજોની ખરીદી ટેન્ડર ધ્વારા કરવામાં આવે છે. સેન્ટ્રલ મેડીકલ સ્ટોર્સની ખરીદી મુખ્યત્વે ટેન્ડર બહાર પાડી કરવામાં આવે છે. આ ઉપરાંત ડાયરેકટ પરચેઝ પણ કરવામાં આવે છે.

સેન્ટ્રલ મેડીકલ સ્ટોર્સમાં ત્રણ વિભાગ આવેલ છે.

મેડીકલ વિભાગ :-

મેડીકલ વિભાગ ધ્વારા અલગ અલગ દવાખાના , પ્રસુતિગૃહો, રેફરલ હોસ્પીટલ તથા જનરલ હોસ્પીટલો સારૂ હેલ્થને લગતી દવાઓ,ઈંજેકશનો તેમજ સર્જીકલને લગતા સાધનો વિગેરેની ટેન્ડર ધ્વારા ખરીદી કરવામાં આવે છે. મેડીકલ વિભાગ ધ્વારા અહેવાલી વર્ષમાં થયેલ ઈન્ડેન્ટની સંખ્યા - ૧૯૭૦ છે.

કોન્ઝર્વન્સી વિભાગ :-

કોન્ઝર્વન્સી વિભાગ ધ્વારા તગારા, પાવડા, ત્રિકમ, સોવેલ વિગેરે જેવી આઈટેમો સેન્ટ્રલ સ્ટોર્સ માંથી મેળવવામાં આવે છે. જયારે જુદા જુદા પ્રકારના ઝાડુ , ફિનાઈલ, એસીડ જેવી આઈટેમો ટેન્ડર ધ્વારા ખરીદી કરવામાં આવે છે. કોન્ઝર્વન્સી વિભાગ ધ્વારા અહેવાલી વર્ષમાં થયેલ થયેલ ઈન્ડેન્ટની સંખ્યા -૧૮૫૦ છે.

કંન્ટીજન્સી વિભાગ :-

આ વિભાગમાં હેલ્થ વિભાગને લગતી સ્ટેશનરી ઈસ્યુ કરવામાં આવે છે. સ્ટેશનરીનો સ્ટોક સેન્ટ્રલ સ્ટોર્સ તરફથી મેળવવામાં આવે છે. કંન્ટીજન્સી વિભાગ ધ્વારા હેલ્થ ખાતાનાં મસ્ટરો,દવાખાના,રેફરલ હોસ્પીટલને કંન્ટીજન્સી ઈસ્યુ કરવામાં આવે છે. અહેવાલી વર્ષમાં આ વિભાગ ધ્વારા આ વિભાગ ધ્વારા થયેલ ઈન્ડેન્ટની સંખ્યા - ૧૩૫૫ છે.

પત્રક

અહેવાલી વર્ષમાં મેડીકલ વિભાગની માસવાર ખરીદી અને ઈસ્યુની માહિતી દર્શાવતું પત્રક

(આવક રૂા. લાખમાં)

અ.નં.	માસ	૨૦૧૪-૧૫	
		ખરીદીની રકમ	ઈસ્યુની રકમ
૧	એપ્રિલ	૨૧.૪૯	૭૭.૩૭
૨	મે	૯૨.૫૭	૫૦.૪૩
૩	જુન	૬૮.૯૫	૧૯.૭૫
૪	જુલાઈ	૬૨.૮૫	૯૪.૩૨
૫	ઓગષ્ટ	૮૫.૯૫	૬૦.૯૬
૬	સપ્ટેમ્બર	૭૫.૫૩	૫૮.૫૮
૭	ઓકટોબર	૩૭.૨૩	૪૮.૩૩
૮	નવેમ્બર	૪૦.૧૫	૮૩.૬૬
૯	ડિસેમ્બર	૬૧.૭૭	૨૯.૮૨
૧૦	જાન્યુઆરી	૫૨.૪૬	૬૧.૫૪
૧૧	ફેબ્રુઆરી	૪૨.૫૭	૬૬.૫૯
૧૨	માર્ચ	૬૫.૮૪	૪૫.૨૪

	કુલ :-	૭૦૭.૩૬	૬૯૬.૫૯

પત્રક

અહેવાલી વર્ષમાં કોન્ઝર્વન્સી વિભાગની માસવાર ખરીદી અને ઈસ્યુની માહિતી દર્શાવતું પત્રક

(આવક રૂા. લાખમાં)

અ.નં.	માસ	૨૦૧૪-૧૫	
		ખરીદીની રકમ	ઈસ્યુની રકમ
૧	એપ્રિલ	૯.૬૦	૨૧.૧૧
૨	મે	૮.૬૩	૧૧.૪૫
૩	જુન	૧૯.૦૫	૨૩.૨૪
૪	જુલાઈ	૨૯.૩૦	૩૩.૧૬
૫	ઓગષ્ટ	૪૩.૮૪	૪૩.૭૨
૬	સપ્ટેમ્બર	૨૫.૪૨	૨૯.૯૬
૭	ઓકટોબર	૧૬.૩૮	૧૭.૧૮
૮	નવેમ્બર	૨૩.૯૮	૨૯.૫૪
૯	ડિસેમ્બર	૨૦.૨૩	૨૧.૯૪
૧૦	જાન્યુઆરી	૩૦.૧૯	૨૬.૦૬
૧૧	ફેબ્રુઆરી	૨૫.૨૨	૨૯.૬૨
૧૨	માર્ચ	૬૦.૬૨	૩૫.૦૫
	કુલ :-	**૩૦૨.૪૬**	**૩૨૨.૦૩**

- ઉપરોકત દર્શાવેલ પત્રકમાં સેન્ટ્રલ સ્ટોર્સ ધ્વારા મેળવેલ સ્ટોકની કિંમત સામેલ છે.

૬.૧૧ અર્બન કોમ્યુનીટી ડેવ.(યુ.સી.ડી.)
૨૦૧૪-૨૦૧૫

અમદાવાદ શહેરમાં ચાલીઓ તથા ઝુંપડપટ્ટીઓમાં વસતા અને ગરીબી રેખા નીચે જીવન જીવતા ગરીબ અને મધ્યમ વર્ગના લોકોનો દરેક ક્ષેત્રમાં સર્વાંગી વિકાસ થાય તેમજ તેઓનું જીવનધોરણ ઉંચું લાવવાના હેતુથી અમદાવાદ મ્યુનિ.કોર્પોરેશન યુનીસેફ કેન્દ્ર સરકાર અને રાજય સરકારના સહયોગથી ૧૯૮૦ માં યુ.સી.ડી.પ્રોજેકટ શરૂ કરેલ છે.

શરૂઆતમાં યુનીસેફ ધ્વારા ૧૦૦ ટકા સહાયથી આ પ્રોજેકટ ચલાવાતો હતો. પરંતુ ૧૯૮૬ થી રાજય સરકાર તથા અમદાવાદ મ્યુનિ.કોર્પોરેશનના અનુક્રમે ૪૦ તથા ૬૦ ટકા ફાળાથી આ પ્રોજેકટ ચલાવાય છે. આ પ્રોજેકટનો લાભ અમદાવાદ મ્યુનિ.કોર્પોરેશનના તમામ ૪૩ વોર્ડના તથા અ.મ્યુ.કોર્પો.માં સમાવેશ થયેલ ૧૯ નગરપાલિકા અને ૩૦ ગ્રામપંચાયત વિસ્તારની દરેક ચાલી તથા ઝુંપડપટ્ટીઓના શહેરી ગરીબોને પહોંચાડવાનો પ્રયત્ન કરવામાં આવે છે.

યુ.સી.ડી.પ્રોજેકટનું વહીવટી માળખું ત્રીસ્તરીય છે. જેમાં .....

૧) ડાયરેકટરની-૦૧ જગ્યા ભરેલી છે.

૨) કોમ્યુ.ઓર્ગેનાઈઝરની-૧૪ જગ્યા પેકી ૧૧ જગ્યા ભરેલી છે, જયારે વયમર્યાદાથી નિવૃત થતાં ૦૩ ખાલી જગા છે.

૩) આસી.કોમ્યુ.ઓર્ગેનાઈઝરની ૫૫ જગ્યાઓ પૈકી ૫૨ જગ્યાઓ ભરેલી છે.

૪) કોમ્યુ.વોલીયેન્ટર્સની-૨૦ જગ્યાઓનો પૈકી ૧૨ જગા ભરેલી છે. ૦૮ જગાઓ ખાલી છે.

૧) **<u>સુર્વણ જયંતિ શહેરી રોજગાર યોજના :</u>**

એસ.જે.એસ.આર.વાય યોજના અંતગર્ત શહેરી ગરીબો આર્થિક સ્વરોજગારી મેળવી સ્વાવલંબી બની શકે તે માટે તેઓને રાષ્ટ્રીયકૃત બેંકો તથા પ્રાઈવેટ સેકટરની બેંકો મારફતે જરૂરી નાંણાકીય લોન સબસીડી મળી શકે તે હેતુથી આ યોજના અમલમાં આવી હતી. પરંતુ, સપ્ટેમ્બર-૧૩ થી ભારત સરકાર પુરસ્કૃત સુર્વણ જયંતિ શહેરી રોજગાર યોજના પુનઃગઠિત થઈ રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન યોજના (શેંન્સ)ના નામે અમલમાં આવેલ છે. જીવજીઇરૂ યોજના હેઠળ ૨૦૧૩-૧૪ ના વર્ષના અંતે ૧૮૮૭ અરજીઓ બેંકોમાં નિરાકરણ વગર પડતર રહેલ તે પૈકી બેંકોએ કુલ ૧૨૦ અરજીઓ મંજુર કરેલ છે. તથા બેંકો ધ્વારા લાભાર્થીને ચુકવેલ કુલ રૂા.૧૦૧.૪૯ લાખની લોન સામે અત્રેથી બેંકોને લાભાર્થીને ચુકવવા માટે રૂા.૨૫.૩૭ લાખની સબસીડી યુસીડી વિભાગ ધ્વારા ચુકવાયેલ છે. વર્ષ દરમ્યાન કુલ ૩૩૫ અરજીઓ બેંકોએ જુદા-જુદા કારણોસર ખાતાને પરત કરેલ છે. તેમજ ૨૦૧૪-૧૫ના વર્ષને અંતે ૧૪૩૨ અરજીઓ બેંકો પાસે પડતર છે.

મ્યુ.કમિશ્નરશ્રીના મંજુરીના ઠરાવ નં.૦૨ તા.૩-૫-૨૦૧૪થી મળેલ મંજુરી મુજબ એન.યુ.એલ.એમ. યોજનાના ૦૬ ઘટક પૈકી નીચે મુજબના ૦૪ ઘટકનું અમલીકરણ યુસીડી વિભાગે કરવાનું થાય છે. રાજય સરકારશ્રીના ગુજરાત અર્બન લાઈવલીહુડ મિશન વિભાગ ધ્વારા માર્ગદર્શન મળે તે મુજબ સદર યોજનાનું અમલીકરણ કરવાનું થાય છે.

(૧)સામાજીક ગતિશિલતા અને સંસ્થાગત વિકાસ(૨) ક્ષમતા ઘડતર અને તાલીમ (૩)સ્વરોજગાર કાર્યક્રમ (૪) કૌશલ્ય તાલીમ અને સ્થળ નિર્ધારણ ધ્વારા રોજગાર

૨) **<u>મિશનમંગલમ (અર્બન) યોજના</u>** :

રાજયસરકારશ્રીએ વર્ષ ૨૦૧૨-૧૩ માં ગુજરાત સરકારનાં શહેરીવિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગનાં ઠરાવ ક્રમાંક :મંગલ:૨૦૧૦૧૧/એફ-૧૮૪૩/ધ.તા.૧૫-૨-૧૨થી શહેરી વિસ્તાર માટે મિશન મંગલમ (અર્બન) યોજના અમલીકરણમાં મુકેલ. આ યોજના અંતગર્ત રાજયના શહેરી વિભાગોમાં શહેરી ગરીબ કુટુંબોને એક જૂથ અને સંગઠીત કરવા સ્વરોજગારી માટે કૌશલ્યવર્ધક તાલીમ પૂરી પાડવા, અંગત બચત માટે પ્રોત્સાહીત કરવા તથા જૂથના સભ્યોને આંતરિક ધિરાણ મળી રહે અને તેમની આર્થિક જરૂરિયાત સંતોષાય તેમજ સ્વરોજગાર મેળવી સ્વનિર્ભર થાય, તેમજ આ જુથોને સ્વસહાય ધ્વારા આર્થિક પ્રવૃતિ સાથે સાંકળી શકાય, તેમનામાં આંતરીક બચત-ધિરાણની વ્યવસ્થા ઉભી થાય અને તેઓનું આર્થિક પાસુ મજબૂત કરવા માટે બેંકોમાથી કેશક્રેડીટ સ્વરૂપે આર્થિક સહાય અને ધિરાણ મળી રહે તેવાં ગરીબ કુટુંબોને આર્થિક રીતે પગભર કરવાનાં ઉદ્દેશ સામે મિશન મંગલમ(અર્બન) યોજના અમલીકરણ કરવામાં આવે છે.

અમદાવાદ મહાનગરપાલિકામાં યુ.સી.ડી. વિભાગ ધ્વારા મિશનમંગલમ(અર્બન) યોજના અમલમાં મુકવામાં આવેલ. જે અંતગર્ત યુ.સી.ડી. વિભાગ ધ્વારા અમદાવાદ શહેરનાં જુદા જુદા વિસ્તારોમાં મહિલા બચત અને ધિરાણ મંડળોની રચના કરવાની તેમજ તેઓનાં રજીસ્ટ્રેશન કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ.

મિશનમંગલમ(અર્બન) યોજના અંતગર્ત યુ.સી.ડી.વિભાગનાં કોમ્યુ.ઓર્ગેનાઈઝર તેમજ કોમ્યુ.વોલયન્ટીયર,સમાજ સંગઠક(મિશન મંગલમ) ધ્વારા કુલ ૧૫૮૯ મંડળોનું રજીસ્ટ્રેશન કરવામાં આવેલ. તેમજ ૧૯૯૭ મંડળોના બેંકોમાં ખાતા ખોલવાની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ તેમજ ૫૩૫ બચતજૂથોને પ્રથમ તબકકાનું તેમજ ૯૨ બચત જુથોને બીજા તબક્કાનું

રીવોલ્વીંગ ફંડ ચુકવવામાં આવેલ છે.આમ કુલ્લે ૬૨૭ જૂથોને કુલ્લે બે તબક્કાનું રીવોલ્વીંગ ફંડ કુલ્લે રૂા.૪૬.૯૪ લાખ ચુકવવામાં આવેલ છે.

- અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન જાન્યુઆરી-૨૦૧૫ અને ફેબ્રુઆરી-૨૦૧૫ પલ્સ પોલિયો કામગીરીનું મોનીટરીંગ કરેલ છે.
- કોર્પોરેશનના અન્ટીરેબિઝ કલીનીકના કાર્યો તેમજ રસીનું મોનીટરીંગ HIV,AIDS માટે ટાર્ગેટેડ ઇન્ટર વેલ્યુએશન STI કલીનીકનું સુપરવીઝન ડા.હેમંત તિવારી, ડા.રાકેશ શાહ તેમજ ડા. વૈભવ રામાનુજે કરેલ.
- તેમજ અવારનાવર થતા ઝાડા ઉલ્ટી મેલેરિયા કમળાના કેસનું એપેડેમીક ઇન્વેસ્ટીગેશન કરેલ.
- PSBS વર્કશોપ March-૨૦૧૫માં થયો હતો. જેમાં M.B.B.S.(Batch-૨૦૧૧) ના વિદ્યાર્થીઓએ પ્રોજેકટ શરૂ કરેલા ખાતાનાં ફેકલ્ટી પ્રોફેસર, એસોસીયેટ પ્રોફેસર, આસીસ્ટન્ટ પ્રોફેસર તેમજ ટયુટરનાં માર્ગદર્શન હેઠળ પ્રોજેકટ કરીને સપ્ટેમ્બર ૨૦૧૧ માં પ્રેઝેન્ટેશન કરેલ.

- મેડિકલ એજ્યુકેશન ટેકનોલોજી યુનીટનાં નેજા હેઠળ બેઝીક તથા એડવાન્સ કોર્ષની વિવિધ વર્કશોપનું આયોજન કરેલ હતું. જે દરેકમાં ડૉ. અપરાજિતા શુકલા તેમજ ડૉ. જય કે. શેઠ ફેસીલીટર તરીકે ગયેલા હતા.આ ઉપરાંત તેઓએ ગુજરાત રાજયની તથા રાજય બહારની વિવિધ મેડીકલ કોલેજોમાં મેડીકલ એજ્યુકેશનની ટ્રેનીંગમાં MCI તરફથી ઓબ્ઝર્વર તરીકે ગયા હતા.
- ગુજરાત રાજય દ્વારા ડિપાર્ટમેન્ટને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનાં ત્રણ ઝોનમાં થતી ઈમ્ભલ્ય પ્રોગ્રામને અંતર્ગત થતી વિવિધ કાર્યક્રમો તથા કામગીરીનું વર્ષ દરમ્યાન ડિપાર્ટમેન્ટના આસીસ્ટન્ટ પ્રોફેસરો દ્વારા મુલ્યાંકન કરવામાં આવેલું હતું.
- ૧૪ ફેબ્રુઆરી-૨૦૧૫ થી એપ્રિલ-૨૦૧૫ દરમ્યાન સ્વાઇન ફ્લુ હેલ્પલાઇન મેડિકલ કોલેજમાં ખોલવામાં આવી હતી. જેમાં ખાતાનાં આસીસ્ટન્ટ પ્રોફેસરો, ટયુટર તથા રેસીડેન્ટ તથા ઇન્ટર્ન ડૉકટરોએ ૨૪ કલાક ફરજ બજાવેલ હતી. પ્રાઇવેટ હોસ્પીટલ સ્વાઇન ફ્લુ ફેસીલીટી ઇવેલ્યુએશન કરેલ છે. યુનિસેફ દ્વારા હિંમતનગર જિલ્લામાં સ્વાસ્થ સંવેદના એનાં પ્રોજેકટને અંતર્ગત ડિપાર્ટમેન્ટનાં ફેબ્રુઆરી -૨૦૧૫ થી એપ્રિલ-૨૦૧૫ દરમ્યાન એસોસીયેટ પ્રોફેસરોએ અને આસીસ્ટન્ટ પ્રોફેસરોએ ૩૦ કલસ્ટર્સ સર્વે કરેલ અને ૮૬ આરોગ્ય કાર્યકરોને તાલીમ આપી હતી.
- કોર્પોરેશન દ્વારા ત્રણ ઝોનમાં સ્વાઇન ફ્લુ વેકટર બોર્ન રોગો વગેરેનાં મૃત્યુનાં કેશ ઓડીટની કામગીરી જયારે પણ સોપવામાં આવેલ ત્યારે કામગીરી કરેલ છે.
- STI માટે નિયમિત રીતે ડૉ.હેમંત તીવારી, ડૉ.વૈભવ રામાનુજ, ડૉ.રાકેશ શાહ અને ડૉ.નિતિન સોલંકી મુલ્યાકન કરે છે.અને અહેવાલ આપે છે.
- SBB કોલેજ ઓફ ફિઝીયોથેરાપી ડિપાર્ટમેન્ટમાં આસીસ્ટન્ટ પ્રોફેસર તથા રેસીડેન્ટ ડૉકટરો નિયમિત રીતે લેકચર લેવા ગયેલ હતા. તેમજ પેપર સેટીંગ તથા ચેકીંગ પણ એસોસીયેટ પ્રોફેસરો તથા આસીસ્ટન્ટ પ્રોફેસરોએ કરેલ હતું.
- ઓગસ્ટ ૨૦૧૪માં V.S. Hospital નાં તમામ રેસીડેન્ટ ડૉકટરોની MCCD ની બે દિવસ ની ટ્રેનીંગ કરેલ હતી.
- ઓગસ્ટ-૨૦૧૪ અમદાવાદ મ્યુનીસિપલ કોર્પોરેશનનાં તમામ પ્રસુતિગૃહાનાં સ્ટાફ નર્સોની કાંગારૂ સંભાળ તાલીમ ડિપાર્ટમેન્ટનાં એસોસીયેટ પ્રોફેસરોએ કરેલ હતી. તથા પિડીયાટ્રીકના પ્રોફેસરોએ પણ કરેલ હતી.

લાયબ્રેરી

અહેવાલી વર્ષ દરમ્યાન મ્યુનિસિપલ મેડીકલ કોલેજની સેન્ટ્રલ લાયબ્રેરીમાં કુલ ૧૮,૫૯૧ પુસ્તકો અને ૮,૧૮૪ જેટલા સામયિકો બાંધેલા છે. આ ઉપરાંત લાયબ્રેરીમાં ૧૩૨ કેસેટો, ૧૪૩ ફિલ્મ સ્લાઇડ, ૫૩ વિડીયો કેસેટસ, અને ૧૭૫ CDROM છે.

વર્ષ દરમ્યાન સેન્ટ્રલ લાયબ્રેરીમાં કુલ ૧૧૮૩ સામયિકો બંધાવેલ છે. જેનો ખર્ચ રૂા.૧,૩૦,૧૩૦/- થયેલ છે.

કોલેજના તથા કોલેજ સંલગ્ન હોસ્પીટલોના ટીચીંગ / કલીનીકલ સ્ટાફને તેમજ રીસર્ચ કરતા ડોકટરો માટે ઉપયોગી તબીબી વિષયના પુસ્તકો, સામયિકો અને ડીઝર્ટેશન લાયબ્રેરીમાં રાખવામાં આવેલ છે. આ ઉપરાંત લાયબ્રેરીમાં ફોરેન જર્નલ્સ Electronic Medium on CD ROM of Ovid Technology with 59 journals + Full Medline 1966 to 2001 JmtJuj Au.

કોલેજ લાયબ્રેરીમાં યુ.જી./ પી.જી. સ્ટુડન્ટસ તથા ટીચીંગ સ્ટાફ માટે સામયિક વિભાગ, ઇન્ટરનેટ વિભાગ અને રેફરન્સ બુકસ વાંચવા માટેનો એરીયા સેન્ટ્રલી એસી છે. લાયબ્રેરીમાં ૧૮ કોમ્પ્યુટરમાં ઇન્ટરનેટ જોડાણ કરેલ છે. જે સગવડ સ્ટુડન્ટસ તેમજ ટીચીંગ / કલીનીકલ સ્ટાફને વિના મુલ્યે આપવામાં આવે છે. જે દ્વારા યુ. જી./ પી. જી. સ્ટુડન્ટસ તથા ટીચીંગ /કલીનીકલ સ્ટાફ ઇ બુકસ, ઇ જર્નલ્સ તથા વૈશ્વીક ઇ રીસોર્સસ દ્વારા અદ્યતન માહિતી પ્રાપ્ત કરી શકે છે. લાયબ્રેરીમાં ઝેરોક્ષની સુવિધા ઉપલબ્ધ છે.

૯.૪ એએમસી મેટ મૅડિકલ કોલેજ

૨૦૧૪-૧૫

અમદાવાદ શહેરના શહેરીજનોને તેમના સ્વાસ્થય અંગેના રોગોના નિરાકરણ માટે સારા ડૉકટરો મળી રહે તેમજ અમદાવાદ અને ગુજરાતના તેજસ્વી વિર્ધાર્થીઓને એમ.બી.બી.એસ.ના મૅડિકલ અભ્યાસક્રમમાં ઘર આંગણે પ્રવેશ મળી રહે તે હેતુથી અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન તરફથી એએમસી મૅડિકલ એજયુકેશન ટ્રસ્ટ દ્વારા અમદાવાદ શહેરનાં મણિનગર જેવાં સુશિક્ષિત વિસ્તારમાં આવેલ શેઠ લલ્લુભાઈ ગોરધનભાઈ મ્યુનિ. જનરલ હોસ્પિટલના કેમ્પસમાં સને ૨૦૦૯થી એએમસી મેટ મૅડિકલ કોલેજની સ્થાપના કરવામાં આવેલ છે. આ કોલેજમાં એમ.બી.બી.એસ.નો અભ્યાસક્રમ ભણાવવાંમા આવે છે.સદરહું કોલેજ ખાતે દર વર્ષે ૧૫૦ એમ.બી.બી.એસના વિધાર્થીઓના પ્રવેશની મંજુરી મેડિકલ કાઉન્સીલ ઓફ ઈન્ડિયા તથા ભારત સરકારશ્રી તરફથી મળેલ છે જે પૈકી ૧૨૭ સીટ પર સેન્ટ્રલ એડમીશન કમિટી બી.જે મેડિકલ કોલેજ અમદાવાદ દ્વારા પ્રવેશ આપવામાં આવે છે જયારે ૨૩ સીટો NRI કવોટા માટેની છે. હાલમાં કોલેજ ખાતે ૭૫૦ વિર્ધાર્થીઓ અભ્યાસ કરી રહેલ છે તથા પ્રથમ બેચના વિધાર્થીઓની ઈન્ટર્નશીપ ચાલુ છે.

અત્રેની કોલેજ ખાતે પોસ્ટ ગ્રેજયુએટના તબીબી અભ્યાસક્રમો ચાલુ કરવા મેડિકલ કાઉન્સીલ ઓફ ઈન્ડિયા ભારત સરકારશ્રીનેઅરજીરવામાં એનાટોમી,પી.એસ.એમ,માઈક્રોબાયોલોજી,ફાર્મેકોલોજી,પેથોલોજી વિભાગમાં P.G ના અભ્યાસક્રમની મંજુરી મળી ગયેલ છે મળેલ મંજુરી પૈકી ફિઝીયોલોજી,ફાર્મેકોલોજી તેમજ પેથોલોજી વિભાગમાં જુન-૨૦૧૫ થી P.G નો અભ્યાસક્રમ ભણાવવાનુ ચાલુ થઇ ગયેલ છે.તથા કલિનિકલ વિભાગમાં પોસ્ટ ગ્રેજયુએશન ના અભ્યાસક્રમની મંજુરી મેળવવાની કાર્યવાહી હાલમા ચાલુ છે.

એએમસી મેટ મૅડિકલ કોલેજના જુદા જુદા વિભાગો દ્વારા વર્ષ ૨૦૧૪/૧૫ દરમ્યાન કરવામાં આવેલ કામગીરીનો અહેવાલ વિભાગ મુજબ નીચે દર્શાવ્યા પ્રમાણે છે.

- **<u>એનાટોમી વિભાગ :-</u>**

૧. **<u>લેકચર્સ :-</u>**

- ગ્રોસ એનાટોમી લેકચર્સ :- ૧૦૦
- હિસ્ટોલોજી લેકચર્સ :- ૨૨
- એમ્બ્રીયોલોજી લેકચર્સ :- ૨૦
- જીનેટીકસ લેકચર્સ :- ૦૮
- ડિસેકશન :- ૨૪૦
- હિસ્ટોલોજી પ્રૅકટિકલ :- ૫૦
- ગ્રૂપ ડિસ્કશન :- ૨૦
- ડેમોન્સ્ટ્રેશન :- ૫૨
- સેમીનાર ફોર ટીચર્સ :- ૦૬
- ટોટલ એકઝામ :- ૦૬ (૧૫ કલાક થિયરી અને ૧૫ કલાક પ્રૅકટિકલ)

➢ **<u>ફીઝીયોલોજી વિભાગ :-</u>**

- એમ.સી.આઈ. તરફથી LOP આવી જતાં ઓગસ્ટ ૨૦૧૪થી નવું શૈક્ષણિક સત્ર શરુ થયું.વર્ષમાં ૧૫૦વિદ્યાર્થીઓ ને પહેલા વર્ષ એમબીબીએસમાં પ્રવેશ મળ્યો અને ઓરિયન્ટેશન પ્રોગ્રામ સાથે જ એક દિવસ ફિઝિયોલોજી વિષયનું શિક્ષણ શરૂ થયુ.
- જાન્યુઆરી ૨૦૧૫ માં M.D ફિઝીયોલોજી માટે MCI તરફ થી પરમીશન મળી જતા આ વર્ષ જુન ૨૦૧૫ થી M.D ફિઝીયોલોજી નુ શિક્ષણ કાર્ય શરૂ થયુ.આ કોર્ષ માં ૨ વિધાર્થીઓ ને પ્રવેશ મળયો.
- PH.D ફિઝીયોલોજી માં ૧ વિધાથી ને પ્રવેશ મળતા કુલ PH.D કરતા વિધાર્થી ની સંખ્યા ૩ થઇ.
- ફિઝીયોલોજી વિષયના પ્રેકટીકલોનું જ્ઞાન વિવિધ લેબોરેટરીઓમાં ડિપાર્ટમેન્ટના જૂનિયર અને સીનીયર ફેકલ્ટીઓ દ્વારા આપવામાં આવ્યુ. જેમાં હિમેટોલોજી લેબોરેટરીમાં લોહીને તપાસવાની વિવિધ પધ્ધતિઓ પ્રેકટિકલ દ્વારા વિર્ધાર્થીઓને શીખવવામાં આવી. કલીનીકલ અને હુમન ફિઝીયોલોજી લેબોરેટરીમાં વિર્ધાર્થીઓને દર્દીનાં ફેફસાં, હદય, બ્રેન, પલ્સ, બ્લડ પ્રેસર, બોડી ટેમ્પ્રેચર, વગેરે તપાસવાની પધ્ધતિ પ્રેકટિકલો દ્વારા કૃત્રિમ હોસ્પિટલ - કલીનીક જેવું વાતાવરણ ઉભું કરી શીખવવામાં આવે છે. એક્ષપેરીમેન્ટલ અને એમ્ફીબીયન લેબોરેટરીમાં ચેતાં, હદય, સ્નાયુના વિવિધ ગ્રાફો અને ચાર્ટ, દ્વારા નિર્દેશન કરવામાં આવ્યું. તેમજ દર્દીઓના ફોટોગ્રાફ દ્વારા પણ જરુરી નિર્દેશન કરવામાં આવ્યું હતું.
- વર્ષ ૨૦૧૪-૨૦૧૫ દરમ્યાન લેખિત, મૌખિક,વાઈવા વોઈસ,એમ.સી.કયુ.,ટૂંકા પ્રશ્નો ટેસ્ટ, ગ્રૂપ ડિસકશન, ટયુટોરીયલ જેવી વિવિધ પધ્ધતિઓ દ્વારા વિર્ધાર્થીઓને ફિઝીયોલોજીના જ્ઞાનનું વિવિધ તબકકે મૂલ્યાંકન પણ કરવામાં આવેલ. જેની જાણ વિર્ધાર્થીઓને કરેલ હતી. વર્ષ દરમ્યાન ચાર મહત્વની પરીક્ષાઓનું આયોજન ડિપાર્ટમેન્ટ દ્વારા કરવામાં આવ્યું હતુ. જેમાં બે પિરીયોડીકલ ટેસ્ટ, એક પ્રથમ સંત્રાત પરીક્ષા, એક પ્રિલીમનરી ટેસ્ટનો પણ સમાવેશ થાય છે.
- 1st B.D.S નાં ૧૦૦ વિધાર્થીઓને ઉકત ફિઝીયોલોજી વિષયનુ શિક્ષણ અને ઇવેલ્યુએશન MBBS નાં વિદ્યાર્થીઓને સમાંતર આપવામાં આવ્યુ.
- પ્રિલી. પરીક્ષાના પરીણામ બાદ MBBS અને B.D.S નાં તમામ વિદ્યાર્થીઓને જુલાઈ - ૨૦૧૫માં લેવાનાર ગુજરાત યુનિવર્સીટી પરીક્ષામાં મોકલવમાં આવ્યાં.
- ડિપાર્ટમેન્ટનાં ફેબ્રુઆરી ૨૦૧૫ માં એક યોગ શિબિરનું આયોજન કરવામાં આવયુ અને યોગ વિષય પર એક સંશોધનપત્ર પણ પબ્લીશન કરવામાં આવ્યુ.
- આ ઉપરાંત ડિપાર્ટમેન્ટ દ્વારા APPI Gujarat State ના ઉપક્રમે એક રાષ્ટ્રીય લેવલની કોન્ફરન્સ "Critical care" વિષય પર તા-૨૧-૦૯-૨૦૧૪ ના રોજ મળવામાં આવી હતી.આ કોન્ફરન્સ ને Gujarat Medical Council દ્વારા ચાર કલાકની એક્રીડીટેશન કરવામાં આવી હતી.જેમા ૨૫૦ જેટલા ડેલિગેટસ્‌એ ભાગ લીધો હતો અને ૧૦૦ જેટલા સંશોધન પત્રો રજુ કરવામાં આવ્યા હતા.
- ડિપાર્ટમેન્ટે એક રાષ્ટ્રીય લેવલ ની ફિઝીયોલોજીની કવીઝ માં ૩ વિદ્યાર્થીઓને મોકલવામાં આવ્યા હતા તેમજ વર્ષ દરમ્યાન અન્ય રાષ્ટ્રીય કોન્ફરન્સોમાં તેમજ અન્ય મડિકલ યુનિર્વસીટીઓમાં ડિપાર્ટમેન્ટની ફેકલટીઓએ ભાગ લીધો હતો.
- ડિપાર્ટમેન્ટના વડા ડૉ. જનાર્દન ભટ્ટની લીડર શીપ હેઠળ એન.એસ.એસ. યુનિટનાં સામાજીક સેવાના કાર્યો ને આગળ ધપાવવામાં આવ્યા હતા અને એક બ્લડ ડોનેશન કેમ્પ અને અન્ય મેડિકલ કેમ્પો નુ આયોજન કરવામાં આવ્યુ હતુ.
- ડિપાર્ટમેન્ટ દ્વારા કુલ ચાર રિસર્ચ પેપરો પબ્લીશ થયાં હતાં.

➢ **<u>બાયોકેમેસ્ટ્રી વિભાગઃ-</u>**

- એમસીઆઈના ધારાધોરણ મુજબ સદર વિભાગ વર્ષ ૨૦૦૯ના ઓગષ્ટ માસથી શરુ કરવામાં આવેલ છે.
- વર્ષ ૨૦૧૪/૨૦૧૫ દરમયાન આ વિભાગ દ્વારા રેગ્યુલર લેકચર્સ,ટયુટોરિયલ પ્રેકટીકલ અને વાયવા લેવામાં આવેલ છે.તેમજ વિભાગના સ્ટાફ દ્વારા સેમીનારનું આયોજન કરવામાં આવેલ તથા નિયમ અનુસાર થીયરી અને પ્રેકટીકલની પરીક્ષાઓ સમયાંતરે લેવામાં આવેલ છે.

- એમસીઆઈના ધારાધોરણ મુજબ જરુરી સાધન સામગ્રી મંગાવી નવી લેબોરેટરીનો વિકાસ કરવામાં આવેલ છે.
- અત્રેના ડિપાર્ટમેન્ટમાં ગુજરાત યુનિવર્સીટીની MBBSની વાર્ષિક પરીક્ષા નિયમીત ધોરણે લેવામાં આવે છે.
- પ્રથમ વર્ષ બી.ડી.એસ.(ડેન્ટલ કોલેજ, એ.એમ.સી.મેટ)ના વિદ્યાર્થીઓને બાયોકેમેસ્ટ્રી વિષયનું DCI અને ગુજરાત યુનિવર્સીટીના ધારાધોરણ મુજબ શિક્ષણ આપવામાં આવે છે.અને તેઓના સત્રાંતે પ્રેકટીકલ પરીક્ષા દ્વારા મુલ્યાંકન કરવામાં આવેલ.ગુજરાત યુનિવર્સીટીના આદેશ મુજબ પ્રથમ વર્ષ બી.ડી.એસની બાયોકેમેસ્ટ્રી વિષયની વાર્ષિક પ્રેકટીકલ પરીક્ષાનું ધર્ભૈં અને ગુજરાત યુનિવર્સીટીના ધારાધોરણ મુજબ મુલ્યાંકન કરવામાં આવેલ.

- CMLT ના વિધાર્થીઓને બાયોકેમેષ્ટ્રી વિષયનુ ગુજરાત યુનિવર્સીટીનાં ધારાધોરણ મુજબ શિક્ષણ આપવામાં આવે છે અને તેઓની થીયરી અને પ્રેકટીકલ પરીક્ષા દ્વારા મુલ્યાંકન કરવામાં આવલે છે. ગુજરાત યુનિવર્સીટીનાં આદેશ મુજબ CMLT ની બાયોકેમેષ્ટ્રી વિષયની વાર્ષિક પરીક્ષાનુ ગુજરાત યુનિવર્સીટીનાં ધારાધોરણ મુજબ મુલ્યાંકન કરવામાં આવે છે.
- અંત્રેની કોલેજ સાથે સંલગ્ન એલ.જી. મ્યુનિ.જનરલ હોસ્પિટલમા કલીનીકલ બાયોકેમેસ્ટ્રી વિભાગની લેબોરેટરીમાં વર્ષ - ૨૦૧૪/૨૦૧૫ દરમ્યાન થયેલ લેબોરેટરી ટેસ્ટની માહિતી સામેલ છે.

અ.નુ.	**૨૦૧૪/૧૫ દરમ્યાન કરવામાં આવેલ ટેસ્ટની વિગત**	**સંખ્યા**
૧.	બાયોકેમેસ્ટ્રી વિભાગ દ્વારા કરવામાં આવેલ વિવિધ ટેસ્ટની કુલ સંખ્યા	૮,૦૭,૩૯૯

➢ **<u>કોમ્યુનિટી મેડિસીન વિભાગ :-</u>**

૧) **<u>શૈક્ષણિક પ્રવૃતિઓ :-</u>**

ક્રમ	વર્ષ	પ્રકાર	દિવસ	સમય
૧	પ્રથમ	લેકચર,	શનિવાર	૯ થી ૧૦
		ફિલ્ડ વિઝીટ	શનિવાર	૧૦ થી ૧૨
		ગ્રૂપ ડિસ્કશન	શનિવાર	૧૨ થી ૧
૨	દ્રિતીય(સત્ર ૩)	લેકચર	સોમવાર	૨ થી ૩
			શુક્રવાર	૨ થી ૩
૩	દ્રિતીય(સત્ર ૩)	લેકચર	શુક્રવાર	૧૨ થી ૧
		કોમ્યુનીટી પોસ્ટીંગ	સોમ થી શનિવાર	૯ થી ૧૨
૪	તૃતીય(સત્ર ૬)	લેકચર	મંગળવાર	૧૨ થી ૧
			ગુરુવાર	૧૨ થી ૧
		કોમ્યુનીટી પોસ્ટીંગ	સોમ થી શનિવાર	૯ થી ૧૨
૫	તૃતીય(સત્ર ૭)	લેકચર	બુધવાર	૧૨ થી ૧
		કોમ્યુનીટી પોસ્ટીંગ	સોમ થી શનિવાર	૯ થી ૧૨

૨) <u>વિભાગના સભ્યો દ્વારા પામેલ / આપેલ તાલીમની વિગત :-</u>

૧."IBBS" Training at NARI, Pune.

૨. ઈન્ટર્ન ડોકટરને RNTCP, IDSP અને PPTCT ની તાલીમ આપવામાં આવેલ.

૩. Training on Polio supervision at AMC Ahmedabad.

૩) <u>કોન્ફરન્સ / વર્કશોપ / CME:-</u>

- ૧. IAPSM - GC Confereance at GMERS, Sola.
- ૨. "RNTCP-IMA" Workshop at LG Hospital.
- 3. CME-" Blood Safety and Rational use of blood Componeat" at L.G Hospital.
- ૪. Seminar on "Women Day" at AMC MET DENTAL COLLAGE, Khokhara.
- ૫. વર્કશોપ on RNTCP IDSP at L.G Hospital.
- ૬. Conference on WCTOH-2015 at Abudhabi.
- ૭. CME on Nutrition at NHL MMC.
- ૮. Evidence based medicine-conference at Waghodia.
- ૯. "Arogya Swaraj" વર્કશોપ at GMERS, Sola.
- ૧૦. "Critical care workshop" at AMC MET Medical Collage.
- ૧૧. IMA-NAT-CON 2015, Conference at Ahmedabad.

૪) <u>અન્ય પ્રવૃતિઓ</u>

૧. ડેથ ઓડિટને લગતી કામગીરી અમદાવાદ (દક્ષિણ, પૂર્વ, ઉત્તર ઝોનમાં).
૨. Acute gastooenteritics epidemic ના તેમજ Swineflu epidemic ને લગતી કામગીરી.
૩. Swineflu helpline ને લગતી કામગીરી.
4. Hospital assessment for treating Swineflu patients.
૫. Polio અને NID ના Supervision ને લગતી કામગીરી.
૬. Supportive supervision as state surveillance Team for IBBS & HSS.
૭. ZTF meeting of RNTCP at Jodhpur.
૮. Co-Ordinated the "Diabetes Walk" on world Diabetes Day 14th Nov.
૯. "Chief minister women Epowerment pap smear camp" and celebration of ªWorld Breast feeding week" બારેજા ખાતે.
૧૦. Quiz અને Diabetes કોમ્પીટીશન GCS Medical Collage ખાતે.
૧૧. UHTC ઈસનપુર તેમજ ખોખરા ખાતે કેમ્પને લગતી કામગીરી.
૧૨. RHTC જેતલપુર ખાતે કેમ્પનું આયોજન.
૧૩. "Health Research Workshop" અન્ડર ગ્રેજયુએટ સ્ટુડન્ટ માટે.
૧૪. IIPH ગાંધીનગર ખાતે "National Health Policy" મા ભાગ લીધેલ.
૧૫. ગુજરાત યુનીવર્સીટી ના અંતર્ગત Curriculum of PSM વિષયની મીટીગ.
૧૬. Lacture on BCC અને Health care communication ગુજરાત વિધાપી
૧૭. IIPSM reform meet at GMERS Sola.
૧૮. IAPSM-Journal reform meet at GCC-MC.
૧૯. Judging and chairing sessions at the Conference of IAPSM.
૨૦. રીસર્ચને લગતી કામગીરી, રાજયસ્તરની, રાષ્ટ્રીય સ્તરની તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરની જર્નલ માં
૨૧. પબ્લીકેશન ને લગતી કામગીરી.
૨૨. વિભાગ અંતર્ગત ચાલતા વિવિધ પ્રોજેકટને લગતી કામગીરી.

- **3rd First year M.B.B.S students (2011 Batch)-Project List** બિડાણ નં :- ૧
- **Health Research workshop project-vii Semester (Batch** ૨૦૧૦/૧૧) <u>બિડાણ નં :- ૨</u>

➢ <u>માઈક્રોબાયોલોજી વિભાગ:-</u>

૧. એમ.સી.આઈ.ના ધારા ધોરણ મુજબ સદર વિભાગનો વિકાસ કરવામાં આવેલ છે. સદર વિભગનું એમ.સી.આઈ. દ્વારા તા. ૨૭ અને ૨૮ જાન્યુઆરી તથા ૨૬ અને ૨૭ મે - ૨૦૧૪માં ઇન્સપેકશન હાથ ધરવામાં આવેલ.

૨. સપ્ટેમ્બર ૨૦૧૪ માં એમ.ડી. માઈક્રોબાયોલોજી નુ MCI દ્વારા ઇન્સપેકશન હાથ ધરવામાં આવેલ.જે અંતર્ગત એમ.ડી માઈક્રોબાયોલોજીમાં પ્રતિ વર્ષ બે વિધાર્થીઓના એડમિશનની મંજુરી મળેલ છે.

૩. દ્રિતીય વર્ષ એમ.બી.બી.એસ ના વિધાર્થીઓને માઈક્રોબાયોલોજી વિષયનું MCI અને ગુજરાત યુનિવર્સીટીના ધારા ધોરણ મુજબ શિક્ષણ આપવામા આવેલ અને સત્રાંતે થિયરી અને પ્રેકટિકલ પરીક્ષા દ્વારા વિધાર્થીઓનું મૂલ્યાંકન કરવામાં આવેલ.

૪. દ્રિતીય વર્ષ, બી.ડી.એસ., (ડેન્ટલ કોલેજ, એ.એમ.સી મેટ)ના વિધાર્થીઓને માઈક્રોબાયોલોજી વિષયનું DCI અને ગુજરાત યુનિવર્સીટીના ધારા ધોરણ મુજબ શિક્ષણ આપવામા આવેલ અને સત્રાંતે થિયરી અને પ્રેકટીકલ પરીક્ષા દ્વારા વિદ્યાર્થીનું મૂલ્યાંકન કવામાં આવેલ.

૫. ગુજરાત યુનિર્વસીટીના આદેશ મુજબ દ્રિતિય વર્ષ એમ.બી.બી.એસ ની માઈક્રોબાયોલોજી વિષયની વાર્ષિક પ્રેકટીકલ પરીક્ષાનું MCI અને ગુજરાત યુનિવર્સીટીના ધારા ધોરણ મુજબ મુલ્યાંકન કરવામાં આવેલ.

૬. ગુજરાત યુનિવર્સીટી માન્ય મેડિકલ લેબોરેટરી ટેકનીશીયન (CMLT) નો કોર્ષ વર્ષ - ૨૦૧૨થી અત્રેની મેડિકલ કોલેજ સાથે સંલગ્ન એલ.જી. હોસ્પિટલમાં શરુ કરવામાં આવેલ છે. હાલમાં CMLT ના વિદ્યાર્થીઓને ગુજરાત યુનિવર્સીટીનાં ધારા ધોરણ મુજબ ટ્રેનીગ તથા શિક્ષણ આપવામાં આવે છે.

૭. અત્રેના માઈક્રોબાયોલોજી વિભાગ દ્વારા વખતોવખત થતાં આઉટબ્રેક તથા એપિડેમીક (Outbreak & epidemic) ની કામગીરી રેપિડ રિસ્પોન્સ ટીમ (Rapid response Team) અંતર્ગત કરવામાં આવેલ છે.

૮. અત્રેની એલ.જી. હોસ્પિટલમાં આવેલ મેડિકલ કોલેજનાં માઈક્રોબાયોલોજી વિભાગમાં સુધારેલ ક્ષય-નિયંત્રણ કાર્યક્રમ અનુસાર ભમ્શછછ્ લેબોરેટરીની સુવિધા ઉપલબ્ધ કરાવેલ છે.આ લેબોરેટરીમાં મુકાયેલ GeneXpert મશીન દર્દીના ગળફાના નમુનામાંથી ટીબીના જીવાણું શોધવાનું તથા દવા પ્રત્યેનું રેઝીસ્ટ્ન્સ જાણવા માટેનું અત્યાધુનિક મશીન છે. જે ફકત બે કલાકમાં આ નિદાન કરે છે.આ મશીન અમદાવાદ ખાતેના સરકારી દવાખાનાઓ પૈકી ફકત અત્રેના વિભાગમાં ઉપલબ્ધ છે. અહીં અમદાવાદના બધાં જ વોર્ડ પરાવિસ્તાર તેમજ આજુબાજુના જિલ્લાઓમાંથી ટીબી રેઝીસ્ટ્ન્ટ (MDR) કેસોની તપાસ માટે સેમ્પલ આવે છે.

૯. અત્રેની મેડિકલ કોલેજ સાથે સંલગ્ન એલ.જી.હોસ્પિટલમાં આવેલ માઈક્રોબાયોલોજી વિભાગની લેબોરેટરીમાં થયેલ કામગીરીનું લિસ્ટ સામેલ કરેલ છે. (સને ૨૦૧૪ - ૨૦૧૫)

અ.નુ.	૨૦૧૪ - ૧૫ દરમ્યાન કરવામાં આવેલ ટેસ્ટની વિગત	સંખ્યા
૧	કલ્ચર અને એન્ટીબાયોટીક સેન્સીટીવીટી તપાસ	૬૩૬૧
૨	સ્ટેઈનીંગ (લોહી,ગળફા,પેશાબ,ડીપ્થેરીયા,ગેસ ગ્રેન્ગ્રીન વગેરે)	૭૬૪૮
૩	ફુગ(KOH) અને ફુગ કલ્ચર	૫૯૩
૪	સીરોલોજી (Widal, RA, CRP, ASO, VDRL) વિગેરે	૧૮૨૪૫
૫	યુરીન પ્રેગ્નનસી ટેસ્ટ	૨૬૧૨
૬	HIV/AIDS ની તપાસ	૧૧૬૭૯
૭	હિપેટાઈટીસ બી ની તપાસ	૧૮૭૧૪
૮	ઝાડાની તથા કોલેરાની તપાસ	૬૧૮
૯	વાયરોલોજી ટેસ્ટ (ડેન્ગ્યુ,સ્વાઈનફ્લુ,HAV, HEV, JEV, ચંદીપુરા,CCHF વગેરે)	૮૬૬
૧૦	મલેરીયા રેપીડ ટેસ્ટ	૧૬૭૨૯
૧૧	ગળફામાંથી ટીબીના જીવાણુની તથા MDR - TB ની તપાસ (Gene Expert)	૩૭૪૪
	કુલ	૮૭૮૦૯

➢ **<u>ફોરેન્સિક મેડિસીન વિભાગઃ-</u>**

- MCI ના ધારા ધોરણ મુજબ સદર વિભાગનો વિકાસ કરવામાં આવેલ છે.વર્ષ ૨૦૧૪-૧૫ દરમ્યાન વિભાગના મ્યુઝિયમમાં પાંચ વધારે Specimen નો વધારો કરવામાં આવેલ.
- MBBSના દ્વિતિય વર્ષનાં ફોરેન્સિક મેડિસીન વિષયનું MCI અને ગુજરાત યુનિવર્સીટીના માર્ગદર્શન મુજબ વિર્ધાર્થીઓને શિક્ષણ આપવામાં આવેલ છે. સત્રાંતે સદર વિભાગ દ્વારા વિધાર્થીઓની કસોટી (થીયરી,પ્રેકટીકલ)લેવામાં આવે છે. તથા સ્ભઉી ટેસ્ટનું પણ આયોજન કરવામાં આવેલ છે. તથા વિધાર્થી દ્વારા સેમિનારનુ પણ આયોજન કરવામાં આવેલ છે.
- આગામી સત્ર (પાર) શરુ થતાં MBBSનાં દ્વિતિય વર્ષના વિર્ધાર્થીઓને MCI માર્ગદર્શન મુજબ પોસ્ટ મોર્ટમ જોવા અંગેનું આયોજન કરવામાં આવેલ છે.૧૦ પોસ્ટ મોર્ટમ ફરજિયાત દરેક વિદ્યાર્થીને જોવાનું આયોજન કરવામાં આવેલ છે.

ગુજરાત યુનિવર્સીટી જાન્યુઆરી - 2015માં UG (2nd MBBS) ની પ્રેકટીકલ પરીક્ષા આ વિભાગમાં લેવામાં આવી હતી.

- એમબીબીએસ પાસ થયેલ તબીબોની ઈન્ટનશીપનું પોસ્ટીગ ફોરેન્સીક મેડિસીન વિભાગમાં શરૂ કરવામાં આવેલ છે.જેમા તબીબો ને મેડિકોલીગલ વિષય પર જ્ઞાન આપવામાં આવેલ છે.
- એમબીબીએસ પાસ થયેલ તબીબ પાસેથી ફોરેન્સીક મેડિસીન અને ટોકસિકોલોજી નાં MCQ તૈયાર કરાવી ડિપાર્ટમેનટમાં સ્ભઊી બેંક બનાવવાનું આયોજન કરેલ છે.તથા PPT દ્વારા Presentation નુ પણ આયોજન કરવામાં આવેલ છે.
- વિભાગનાં પ્રોફેસર અને વડા શ્રી ડૉ.સૌમિલ પી. મર્ચન્ટ દ્વારા તા.૦૫.૧૨.૨૦૧૫ના રોજ CCC+ ની પરીક્ષા પાસ કરેલ છે.
- વિભાગના વડા ડૉ.સૌમિલ પી. મર્ચન્ટ એ વર્ષ - ૨૦૧૪ - ૨૦૧૫ માં મેડિકલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા (MCI) દ્વારા (યુજી તથા પીજી)ના ઈન્સ્પેકશન કરેલ છે, અને ગુજરાત યુનિવર્સીટી અને અન્ય યુનિવર્સીટીની વર્ષ ૨૦૧૪-૧૫ ની યુજી/પીજીની પરીક્ષા લીધેલ છે.
- વિભાગના વડા ડૉ.સૌમિલ પી. મર્ચન્ટ એ ૨૦૧૫ના પીજી (એમડી)ના નવા એડમિશનમાં મેડિકલ કોલેજ તરફથી રીપ્રેજન્ટ કરેલ છે.
- વિભાગના વડા ડૉ.સૌમિલ પી. મર્ચન્ટે વર્ષ ૨૦૧૪-૧૫ માં એ.એમ.સી મેટ દ્વારા લેવામાં આવેલ FM Tutor ના ઇન્ટરવ્યુમાં વિષયના નિષ્ણાંત તરીકે સેવા આપેલ છે.
- વિભાગના વડા ડૉ.સૌમિલ પી. મર્ચન્ટ દ્વારા તાઃ-૦૩.૦૫.૨૦૧૫ નાં રોજ સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજયુકેશન દ્વારા લેવામાં આવેલ AIPMT ની Exam માં Observer તરીકે મુંબઈમાં સેવા આપેલ છે.

➢ **<u>ફાર્મેકોલોજી વિભાગ :-</u>**

૧. સ્ભૈં નાં ધારાધોરણ મુજબ ફાર્મોકોલોજી વિભાગનો વિકાસ કરવામાં આવ્યો છે.MCI ટીમ દ્વારા તા.૨૨.૦૯.૨૦૧૪માં અમારા વિભાગનું ઈન્સ્પેકશન હાથ ધરવામાં આવ્યું.અને ૧૯ જાન્યુઆરી ૨૦૧૫ નાં રોજ પી.જી નાં ઇન્સ્પેકશન થયા.

૨. મેડિકલ કોલેજનાં દ્રિતિય વર્ષ એમ.બી.બી.એસ.નાં ફાર્મોકોલોજી વિભાગનું સ્ભૈં તથા ગુજરાત યુનિવર્સીટીનાં ધારા ધોરણ મુજબ શૈક્ષણિ કાર્યક્રમ કરવામાં આવેલ છે. સત્ર દરમ્યાન MCQ Test, Viva, Practical Test તથા સત્રનાં અંતે થિયરી તથા પ્રેકટિકલ પરીક્ષાનું મુલ્યાંકન કરવામાં આવે છે.

૩. આગામી સત્રનું દ્રિતિય વર્ષ MBBS નું શૈક્ષણિક આયોજન કરવામાં આવેલ છે.

૪. MCI તથા ગુજરાત યુનિવર્સીટીનાં ધારા ધોરણ મુજબ 2nd BDS માટે ફાર્મોકોલોજી લેકચર તથા પ્રેકટિકલ લેવામાં આવેલ છે. સત્રનાં અંતે થિયરી તથા પ્રેકટિકલ પરીક્ષા લઈ મૂલ્યાંકન કરવામાં આવેલ.

૫. એથીકસ કમીટીના મેમ્બર સેક્રેટરી ડૉ. ગુરુશરણ ડુમરા દ્વારા એલ.જી. હોસ્પિટલના કલીનીકલ ટ્રાયલનું કામ ચાલુ છે.

૬. ફાર્માકોવીઝીલન્સ સેલ ના ઇન્ચાર્જ ડૉ.સીખા સુદ ફાર્માકોવીઝીલન્સ ની કામગીરી સંભાળે છે.

૭. જુન ૨૦૧૫ થી ૩ પી.જી સ્ટુન્ડન્ટનુ શૈક્ષણિક કાર્ય અને સેમિનાર ચાલુ થયુ.

➢ **<u>પેથોલોજી વિભાગ :-</u>**

૧. મેડિકલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના ધારા ધોરણ મુજબ પેથોલોજી વિભાગનો વિકાસ કરવામાં આવ્યો છે. MCI ટીમ દ્વારા જાન્યુઆરી ૨૦૧૫ માં વિભાગનું ઈન્સ્પેકશન થયેલ.જેના પરિણામે MCI દ્વારા આ કોર્ષ મા પાંચ સીટ ની માન્યતા મળેલ છે અને જુલાઇ-૨૦૧૫ થી ગુજરાત યુનિવસીટી દ્વારા એ.એમ.સી.મેટ મેડિકલ કોલેજ ના પેથોલોજી વિભાગમા પાંચ વિધાર્થીઓ ને એમ.ડી પેથોલોજી કોર્ષ મા એડમીશન આપવામાં આવેલ છે.

૨. મેડિકલ કોલેજના સેકન્ડ એમ.બી.બી.એસ.ના વિધાર્થીઓને MCI તથા ગુજરાત યુનિવર્સીટીના ધારા ધોરણ મુજબ શિક્ષણ પ્રદાન કરવામાં આવેલ. સત્ર દરમ્યાન MCQ Test તથા સત્રના અંતે થિયરી અને પ્રેકટિકલ પરીક્ષા લઈ તેમનું મૂલ્યાંકન કરવામા આવેલ છે.

૩. એ.એમ.સી. ડેન્ટલ કોલેજના સેકન્ડ બી.ડી.એસ.ના વિર્ધાર્થીઓને પેથોલોજી વિષયનું શિક્ષણ ડેન્ટલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા તથા ગુજરાત યુનિવર્સીટીના ધારા ધોરણ મુજબ શિક્ષણ પ્રદાન કરવામાં આવેલ, સત્ર દરમ્યાન MCQ Test તથા સત્રના અંતે થિયરી અને પ્રેકટિકલ પરીક્ષા લઈ તેમનું મૂલ્યાંકન કરવામાં આવેલ છે.

૪. ગુજરાત યુનિવર્સીટી દ્વારા આયોજીત સેકન્ડ એમ.બી.બી.એસ.(મેડિકલ) તથા બી.ડી.એસ.(ડેન્ટલ)ના વિદ્યાર્થીઓની પ્રેકટિકલ પરીક્ષાઓ નિર્ધારીત સમયે અત્રે લેવામાં આવે છે.

૫. ઓગષ્ટ ૨૦૧૨ થી ગુજરાત યુનિવર્સીટી સંલગ્નન તથા મંજૂરી સાથે પેથોલોજી, માઈક્રોબાયોલોજી,અને બાયોકેમેસ્ટ્રી વિભાગનાં સંયુકત ઉપક્રમે એમ.એલ.ટી.(મેડિકલ લેબોરેટરી ટેકનીશીયન) નો એક વર્ષનો કોર્ષ શરુ કરેલ છે.

૬. બ્લડ બેંકમાં કેન્દ્ર સરકાર દ્વારા બ્લડ કોમ્પોનન્ટ સેપરેશન યુનિટનું લાયસન્સ મળેલ છે તો એલ.જી જનરલ હોસ્પિટલ મા સારવાર લેવા દાખલ થતા દર્દીઓ ને જુન-૨૦૧૪ થી જરૂરી રકત અને તેના ઘટકો પુરા પાડવામાં આવે છે.

૭. નાર્કો તથા ગુજરાત સ્ટેટ બ્લડ ટ્રાન્સફ્યુશન કમિટી દ્વારા યોજિત બ્લડ બેંક ટ્રેનીંગ પ્રોગ્રામમાં આસીસ્ટન્ટ પ્રોફેસર ડૉ. બીરેન જે. પરીખે ટ્રેઈનર તરીકે યોગદાન આપેલ છે.

૮. પેથોલોજી વિભાગના ડૉકટર સ્ટાફ દ્વારા ઈન્ડેક્ષ જર્નલોમાં પેપર પ્રકાશિત કરવા મોકલવામાં આવેલ છે.

૯. નાર્કો તથા ગુજરાત સ્ટેટ એઈડસ કંટ્રોલ સોસાયટી દ્વારા યોજીત બ્લડ બેંક માટેની ટ્રેનીંગ ડૉકટરો તથા લેબોરેટરી ટેકનીશીયનોએ લીધેલ છે.

૧૦. કોલેજ સાથે સંલગ્ન એલ.જી. જનરલ હોસ્પિટલના પેથોલોજી વિભાગની વિવિધ લેબોરેટરીઓમાં થયેલ કામગીરી આ સાથે પત્રકમાં સામેલ છે.

૧૧. (અ) પેથોલોજી વિભાગના વડા ડૉ. દિપક એસ.જોષી ગુજરાત યુનિવર્સીટીના બોર્ડ ઓફ સ્ટડીઝ મેડિકલ ફેકલ્ટીના પ્રીકલીનીકલ તથા પેરાકલીનીકલ વિષયોના વિભાગનાં ચેરમેન તરીકે સેવાઓ આપે છે.

(બ) ગુજરાત યુનિવર્સીટીની એકેડેમીક કાઉન્સીલના મેમ્બર તથા મેડિકલ ફેકલ્ટીના મેમ્બર તરીકે ફરજ બજાવે છે.

(ક) ડૉ. દિપક એસ. જોષી એ.એમ.સી. મેટ મેડિકલ કોલેજનાં પ્રીકલીનીકલ,કલીનીકલ, તથા પેરાકલીનીકલ વિષયોના કો.ઓર્ડીનેટર ઓફ એકઝામીનેશન તરીકે સેવાઓ પ્રદાન કરે છે.

(ડ) ડૉ. દિપક એસ. જોષી એ વર્ષ - ૨૦૧૪ ૨૦૧૫ માં મેડિકલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના ૨૦ ઈન્સ્પેકશન કરેલ છે.

૧૨. પેથોલોજી વિભાગની બ્લડ બેંક દ્વારા વર્ષ ૨૦૧૪ – ૨૦૧૫ માં ૧૦ રકતદાન શિબિરનું આયોજન કરેલ છે અને એકત્ર કરેલ રકત તથા તેના ઘટકો હોસ્પિટલ માં દાખલ દર્દીની સારવાર માં ઉપયોગમાં લેવામાં આવેલ છે.

૯.૫ એસ.બી.બી.કોલેજ ઓફ ફીઝીયોથેરાપી
૨૦૧૪-૧૫

એસ.બી.બી.કોલેજ ઓફ ફીઝીયોથેરાપી સેલ્ફ ફાયનાન્સ કોલેજ છે. જેમાં સને ૧૯૯૯ થી ૩૦ વિદ્યાર્થીઓની ઇન્ટેક કેપેસીટીથી બી.ફીઝીયોથેરાપીનો કોર્સ શરુ કરવામાં આવેલ. ત્યારબાદ ૨૦૦૫ માં ૩૦ સીટોમાં વધારો કરી ૫૦ વિદ્યાર્થીઓની ઇન્ટેક કેપેસીટી કરવામાં આવેલ. જે સાડા ચાર વર્ષનો કોર્સ છે. ત્યારબાદ સને ૨૦૦૬ માં માસ્ટર્સ ઇન ફીઝીયોથેરાપીનો કોર્સ ૧૮ વિદ્યાર્થીઓની ઇન્ટેક કેપેસીટી શરુ કરવામાં આવેલ છે. જે બે વર્ષનો કોર્સ છે. કોલેજ ગુજરાત યુનીવર્સીટી, ગુજરાત સરકાર તથા ઇન્ડીયન એસોસીએશન ઓફ ફીઝીયોથેરાપીની માન્યતા ધરાવે છે. દર વર્ષે યુ.જી. તથા પી.જી. ની પરીક્ષા માં ગુજરાત યુનીવર્સીટી ખાતે વિદ્યાર્થીઓ પ્રથમ, દ્વિતીય કે તૃતીય સ્થાન મેળવે છે. ડીપાર્મેન્ટ ખાતે ઓર્થોપેડીક, ન્યુરો પીડીટ્રીકના દર્દીઓને સારવાર આપવામાં આવે છે તથા ઇલેક્ટ્રો વિભાગ દ્વારા દર્દીઓને શેકની સારવાર આપવામાં આવે છે.

એ.એમ.સી.મેડીકલ એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા સંચાલિત સેલ્ફ ફાયનાન્સ એસ.બી.બી.કોલેજ ઓફ ફીઝીયોથેરાપીની સ્થાપના સને ૧૯૯૯ ના મે માસમાં થયેલ હતી. ફીઝીયોથેરાપી કોલેજમાં સ્નાતક તથા અનુસ્નાતક ફીઝીયોથેરાપી શિક્ષણ આપવામાં આવે છે.આ કોલેજ ગુજરાત રાજ્યની નામાંકિત કોલેજ છે. આ કોલેજ ને ૩૦ ફીઝીયોથેરાપીની સીટોની પ્રથમ માન્યતા મળેલ હતી. પરંતુ સને ૨૦૦૭ માં વધુ ૨૦ સીટોનો વધારો કરી ૫૦ ફીઝીયોથેરાપીની સીટો રાખવામાં આવેલ છે. અત્રેની કોલેજ ને ઇન્ડીયન એસોસીયેશન ઓફ ફીઝીયોથેરાપીની માન્યતા મળેલ છે તેમજ અત્રેની કોલેજ ગુજરાત યુનીવર્સીટી સાથે જોડાણ ધરાવે છે. અમદાવાદ મ્યુનીસીપલ કોર્પોરેશન સંચાલિત વા.સા.જન.હોસ્પિટલ, શા.ચી.લા.જન.હોસ્પિટલ, શ્રી ચી.હ.નગરી મ્યુ.આંખની હોસ્પિટલ તેમજ ટી.બી એન્ડ ચેસ્ટ હોસ્પિટલ ફીઝીયોથેરાપી કોલેજ સાથે સંલગ્ન છે. સને ૨૦૧૪-૨૦૧૫ ના આખરે કોલેજમાં વિદ્યાર્થીઓની સંખ્યા ૧૯૮ છે અને ઓગસ્ટથી શરુ થતા સત્રમાં ૫૦ વિદ્યાર્થીઆને પ્રવેશ આપવામાં આવેલ હતો. જેમાં વર્ષ ૨૦૧૩-૨૦૧૪ દરમ્યાન કોલેજના કુલ ખર્ચ ૧,૯૬,૯૩,૪૫૨.૦૦ છે. વર્ષ ૨૦૧૩-૨૦૧૪ ની ટયુશન ફી ની આવક રુ.૩,૦૫,૨૫,૭૮૦.૦૦ થઇ છે. વર્ષ ૨૦૧૪-૨૦૧૫ દરમ્યાન કોલેજના કુલ ખર્ચ ૧,૭૪,૩૫,૨૧૮.૦૦ છે. વર્ષ ૨૦૧૪-૨૦૧૫ ની ટયુશન ફી ની આવક રુ.૩,૨૦,૬૯,૧૨૬.૦૦ થઇ છે. આ કોલેજ માં ભણતા ફાઇનલ ઇયર તથા એમ.પી.ટી. ના વિદ્યાર્થીઓને જુદી જુદી ઇન્સ્ટીટયુટની વીસીટ માટે મોકલવામાં આવે છે. કોલેજ ખાતે પોસ્ટ ગ્રેજ્યુએટનો કોર્સ ચલાવવામાં આવે છે. જેમાં વિદ્યાર્થીઓને પુરતી સગવડ આપવામાં આવે છે. અહેવાલી વર્ષમાં પ્રથમ વર્ષ બી.પી.ટી. માં ઓગસ્ટ ૨૦૧૩-૧૪ માં પ્રથમ વર્ષનુ પરીણામ ૭૩.૦૦% હતું. દ્વિતીય વર્ષનું પરીણામ ૮૦.૦૫% હતું. તૃતીય વર્ષનું પરીણામ ૭૧.૧૫% હતું તથા ફાઇનલ વર્ષનું પરીણામ ૯૩.૪૮% હતું.

કોલેજ ખાતે અનુસ્નાતક ફીઝીયોથેરાપી નો કોર્સ ૧૮ સીટોની માન્યતાથી શરુ કરવામાં આવેલ છે. જેમાં કોલેજ ને ઇન્ડીયન એસોસીએશન ઓફ ફીઝીયોથેરાપીની માન્યતા મળેલ છે તેમજ અત્રેની કોલેજ ગુજરાત યુનીવર્સીટી સાથે જોડાણ ધરાવે છે.અનુસ્નાતક કોર્સમાં ચાર સ્પેશયાલીટી દ્વારા એડમીશ કરવામાં આવે છે જેમાં રીહેબીલીટેશન, ઓર્થોપેડીક ન્યુરોલોજી તથા કાર્ડીયોપલ્મોનારી ના વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવે છે. જે એડમીશન ગુજરાત યુનીવર્સીટીની એન્ટ્રાન્સ પરીક્ષા દ્વારા આપવામાં આવે છે. વર્ષ ૨૦૧૫ માં કોલેજ નું અનુસ્નાતક ફીઝીયોથેરાપી નું પરીણામ ૯૫% આવેલ છે. જેમાં કોલેજ માં ફીઝીયોથેરાપી ઇન ઓર્થોપેડીકમાં ગોલ્ડ મેડલ મળેલ છે.

કોલેજ ખાતે પોતાની અદ્યતન લાયબ્રેરી છે. જેમાં ફીઝીયોથેરાપીને લગતા તથા મેડીકલ ને લગતા પુસ્તકો તથા જર્નલ્સ રાખવામાં આવેલ છે.

ફીઝીયોથેરાપી ડીપાર્ટમેન્ટ છેલ્લા ૫૦ વર્ષથી વી.એસ.ખાતે કાર્યરત છે. જેમાં મસ્કયુલોસ્કેલેટલ ડીપાર્ટમેન્ટ, ન્યુરોલોજી ડીપાર્ટમેન્ટ (એડલ્ટ, પીડીયાટ્રીક) ઇલેક્ટ્રોથેરાપી ડીપાર્ટમેન્ટ તથા કાર્ડીયોપલ્મોનરી ડીપાર્ટમેન્ટ ચાલે છે. રોજના ૨૭૫ થી વધુ દર્દીઓ જુદી જુદી થેરાપી તથા શેક માટે આવે છે. ડીપાર્ટમેન્ટ માં ન્યુરોલોજી વિભાગમાં નાના બાળકોની સ્પેશ્યલ ટ્રીટમેન્ટ દ્વારા સારવાર આપવામાં આવે છે તેમજ કાર્ડીયોપલ્મોનરી વિભાગમાં હૃદય અને ફેફસાના ઓપરેશન કરાવ્યા બાદની ફીટનેસ માટેના પ્રોગ્રામ ચલાવવામાં આવે છે તથા ઓબેસીટી ક્લીનીક પણ ચાલે છે તથા ઇ.એમ.જી તથા પી.એફ.ટી ના અદ્યતન સાધનો દ્વારા વ્યાજબી દરે ટેસ્ટ કરવામાં આવે છે. આ ડીપાર્ટમેન્ટ માં ભારના સ્ટેટના વિદ્યાર્થીઓ ઇન્ટર્નશીપ કરવા માટે આવે છે.

વર્ષ દરમ્યાન આવેલ દર્દીઓને જુદી જુદી સારવારમાં આપવામાં આાવેલ તેની માહિતી નીચે મુજબ છે.

૧)	ડાયાથર્મી આપેલ દર્દીની સંખ્યા	૪૩,૩૦૦
૨)	મેડીકલ કરન્ટ આપેલ દર્દીની સંખ્યા	૩૨,૦૧૦
૩)	આઇ.આર. અને યુ.વી.આર. આપેલ દર્દીની સંખ્યા	૧,૭૩૫
૪)	હાઇડ્રોથેરાપી	૪,૩૩૦
૫)	અલ્ટ્રાસોનીક દર્દીની સંખ્યા	૨૯,૫૩૪
૬)	કસરત થેરાપી	૨,૦૨,૦૧૦
૭)	આઇ.એફ.ટી. અને લેસર	૨૨,૨૫૨
૮)	શોક વેવ થેરાપી	૬૪૫
૯)	ઇ.એમ.જી.એન.સી.વી.	૧,૦૦૦
૧૦)	પી.એફ.ટી.	૧,૦૦૦

<u>એકેડેમીક પ્રવૃતિ</u>

૧) કોલેજ એ સ્ટેટ લેવલ તથા નેશનલ લેવલ ની કોન્ફરન્સ હોસ્ટ કરેલ ૨૦૧૩-૧૪ માં તથા ૨૦૧૪-૧૫ માં વડોદરા ખાતે ફીઝીયો સમીટ (ઇન્ટરનેશનલ) માં વિદ્યાર્થીઓએ પેપર તથા પોસ્ટર પ્રેઝન્ટેશન કરેલ જેમાં પોસ્ટ
ગ્રેજ્યુએટ લેવલ નાં ૪ સ્ટુડન્ટસને પ્રથમ એષોર્ડ એનાયત થયેલ છે.

૨) કોલેજ માં ૨૦૧૪-૨૦૧૫ માં જુદા જુદા ચાર વર્કશોપ કરવામાં આવેલ છે.
૧) ન્યુરો ડાયનામીક - ડો.કીરણ
૨) મુલીગન કોન્સેપ્ટ - ડો.દીપક કુમાર
૩) ફીટનેસ એન્ડ એન્ટીનેટલ પોસ્ટનેટલ -ડો.ચોક્રબર્તી
૪) ઇલેક્ટ્રોથેરાપી બેસીક્સ - ડો.નેહલ, ડો.મેઘા

<u>ગુજરાત યુનીવર્સીટીની પરીક્ષામાં બેઠેલ તથા પાસ થયેલ વિદ્યાર્થીઓની માહિતી દર્શાવતું પત્રક</u>

જુલાઈ - ૨૦૧૪-૧૫			
	કુલ વિદ્યાર્થીઓ	પાસ થયેલ વિદ્યાર્થીઓ	ટકાવારી
પ્રથમ વર્ષ બી.પી.ટી.	૫૩	૪૬	૮૭%
દ્વિતીય વર્ષ બી.પી.ટી.	૪૩	૩૧	૭૨.૯૩%
તૃતીય વર્ષ બી.પી.ટી	૪૬	૨૯	૬૩.૦૪%
ફાયનલ વર્ષ બી.પી.ટી.	૪૭	૪૨	૯૦.૦૦%

૯.૬ પુસ્તકાલયો અને વાંચનાલયો

૨૦૧૪-૧૫

અમદાવાદ શહેરના નગરજનોની જ્ઞાનપિપાસા સંતોષવા તથા દરેક નાગરીકને દેશ અને દુનિયાની ખબરોથી વાકેફ રાખવા , જાગૃતતા લાવવા, માહિતી અને મનોરંજન તથા જ્ઞાન સાથે ગમ્મતથી સંસ્કાર સિંચનનું અવિરત ઝરણું વહેવડાવાની સાથે સાથે વાચકોની જ્ઞાનની સીમા વધારવા પુસ્તકાલયો/વાચનાલયો સદા કાર્યશીલ રહયા છે. ઉત્સાહી જ્ઞાનપિપાસુ વાચકો માટે હાલમાં અમદાવાદ શહેરનાં પાંચ ઝોનમાં જ્ઞાનની પરબ સમાન કુલ-૪૪ પુસ્તકાલયો/વાચનાલયો કાર્યરત છે. આ જ્ઞાનની પરબ સમાન પુસ્તકાલય/વાંચનાલયમાં ગુજરાતી, હીન્દી, અને અંગ્રેજી ભાષાઓના કુલ-૧૧૭૦ સામૈયકો તથા કુલ-૩૩૯ દૈનિક વર્તમાનપત્રો મંગાવીને દરેક પ્રકારના વાચક વર્ગની જ્ઞાનપિપાસા સંતોષવા પુસ્તકાલય ખાતુ હંમેશા પ્રયત્નશીલ રહયુ છે.

અહેવાલી વર્ષ સને ૨૦૧૪-૧૫ માં ભા.ના. મ્યુ.પુસ્તકાલયમાં -૧૫૪ સભાસદો , મહાત્મા ગાંધી મ્યુ.પુસ્તકાલયમાં-૯૩ , પં.દિ.દ.ઉ.મ્યુ. મ્યુ.પુસ્તકાલયમાં-૧૭૨, પટેલ કે.કે. મ્યુ.પુસ્તકાલયમાં-૧૧૭૩, ગોવર્ધનરામ ત્રિપાઠી મ્યુ.પુસ્તકાલયમાં-૩૩૬, એમ કુલ તમામ મ્યુ.પુસ્તકાલયોનો ૧૬૯૬ સભાસદો ગ્રંથ સંગ્રહનો અવિરત લાભ લેતા રહયા છે. એક જ વાંચનાલયમાં સામાયિકો અને દૈનિકનો રોજના સરેરાશ ૧૦૦ થી ૧૫૦ વાચકો વાંચન સેવાનો લાભ લઇ રહયા છે.જે અમદાવાદ મ્યુનિ પુસ્તકાલય ખાતાનુ ગૌરવ ગણાય.

ઉપરોક્ત પાંચ મ્યુનિ પુસ્તકાલયમાંથી કોઇપણ વાચક સભ્યપદ મેળવવા ઇચ્છે તો ગ્રંથાલય ના નિયત ફોર્મમાં વિગત ભરવા સાથે , ચાલુ મ્યુનિ.કાઉન્સીલરશ્રી, મ્યુનિ.કમીશનરશ્રી સહિત મ્યુનિ.હદના સ્કુલ/કોલેજના આચાર્યશ્રી, તથા મ્યુનિ.કોર્પોરેશનની કોઇ પણ કમિટીના ચુંટાયેલ ચેરમેન /ડે.ચેરમેન તથા મ્યુનિ,હદમાંથી ચૂંટાયેલ વિધાનસભા અને લોકસભાના પ્રતિનીધી વિગેરેની સહી/જામીનગીરી થી સભ્યપદ પ્રાપ્ત કરી શકાય.

વર્ષ દરમયાન પુસ્તકાલય તેમજ વાંચનાલયમાં દૈનિક સામૈયકો તથા વાચકોની સંખ્યા દર્શાવતુ પત્રક આ સાથે સામેલ છે.વર્ષ દરમ્યાન દૈનિકપત્રો તથા સામાયિકો મંગાવવાનો ખર્ચ રૂા.૭,૯૦,૦૦૦/- થયેલ છે.

આમ પુસ્તકાલય ખાતુ સમાજના વિવિધ વાચકો માટે વિશાળ ફલક ઉપર જ્ઞાનની પરબ સમાન પુસ્તકાલયો અને વાંચનાલયો દ્વારા સમાજમાં શિક્ષણ સંસ્કાર સિંચતુ, માહિતી અને મનોરંજન પુરૂ પાડતુ તથા લોકકલ્યાણની ભાવના કેળવતુ ઉત્તમ માધ્યમ છે.

પુસ્તકાલયોનો વાર્ષિક વહીવટી અહેવાલ ૨૦૧૪-૧૫

ક્રમ	શરૂ થયા તારીખ	પુસ્તકાલયના નામ	વિસ્તાર	દૈનિક સંખ્યા	સામાયિક સંખ્યા	વાચક સંખ્યા	સભાસદ સંખ્યા	પુસ્તક-ઈસ્યુ સંખ્યા	સભાસદ અનામત જમા રકમ	પુસ્તક લેઈટ ફી-આવક	સભાસદ ફોર્મની આવક
૧	૧૧.૧૧.૭૮	ભાઈશંકર નાનાભાઈ મ્યુનિ. પુસ્તકાલય	રાયપુર	૧૫	૩૦	૪૧૫૯૨	૧૫૪	૨૩૪૬	૩૦૮૦.૦૦	૨૩૫.૦૦	૧૫૪.૦૦
૨	૦૯.૦૪.૭૫	ગોવર્ધનરામ ત્રિપાઠી મ્યુનિ. પુસ્તકાલય	મણીનગર	૧૧	૩૦	૧૨૨૧૧	૩૩૬	૪૬૨૦	૨૦૮૦.૦૦	૦.૦૦	૪૪૮.૦૦
૩	સને ૧૯૫૪	મહાત્મા ગાંધી મ્યુનિ. પુસ્તકાલય	સાબરમતી	૭	૩૦	૯૪૯૯	૯૩	૨૫૬૪	૧૮૬૦.૦૦	૧૬૯૧.૦૦	૪૦૦.૦૦
૪	૨૧.૦૭.૭૬	વિ.ન.શાહ મ્યુનિ. પુસ્તકાલય	રખિયાલ	૧૧	૩૦	૧૯૪૨૩	૦	૦	૦.૦૦	૦.૦૦	૦.૦૦
૫	૧૧.૦૮.૮૪	જ્યોતિન્દ્ર દવે મ્યુનિ. પુસ્તકાલય	શાહપુર	૧૧	૩૦	૮૯૦૦	૦	૦	૦.૦૦	૦.૦૦	૦.૦૦
૬	૧૫.૦૮.૭૬	પટેલ કે.કે. મ્યુનિ. પુસ્તકાલય	નરોડા	૯	૩૦	૧૧૬૪૪	૧૧૭૩	૧૮૪૭	૨૨૬૦.૦૦	૦.૦૦	૧૧૩.૦૦
૭	૦૧.૦૯.૭૫	નારણભાઈ રણછોડભાઈ ચૌહાણ મ્યુનિ. પુસ્તકાલય	કાંટોડીયા	૧૧	૩૦	૧૦૦૧૧	૦	૦	૦.૦૦	૦.૦૦	૦.૦૦
૮	૦૨.૧૨.૭૯	મણિશંકર રતનજી(કવિકાન્ત) મ્યુનિ. પુસ્તકાલય	ખોખરા	૧૧	૩૦	૨૫૪૪૪	૦	૦	૦.૦૦	૦.૦૦	૦.૦૦
૯	૧૬.૦૬.૩૦	દાદાભાઈ નવરોજી મ્યુનિ. પુસ્તકાલય	ગાંધીરોડ	૧૧	૦	૬૫૪૦	૦	૦	૦.૦૦	૦.૦૦	૦.૦૦
૧૦	૨૩.૦૪.૦૦	કવિ ન્હાનાલાલ સીની.સીટી.પાર્ક મ્યુનિ. પુસ્તકાલય	સાબરમતી	૮	૩૦	૧૩૦૦૧	૦	૦	૦.૦૦	૦.૦૦	૦.૦૦
૧૧	૦૧.૦૭.૦૩	સ્વ.લાલભાઈ કુંદીવાલા મ્યુનિ. પુસ્તકાલય	મોટા બંબા	૯	૩૦	૩૧૩૧	૦	૦	૦.૦૦	૦.૦૦	૦.૦૦
૧૨	૦૬.૦૨.૦૭	પંતિ દીનદયાળ ઉપાધ્યાય મ્યુનિ. પુસ્તકાલય	ઘાટલોડીયા	૮	૩૦	૮૧૧૮	૧૭૨	૮૬૦	૨૦.૦૦	૦.૦૦	૪૫.૦૦

૧૩	૧૨.૦૭.૦૭	ડો.બાબાસાહેબ આંબેડકર મ્યુનિ. પુસ્તકાલય	ગોમતીપુર	૯	૩૦	૧૦૪૫૫	૦	૦	૦.૦૦	૦.૦૦	૦.૦૦
૧૪	૨૭.૦૮.૦૭	કવિ નર્મદ મ્યુનિ. પુસ્તકાલય	હાજીપુરા ગાર્ડન	૧૧	૩૦	૮૪૬૯	૦	૦	૦.૦૦	૦.૦૦	૦.૦૦
૧૫	૦૬.૦૯.૦૭	દયાનંદ સરસ્વતી મ્યુનિ. પુસ્તકાલય	અસારવા	૦	૦	૦	૦	૦	૦.૦૦	૦.૦૦	૦.૦૦
૧૬	૨૫.૦૯.૦૭	ઈશ્વર કચરાભાઈ મ્યુનિ. પુસ્તકાલય	પોટલીયા વોર્ડ	૦	૩૦	૧૫૪૭૭	૦	૦	૦.૦૦	૦.૦૦	૦.૦૦
૧૭	૦૧.૦૫.૦૯	વસંતભાઈ રામી મ્યુનિ. પુસ્તકાલય	જોધપુર	૫	૩૦	૩૩૪૭	૦	૦	૦.૦૦	૦.૦૦	૦.૦૦
૧૮	૨૦.૦૮.૧૦	મકરન્દભાઈ દેસાઈ મ્યુનિ. પુસ્તકાલય	બોડકદેવ	૭	૩૦	૫૬૮૭	૦	૦	૦.૦૦	૦.૦૦	૦.૦૦
				૧૫૪	૪૮૦	૨૧૨૯૪૯	૧૯૨૮	૧૨૨૩૭	૯૩૦૦.૦૦	૧૯૨૬.૦૦	૧૧૬૦.૦૦

વાંચનાલયોનો વાર્ષિક વહીવટી અહેવાલ ૨૦૧૪-૧૫

ક્રમ	શરૂ થયા તારીખ	વાંચનાલયના નામ	વિસ્તાર	દૈનિક સંખ્યા	સામાયિક સંખ્યા	વાચક સંખ્યા
૧	૧૨.૧૦.૭૨	પન્નાલાલ પટેલ મ્યુનિ.વાંચનલય	ગોમતીપુર	૧૧	૩૦	૧૨૯૮૮
૨	૨૨.૦૭.૮૪	ભીખુભાઇ ચાવડા મ્યુનિ.વાંચનલય	બહેરામપુર	૧૧	૩૦	૫૭૯૯
૩	૧૩.૦૨.૮૩	કૌટિલ્ય મ્યુનિ.વાંચનલય	અસારવા	૬	૩૦	૧૨૭૯૬
૪	૩૦.૦૭.૦૨	ચીમનલાલ પુરુષોત્તમદાસ મ્યુનિ.વાંચનલય	જી.ક.પોળ	૧૧	૩૦	૧૩૯૮૮
૫	૨૩.૦૯.૭૯	સુરેન્દ્રભાઇ પટેલ (દાસકાકા) મ્યુનિ.વાંચનલય	ઢાળની પોળ	૧૧	૩૦	૧૨૪૯૫
૬	૧૨.૧૧.૦૧	શેખાદમ આબુવાલા મ્યુનિ.વાંચનલય	તાનગરવાડ	૦	૦	૦
૭	૧૨.૧૦.૦૭	રમણલાલ નીલકંઠ મ્યુનિ.વાંચનલય	મન્સુરીની ચાલી	૦	૦	૦
૮	સને ૧૯૫૨	રા.બ.ગી.ઉ. મ્યુનિ.વાંચનલય	ખોડી આંબલી	૧૧	૩૦	૫૫૪૮
૯	૨૨.૦૬.૮૪	શુન્ય પાલનપુરી મ્યુનિ.વાંચનલય	રાયખડ	૧૧	૩૦	૬૫૬૭
૧૦	૨૩.૦૪.૮૭	રાધા કિશન શર્મા મ્યુનિ.વાંચનલય	સરદારનગર	૫	૩૦	૧૦૨૪૫
૧૧	૨૭.૦૮.૦૭	તીર્થંકર ગાર્ડન મ્યુનિ.વાંચનલય	શાહીબાગ	૧૧	૩૦	૫૬૭૭
૧૨	૦૫.૦૯.૦૭	જેઠાભાઇ ગાર્ડન મ્યુનિ.વાંચનલય	ન્યુ.સીવીલ	૬	૩૦	૭૬૮૮
૧૩	૦૧.૧૦.૧૦	વીર સાવરકર મ્યુનિ.વાંચનલય	મેમ્કો	૫	૩૦	૧૩૮૭૭
૧૪	૧૪.૧૧.૦૯	શકરીબેન ચતુરભાઇ સીની .સીટી.પાર્ક મ્યુનિ.વાંચનલય	ડફનાળા	૭	૩૦	૧૬૬૨૫
૧૫	૦૯.૦૮.૧૦	કવિ રમણલાલ વસંતભાઇ દેસાઇ મ્યુનિ.વાંચનલય	નિકોલ	૧૧	૩૦	૧૧૬૯૯
૧૬	૧૬.૦૮.૧૦	ચંદ્રકાંત બક્ષી મ્યુનિ.વાંચનલય	નવા વાડજ	૭	૩૦	૧૭૯૪૫
૧૭	૧૬.૦૮.૧૦	કવિ દલપતરામ મ્યુનિ.વાંચનલય	રીલીફરોડ	૧૧	૩૦	૩૫૦૦
૧૮	૨૦.૦૮.૧૦	કનૈયાલાલ નથ્થુરામ મ્યુનિ.વાંચનલય	કુબેરનગર	૫	૩૦	૫૯૭૭
૧૯	૨૦.૦૮.૧૦	ઉમાશંકર જોશી મ્યુનિ.વાંચનલય	શાહીબાગ	૮	૩૦	૦
૨૦	૨૫.૦૮.૧૦	કનૈયાલાલ માણેકલાલ મુન્શી મ્યુનિ.વાંચનલય	ભાઇપુરા	૦	૦	૦
૨૧	૨૫.૦૮.૧૦	નરસિંહરાવ દિવેટીયા મ્યુનિ.વાંચનલય	અમરાઇવાડી	૯	૩૦	૧૨૧૮૪
૨૨	૨૫.૦૮.૧૦	કવિ સુરેશ હરિપ્રસાદ જોશી મ્યુનિ.વાંચનલય	ખોખરા સર્કલ	૦	૩૦	૬૫૦૦
૨૩	૨૯.૦૮.૧૦	કે.કા. શાસ્ત્રી મ્યુનિ.વાંચનલય	પાલડી	૦	૩૦	૭૧૨૨
૨૪	૨૯.૦૮.૧૦	કાકા કાલેલકર મ્યુનિ.વાંચનલય	સી.ટી.એમ.	૧૧	૩૦	૨૩૩૪૫
૨૫	૧૪.૦૯.૧૧	સૈજપુર મ્યુનિ.વાંચનલય	સૈજપુર	૫	૩૦	૪૫૬૬
૨૬	૦૭.૧૨.૧૧	સોલા હાઉસીગ મ્યુનિ.વાંચનલય	સોલા હાઉસીગ	૧૨	૩૦	૩૫૬૬
				૧૮૫	૬૯૦	૨૨૦૬૯૭

પુસ્તકાલયો અને વાંચનાલયોની સંક્ષિપ્ત માહિતી

ક્રમ	વિગત	માહિતી
૧	વાંચન સેવાની શરૂઆત	સને ૧૯૭૪
૨	પુસ્તકાલયોની સંખ્યા	૧૮
૩	વાંચનાલયોની સંખ્યા	૨૬
૪	કુલ પુસ્તકોની સંખ્યા	૧૧૯૭૧૫
૫	નવા ઉમેરાયેલ પુસ્તકોની સંખ્યા	૦
૬	નવા ઉમેરાયેલ પુસ્તકોની કિંમત રૂપિયા	૦.૦૦
૭	કમી થયેલ પુસ્તકોની સંખ્યા	૦
૮	કમી થયેલ પુસ્તકોની કિંમત રૂપિયા	૦.૦૦
૯	કુલ વર્તમાનપત્રોની સંખ્યા	૩૩૯
૧૦	મંગાવવામાં આવેલ સામાયિકની સંખ્યા	૧૧૭૦
૧૧	વાર્ષિક વતમાનપત્રો/ સામાયિકોનો ખર્ચ	૭,૯૦,૦૦૦
૧૨	કુલ પુસ્તકાલયોના સભાસદોની સંખ્યા	૧૯૨૮
૧૩	પુસ્તકમોડાઇ દં,ની આવક રૂપિયા	૧૯૨૬.૦૦
૧૪	સભાસદ અનામત ફી ની આવક રૂપિયા	૯૩૦૦.૦૦
૧૫	સભાસદ ફોર્મ ફીની આવક રૂપિયા	૧૧૬૦.૦૦
૧૬	કુલ વાંચનાલયોની વાચક સંખ્યા	૪૩૩૬૪૬

૯.૭ બાલભવન

૨૦૧૪-૧૫

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત મ્યુનિ.બાલભવન ખાતા દ્વારા હાલમાં (૧) મણીનગર મ્યુ.બાલભવન(૨) સરસપુર મ્યુ.બાલભવન (૩) ગોમતીપુર મ્યુ.બાલભવન (૪) રાયપુર મ્યુ.બાલભવન (૫) ફતેહપુરા મ્યુ.બાલભવન (૬) ઢાળની પોળ મ્યુ.બાલભવન આમ કુલ -૬ બાલભવન કાર્યરત છે. જે શહેરમાં ૦૫ થી ૧૫ ની વય જુથના બાળકોને વાંચન ઉપયોગી સેવા પુરી પાડે છે.

આ સાથે બાલભવનોમાં આવતા બાળકોની જ્ઞાનપિપાસા તૃપ્ત કરવા માટે ગુજરાતી, હીન્દી, અને અંગ્રેજી ભાષાના વૈવિધ્ય સભર કુલ- ૪૨૪૪૦ સંખ્યાના બાળ પુસ્તકો જે કુલ રૂા.૨,૮૭,૮૨૫=૩૫ પૈસાની કિંમતના વસાવવામાં આવેલા છે. રમતગમતમાં રૂચિ ધરાવનાર બાળકો માટે અંહી ઈન્ડોર અને બૌધિક વિકાસ રમતોની સુવિધા છે.

વધુમાં બાળકોની અનુકુળતા માટે તેઓના શાળાના સમયે અનુકુળ બની બાલભવનો સવાર સાંજ બે સમયમાં એટલે કે સવારે ૮.૩૦ થી ૧૨.૦૦ કલાક અને સાંજે ૩.૩૦ થી ૭.૦૦ કલાક દરમ્યાન કાર્યરત હોય છે. જાહેર રજાઓ અને શુક્રવાર ની અઠવાડિક રજાઓ સિવાય બાકીના તમામ દિવસોમાં શહેરના બાલભવનો દ્વારા બાળકોને વાંચન/રમતગમત જેવી વૈવિધ્ય સભર સેવાઓ પુરી પાડવામાં આવે છે.સને ૨૦૧૪-૧૫ ના વર્ષ દરમ્યાન કુલ-૧૯૫૬૪ બાળકોએ બાલભાવનનો લાભ લીધેલ છે.

ક્રમ	મ્યુનિ.બાલભવનોના નામ	લાભ લેનાર બાળકોની સંખ્યા	વંચાયેલ પુસ્તકોની સંખ્યા	માસિક સરેરાશ		દૈનિક સરેરાશ		હયાત પુસ્તકોની સંખ્યા	કુલ હયાત પુસ્તકોની કિંમત રૂા.=પૈસા
				લાભ લેનાર બાળકોની સંખ્યા	વંચાયેલ પુસ્તકોની સંખ્યા	લાભ લેનાર બાળકોની સંખ્યા	વંચાયેલ પુસ્તકોની સંખ્યા		
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦
૧	મણીનગર મ્યુ.બાલભવન	૪૦૫૭	૧૨૩૧	૩૩૮	૧૦૨	૧૫	૪	૧૨૦૬૬	૯૭૪૮૨.૧૫
૨	સરસપુર મ્યુ.બાલભવન	૨૯૯૦	૯૦૧	૨૪૯	૭૫	૧૧	૩	૬૩૦૦	૧૨૯૮૭.૪૬
૩	ગોમતીપુર મ્યુ.બાલભવન	૧૯૫૫	૪૨૦	૧૬૨	૩૫	૭૨	૭	૪૪૦	૧૭૩૬૯.૪૬
૪	રાયપુર મ્યુ.બાલભવન	૪૩૭૫	૯૧૫	૩૬૪	૭૬	૧૬	૩	૭૦૪	૧૦૦૧૫.૭૯
૫	ફતેહપુરા મ્યુ.બાલભવન	૩૩૬૨	૧૧૩૫	૨૮૦	૯૪	૧૨	૪	૯૮૪૮	૮૪૮૬૦.૮૩
૬	ઢાળની પોળ મ્યુ.બાલભવન	૨૮૨૫	૨૧૮	૨૩૫	૧૮	૧૦	૦	૧૩૦૮૨	૬૫૧૦૯.૬૬
	કુલ	**૧૯૫૬૪**	**૪૮૨૦**	**૧૬૨૮**	**૪૦૦**	**૧૩૬**	**૨૧**	**૪૨૪૪૦**	**૨૮૭૮૨૫.૩૫**

૯.૮ વ્યાયામ વિદ્યાલય

૨૦૧૫

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તેની ફરજીયાત પ્રવૃતિઓની સાથે મરજીયાત પ્રવૃતિઓ કરે છે. અંબુભાઇ પુરાણી મ્યુનિસિપલ વ્યાયામ વિધ્યાલય ખાતુ કાંકરિયા તળાવની પાસે આવેલ છે. વ્યાયામ વિધાલય ખાતાના મકાનની ઉદ્‌ઘાટન વિધિ મુંબઇ ઇલાકાના તત્કાલીન મુખ્ય પ્રધાન શ્રી બાળગંગાધર ખેર સાહેબના શુભ હસ્તે તારીખ ૧૫મી જુન સને - ૧૯૩૮ને બુધવારના રોજ કરવામાં આવી હતી. શરૂઆતમાં ૧૯૭૬માં વ્યાયામ વિધાલય કાંકરિયા ખાતે જીમ્નેશિયમ શરૂ કરવામાં આવેલ હતુ. ત્યારબાદ ૧૯૮૪માં મણીનગર તથા માણેકબા સંસ્કાર વાડી વ્યાયામ શાળા શાહપુર ખાતે કરવામાં આવેલ હતા. અમદાવાદ શહેરના યુવાનોનુ શરીર સૌષ્ઠવ કેળવાય, યુવાનોમાં નિયમીતતા, સંઘભાવના કેળવાય, માનસિક વિકાસ થાય, સ્ટેમીના જળવાય, નિખાલસતા, ભાતૃપ્રેમ, સદ્‌ભાવના, એક્યુરેસી, ચેલેન્જને પંહોચી વળવાની હિંમત તથા લીડર શીપ જેવી બાબતોનો વિકાસ થાય તે હેતુસર જણાવેલ જીમ્નેશિયમો શરૂ કરવામાં આવેલ હતા. હાલમાં કુલ ૩૭ બારબેલ જીમ્નેશિયમો ચલાવવામાં આવે છે. વાસણા, પાલડી,ઇસનપુર રાયપુરમાં અ.મ્યુ.કોર્પોરેશન દ્વારા તથા મણિનગર અને રાણીપ વોર્ડમાં વાર્ષિક કોન્ટ્રાકટ પધ્ધતિથી સ્કેટીગ રીક ચલાવવામાં આવે છે. જેનો શહેરી જનો બહોળી સંખ્યામાં લાભ લઇ રહયા છે. સદર જીમ.ની ફી ખાનગી જીમ. કરતા ઘણીજ ઓછી છે.જેથી સમાજના દરેક સ્તરના નાગરિકો મોટી સંખ્યાસ્ લાભ લઇ શકે છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા અમદાવાદ શહેરના હાલનાં દરેક વોર્ડમાં બારબેલ જીમ્નેશિયમો શરૂ કરવાનું નકકી કરેલ છે. આ માટે સંસદ સભ્યશ્રીઓ, ધારા સભ્યશ્રીઓ, મ્યુનિસિપલ કાઉન્સિલરશ્રીઓ તેઓનુ બજેટ ફાળવી આપે છે. તથા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન પણ આ અંગે સારુ એવું બજેટ ફાળવી જીમ્નેશિયમનું સંચાલન કરે છે.

અંબુભાઈ પુરાણી મ્યુનિસિપલ વ્યાયામ વિદ્યાલય

અમદાવાદ મ્યુનિ.કોર્પોરેશન સંચાલિત જીમ્નેશિયમની નામાવલી

ક્રમ	જીમ્નેશિયમનું નામ	ક્રમ	જીમ્નેશિયમનું નામ
૧	કાંકરિયા વ્યાયામ શાળા	૧૨	એલીસબ્રીજ વ્યાયામ શાળા
૨	મણિનગર વ્યાયામ શાળા	૧૩	હાજીપુરા વ્યાયામ શાળા
૩	રખિયાલ વ્યાયામ શાળા	૧૪	પરિમલ વ્યાયામ શાળા
૪	સરદારબ્રીજ હેલ્થ સ્ટાફ વ્યાયામ શાળા	૧૫	સાબરમતી વ્યાયામ શાળા
૫	દુધેશ્વર વ્યાયામ શાળા	૧૬	ચાંદખેડા વ્યાયામ શાળા
૬	સાંકડી શેરી વ્યાયામ શાળ	૧૭	વાડજ વ્યાયામ શાળા
૭	ઈસનપુર વ્યાયામ શાળા	૧૮	કાલુપુર વ્યાયામ શાળા
૮	વાસણા વ્યાયામ શાળા	૧૯	રાયખડ વ્યાયામ શાળા
૯	વેજલપુર વ્યાયામ શાળા	૨૦	સ. ૫. સ્ટેડિયમ વ્યાયામ શાળા
૧૦	ઉમાંકાન્ત કડિયા વ્યાયામ શાળા	૨૧	શાહીબાગ મહિલા વ્યાયામ શાળા
૧૧	દરિયાપુર વ્યાયામ શાળા	૨૨	બોડકદેવ વ્યાયામ શાળા
૨૩	ગિરધરનગર વ્યાયામ શાળા	૩૦	નિકોલ વ્યાયામ શાળા
૨૪	સરસપુર વ્યાયામ શાળા	૩૧	બાગેફિરદોશ વ્યાયામ શાળા
૨૫	નરોડા મુઠીયા વ્યાયામ શાળા	૩૨	ભાઈપુરા વ્યાયામ શાળા
૨૬	કુબેરનગર વ્યાયામ શાળા	૩૩	રાણીપ વ્યાયામ શાળા
૨૭	ઓઢવ વ્યાયામ શાળા	૩૪	મેમ્કો વ્યાયામ શાળા
૨૮	સૈજપુર બોઘા વ્યાયામ શાળા	૩૫	ખોખરા વ્યાયામ શાળા
૨૯	જમાલપુર વ્યાયામ શાળા	૩૬	કુંડાવાળી ચાલી ગોમતીપુર વ્યાયામ શાળા

અંબુભાઇ પુરાણી મ્યુનિ.વ્યા.વિધાલય દ્વારા નીચે જણાવેલ સ્થળોએ વર્ષ દરમ્યાન કોચીંગ કેમ્પો ચલાવવામાં આવે છે.

ક્રમ	સ્કેટીંગ રીકનું નામ
૧	વાસણા સ્કેટીંગ રીક
૨	પાલડી સ્કેટીંગ રીક
૩	ઇસનપુર સ્કેટીંગ રીક
૪	શ્યામજી કૃષ્ણવર્મા સ્પોર્ટસ કોમ્પલેક્ષ
૫	મણીનગર સ્કેટીંગ રીક (કોન્ટ્રાકટ થી આપેલ છે)
૬	રાણીપ સ્કેટીંગ રીક (કોન્ટ્રાકટ થી આપેલ છે)
૭	વેજલપુર સ્કેટીંગ રીક)બંધ છે.)
૮	નિકોલ સ્કેટીંગ રીક) બંધ છે.)
૯	મેઘાણીનગર સ્કેટીંગ રીક)બંધ છે.)
૧૦	કાંકરીયા સ્પોર્ટસ સેન્ટર, પુષ્પકુંજ ચેસ/ટેબલટેનિસ

અંબુભાઇ પુરાણી મ્યુનિ.વ્યાયામ વિધાલય ખાતા દ્વારા વિવિધ રમોતોના કોચીંગ કેમ્પનુ આયોજન પણ કરવામાં આવે છે. વર્ષ દરમ્યાન અંબુભાઇ પુરાણી મ્યુનિ.વ્યા.વિધાલય દ્વારા ઉપર જણાવ્યા મુજબની રમતનાં કોચીંગ કેમ્પ જણાવેલ સ્થળે ચલાવવામાં આવે છે. ટેબલ ટેનિસ તથા અન્ય રમતોના કોચીંગ કેમ્પનું સંચાલન કરવામાં આવે છે.. જેમાં ભાગ લઇ સમાજના મધ્યમ વર્ગનાં બાળ ખેલાડીઓ નેશનલ સ્કુલ ગેમ્સ માટે પસંદગી પામે છે. જયારે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના કર્મચારી કે જેઓને જયદીપ સિંહજી પુરસ્કૃત આંતરરાષ્ટ્રીય ચેસ ખેલાડી તથા ગુજરાતના ત્રણ વખતના સ્ટેટ ચેમ્પીયન શ્રી નિરવભાઇ વાય. રાજાસુબાએ મલેશીયા ખાતે કલોઝ આંતરરાષ્ટ્રીય રેટીંગ ચેસ સ્પર્ધામાં ભારત વતી પ્રતિનિધિત્વ કરી ઉત્કૃષ્ટ પરિણામો મેળવ્યા છે તથા અ.મ્યુ.કો.નું ગૌરવ વધાર્યુ છે તેવા શ્રી નિરવ રાજાસુબા દ્વારા કાંકરીયા સ્નાનાગાર સ્પોર્ટસ સેન્ટર ખાતે ચેસ રમતનુ કોચીંગ આપવામાં આવે છે.

ચાલુ વર્ષે અ.મ્યુ.કો.દ્વારા અ.મ્યુ.કો.ના કર્મચારીશ્રીઓ અધિકારીશ્રીઓ તથા મ્યુ.કાઉન્સીલર્સશ્રીઓ માટે વાર્ષિક રમતોત્સવનું આયોજન કરવામાં આવેલ હતુ. આ રમતોત્સવમાં (૧) ઇન્ડોર ગેમ્સ(૨) એથ્લેટીકસ(૩)સાંઘિક રમતો(ટીમ ઇવેન્ટસ)(૪) રાયફલ શુટિંગ(એર રાયફલ શુટિંગ) ની સ્પર્ધાઓનુ આયોજન કરવામાં આવેલ હતું. આ સ્પર્ધાની પુર્ણાહુતિ તથા ઇનામ વિતરણ સમારંભ સરદાર પટેલ સ્ટેડિયમ નવરંગ પુરા ખાતે યોજવામાં આવેલ હતો.આની સાથે સાથે માન. મેયર સાહેબશ્રી અને માન.મ્યુનિસિપલ કમિશનર સાહેબશ્રી ની ક્રિકેટની મૈત્રિ મેચ તથા રસ્સા ખેચની મૈત્રિ મેચ તથા મ્યુ.કાઉન્સીલર્સ બહેનો માટે સંગીત ખુરશી નું આયોજન કરવામાં આવેલ હતુ.

ચાલુ વર્ષે અ.મ્યુ.કો.દ્વારા અ.મ્યુ.કો.ના કર્મચારી માટે ઇન્ટર ડીપાર્ટમેન્ટ ક્રિકેટ ટુર્નામેન્ટ નું આયોજન કરવામાં આવેલ હતું જેમાં કુલ ૫૭ ટીમો એ ભાગ લીધેલ હતો.

અમદવાદ શહેરમાં રહેતા વિકલાંગ બાળકો / યુવાનો માટે લગભગ દર વર્ષે વિકલાંગ રમતોત્સવનું આયોજન કરવામાં આવે છે. જેમા અંદાજે ૨૨૦૦ જેટલા ભાઇઓ તથા બહેનો ભાગ લે છે. આ રમતોત્સવ નીચે મુજબની અલગ અલગ ઉમર વિભાગ ભાઇઓ / બહેનોને રમાડવામાં આવેલ છે. (૧) મંદબુદ્ધી વ્યકિતઓ (૨) અંધજનો (૩) મુકબધીર વ્યકિતઓ (૪) શારીરિક વિકલાંગ વ્યકિતઓ અમદાવાદ શહેરમાં **રહેતા** કોઇપણ વિકલાંગ વ્યકિત્તઓ **અ.મ્યુ.કો.દ્વારા યોજાતા આ રમતોત્સવમાં ભાગ લઈ શકે છે**

વ્યાયામ વિધાલયની મુખ્ય કામગીરીમાં ઉપર મુજબના ૩૭ જીમ.તથા ૦૪ સ્કેટીંગ રીક નું સંચાલન કરવું ઉપરાંત અ.મ્યુ.કો.કર્મચારીઓ માટે (૧). અ.મ્યુ.કો.કર્મચારીઓ માટે વાર્ષિક રમતોત્સવ, (૨).અ.મ્યુ.કો. ઇન્ટર ડિપાર્ટમેન્ટ ક્રિકેટ ટુર્નામેન્ટ, (૩). ઇન્ટર કોર્પોરેશન સ્પર્ધાઓમાં કર્મચારીઓનું પ્રતિનિધિત્વ કરાવવું, (૪)વિકલાંગ નગર રમતોત્સવનું આયોજન કરવુ.

સ્પોટર્સની પ્રવૃતિઓને વેગ આપવા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને પ્રોત્સાહન રૂપે આપવામાં આવે છે. જે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન માટે ગૌરવની બાબત છે.

૯.૯ શેઠ માણેકલાલ જેઠાભાઈ પુસ્તકાલય
૨૦૧૪-૧૫

મહાત્મા ગાંધીજીએ ઐતિહાસિક દાંડીકૂચના પ્રારંભે સત્યાગ્રહ આશ્રમનાં પુસ્તકો થકી સાર્વજનિક પુસ્તકાલયનો વિચાર રજુ કરતાં સને ૧૯૩૩ માં રૂા. ૫૫,૦૦૦/- નું શ્રી રસિકલાલ માણેકલાલ તરફથી દાન મળતાં 'માણેકલાલ જેઠાભાઈ પુસ્તકાલય' અસ્તિત્વમાં આવ્યું. પૂજ્ય બાપુજીના કરકમલોના સ્પર્શે ખાતમુહુર્ત પામ્યા બાદ જયપુરી સ્થાપત્ય ધરાવતું ભવન ૧૯૩૮માં સરદારશ્રીના શુભહસ્તે જાહેરજનતાના લાભાર્થે ખુલ્લું મુકવામાં આવ્યું. શેઠ શ્રી રસિકલાલ તરફથી ક્રમશઃ વિશેષ અનુદાનો મળતા સુભદ્રાબેન માણેકલાલ વાચનાલય અને બાળકિશોર વિભાગ પણ અસ્તિત્વમાં આવ્યો. પુસ્તકાલયને સને ૧૯૫૦માં અ.મ્યુ.કોર્પો. દ્વારા રૂા. ૫૦,૦૦૦/- નું વિશેષ અનુદાન મળતાં અલગ ગ્રંથભંડારની રચના થઈ. ૧૯૫૭માં પુસ્તકોને બંધ કબાટોના બંધનમાંથી મુકત કરવામાં આવ્યા. ૧૯૭૪ અને પછીના વર્ષોમાં રૂા. ૧૬.૫૦ લાખની રકમ અ.મ્યુ.કોર્પો. તરફથી મળતા ગ્રંથાલય ભવનનું વિસ્તરણ કરવામાં આવ્યુ. વર્ષ ૨૦૦૪-૦૫માં પુનઃ રૂા. ૨૨.૦૦ લાખની કેપિટલ રકમ મળતા રેફરન્સ એન્ડ રીસર્ચ સેકશન તથા જ્ઞાન વિહાર વિદ્યાર્થી વાચનાલય વિભાગ અસ્તિત્વમાં આવ્યો. આ અંગેની સંક્ષિપ્ત માહિતી પત્રક ૯.૭.૧ માં આપવામાં આવી છે.

આ પુસ્તકાલયનો વહીવટ વ્યવસ્થાપક મંડળ હસ્તક છે. અહેવાલી વર્ષમાં અધ્યક્ષાશ્રી મીનાક્ષીબેન પટેલની અધ્યક્ષતામાં વ્યવસ્થાપક મંડળની કુલ-૪ સભા મળી હતી. જેમાં કુલ ૪૫ કામોનો અને અધ્યક્ષશ્રીની મંજુરીથી કુલ-૨૯ કામોનો નિકાલ કરવામાં આવ્યો હતો. આમ અહેવાલના વર્ષ દરમ્યાન કુલ-૭૪ કામોનો નિકાલ કરવામાં આવ્યો હતો. પુસ્તકો, સામાયિકો, તથા અન્ય સામગ્રી સીડી, વીસીડી, ડીવીડી તેમજ ઓડીયો કેસેટની પસંદગી અને પ્રાપ્તિ અત્રેથી થાય છે વ્યવસ્થાપક મંડળની પેટા સમિતિ પુસ્તક પસંદગી સમિતિમાં અહેવાલી વર્ષમાં સભ્ય સ્થાને ડૉ. જગદીશભાઈ ભાવસાર, ડૉ. હેમન્તભાઈ ભટ્ટ તથા શ્રીમતી મિનાક્ષીબેન દેસાઈ વિદ્વાન સભ્ય તરીકે સેવારત છે. વર્ષના અંતે કુલ ૩૩૭ કામોનો નિકાલ કરેલ છે.

પુસ્તકાલયના શીડ્યુલ પર કર્મચારીઓની કુલ ૧૧૮ જગ્યાઓ છે. જે પૈકી હાલમાં ભરેલી જગ્યાઓ કુલ ૮૬ છે જેમાં ૩૭ વ્યવસાયિક, ૨૦ અર્ધ વ્યવસાયિક અને ૨૯ બિન વ્યવસાયિક કર્મચારીઓ છે. પુસ્તકાલયના ટ્રસ્ટ ડીડ મુજબ પુસ્તકાલયની સઘળી જવાબદારી અ.મ્યુ. કોર્પો. ઉપાડે છે. અહેવાલી વર્ષમાં અંદાજપત્ર મુજબ કુલ રૂા.૯,૦૯,૭૫,૦૦૦/- (અંકે રૂા. નવ કરોડ નવ લાખ પંચોતેર હજાર પુરા) મંજૂર થયેલ, જે પૈકી રૂા.૪,૫૪,૦૫,૮૫૪/- (અંકે રૂા. ચાર કરોડ ચોપ્પન લાખ પાંચ હજાર આઠસો ચોપ્પન પુરા) ગ્રાંટ પેટે પુસ્તકાલયને મળ્યા હતા. પુસ્તકાલયની અન્ય આવક રૂા.૫૦,૦૬,૮૮૦/- ની થયેલ. જયારે વર્ષ દરમ્યાન કુલખર્ચરૂા.૫,૧૨,૦૯,૯૯૩/- (અંકે રૂા. પાંચ કરોડ બાર લાખ નવ હજાર નવસો ત્રાણુ પુરા) નો થયેલ.

જયારે વર્ષ ૨૦૧૪-૧૫ દરમ્યાન આવક કરતાં ખર્ચમાં રૂા.૭,૯૭,૨૫૮/- નો વધારો થવાથી જનરલ ફંડમાંથી બાદ કરવામાં આવેલ છે.

<u>ગ્રંથ સંગ્રહ-</u>

અહેવાલી વર્ષ દરમ્યાન કુલ ૧૩,૧૫૨ ગ્રંથો નવા ઉમેરાયેલ છે. જે પૈકી ૧૧,૩૦૬ ગ્રંથો રૂા.૨૨,૭૭,૪૩૫/- ના ખર્ચે ખરીદવામાં આવ્યા હતા. જયારે ૧,૮૪૬ ગ્રંથો ભેટમાં મળેલ છે.

વર્ષના અંતે નવા ઉમેરાયેલા પુસ્તકો સહિતના કુલ ૭,૪૪,૮૨૬ પુસ્તકોની વિષયવાર તથા ભાષાવાર માહિતી પત્રક ૯.૭.૨. માં દર્શાવી છે.

સંદર્ભ ગ્રંથસંગ્રહ :-

આ વિભાગની વિપુલતા અને વિવિધતા એ પુસ્તકાલયની વિશેષતા છે.સામાન્ય વાચકોથી માંડી જીજ્ઞાસુઓ, અભ્યાસુઓ અને સંશોધકો તથા વિદ્યાર્થી સમુદાય આ ગ્રંથસંગ્રહનો સતત ઉપયોગ કરે છે.

વિશિષ્ટ ગ્રંથસંગ્રહ :-

પુસ્તકાલયની સેવાઓને વધુ માહિતીસભર અસરકારક અને ચોકસાઈભરી બનાવવા વિશિષ્ટ વિષયના કેટલાક સંગ્રહો અલગ કરવામાં આવ્યા છે. અલાયદા ખંડમાં સંગ્રહ કરવામાં આવેલ આ પુસ્તકો ઈશ્યુ કરવામાં આવતા નથી.

૧. **સત્યાગ્રહ આશ્રમનો ગ્રંથ સંગ્રહ :** સત્યાગ્રહ આશ્રમના ગ્રંથસંગ્રહમાં પુસ્તકાલયની શરૂઆતથી ૧૯૭૭ સુધી પુસ્તકો દેય વિભાગમાં હતા. ત્યારબાદ અદેય સ્વરૂપ ગણીને અલગ મુકવામાં આવ્યા છે.
૨. **ગાંધી સાહિત્ય :** રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીએ લખેલા તેમજ તેમના વિશે લખાયેલા ગ્રંથોને અલાયદા ખંડમાં સંગ્રહીત કરવામાં આવેલ છે. જેનો સારો એવો લાભ અભ્યાસુઓ અને સંશોધકો દ્વારા લેવામાં આવે છે.
૩. **આપણું અમદાવાદ :** અમદાવાદ અને અ.મ્યુ.કો.ને સ્પર્શતા અનેક ગ્રંથોનો સંગ્રહ 'આપણું અમદાવાદ' માં નગર વિશેની માહિતી ઉપલબ્ધ છે.
૪. **ગુજરાત : સ્થાનિક ઈતિહાસ :** ગુજરાત સ્થાનિક ઈતિહાસ' નાં વિભાગમાં ગુજરાતનાં ઈતિહાસ, ભૂગોળ, રાજકારણ, સમાજજીવન, લોક સાહિત્ય-સંસ્કૃતિ, શિલ્પ, સ્થાપત્ય વિગેરે વિષયોને સ્પર્શતું સાહિત્ય ગુજરાત : સ્થાનિક ઈતિહાસના વિભાગમાં સંગ્રહિત છે.
૫. **સામાયિક સંપુટો :** સંશોધનકારો અને જીજ્ઞાસુઓ માટે પુસ્તકાલયમાં આવતા સામાયિકો બંધાવીને ગ્રંથ સ્વરૂપે રાખવામાં આવ્યા છે.
૬. **કોમ્પ્યુટર અને ઈન્ફર્મેશન ટેકનોલોજી :** માહિતી યુગની જરૂરિયાત અનુસાર આ વિષયમાં થયેલા વિકાસને અનુલક્ષીને યુવા વાચકોને મદદરૂપ થવા અદ્યતન વાચન સામગ્રી ખરીદી નવો વિભાગ બનવવામાં આવેલ છે.

ગ્રંથ ગોઠવણી :-

ગ્રંથોની ગોઠવણી માટે પુસ્તકાલયના વ્ય.મંડળના ઠ.નં. ૨૪ : ૦૫-૦૬ તા. ૨-૮-૦૫ અનુસાર તમામ ભાષા અને વિષયોના પુસ્તકો ડ્યૂઈ ડેસીમલ ક્લાસિફિકેશન (દશાંશ વર્ગીકરણ) પ્રમાણે ગોઠવવામાં આવે છે.

ગ્રંથાલય સુચિ :-

ગ્રંથાલયનું મેમ્બરશીપ કાર્ડ (સભ્યપદ ટીકીટ) ધરાવતા દરેક વાચકને તેનું મનગમતું પુસ્તક ગ્રંથભંડારમાંથી સહેલાઈથી મળી શકે તે હેતુથી ઓનલાઈન કેટલોગ સર્ચિંગ સેવા ઉપલબ્ધ કરવામાં આવેલ છે.

પુસ્તકાલયના ગ્રંથભંડારમાં ઉપલબ્ધ તમામ વાચનસામગ્રીની કોમ્પ્યુટરાઈઝ માહિતી જેમ કે લેખક, ગ્રંથનામ, વિષય, ભાષા, કિંમત તેમજ પ્રકાશન વર્ષ વગેરેની સંપૂર્ણ માહિતી ત્વરિત મેળવી શકાય છે.

વાચનાલય :-

પુસ્તકાલયના લોકપ્રિય અને ચહલપહલવાળા આ વિભાગમાં ૨૦૦ બેઠકોની વ્યવસ્થા છે. વર્ષના ૩૬૪ દિવસ સેવા આપવામાં આવે છે. અહીં ૮ ભાષાના ૨૩૫ સામાયિકો-વર્તમાનપત્રો લવાજમથી મંગાવવામાં આવે છે. જેનું લવાજમ અહેવાલી વર્ષમાં રૂા.૧,૫૪,૪૬૭/- ભરવામાં આવ્યુ હતું. ૩૦ સામાયિકો-વર્તમાનપત્રો ભેટ સ્વરૂપે આવે છે. ભારતનાં મુખ્ય શહેરોમાંથી પ્રગટ થતા ૨૪ વર્તમાનપત્રો આ વિભાગમાં ઉપલબ્ધ છે. અહેવાલી વર્ષ દરમ્યાન વાચકોની કુલ સંખ્યા ૨,૧૩,૨૧૦ રહી હતી.

સભ્યપદ :-

પુસ્તક ઘેર વાંચવા લઈ જવા માટે સભ્યપદ મેળવવું આવશ્યક છે. આ માટે નિયત અરજીપત્રકમાં આવશ્યક વિગતો ભરી જામીનદારની સહી લાવવાની રહે છે.

ક્રમ	વિગત	સભ્યપદ દર		
		વાર્ષિક		આજીવન
		ડિપોઝીટ	ફી	ફી
૧	વયસ્ક વિભાગ	૩૦૦/-	૨૦૦/-	૧૫૦૦/-
૨	વિદ્યાર્થી વાચક મહિલા વાચક સિનીયર સીટીજન વિકલાંગ વાચક	૩૦૦/-	૨૦૦/-	૧૫૦૦/-
૩	બાળ વાચક (૬ થી ૧૪ વર્ષ સુધી)	૩૦૦/-	૨૦૦/-	૧૫૦૦/-
૪	ડિજીટલ લાયબ્રેરી વયસ્ક વાચક	૧૫૦/-	૧૫૦/-	૫૦૦/-
૫	પ્રજ્ઞાચક્ષુ વાચકો માટે ઓડિયો/શ્રાવ્ય વિભાગ	૧૦૦/-	૧૦૦/-	૫૦૦/-

મા.જે. પુસ્તકાલય સભ્યપદ સંખ્યા :-

ક્રમ	સભાસદ	વાર્ષિક	આજીવન	કુલ
૧	વયસ્ક	૬૫૩	૧૪,૦૬૯	૧૪,૭૨૨
૨	બાળવાચક	૧૦	૧,૧૩૧	૧,૧૪૧

મા.જે. પુસ્તકાલય અને તમામ શાખા પુસ્તકાલયના તા. ૩૧/૦૩/૨૦૧૫ સુધીના કુલ સભાસદોની સંખ્યા ૨૨,૩૪૦ છે.

ગ્રંથ પરિક્રમણ :-

